પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

તંત્રી
ધીરુ પરીખ

ડિસેમ્બર : ૨૦૦૩
અંક ક્રમાંક : ૧૨

વર્ષ છોતેરમું
સળંગ અંક ૯૧૨



છબીકાર] ગ્લૅસિયર્સ [ડૉ. બલર

હિમાલય પરથી વિમાનમાંથી લીધેલી આ છબીમાં વિવિધ હિમનદીઓની સુભગ સંરચના આસ્વાદ છે.



ચિત્રકાર] **સ્વપ્ન** [પાબ્લો પિકાસો

૧૯૩૦માં પરાવાસ્તવવાદી ચિત્રશૈલી અરંભાઈ તે ગાળાનું પિકાસોનું આ ચિત્ર સ્વપ્નમગ્ન કોઈ સ્ત્રીના અંત-ર્મનોભાવોને પ્રકટ કરે છે. ચિત્રમાં સ્ત્રીનો ઢળતો ચહેરો, બન્ને હસ્તનું મિલન, બંધ ચક્ષુ : એમ સમગ્ર મુદ્રા સ્વપ્નમગ્નાં નારીના ગૂઢ મનોભાવોને અંકિત કરવાનો બળૂકો પ્રયાસ છે. ૫૧ ૧/૪" X ૩૮"નું આ ચિત્ર ન્યૂ યૉર્કમાં ગાન્ઝ કુટુંબના અંગત સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૬મું — અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ડિસેમ્બર ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૧૨

'કુમાર' સળંગ અંક ૯૧૨

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

વાચકો લખે છે

આતુરતાનો અંતરપટ ખોલતું, વૈશ્વિક સ્તેર ખ્યાતિ મેળવતું, જ્ઞાનસાગર સ્વરૂપવંતા સામયિક 'કુમાર'ને વંદન. 'કુમાર' સપ્ટેમ્બર ૨૦૦૩માં 'ભવનાથની એક સાંજ' નરોત્તમ પલાણની કલમે વહેતી કલમધારા, એ તેમની નવલકથા 'હુહુ'ની સ્મૃતિ તાજી કરે છે. ભાષાશૈલી, વિષય-વસ્તુ, કથાનક સુંદર રીતે રજૂ કરતી એક આગવી શૈલીના દર્શન થાય છે. ધૂમકેતું ઉર્ફે ગૌરીશંકર જોશીના લેખ સમકક્ષ આ લેખ એકપલાઠીએ વાંચી શકાય તેવો છે તથા વાચકની જિજ્ઞાસા, કથાનું ઊંડાણ શરૂથી અંત સુધી જાળવી રાખે છે. અમુક સંદર્ભસૂચિ દરમિયાન તે ધૂમકેતુની 'પોસ્ટઑફિસ' કે જેનો અંગ્રેજીમાં અનુવાદ 'ધ લેટર' વિશ્વપ્રસિદ્ધ થયો છે, તેના પ્રત્યેની ભાવસમકક્ષ ઉત્કંઠા જાગ્રત કરે છે.

ચેસની લેખિકાને વિનંતી કે તેઓ પોતાના દ્વારા રમાયેલ રમત દરમિયાન ઉદ્‌ભવતા કોયડાઓ જણાવે જે માટે વાચકો આતુરતા સેવે છે. તદુપરાંત ડેવિડ હૂપરની 'પ્રૅક્ટિકલ ચેસ ઍન્ડ ગેમ્સ'માં કેટલાક કોયડાઓ ZUGZWANG Position માં દર્શાવેલ છે જે ખૂબ જ રસપ્રદ હોય છે, તો લેખિકાને વિનંતી કે આવા પ્રકારના કોયડાઓ આપે.

આ વખતે મેં પ્રથમવાર યુનિવર્સિટીની ચેસ-સ્પર્ધામાં ૩૦ કૉલેજો સામે ભાગ લીધો અને તેમાં ૮મું સ્થાન પ્રાપ્ત કર્યું. આનો તમામ યશ 'કુમાર'ની લેખિકા અર્પી શાહને જ જાય છે. તેમના સરળ પરંતુ વિચારપ્રેરક કોયડાઓ સ્પર્ધા દરમિયાન ખૂબ જ મદદરૂપ નીવડ્યા છે. અને આવા જ સહકાર સાથે આગળ ને આગળ વધવાની પ્રતીતિ કરાવનાર તો 'કુમાર'જ ને! આ માટે હું 'કુમાર ટ્રસ્ટ'નો તેમજ લેખિકાનો આભારી છું. લેખિકા મારા માટે પ્રેરણાસાગર છે.

- ગૌરાંગ જોશી, ખડખડ, વેરાવળ

*

હું લગભગ ૫૦ વર્ષથી 'કુમાર'નો વાચક રહ્યો છું. મને કલામાં રસ લેતો આ મૅગેઝીને કર્યો છે, જેની ફલશ્રુતિરૂપે ઘણા જૂના મહાન કલાકારોના સંપર્કમાં આવવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. મારા પિતાશ્રી લક્ષ્મીપ્રસાદ એન, સેવક ભારતના જાણીતા ટેક્ષ્ટાઈલ આર્ટિસ્ટ હતા. આ સંદર્ભમાં મારી પાસે શ્રી રવિશંકર રાવળ તેમજ શ્રી કનુ દેસાઈ તેમજ શ્રી બંસીભાઈ વર્મા (ચકોર) તેમજ અન્ય કલાકારોના ઓરિજિનલ પેઈન્ટિંગનો સંગ્રહ છે. આ બાબતમાં કોઈને પણ રસ હોય તો નીચેના સરનામે સંપર્ક કરવા વિનતી છે:

શ્રી ચૈતન્ય લક્ષ્મીપ્રસાદ સેવક
૩૪-બી, યુગાંડાપાર્ક, ભૈરવનાથ રોડ,
મણિનગર,અમદાવાદ- ૩૮૦૦૦૮
ફોન નં.- ૫૪૫૧૫૪૪

*

અંકગણિત અતિશય ઉપયોગી વિદ્યા છે. ઋગ્વેદના પ્રાચીન સમયથી તેનો ઉપયોગ થતો આવ્યો છે. ૧થી ૯ સુધીના આંકડાઓ અને શૂન્યની શોધ ભારતીયોએ કરી હતી. એક ઉપર મીંડાં વધારતાં દશ ગણી સંખ્યા બનાવવાની રીત પણ ભારતની પ્રથમ શોધ હતી.

વિજ્ઞાનના કોઈ પણ ક્ષેત્રમાં આંકડા વગર ચાલતું નથી. બધી શોધખોળ આંકડાઓને જ આભારી છે, જે માટે સમસ્ત વિશ્વ ભારતનું આભારી છે. આ વિદ્યા ભારતમાંથી સાતમી સદીમાં અરબસ્તાનમાં ગઈ અને ત્યાંથી ૧૧મી સદીમાં સ્પેનમાં દાખલ થઈ. ત્યાંથી ૧૩મી સદીમાં ઈંગ્લન્ડ પહોંચી. ઈંગ્લન્ડમાં દશાંશ આંકડાઓની રીત ૧૪૮૨માં સ્થાપિત થઈ. આ સમયે અમેરિકાનું નામ પણ કોઈએ સાંભળેલું નહિ. ત્યાર પછી ઈ.સ. ૧૪૯૨માં કૉલંબસે અમેરિકા ખંડ શોધી કાઢ્યો.

આંકડાઓ, બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ ઉપરાંત અન્ય પ્રકારની અનેક શોધખોળ ભારતમાં થઈ હતી. પાંચમા સૈકામાં ભારતીય વૈજ્ઞાનિક આર્યભટ્ટે પૃથ્વીથી ચંદ્ર સુધીનું અંતર ૧૮૬૦૦૦ માઈલ થાય છે તે જગતને જાહેર કર્યું હતું.

આપણા અભ્યાસકાળ દરમિયાન એક ઉપર નવ શૂન્ય લગાડતાં 'એક અબજ'ની સંખ્યા થાય છે ત્યાં સુધીની માહિતી હતી. ત્યાર પછીની સંખ્યાઓ છે, પણ આપણા અભ્યાસક્રમમાં એટલી બધી મહત્ત્વની નહિ હોવાથી તેનો ખાસ ઉલ્લેખ કરેલો નહિ.

'કુમાર' એપ્રિલ ૨૦૦૩ના અંકમાં 'ભારતીય અંકપદ્ધતિની ભવ્યતા' નામનો લેખ પ્રસિદ્ધ થયો છે. તેમાં તેવી સંખ્યાઓ વિષે જણાવવામાં આવ્યું છે. તે અંગેની માહિતી મારી પાસે હોઈ, તેની સરખામણી કરતાં અમુક સંખ્યાઓનું મૂલ્યાંકન કરવામાં ગેરસમજ થાય છે.

સુજ્ઞ વાચકોને વિનંતી છે કે આ સાથેના કોઠા નં.૨માં જણાવેલી અમુક સંખ્યાઓ કઈ રીતે સત્ય છે તેને સાબિત કરવા યોગ્ય માર્ગદર્શન આપે તેવી નમ્ર વિનંતી. *- માધવજી દેવળિયા, (યુ.કે.)*

'કુમાર' : એપ્રિલ ૨૦૦૩ના અંકમાં 'ભારતીય અંકપદ્ધતિની ભવ્યતાના' અનુસંધાનમાં એક પછી કેટલા શૂન્ય મૂકવાથી અમુક રકમ કહેવાય છે	**A** 'કુમાર'ના એપ્રિલ ૨૦૦૩ના પાના નંબર ૨૮૪ ઉપર 'ભારતીય અંકપદ્ધતિની ભવ્યતા' ના લેખમાં જણાવ્યા પ્રમાણેની સંખ્યાઓ	**B** પ્રકાશક: સાહિત્ય સંગમ પૉકેટ બુક્સ બાવા સીદી, ગોપીપુરા, સુરત-૨. '૧૯૭૧'ની 'જ્ઞાનવિજ્ઞાન' ગ્રંથમાળાનું સં. શાન્તિ પરોપકારીનું ત્રીજું પુસ્તક 'જ્ઞાન-વિજ્ઞાન'ના પાના નં ૨૨૯માં જણાવ્યા પ્રમાણેની સંખ્યાઓ	**C** ગાલા પબ્લિશર્સ, દાદર, મુંબઈ ૪૦૦૦૨૮ સં. એલ.આર. ગાલા અને પી.એલ.સોઢા 'વિશાલ શબ્દકોશ'માં જણાવ્યા પ્રમાણેની સંખ્યાઓ
૧	એક	એક	એક
૧૦	દશ	દશ	દશ
૧૦૦	સો = શતક	સો	સો
૧૦૦૦	હજાર = સહસ્ર	હજાર	હજાર
૧૦૦૦૦	દશ હજાર = અયુત	દશ હજાર = અયુત	દશ હજાર
૧૦૦૦૦૦	લાખ = દસ અયુત	લાખ = નિયુત	લાખ પાનું ૬૩૧
૧૦૦૦૦૦૦	દશ લાખ = સો આયુત	દશ લાખ = પ્રયુત	દશ લાખ
૧૦૦૦૦૦૦૦	કરોડ	કરોડ	કરોડ પાનું ૧૩૪
૧૦૦૦૦૦૦૦૦	દશ કરોડ = અર્બુદ	દશ કરોડ = અર્બુદ	અર્બુદ પાનું ૨૬
૧૦૦૦૦૦૦૦૦૦	અબજ = દશ અર્બુદ	અબજ = પદ્મ = મહાર્બુદ	અબજ પાનું ૯
૧૦૦૦૦૦૦૦૦૦૦	દશ અબજ = સો અર્બુદ	ખર્વ	ખર્વ પાનું ૧૮૭, શંકુ પાનું ૬૯૫
૧૦૦૦૦૦૦૦૦૦૦૦	સો અબજ = હજાર અર્બુદ	નિખર્વ	નિખર્વ પાનું ૪૨૮, મહાપદ્મ પાનું ૫૬૬
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦	ખર્વ = હજાર અબજ	મહાપદ્મ	પદ્મ પાનું ૪૫૩, મહાશંકુ પાનું ૫૬૬
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	દશ ખર્વ	શંકુ	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	સો ખર્વ	શંખ વા સમુદ્ર	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	નિખર્વ	મહા શંખ વા અંત્ય	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	દશ નિખર્વ	હા હા વા મધ્ય	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	સો નિખર્વ	મહા હા હા વા પરાર્ધ	પરાર્ધ પાનું ૪૫૭
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	મહા પદ્મ = હજાર નિખર્વ	ધુન	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	દશ મહા પદ્મ	મહા ધુન	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	સો મહા પદ્મ	અક્ષૌહિણી	
૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦	હજાર મહાપદ્મ	મહા ક્ષૌહિણી	

૨	ખર્વ	નિખર્વ	મહાપદ્મ	પદ્મ	શંકુ	મહાશંકુ	
A	૧ પછી ૧૨ શૂન્ય	૧ પછી ૧૫ શૂન્ય	૧ પછી ૧૮ શૂન્ય	'પદ્મ' બતાવેલ નથી.	શંકુ બતાવેલ નથી	મહાશંકુ બતાવેલ નથી	
B	૧ પછી ૧૦ શૂન્ય	૧ પછી ૧૧ શૂન્ય	૧ પછી ૧૨ શૂન્ય	૧ પછી ૯ શૂન્ય	૧ પછી ૧૩ શૂન્ય	મહાશંકુ બતાવેલ નથી.	---
C	૧ પછી ૧૦ શૂન્ય	૧ પછી ૧૧ શૂન્ય	૧ પછી ૧૧ શૂન્ય	૧ પછી ૧૨ શૂન્ય	૧ પછી ૧૦ શૂન્ય	૧ પછી ૧૨ શૂન્ય	

સૂત્રસાર

જેમ્સ લૅન્ગ સામે ઓશોનો પ્રતિપક્ષ

રાધેશ્યામ શર્મા

જો મનુષ્ય ભાગે જ નહીં-
નહીં તો તે ભય પામ્યો છે એવું આપણે છાતી ઠોકીને કહી શકીએ ? પણ જેમ્સ અને લૅન્ગની દલીલને ઓશો રજનીશે પ્રતિ દૃષ્ટાંત-દલીલ આપી જવાબ આપી દીધો છે.

મનનો 'હીટયોગ' તન પર પ્રભાવ પાડે !

માણસ ક્રોધ કરે ત્યારે આંખો લાલ થાય અને મુઠ્ઠીઓ વાળી દે છે કે પછી આંખો લાલ કરી મુઠ્ઠીઓ વાળે ત્યારે ક્રોધ પેદા થાય છે ?

એક અભિનેતા પણ આ કામ જરા જુદી રીતે કરી બતાવે છે. નાટક-સિનેમામાં નટો ક્રોધનો ભાવ, વગર ક્રોધે દર્શાવી શકે છે. જે નટીઓ સાથે અબોલા હોય અને બનતું ના હોય એની સાથે પ્રેમભાવનો દેખાવ કુશળ અભિનેતા સફળતાથી કરી શકે છે.

તિબેટની લ્હાસા યુનિવર્સિટીમાં ત્યાંના વિદ્યાર્થીઓને યોગ-પ્રશિક્ષણના વર્ગમાં એક આકરી અનોખી પરીક્ષામાંથી પસાર થવું પડતું હતું. આ 'ટેસ્ટ'માંથી છાત્ર પાર ના ઊતરે તો એને અનુત્તીર્ણ જ ગણવામાં આવતો.

આ યોગનું નામ 'હીટયોગ'. આને અતિ ઉષ્માયોગ કે ગરમીયોગ કહી શકો.

મનની મદદથી તન પર પ્રભાવ પાડવાનો આ યોગ-પ્રયોગ માની ના શકાય એવું પરિમાણ પ્રકટ કરે છે.

શરીરની અંદર મનથી જ ગરમી ઉત્પન્ન કરવાની 'હીટયોગ'માં પ્રક્રિયા છે.

મન સિવાય અન્ય કોઈ સાધનસામગ્રીનો ઉપયોગ નહીં કરવાનો અને છતાં મન મારફતે જ તનમાં ગરમી પેદા કરી બતાવવાની !

બહાર બરફ વરસી રહ્યો હોય, વિદ્યાર્થીએ શરીર પર લગભગ વસ્ત્રરહિત સ્થિતિમાં ઊભા રહી મનની સંકલ્પશક્તિથી એવી ગરમી પેદા કરવાની કે તનબદન પરસેવાથી રેબઝેબ થઈ રહે !

તિબેટનો આ વિલક્ષણ પ્રયોગ જોવા પશ્ચિમના કેટલાક દાકતરો આવેલા. તેમણે ત્યાંના છાત્રોને વધુ આકરી કસોટીમાં તાવ્યા હતા.

દાક્તરોએ શું કર્યું કે સરોવરતટે, બરફ પડતો હતો ત્યાં વિદ્યાર્થીઓને નગ્ન ખડા કર્યા એટલું જ નહિ, પાણીમાં કોટ-પાટલૂન-ખમીશને લથ્થર-પથ્થર કરી છોકરાઓની પાસે મૂકી દીધાં. જે વિદ્યાર્થી મનથી શરીરની ગરમી પેદા કરીને વધુમાં વધુ લૂગડાંને સૂકવી નાખી શકે એને ગુણવત્તા પ્રમાણે ગુણાંક (માર્ક્સ) મળે !

અને દાક્તરો દંગ રહી ગયા, મનનો તન પર ગરમી ઉત્પન્ન કરવાનો આ પ્રયોગ જોઈને. જેમ્સ ઍન્ડ લૅન્ગની થીઅરિને તિબેટના છાત્રોએ 'હીટ'- યોગથી ચિજાવી મારી ! મનની, ઑટોસજેશનની વિધાયક સૂચનશક્તિથી કયો ચમત્કાર ના સધાય ?!

જાણીતા માણસની અજાણી વાતો

ડૉ. કનક રાવળ

૧૯૬૫માં આપણા 'કુમાર'ના આદ્યતંત્રી સ્વ. કલાગુરુ રવિશંકર રાવળનું (આપ્તજનોના રવિભાઈ) ભારત સરકારે પદ્મશ્રી આપીને બહુમાન કર્યું. દિલ્હીમાં તે માટેના સમારંભમાં હાજરી આપવા રવિભાઈ તેમના બે પૌત્રો સુકેતુ અને પંકજને પણ સાથે લઈ ગયા હતા. સમારંભમાં નિયમો અનુસાર ૧૨ વર્ષથી નાની વ્યક્તિ સભાખંડમાં હાજર ના રહી શકે. પરિણામે રવિભાઈ મોટા સુકેતુને સાથે રાખી શક્યા પણ નાના પંકજને બહાર બેસી રહેવું પડ્યું.

અનેક નેતાઓ અને ખાસ મહેમાનોની હાજરીમાં ત્યારના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને હસ્તે રવિભાઈને પદ્મશ્રીનો ખિતાબ એનાયત થયો. ત્યાર બાદ સૌ માટે ખાનપાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જેટલી સાદાઈ અને નિખાલસતા માટે રવિભાઈ જાણીતા હતા તેવા જ તે આદર્શવાદી અને બાલપ્રેમી હતા. સઘળા સમારંભ દરમિયાન તેમનું મન પોતાનો નાનો પૌત્ર બહાર એકલો બેસી રહ્યો હતો તેના ચણચણાટમાં હતું જ. પણ હવે તેને એકલો રાખીને નાસ્તાપાણી ઉડાવવાનો વિચાર તો અસહ્ય હતો. તે જ ક્ષણે ચિત્રકાર દાદાના કોમળ હૃદયે આદેશ આપ્યો અને ફટ દઈને જગા પરથી ઊભા થઈ ગયા. દિગ્મૂઢ સુકેતુનો હાથ પકડીને કહ્યું, 'ચાલ દીકરા, ઘણું થયું. આપણે પાછા પંકજ પાસે પહોંચી જઈએ. ગુજરાત સમાજમાં જઈને બધા સાથે જમીશું.'

સહૃદયી પિતામહ માટે સરકારી મિષ્ટ ભોજન તુચ્છ હતું !

ભાદ્રાન્તે વનો અને મન/*ઉશનસ્*

(હરિણી•સૉનેટદ્વય)

૧

અહીંથી, ઘરમાં બેઠો બેઠો સુદૂર ઘને-વને
નજર કરું છું: જેવું વર્ષાઋતુ તણું સત્ર હ્યાં
મુજ નગરમાં પૂરું, પૂરું, ઘનો તણું છત્ર ત્યાં
પણ ગયું હશે સંકેલાઈ બરાબર આ ક્ષણે:

સૂરજ નીકળ્યો, જોઉં, ધોળો ઝગંત વધુ કંઈ
સ્નપિત ઘનથી ચાતુર્માસે, નભોમણિ શો ઝગે
કિરણ કિરણેઃ તેની નીચે ભીનું વન શું તગે!
તરલ દ્યુતિનો આંજી દેતો પ્રવાહ હવા મહીં!

ગહન હતું જે આખું કાળું અરણ્ય રહસ્ય-શું
ઝગમગી ઊઠ્યું હીરા કેરું ઝૂલન્ત શું ઝુમ્મર!
પરણ લટક્યા હીરા, પ્હાડો હીરા ત્રિપાર્શ્વ, સ્ખલજ્જલ
સીકર ઊછળે તેયે હીરા, હીરામય શસ્ય શું!

વન મન બધું હીરા જેવું ઝગન્ત કણેકણે,
સરતં રવિ જંતુ-તંતુ પેઃ
પાંખે-ચાંચે વિહંગમને સ્વને!

૨

ગગનની નીચે પૃથ્વીપાટે અઘોર અરણ્યમાં
તિમિર ઘન સંકેલાતાં જ્યાં, પ્રકાશી ઊઠે રવિ
શરદઋતુનો કે ફેલાતી પ્રભામય કો છવિ
તરલદ્યુતિની કિલ્લોળાતા હીરાશી હિરણ્યમાં!

તરલદ્યુતિનું સંકુલાતું, ગૂંચાતું અરસપરે
અવર ઊઘડે જાણે તાંતે તુણાતુ જતું વન,
કણકણ થકી તેજસ્તંતુ સ્ફુરન્ત ક્ષણેક્ષણ;
અહીંથી નીકળી શેઢો, ક્યાં જૈ ભળે દૂર એરિયે!

કસબ, જરીના તંતુ જેવો ઉડાઉડ વાયરે
અહીં ત્યહીં બધે; જાળે જાણે લપેટી લિયે મને;
લટકી ખૂંપ-શો આંખે ખૂંચે, ઝૂલ મુજ આનને;
જટિલ દ્યુતિનું જાળું છેદી શી રીત જવાય રે!

ઘનતિમિરમાં આષાઢી જે અગમ્ય હતું વન,
અવ શરદ-સૂર્યે યે તેવાં વનો, ત્યમ આ મન.

હું નથી/*સતીન દેસાઈ 'પરવેઝ'*

(ગઝલ)

ચૂકી ગયેલ જન્મનો અંધાર હું નથી.
શાશ્વત ગઝલ છું, એ શબદ પળવાર હું નથી.
આરંભ જેમ અંતનો મહિમા ય ગાઉં છું.
ને તે છતાંયે કાળનો ગાનાર હું નથી.
નરસિંહ જેમ હું વહું નિઃશબ્દ-શબ્દમાં,
કોણે કહ્યું કે - તાપતો ગિરનાર હું નથી?
સ્પંદન ચરમનાં મૂળમાં ખોડાઈને લહું,
અધવચ્ચ ઝૂલતો કોઈ મીનાર હું નથી.
અજવાસ-અંધકારના બે ભાગલા વિશે,
આકાશ જે ચણ્યા કરે, દીવાર હું નથી?
એ શ્હેર-ગામ ક્યાં હવે, એ નામ-ઠામ ક્યાં?
હિઝરત કરું છું એકલો વણઝાર હું નથી.
હોવા છતાં 'નથી' વિશે નક્કરતા દાખવું.
શ્વાસો ધરે એ પાંગળો આકાર હું નથી.
આમે નિકટ કે દૂરની, કે પાર-પારની,
કો' મોજ ભેળું મત્સ્ય થૈ તરનાર હું નથી.
યુગયુગથી રિક્ત શબ્દનો વધસ્તંભ છું ભલે,
નિત તામતી સુગંધની તલવાર હું નથી.
ઝળહળતો નિત્ય હોઉં છું હું તળ-અતળ વિશે,
કેવળ સમાધિનો ક્ષણિક ઝબકાર હું નથી.
મારી હયાત બાબતે જાણે છે બ્રહ્મ પણ,
કે કાળ-કર્મનો કોઈ અવતાર હું નથી.
'પરવેઝ' મંત્ર-મંત્રનો શ્રદ્ધેય છું ભલે,
ધારો તમે એ રવ-અરવ ધબકાર હું નથી.

કોનો માનું પાડ?/*યોસેફ મેકવાન*

(ગાન)

તિમિરે પડી તિરાડ!
આખા બોલા અજવાળાએ
પાડી અચાનક ધાડ!
તિમિરે પડી તિરાડ!

પળપળની પાંખડીઓ વચ્ચે
આંખડીઓ કંઈ ઝૂલે,
સાત સમંદર તળિયે ડૂબ્યું
એક છીપલું ખૂલે!
ઊડી ગયો રે જન્મોનો વળગાડ.
તિમિરે પડી તિરાડ!

મન ઉપર ચોંટેલાં પડળો
તડાક્ દઈને તૂટ્યાં,
લોહી મહીં બંધાયેલા રે,
અશ્વોના અશ્વો છૂટ્યા!
અબુધ હું, ને અબોલ હું
માનું કોનો પાડ?
તિમિરે પડી તિરાડ!

દર્શન દો/*ધીરુ પરીખ*

હરિ, દર્શન દો હરપલ.

કંઈ નહીં તો કલમ કરગરેઃ
લખ્યું બધું તે વિફલ.
હરિ, દર્શન દો હરપલ.

ખુલ્લાં મૂક્યાં કાગળદ્વારે
હરિ, આવો વારેવારે;
શબ્દ શોધતા અવર ન સૂઝે
બુદ્ધિ અવ ના કશુંય બૂજે;
ખળભળ ભાષા-ભૂતલ.
હરિ, દર્શન દો હરપલ.

હરિરટણામાં કલમ ન થાકે,
વ્રજમાં ગોપી ઘૂમતી છાકે;
ભેટ્યા કવિવર ભરી ભીડમાં
'દૂર રહો' એમ કહે ચીડમાં:
દૂઝે જેમ અજાગલ.
હરિ, દર્શન દો હરપલ.



ડૉ. રમણભાઈ પટેલ

—કમલા પરીખ—

'બહુરત્ના વસુંધરા'

આ શબ્દો આપણે કેટલીયે વાર સાંભળ્યા છે. વસુંધરા કેટકેટલાં રત્નોથી ભરેલી છે તેનો ખયાલ આ રત્નોની પરખ થાય ત્યારે જ આવેને ? તો આવો આપણે આજે એવા એક રત્નને શબ્દો દ્વારા મળવું છે કે જેણે જીવનની કેડી પર કેવાં કેવાં કાર્યો કરી વસુંધરાને વધુ ઉજ્જવલ બનાવી છે.

આ વ્યક્તિ છે એક ડૉક્ટર, જેમનું નામ છે રમણભાઈ પટેલ. ચરોતરના પટેલો ગુજરાતમાં ઝળકેલા છે પોતાનાં કાર્યોથી. તેમનાં નામ છે શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી ભાઈલાલભાઈ પટેલ (વિદ્યાનગરના પ્રણેતા) શ્રી ઈશ્વરભાઈ પટેલ (ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચૅન્સેલર), આમ, આ પટેલોએ જુદાં જુદાં ક્ષેત્રોમાં પોતાની આગવી પ્રતિભાથી ગુજરાતને ઉચ્ચ કક્ષાએ મૂકવા માટે નિઃસ્વાર્થભાવે કાર્યો કર્યાં છે. ગુજરાતની આ અમૂલ્ય મૂડી સમાન છે. તેઓ હયાત નથી પણ તેમનાં કાર્યોની સુગંધ મૂકતા ગયા છે.

તો આજે આપણે વાત કરવી છે આવા ચરોતરના એક અદના આદમી ડૉ. રમણભાઈ પટેલની. તેઓ સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના વંશજ થાય. તેમનો જન્મ તા.૧-૮-૧૯૨૬ના રોજ તેમના મોસાળ નાપાડમાં થયેલો. તેમનું વતન પીજ ગામ. પિતા હાથીભાઈનો વ્યવસાય ખેતીનો હતો અને સાથે લાકડાનો વેપાર પણ કરતા. પ્રાથમિક શિક્ષણ પીજમાં પૂરું કરી નવસારીમાં કાકાને ત્યાં રહી મૅટ્રિક સુધી અભ્યાસ કર્યો. ભણવામાં અત્યંત તેજસ્વી હતા. ગણિતમાં પૂરેપૂરા માર્ક્સ મેળવતા. એક વાર વાંચે એટલે બીજી વાર વાંચવાની તેમને જરૂર જ પડતી નહીં. તેમની આવી યાદશક્તિને ખરેખર દાદ દેવી પડે. નવસારીમાં હતા ત્યારથી જ રાષ્ટ્રિયતાના રંગે રંગાયેલા. ઠાકોરભાઈ દેસાઈ, લાલભાઈ નાયક, ઈશ્વરલાલ માસ્તર અને જનક દવે જેવા શિક્ષકોએ તેમનામાં શિસ્ત, સંયમ, કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતાના ગુણોનું સાંગોપાંગ સિંચન કર્યું. અને આ ગુણોએ તેમના જીવનને કેટલો સુંદર ઓપ આપ્યો તે આપણે વાંચીશું ત્યારે ખયાલ આવશે.

પીજ ચરોતરના લેઉઆ પાટીદારનું ગામ એટલે તેના વતનીઓમાં આગવી ખુમારીનાં દર્શન થાય. રમણભાઈએ આ ખુમારી જાળવી રાખેલી. કોઈની શેહશરમ રાખ્યા વગર સાચી વાત સ્પષ્ટપણે પ્રકટ કરવાની હિંમત દાખવે. સાથેસાથે નવસારીમાં ભણ્યા તેથી તે પ્રદેશના અનાવિલશાઈ છાંટના પણ તેમનામાં દર્શન થાય.

નવસારીમાં હતા ત્યારે ૧૯૪૨ની 'ભારત છોડો'ની ચળવળ શરૂ થયેલી જેનો રંગ રમણભાઈને લાગ્યો અને લડતમાં સહર્ષ જોડાઈ ગયા. સભા, સરઘસ, પ્રભાતફેરી જેવી પ્રવૃત્તિઓમાં તેઓ રસપૂર્વક ભાગ લેતા. એક પોલીસ ઈન્સ્પેક્ટરનું રાજીનામું માગવા હલ્લો બોલાવેલો તેના ફળસ્વરૂપે તેમને પ્રથમ જલાલપુરની અને ત્યાર બાદ સાબરમતી જેલની હવા આઠ માસ સુધી ખાવી પડેલી. પણ આ જેલવાસ તેમને માટે ફળદાયી નીવડ્યો. તેમને જેલમાં પૂ. રવિશંકર મહારાજનો સંપર્ક સાધવાની તક સાંપડી અને આમ સોનામાં સુગંધ ભળે તેવો આ જેલવાસ બની ગયો.

૧૯૪૨ની આ ચળવળ દરમિયાન દોઢ વર્ષ સુધી તેમનો અભ્યાસ અટકી ગયો, પણ લડત પૂરી થતાં મૅટ્રિકની પરીક્ષા નવસારીમાં પાસ કરી વડોદરાની વિજ્ઞાન કૉલેજમાં અભ્યાસ આગળ ધપાવ્યો. આ અભ્યાસ દરમિયાન વડોદરાના અગ્રણી નેતા રામલાલ પરીખ અને ચિમનભાઈ પટેલના સંપર્કમાં તેઓ આવ્યા જે તેમને ભવિષ્યમાં ફળદાયી નીવડ્યો. નવસારીમાં સાયન્સ ફૅકલ્ટી શરૂ થતાં તેઓ ગાર્ડા કૉલેજમાં ઈન્ટર પાસ કરી અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. તેમની યાદશક્તિ એટલી પ્રબળ હતી કે તેના પ્રભાવથી તેમણે એમ.બી.બી.એસ.ની પરીક્ષા સહેલાઈથી પાસ કરી. ડૉક્ટરની પદવી પ્રાપ્ત કર્યા બાદ વધુ અભ્યાસ માટે તેઓ આયર્લૅન્ડ ગયા, જ્યાં તેમણે સ્ત્રીઓના રોગોનો અભ્યાસ ૧૯૫૬માં પૂરો કર્યો. ત્યાર બાદ અમેરિકા



ગુજરાત યુવક કોંગ્રેસની ગ્રીષ્મશિબિરમાં બિલ્લો પહેરાવતા શ્રી દિનેશભાઈ શાહ સાથે

ગયા અને બફેલોમાં આવેલી હૉસ્પિટલમાં રેસિડન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવવાનું કાર્ય કર્યું. આમ, અનુભવોનું ભાથું પ્રાપ્ત કરી તેઓ અમદાવાદ આવી ગયા અને ૧૯૫૮માં નાથાલાલ કૉલોનીમાં પોતાનું દવાખાનું શરૂ કર્યું.

આપણે તેમની ડૉક્ટર તરીકેની કારકિર્દીને જોઈએ. સેવા અને સંવેદનાથી ભર્યા આ ડૉક્ટરનું દવાખાનું એ વિસ્તારમાં ખૂબ જાણીતું થયું. સેવાપરાયણ સ્વભાવ અને સચોટ નિદાન. તેમનામાં રહેલા આ ગુણદ્વયને કારણે તેઓ લોકપ્રિય બની ગયા. જ્યાં દર્દી પ્રત્યે કડક વલણ દાખવવા જેવું લાગે ત્યાં થોડી કડકાઈ બતાવે છતાં નિર્મળ ભાવના, કર્તવ્યપરાયણતા અને સેવાભાવના આ ત્રણ ગુણોથી લોકચાહના મેળવી ડૉક્ટર તરીકે ખ્યાત થયા. ડૉક્ટર તરીકેનો મોભો જાળવવામાં પાછી પાની કરે નહીં એવા સ્વામાની. એક દર્દી સ્ત્રીએ રૂઆબભેર ડૉક્ટરને કહેવડાવ્યું કે તેમણે એ બહેનને ઘેર ઈન્જેક્શન આપવા આવવું ત્યારે ડૉક્ટરે કહેવડાવ્યું કે બહેને દવાખાનામાં આવી ઈન્જેક્શન લઈ જવું. આવો જવાબ આપવાનું કારણ એ હતું કે એ બહેનને તેમણે આગલા દિવસે બજારમાં ફરતાં જોયેલાં. કેટલાંક દર્દીઓ તેમને સારી દવા લખવાનું કહેતા ત્યારે તેઓ ગુસ્સે થઈને સંભળાવી દેતા કે તેઓ ડૉક્ટર છે તેથી યોગ્ય જ કરશે છતાં જો વિશ્વાસ આવતો ના હોય તો દર્દી બીજા ડૉક્ટર પાસે જઈ શકે છે. આમ તેઓ સ્પષ્ટવક્તા હતા. આમ હોવા છતાં પણ સચોટ નિદાન અને યોગ્ય સારવારથી તેમનું દવાખાનું ભરેલું રહેતું હતું. તેમણે બીજું દવાખાનું શાહપુરમાં પણ શરૂ કર્યું. કામદાર વિમા યોજનાના પણ તેઓ ડૉક્ટર હતા. આ યોજનામાં પણ તેમણે સુંદર સેવા બજાવી દર્દીઓને ખોટા ખર્ચામાં ઉતાર્યા વગર સાધારણ દર્દી હોય તો ઘરગથ્થુ દવા સૂચવે અને જરૂર હોય તો જ ઈન્જેક્શન આપે. આમાં પૈસા રળવા કરતાં સેવાભાવનાની સુગંધ વર્તાતી અને એટલે જ દર્દીઓનો વિશ્વાસ તેમનામાં વધતો જતો હતો. એમણે 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' એ સૂત્રનો જીવનમાં ક્યારેય વિચાર કર્યો નથી.

તેમણે તો ભેખ લીધો હતો 'સેવા એ જ મારો પરમેશ્વર અને સેવા મારું કામ.' આજે તો આવી વિરલ વ્યક્તિઓ ઓછી જોવા મળે.



ગુજરાત યુવક કોંગ્રેસની ગ્રીષ્મશિબિરમાં શ્રી ચિમનભાઈ પટેલ સાથે

તેમનામાં રહેલી સેવાભાવનાનો એક પ્રસંગ જાણવા જેવો છે. એક નાનો છોકરો માંદો પડ્યો. તેના બાપે ડૉક્ટરને તેને તપાસવા વિનંતી કરી. ડૉક્ટર તેને ત્યાં પહોંચી ગયા અને છોકરાની ગંભીર સ્થિતિ જોતાં પળનો પણ વિલંબ કર્યા વગર ઝાડા અને ઊલટીથી ખરડાયેલા તેને ઊંચકી પોતાની મોટરમાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં દાખલ કર્યો તથા ઉપચાર કરાવ્યો એટલું જ નહીં, પણ લાંબા સમય સુધી તેની પાસે બેસી રહ્યા. અઠવાડિયા સુધી છોકરાની તબિયત જોવા જાય અને યોગ્ય લાગે તો સૂચના પણ આપે. તેમની સેવા ફળી અને છોકરો સાજો થઈ ગયો. પોતાના બાળક જેવી કાળજી તેમણે આ છોકરાની લીધી હતી અને સરસ ઉદાહરણ પૂરું પાડ્યું કે 'કૌન અપના કૌન પરાયા !' આવી માનવતાનું મૂલ્ય કયા શબ્દોમાં આંકી શકાય ? આધુનિક સમયમાં આવા કિસ્સા ભાગ્યે જ જોવા મળે. તેમનામાં રહેલા આવા સદ્‌ગુણોથી તેઓ લોકચાહના મેળવી શક્યા હતા. એક ગીતની પંક્તિ આ લખતાં યાદ આવી જાય છે : 'સદ્‌ગુણ અવગુણ કે કારણ કોઈ હીરા હૈ કોઈ પથ્થર હૈ'. આપણે આ ડૉક્ટરને હીરાની કક્ષામાં જ મૂકીએ તે યોગ્ય ગણાશે.

બીજો પણ આવો દાખલો જાણવા જેવો છે. એમના મિત્ર દિનકરરાય વશી જેઓ સૂરતમાં રહેતા હતા તેમને પેટમાં દુઃખાવો થતાં ત્યાંની હૉસ્પિટલના ડૉક્ટરે પૅનક્રીઆસનું ઑપરેશન કરવાનું નક્કી કર્યું. આ વાતની ખબર ડૉ. રમણભાઈને પડતાં તેઓ ઑપરેશનના આગલા દિવસે વરસતા વરસાદમાં પોતાની ગાડીમાં સૂરત તરફ જવા રવાના થયા. ભરૂચનો નર્મદા નદીનો પુલ રેલવેને લીધે વાહનો માટે બંધ હતો આથી તેઓ રાજપીપળાના નર્મદાના પુલથી નદી ઓળંગી આખી રાત વરસતા વરસાદમાં પોતાની મોટર ચલાવી સવારે આઠ વાગે સૂરત હૉસ્પિટલમાં પહોંચી ગયા અને ઑપરેશન



મ્યુનિ. કોર્પો.ના પૂર્વ મેયર શ્રી નરોત્તમ ઝવેરી સાથે

અટકાવી દિનકરરાયને મુંબઈની હરકીશનદાસ હૉસ્પિટલમાં પ્રખ્યાત ડૉક્ટર શાંતિલાલ મહેતા પાસે લઈ ગયા. સાત દિવસ સુધી દર્દી સારો હૉસ્પિટલમાં રહ્યા અને કોઈ પણ દવા કે ઑપરેશન કર્યા વગર દિનકરરાયને સારું થઈ ગયું. ડૉ. શાંતિલાલ મહેતાએ કહ્યું કે જો પેનક્રીઆસનું ઑપરેશન કર્યું હોત તો દિનકરરાયની બચવાની આશા રાખી શકાત નહીં. આવી હતી ડૉ. રમણભાઈની સેવાપરાયણતા. ડૉક્ટરના વ્યવસાયને તેમણે આવી રીતે કેટલીયે વાર ઉજ્જવલ બનાવ્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠમાં લાંબા સમય સુધી તેમણે દાક્તરી સેવા આપી હતી અને ત્યાંના આરોગ્યકેન્દ્રના ડિરેક્ટર તરીકે પણ રહ્યા હતા. અમદાવાદના પ્રતિષ્ઠિત ડૉક્ટરોની મદદથી એક પેનલ તેમણે બનાવેલી જેનાથી વિદ્યાર્થીઓ અને સેવકોના આરોગ્યની જાળવણીનું કામ થતું. લાંબા સમય સુધી આ પ્રવૃત્તિ ચાલુ રહેલી. તેમની સેવા પરાયણતા, સચોટ નિદાન, સારવારમાં જરા પણ કચાશ નહીં. દર્દીને પોષાય તેવી સારવાર, દર્દી સાથે સ્નેહસભર વર્તાવ, કર્તવ્યપરાયણતા અને સમભાવી ગુણોને લીધે તેમનું દવાખાનું દર્દીઓથી ભરેલું રહેતું. ડૉક્ટર તરીકે તેમણે માનવસેવાને ધર્મ માની અગ્રિમતા આપી હતી. શાહપુર અને નાથાલાલ કૉલોનીનું દવાખાનું ધમધોકાર ચાલતું કારણ એમની દવા જેઓ કરતા તેમને બીજા ડૉક્ટર ફાવે નહિ એવો દૃઢ વિશ્વાસ તેમના દર્દીને એવો તો પડેલો કે બીજે ક્યાંય તે દર્દીઓ જાય નહીં. દર્દીની સેવામાં તેમણે ક્યારેય ભેદભાવ રાખ્યો નહોતો. આત્મીય ભાવથી દર્દીની કાળજી રાખતા અને સારવાર કરતા. ઠાકોરભાઈ અમીનના કહેવા પ્રમાણે દર્દીની અડધી માંદગી તેમની દવાથી અને અર્ધી માંદગી તેમના પરના વિશ્વાસથી જ મટી જતી. તેમની દવા લો એટલે સાંજથી જ અસર દેખાવા માંડે. ચિમનભાઈ પટેલ તો તેમના ખાસ મિત્ર હતા, ગમે તે એક્સપર્ટ ડૉક્ટરે દવા લખી આપી હોય પણ જ્યાં સુધી ડૉ. રમણભાઈ ઓ.કે. ના કરે ત્યાં સુધી એક પણ ડોઝ લે નહીં. વળી, તેઓ હંમેશાં અદ્યતન મેડિકલ સામયિકો વાંચતા. તેમનામાં દર્દીને ડૉક્ટરના નહીં પણ પ્રભુના ફરિશ્તાનાં દર્શન થતાં.



ટેનિસ રમવા તૈયાર ડૉ. રમણભાઈ

તેમના કુટુંબની વાત પર આવીએ. તેમનાં લગ્ન આંતરજ્ઞાતીય હતાં. તેમના પરમ મિત્ર નરેન્દ્રભાઈને પરજ્ઞાતિની છોકરી સાથે પ્રેમ થયો પણ છોકરીની માતા આ લગ્નની મંજૂરી આપવા તૈયાર નહોતી કારણ કે જો નરેન્દ્રભાઈ બીજી જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરે તો તેમની નાની બહેન યોગિનીનાં લગ્ન જ્ઞાતિમાં કરવાની મુશ્કેલી સર્જાય. આ બાબતની જાણ થતાં આપણા પરદુઃખભંજન ડૉ. રમણભાઈ મદદે આવ્યા. તેમણે નરેન્દ્રભાઈનાં માતાને વચન આપ્યું કે તેમની દીકરી પુખ્ત વયની થશે ત્યારે તેઓ તેની સાથે લગ્ન કરશે. આ વચન તેમણે પાળી બતાવ્યું. નરેન્દ્રભાઈ અનાવિલ જ્ઞાતિના હતા અને પોતે ચરોતરના પટેલ હતા છતાં વચનપાલનને સિદ્ધ કરીને સુંદર દાખલો પ્રસ્થાપિત કર્યો. પત્ની યોગિનીબહેને પણ તેમના પત્નીપદને શોભાવ્યું. પતિના પગલે ચાલીને, જીવન દીપાવ્યું. ડૉ. રમણભાઈ જ્યારે લોકસેવામાં પ્રવૃત્ત થયા ત્યારે દવાખાના પ્રત્યે ધ્યાન આપી શકતા નહોતા. પરિણામે આર્થિક મુશ્કેલી રહેતી પણ યોગિનીબહેન શિક્ષિકા હતા તેથી ઘરસંસારને ચલાવવામાં મદદગાર રહ્યાં હતાં. ડૉક્ટરે તેમની બે દીકરીઓ નામે સોનલ અને રૂપલના જન્મને હોંશથી એ જમાનામાં વધાવ્યા હતા. એ સમયે ચરોતરના પટેલને ત્યાં દીકરીનો જન્મ થાય તો તેની સરખામણી સાપના ભારા સાથે થતી. દીકરીઓ પ્રત્યે તેમને અપાર મમતા હતી. બંનેનાં લગ્ન પણ પોતાની હયાતી દરમિયાન કરેલાં. દીકરીઓનું ભણતર પૂરું ના થાય ત્યાં સુધી લગ્ન નહીં કરવાનો તેમનો સંકલ્પ તેમણે પૂર્ણ કરી બતાવ્યો. બંને દીકરીઓએ ભણતર પૂરું કર્યું ત્યાર બાદ જ લગ્ન કર્યાં. દીકરીઓએ પણ જાતે જ લગ્ન ગોઠવેલાં. ડૉક્ટર દીકરીઓ પ્રત્યે બહુ આગ્રહી નહોતા. તેમને મન તો દીકરી વ્હાલના દરિયા સમાન હતી.

ડૉક્ટર તરીક તેમની કારકિર્દી વધુ ઉજ્જવલ બની રહી હોત પણ લોકસેવામાં વ્યસ્ત રહેવાથી તેઓ દવાખાના તરફ ધ્યાન આપી શકતા નહોતા. લોકસેવા તેમના જીવનનું મુખ્ય



ડો. રમણભાઈ પટેલ તથા તેમનાં પત્ની યોગિનીબહેન

ધ્યેય બની ગયું હતું. ડૉક્ટર તરીકે તેઓ તો નામના મેળવી ચૂક્યા હતા પણ લોકસેવા કરવા તેમનો માંહ્યલો તેમને જંપવા દેતો નહોતો. પરિણામે તેઓ લોકસેવા તરફ વળ્યા. જાહેરસેવા કરવાનું તેમના જીવનનું ધ્યેય બની ગયું હતું. સંપત્તિ અને સન્માનની તેમણે જીવનમાં બાદબાકી કરી નાખી હતી અને નિઃસ્વાર્થ સેવા, ત્યાગ અને પ્રજાની ઉન્નતિનાં કાર્યોમાં હંમેશાં મગ્ન રહેતા. તેઓ ચીલાચાલુ રાજકીય પુરુષ નહોતા પણ સેવા-પરાયણતાના ભેખધારી હતા. જિંદગીને તેમણે સેવાના-ઉજ્જવલ રંગથી સંવારી હતી. આવી વિરલ વ્યક્તિઓ બહુ ઓછી જોવા મળે છે.

આવો આપણે તેમની લોકસેવાની સુગંધને માણીએ. ખાદીધારી, ગાંધીજીના આદર્શોથી રંગાયેલા, પરોપકારી અને લોકસેવાના પ્રહરી એવા આ ડૉક્ટરે કયાં કયાં કાર્યો કર્યાં હતાં તે જાણવા જેવાં છે. તેઓ રામલાલભાઈ તથા ચિમનભાઈ પટેલના સંપર્કમાં આવ્યા અને તેમના સાથી બની યુવક કૉંગ્રેસના સંમેલનમાં હંમેશાં હાજર રહેતા હતા. તદુપરાંત તેની શ્રમશિબિરો, ગ્રીષ્મશિબિરો વગેરેમાં ભાગ પણ લેતા. ઠાકોરભાઈ દેસાઈ આ બધી પ્રવૃત્તિઓમાં હાજર રહી યુવકોના વિચારઘડતરનું કામ કરતા, જેની અસર ડૉ. રમણભાઈ પર ઊંડી પડેલી. તેમણે રાજકીય કારકિર્દીના મંગલાચરણ ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસથી કરેલા. શ્રી ઠાકોરભાઈ દેસાઈ, રામલાલ પરીખ, ચિમનભાઈ પટેલ, ઈન્દુભાઈ પટેલ, અને દીનેશભાઈ શાહ આ વ્યક્તિઓએ 'યુવક વિકાસ ટ્રસ્ટ' નામની સંસ્થા શરૂ કરવાનું વિચારેલું ત્યારથી ડૉ. રમણભાઈ તેમની સાથે જ રહેલા અને તેના એક સ્થાપક ટ્રસ્ટી પણ બનેલા. તેમનામાં એક અદનો સદ્‌ગુણ હતો કે જ્યાં તેઓ જોડાય ત્યાં શોભાના ગાંઠિયા તરીકે નહીં પણ દરેક કામકાજમાં પોતાનું અસરકારક પ્રદાન કરે. યુવક વિકાસ ટ્રસ્ટની દરેક મીટિંગમાં હાજર રહે અને રચનાત્મક સૂચનો કરે. તેઓ કૉંગ્રેસની અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે. મહાગુજરાતના આંદોલન વખતે તેઓ ઠાકોરભાઈના સહાયક બની રહ્યા હતા.

એમણે કરેલી લોકસેવા તથા નગરસેવાની આપણે ઝાંખી કરીએ. અમદાવાદની સુધરાઈ પ્રવૃત્તિઓમાં તેઓ વિશેષ રસ ધરાવતા. ૧૯૬૯માં તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કૉર્પોરેટર બન્યા અને તેમનું અવસાન થયું ત્યાં સુધી એટલે કે ૨૦ વર્ષ સુધી કૉર્પોરેટર તરીકેની ફરજ બજાવી. આવા આ જાગ્રત કૉર્પોરેટરે ૨૦ વર્ષ સુધી નગરસેવાના કામમાં સુંદર ફાળો આપ્યો. તે સમયે નરોત્તમ ઝવેરી, કૃષ્ણવદન જોષી, રફીયુદ્દીન શેખ જે તે સમયે મેયર હતા તે બધાની સાથે રહીને ઉત્તમ કામગીરી કરી હતી. અમદાવાદના વિકાસમાં તેમનો અમૂલ્ય ફાળો છે. પબ્લિક વર્ક્સ કમિટીનું ચૅરમેન પદ સંભાળી તેમણે અમદાવાદની સિકલ બદલી નાંખી. અમદાવાદની કેટલીયે પાણીની લાઈનો અને ગટરની લાઈનો બદલાવી નાગરિકોને પૂરજોશમાં પાણી મળી રહે તેવું આયોજન કરનાર આ વિરલ વ્યક્તિ હતા. શહેરના રસ્તા, પાણી અને ગટરની યોજનાઓને માત્ર સરકારે નહીં પણ વિશ્વબૅન્કે પણ મંજૂરી આપી દીધી. આજે આપણે પાણી માટે વલખાં મારીએ છીએ, પણ ડૉ. રમણભાઈના વહીવટ દરમિયાન દિવસમાં ત્રણ વખત પાણી આપવામાં આવતું! તદુપરાંત વધુ પાણી મેળવવા ફ્રેન્ચવેલ ઊભા કરી અમદાવાદને પાણીની લ્હાણી કરનાર ડૉ. રમણભાઈ આજે ભુલાય તેમ નથી. અમદાવાદના રસ્તાઓના વિકાસમાં પણ તેમનો સુંદર ફાળો હતો. તેમનામાં રહેલા બે ગુણો - એક તબીબની સૂક્ષ્મતા અને બીજો ગુણ ઈજનેરની કાર્યકુશળતા - આવાં કાર્યો કરવામાં કાર્યાન્વિત રહેતા. ઘણી રાજકીય ઊથલપાથલ થઈ પણ તેમની સ્થિરતા અને સ્વચ્છ પ્રતિભા અચળ રહી.

એમનાં પ્રશંસનીય કાર્યો પણ જાણવા જેવાં છે. શહેરના પ્રવેશદ્વારે નારોલ સર્કલ પાસે સરદાર વલ્લભભાઈ પટેલનું બાવલું મુકાવવાનું કાર્ય કર્યું, બીજું કાર્ય એલિસબ્રીજને પહોળો કરવાનું વિચાર્યું અને ત્રીજું કામ રિવરફ્રન્ટ યોજનાનું વિચાર્યું હતું. આ યોજનાઓમાંથી એલિસબ્રીજ આજે પહોળો થઈ ગયો છે એ સફળતા પ્રાપ્ત થઈ છે. રિવરફ્રન્ટ યોજનાના ગણેશ પણ મંડાઈ ગયા છે. આમ, ડૉક્ટરની આ યોજનાઓ સાકાર થતી જાય છે. તેમનાં આ બધાં કાર્યોથી તેઓ કૉર્પોરેશનના એનસાઈક્લોપીડિયા તરીકે ઓળખાય છે. નવરંગપુરામાંથી વીસ વર્ષ સુધી તેઓ ચૂંટાયેલા જેનું ફળ નાગરિકો ભોગવી રહ્યા છે. પાણી, સફાઈ, રોડ, ગટર, ઈલેક્ટ્રિક આ બધી સુવિધા જનતાને મળી રહે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. આમ, તેમની આવી કારકિર્દી જોતાં આપણે કહી શકીએ કે તેઓ 'સાચા જનસેવક' હતા.

એક વખત તેમના ઘર નજીક રોડ પર મોટો ઊંડો ખાડો ખોદેલો હતો તેને પૂરવામાં નહોતો આવ્યો. ચોમાસામાં આ ખાડામાં પાણી ભરાઈ ગયું તેથી અકસ્માત થવાની શક્યતા હતી. આપણા આ ડૉક્ટરે આ ખાડા માટે કંઈક કરવાનું વિચાર્યું. પોતે જાતે જ લાંબો મજબૂત વાંસડો લઈ ખાડાની ઊંડાઈ માપવા ગયા પણ વાંસની સાથે તેઓ પોતે ખાડામાં લપસી પડ્યા અને કીચડમાં ફસાયા. તેમની મદદ માટેની બૂમો સાંભળી લોકો દોડી આવ્યાં અને કીચડમાંથી તેમને બહાર કાઢ્યા. જનતા-જનાર્દન ડૉક્ટરે પોતાની સગવડ માટે આ કામ નહોતું કર્યું. તેમની પાસે તો મોટર હતી, પણ રસ્તા પર જતાંઆવતાં લોકો ખાડામાં પડી ના જાય તે માટે તેમણે જહેમત ઉઠાવેલી. તેઓ હંમેશાં અન્યનો વિચાર પહેલો કરતા. એક વાર ભારે વરસાદમાં સ્ટોર્મ વૉટર ડ્રેનેજમાં તણાઈ જતા બચી ગયા હતા. તેમનાં પત્નીને તેમણે કહેલું કે રોડ પર મ્યુનિસિપાલિટીનું કંઈ પણ કામકાજ ચાલતું હોય ત્યારે ત્યાંથી તગારું માટી કે ઈંટો લેવી નહીં. આ બધા ગુણોને લીધો કૉર્પોરેશનમાં તેઓ કડકાઈથી ધમકીભરી ભાષામાં વાત કરી શકતા હતા. કારણ તેમનું પોતાના તરફનું પાસું અતિ ઉજ્જવલ હતું. મ્યુનિસિપાલિટીમાં તેઓ વિરોધપક્ષના નેતા હતા છતાં શાસક પક્ષમાં પણ તેમનું માન સારું હતું, કારણ તેમના આદર્શો ઉચ્ચ કક્ષાના હતા. તેઓ હિંદુ હતા પણ હિંદુ-મુસ્લિમના ભેદભાવથી તદ્દન અળગા રહી સમભાવ રાખતા. મહોરમ, ઈદ તથા રથયાત્રા જેવા તહેવારોની ઉજવણીમાં પોતે સક્રિય ફાળો આપતા. આમ, કોમી એકતાના તેઓ પ્રહરી હતા અને ઈન્સાનિયતને અગ્રિમતા આપતા.

વિદેશમાં વસતાં ગુજરાતીઓમાંથી ગુજરાતના ગૌરવને ઉજ્જવલ બનાવે તેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ગુજરાતીઓની ગુણપૂજા થાય તે માટે વાર્ષિક સમારંભ યોજી, વિશ્વગુર્જરી પુરસ્કારથી ગુજરાતીઓનું સન્માન થાય તેવી પરંપરા પણ તેમણે ઊભી કરેલી. ૨૦ વર્ષ સુધી તેમણે અમદાવાદની અનોખી સેવા કરી નગરજનોને વધારે સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા કાર્યમાં તેઓ રચ્યાપચ્યા રહ્યા હતા. આપણે તેમની આવી લાંબી સેવા માટે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેઓ નાગરિક જીવનના પ્રહરી અને એક અદના કાર્યકર બની જીવવને યોગ્ય રીતે જીવ ગયા. તેમને નાળિયેર સાથે સરખાવીએ તો કાંઈ ખોટું નથી, બહારથી કડક પણ અંદર પ્રેમભાવથી છલોછલ ! સેવાભાવનાથી ભર્યાભર્યા. આમ, કામની બાબતમાં કડકાઈ દાખવીને પણ સ્નેહથી કામ લેતાં પણ આવડે. લાંછન લાગે તેવું જીવનમાં ક્યારેય કર્યું નથી. નિષ્ઠા, પ્રામાણિકતા, સેવા, દયા, માનવતા આવા ગુણોથી જીવનને સુવાસિત કર્યું. તેમના જીવનનો મંત્ર હતો :'Worship to Mankind is Worship to God.' (જનસેવા એ જ પ્રભુસેવા.)

પોતે ખાદીધારી પણ કપડાંના ભારે શોખીન. વિવિધ પ્રકારની ખાદી ખરીદે અને અન્યને માટે પણ ખરીદી લાવે. આર્થિક પરિસ્થિતિ લોકસેવાના કામમાં ઝંપલાવ્યા પછી નબળી થઈ ગયેલી તો પણ પોતાને માટે અને અન્યને માટે પૈસા ખર્ચતા ખચકાય નહીં. વિવિધ વાનગી ખાવાના પણ શોખીન હતા. પોતાનું કામ જાતે કરી લેવાની તેમને ટેવ પડી હતી. ખમીસ ફાટ્યું હોય, બટન ટાંકવું હોય તો પણ જાતે તે કામ કરી લે. બધું જાતે જ કરવું એવો તેમનો સ્વાવલંબી સ્વભાવ હતો. પોતાની તબિયત બગડી હોય તો કેટલીયે વાર મુંબઈ ફરવાના બહાના હેઠળ ડૉક્ટરને બતાવવા ગયેલા.

તરવાની અને રમતગમતની પ્રવૃત્તિમાં રસ ધરાવતા આ ડૉક્ટરે અમદાવાદમાં રમતગમતની પ્રવૃત્તિઓનો વિકાસ થાય તે માટે રસપૂર્વક કાર્ય કરેલું. ક્રિકેટની રમતમાં સારા ક્રિકેટરો મળી રહે તે દિશામાં નોંધપાત્ર કામગીરી કરેલી. તેમના પ્રયાસોથી ૧૯૭૯માં સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સ્પૉર્ટ્સની સ્થાપના થઈ; અને તેઓ તેના ટ્રસ્ટી તરીકે રહેલા. સંગીતના પણ અત્યંત શોખીન. પરિણામે 'પાયલ' સંગીતસંસ્થાના ટ્રસ્ટી તરીકે પણ ફરજ બજાવેલી. તેમની શિક્ષણસેવા પણ નગરસેવા જેવી જ મહત્ત્વની હતી. બાળકો અને કિશોરોના વિકાસને તેઓ પ્રાધાન્ય આપતા. શિક્ષણ અને વહીવટમાં ગુજરાતી ભાષા હોવી જોઈએ તેના તેઓ ભારે આગ્રહી. કેટકેટલા ગુણોથી સભર આ વ્યક્તિ હતી !

તેમની આવી પ્રવૃત્તિઓથી સભર આ વ્યક્તિની જીવનયાત્રાનો અંત કેવી રીતે આવ્યો તે જાણીયે. ઉજ્જવલ ચંદ્રમાં એક નાનકડું કલંક હોય છે તેમ ડૉ. રમણભાઈમાં એક વ્યસન પ્રવેશ્યું, જે તેમની જુદી જુદી વિકાસની કંડારેલી કેડીથી તદ્દન વિરુદ્ધ હતું. આ વ્યસન જાનલેવા નીવડ્યું. શરૂઆતમાં શોખ માટે ધૂમ્રપાનની ટેવ પડી અને આગળ જતાં તમાકુવાળાં પાન ખાવાનો ચસકો લાગ્યો. આ વ્યસનોની આડઅસરો ધીમે ધીમે થવા લાગી, પણ તેઓ આ વ્યસન છોડી શકવા અસમર્થ રહ્યા ! પરિણામે કૅન્સરની બિમારીને નોતરી. તેઓ ડૉક્ટર હતા એટલે માંદગીના પરિણામથી અણજાણ નહોતા પણ હવે બાજી હાથમાં રહી નહોતી. ૬૩ વર્ષની વયે ૧-૫-૧૯૮૯ના રોજ તેમની જીવનયાત્રા સંકેલાઈ ગઈ. તે સમયે તેઓ કારકિર્દીની ટોચ પર હતા એમ કહીએ તો કશું ખોટું નથી. પણ વ્યસનના બંધાણી વ્યસનમુક્ત ના થઈ શક્યા અને મૃત્યુને ભેટ્યા. લોકસેવામાં રચ્યાપચ્યા રહેવાથી દવાખાના તરફ ધ્યાન રાખી ના શક્યા પરિણામે મૃત્યુ બાદ મકાન અને મોટર આ બે વસ્તુ

(અનુસંધાન પૃ. ૮૬૭ પર)

ભાઈચારો

ઈવા ડેવ

'દાદા, દાદા, પેલા ઈકબાલચાચાની દુકાનો લોકોએ લૂંટીને બાળી નાખી,' બંગલામાં દોડી આવીને પ્રવેશ કરતાં કરતાં, ઉશ્કેરાટથી હાંફતાં હાંફતાં ટીનુએ એના દાદાને ખબર આપી.

સવારની ચા પીને કનુભાઈ વકીલ છાપું વાંચવાની જ તૈયારી કરતા હતા ને એમના પૌત્રે એ સમાચાર આપ્યા. બે દિવસ પહેલાં ગોધરામાંથી પસાર થઈ રહેલી સાબરમતી એક્સપ્રેસના કેટલાક સ્લીપર ડબાઓને આગ લગાડવામાં આવી હતી અને કેટલાંય હિંદુ પેસેન્જરો એમાં જીવતા ભૂંજાઈ ગયાં હતાં. એ હત્યાકાંડની ખબરે તેઓ અત્યંત વિશીર્ણ થઈ ગયેલા. ગઈ કાલે એનો પ્રતિકાર કરવા જ્યારે કથિત હિંદુત્વવાદી પાર્ટીઓએ અને સંસ્થાઓએ ગુજરાતમાં બંધનું એલાન આપ્યું ત્યારે એમને એવાં છમકલાં થવાની દહેશત જરૂર થઈ હતી, પણ સાથે એવો વિશ્વાસ પણ હતો કે ભૂતકાળમાં જેમ થોડા ટેન્શન પછી બધું શમી જતું હતું તેમ આ વખતે પણ શમી જશે. એમના એ શહેરમાં આમ દુકાનો લૂંટવાની ને બાળવાની બીનાઓ બનશે તે એમની મનોસૃષ્ટિની બહાર હતું. અતઃ એ સમાચાર સાંભળતાં, ખાસ કરીને એમના જાણીતા, શહેરના રાજકીય તખ્તા પર વરસોથી ખભેખભા મિલાવીને, શહેરની ઉન્નતિ કરવાના અભિયાનમાં સાથે રહેલા મુસલમાન દોસ્તની નેસ્તનાબૂદ કરી નાખવાના સમાચારે, તે અત્યંત ઉદ્વિગ્ન બની ગયા. તે અફવા છે કે હકીકત તે જાણવા માટે એમણે ટીનું પાસે હૅન્ડસેટ મંગાવ્યો અને ઈકબાલભાઈનો ફોન જોડ્યો. જ્યારે એમના એ પ્રયાસો ચાલુ હતા ત્યારે એમનો મોટો દીકરો વિનય આવી ચઢ્યો અને એણે ખબર આપી, 'મોટા ! કોને ફોન કરો છો ? તે નહિ લાગે. બધા ઠપ પડ્યા છે ? ગઈ કાલે શહેરનું વાતાવરણ ખૂબ જ તંગ હતું....'

અધીરા બની એમણે પૂછ્યું, 'આ ટીનુ જે ખબર લાવ્યો છે તે શું સાચી છે ? ઈકબાલની દુકાનો બાળી નાખી છે ? આપણા... આ શહેરમાં ? આજ સુધી તો...!' આમ સ્વભાવે શાંત ને ધીરજવાળા એના મોટાભાઈને (પિતાને) એવા વ્યગ્ર અને ઉશ્કેરાટથી સવાલો કરતા જોઈને વિનય નવાઈ પામ્યો. પરંતુ એ એના મોટાના અને ઈકબાલચાચાના લાંબા ગાઢા સંબંધથી વાકેફ હોવાને કારણે એમની મનઃસ્થિતિને પણ સમજી શક્યો.

'હા, મોટા ! હમણાં મારા બંગલા પર ભેગા થયેલા મિત્રો-પડોશીઓ સાથે જે વાતો થતી હતી તે ટીનુએ સાંભળી લાગે છે ને પોતાની મેતે જ તમને એ ખબર આપવા અહીં ભાગી આવ્યો છે, ઈકબાલચાચાનું નામ સાંભળ્યુંને એટલે ! શહેરની હાલત ખરાબ લાગે છે. શું સાચું છે અને શું અફવા છે એની ખબર નથી પડતી પણ પંદર વીસ દુકાનો લૂંટાઈ છે ને બળાઈ છે...'

'પંદર-વીસ ?! બધી જ મુસલમાનોની જ હશે ?' જે આશંકા હકીકત બની રહી હતી એનો ખુલાસો કરવા વધારે વ્યગ્ર બનીને કનુભાઈએ સવાલ પૂછ્યો.

સાથે એમણે અંગ્રેજી છાપું ખોલ્યું, નજર ફેરવવા માંડી તો - પેપર સમાચારોથી ભરચક હતું કે અમદાવાદ, વડોદરા, મહેસાણા વગેરેમાં હિંદુ ટોળાંઓએ મુસલમાનોનાં ઘરોની, દુકાનોની, સંપત્તિની, મસ્જિદોની મોટા પાયા પર લૂંટફાટ કરી હતી, પાયમાલી કરી હતી; મોટા પાયા પર ખુનામરકી ને બળાત્કારો થયેલા હતા. જેમ જેમ તે ફોટાઓ જોતા ગયા અને એની નીચેની વિગતો વાંચતા ગયા તેમ તેમ એમના મોંમાંથી ચિત્કાર અને નિઃશ્વાસ નીકળતા ગયા, જેણે વિનયને એમની મનોદશાનો અંદાજ આપ્યો અને એમને થઈ રહેલી પીડાનો પણ.

એમણે હીંચકાને જોરથી હુલાવા માંડ્યો. વિનયે ક્વચિત્ એના મોટાને એમ જોરજોરથી હીંચકો ખાતા જોયેલા; ઊલટાનું જો ટીનુને એમ જોરથી હીંચકો ઉલાળતો જોતા તો તે તેને વઢતા. જો કે એમની સાથે બેઠેલો ટીનુ ખુશ થઈને બોલ્યો, 'હજુ ઊંચો કરો દાદા ! મઝા પડે છેને !'

તે સાંભળીને કનુભાઈ ચમક્યા. એમને પોતાને અંતરમાં થઈ રહેલી ઊથલપાથલનો તરત ખયાલ આવી ગયો. એમણે ભોંય ઠેસવાનું બંધ કર્યું. 'આપણી જૂની પોળોમાં, લત્તાઓમાં-ભાટવાડામાં, મંમદપરામાં, કણબીપરામાં કેવું વાતાવરણ છે ? દુકાનો જ બાળી છે કે ઘરો, મસ્જિદો...' એમણે બીજો પ્રશ્ન કર્યો.

'સાચું શું છે તેની ખબર પડતી નથી. સાંભળ્યું છે કે બજારમાં દુકાનો બાળી નાખી પછી મંમદપુરામાંથી એક મોટું ટોળું કણબીપુરામાં મંદિરને બાળવા માટે આવેલું. આસપાસનાં આપણાં લોકો પણ ત્યાં પહોંચી ગયેલાં. સામસામે નારાબાજી અને પથ્થરબાજી પણ થઈ હતી. પણ કલેક્ટર રેડ્ડીબહેન તથા ડી.એસ.પી. પરમાર અને ડી.ડી.એસ.પી. ઉસમાન એમની મોટી પોલીસ ટુકડી સાથે ત્યાં તત્કાલ પહોંચી ગયાં હતાં અને સ્થિતિને કાબૂમાં લઈ લીધી હતી...લૂંટ અને આગના બનાવોની ખબર મળતાંની સાથે ત્રણેય જણ એમની જીપોમાં ખડેપગે આંટા મારી રહ્યા છે.'

'હા, ગોધાનું કામ તો બિચારા એમણે કરવાનું છે. છતાંય

જો ને દુકાનોને આગ ચંપાઈ ને લૂંટફાટ તો થઈને જ. આટલાં વરસોથી બેઉ કોમોએ જે એખલાસ જાળવ્યો અને પ્રશાસને એને વિકસાવવા જે કોશિશો કરી તે બધું જોતજોતામાં ગાયબ થઈ ગયું અને ભગવાન જાણે આ ક્યાં જઈને અટકશે ?'

અચાનક તે હીંચકાને થોભાવી દઈને ઊભા થઈ ગયા. ઘરમાં ગયા અને થોડી વાર પછી એમના સામાજિક અને ઔપચારિક પોશાકમાં - સફેદ ખાદીનું ધોતિયું, પહેરણ અને ટોપી - એમની લાકડીને લઈને બહાર નીકળ્યા.

વિનયના વિસ્મયનો પાર ન રહ્યો; સાથેસાથે અજ્ઞાત ભીતિથી એનું દિલ કાંપી ઊઠ્યું. અધીરાઈથી એણે પૂછ્યું, 'તમે ક્યાં ચાલ્યા, આવા ખરાબ વાતાવરણમાં ?'

'ઈકબાલને ત્યાં !' જાણે સાવસાધારણ વાત હોય એમ તે બોલ્યા.

'ઈકબાલચાચાને ત્યાં ? એમના લત્તામાં ?' એના બોલમાં એવું ગર્ભિત હતું કે 'શું તમે ગાંડા તો નથી થઈ ગયાને ?'

'હું પણ તમારી સાથે ચાચાને ત્યાં આવીશ.' હીંચકા પરથી ધસી આવીને એના દાદાનો હાથ પકડતો ટીનુ બોલ્યો.

જે કોપ એના પિતા પર ઠાલવી શક્યો નહોતો એ સહજ જ એના ટીનુ પર ઠલવાઈ ગયો. એક ઝાટકાથી એણે ટીનુને ખેંચીને કનુભાઈથી દૂર કરીને ઘર બાજુ ધકેલી દીધો. પેલાએ પ્રતિકારમાં મોટો ભેંકડો તાણ્યો જે સાંભળીને કુમુદબહેન, એમની નાની દીકરી શમા, નોકરાણી તારા અને બાગમાં કામ કરનારો માળી વરંડામાં દોડી આવ્યાં.

વિનય એની મમ્મીને વીનવતો બોલ્યો, 'બેન ! જોને મોટા આવી વિકટ ને ઉશ્કેરાયેલી હાલતમાં ઈકબાલચાચાને મળવા તૈયાર થયા છે. તું એમને વારને ?'

કવચિત્ કુમુદબહેન એમના પતિની સામે વિરોધ નોંધાવતા કે વિવાદ કરતાં. પણ પરિસ્થિતિની ગંભીરતા સમજીને એમણે હામ ભીડીને કનુભાઈને અરજ કરી, 'વિનય સાચું કહે છે. શહેરનું વાતાવરણ બિલકુલ ઠીક નથી. તારા કહે છે કે હાઈવે પર ટોળાં સામસામી નારાબાજી અને પથ્થરબાજી કરી રહ્યાં છે. જેમ તેમ કરીને એ અહીં પહોંચી છે. ને શહેરમાં તો કર્ફ્યૂ છે.'

ચડી રહેલી અકળામણ અને ખીજને વશમાં રાખવાનો પ્રયાસ કરતા તેમણે પૂછ્યું, 'ગુજરાતમાં આ પહેલાં શું હુલ્લડો નથી થયાં ? શું આ શહેરમાં એના પડઘા નથી પડ્યા ? તે સમયે શહેરને એનાં વિપરીત પરિણામોથી બચાવવા મેં અને ઈકબાલે ખભેખભા નહોતા મિલાવ્યા ? આપણી મુશ્કેલીઓમાં ઈકબાલ આપણે ત્યાં દોડી આવવામાં ક્યારેય ચૂક્યો છે ? ને આજે એની જાયદાદને આગ ચંપાય અને લૂંટાય ત્યારે હું ઘરમાં મીંદડીની જેમ બેસી રહું ?' એમણે ટોપીને સરખી કરી, લાકડી પર એમની પકડ મજબૂત કરી અને શહેર તરફ ચાલવા માંડ્યું. વિવશ કુટુંબીજનો એમને જતા જોઈ રહ્યાં.

સોસાયટી પાર કરીને તેઓ ચોકડી પર આવ્યા. શહેરની અંદર જતા રસ્તા પર તે આગળ વધવા જતા હતા તે વખતે નાકા પરની પોલીસચોકીમાંથી આવેલા પડકારે તેમને રોકી લીધા. તે બાજુ વળીને ચશ્માં ઠીક કરીને એમણે તે વ્યક્તિને પારખવાની કોશિશ કરી. પેલી વ્યક્તિએ આદરથી એમને સંબોધ્યા, 'વકીલસાહેબ ! નમસ્તે !'

'ઈશ્વર પટેલ !' એમણે જવાબ વાળ્યો.

'માફ કરજો, સાહેબ ! કર્ફ્યૂ છે તે તો તમે જાણતા જ હશો. સખ્ત મનાઈ હુકમ છે. તમને કાયદાના જાણકારને મારે...!'

'જેમ પહેલાં આવે સમયે નીકળી પડતો હતો તેમ આજે પણ નીકળ્યો છું. બોલ, શું સમાચાર છે ? સાંભળ્યું છે કે શૉપિંગ-સેન્ટરમાં મુસલમાનોની દુકાનો બાળી છે, લૂંટી છે. ઈકબાલ-ભાઈની દુકાનો પણ એમાં સામેલ છે. સાચી વાત શું છે ?'

'તમારી સાંભળેલી વાત સાચી છે. આ શહેરમાં મેં મારી નોકરી દરમિયાન આવું થયેલું જોયું નથી - બાબરી મસ્જિદ તોડી પાડી ત્યારે કે પછી બૉમ્બે બ્લાસ્ટ થયા ત્યારે પણ. ખબર છે કે લાલબજારમાં બેચાર અને શૉપિંગસેન્ટરોમાં દસપંદર દુકાનો અને બેએક પેટ્રોલપંપો બાળ્યાં છે. એટલે તો સખ્ત મનાઈહુકમ છે. હા, મલેકભાઈની પણ દુકાનો એમાં છે.'

'જૂના ગામમાં ?'

'ચાંપતો જાપ્તો રાખ્યો છે છતાંય ટોળાં ભેગાં થાય છે. અમે વિખેરી નાખીએ છીએ. પણ વાતાવરણ ખૂબ જ તંગ છે. એ લોકો બહુ ઉશ્કેરાયેલાં છે.'

તે શહેર તરફના રસ્તે આગળ વધવા લાગ્યા. તે જોઈને ઈશ્વર ચમક્યો અને એમને વિનંતી કરી રહ્યો, 'તમે પાછા વળી જાવ. વકીલસાહેબ ! મનાઈહુકમનું પાલન કરવાના ઑર્ડર છે. જુઓ, હાઈવેથી આવી રહેલાં તમામ વાહનો પાછાં ધકેલાય છે અને શહેરનાં પાછાં શહેરમાં. મારાથી તમને આગળ નહિ જવા દેવાય. માફી માગું છું.'

'તારી લાચારી હું સમજી શકું છું. પણ મારીય લાચારી છે. મારે ઈકબાલ મલેકને ત્યાં જવું જ છે. એને માટે કાયદાનો ભંગ કરવાનો છું.. તું તારી ડ્યૂટિ કર અને મને મારી ફરજ બજાવવા દે.'

પોલીસ ઈશ્વર પટેલ જબરી વિમાસણમાં પડી ગયોઃ ના શહેરના પ્રતિષ્ઠિત આગેવાનને પકડવાની એની હિંમત પડતી હતી કે ના એમને તેમ શહેરમાં કર્ફ્યૂનો ભંગ કરીને જવા

દેવાની. થોડી વાર તે અવઢવ અનુભવતો પૂતળાની જેમ ત્યાં ખડો થઈ રહ્યો. પછી એણે એના સાથી પોલીસોને જલદી સૂચનાઓ આપી ને એની મોટરસાઈકલ પર સવાર થઈને તે આગળ વધી રહેલા કનુભાઈ પાસે પહોંચી ગયો.

'વકીલસાહેબ ! હું દિલગીર છું કે તમને આમ જવા દઈ શકું એમ નથી. તમે બેસી જાઓ મારી મોટરસાઈકલ પર. હું તમને કન્ટ્રોલરૂમ પર મૂકી આવું છું. ત્યાં સાહેબ શું કરવું તેનો નિર્ણય કરશે.'

ધોતિયાને સંકોરીને અને લાકડીને સંભાળીને આડી ગોઠવીને તેઓ ચૂપચાપ મોટરસાઈકલ પાછળ સવાર થઈ ગયા. દ્રુત ગતિએ મોટરસાઈકલ પસાર થઈ રહી હતી - સૂમસામ ને વેરાન સરિયામ રસ્તા પરથી, જેની બેઉ બાજુએ વચ્ચે વચ્ચે ઊઠી રહ્યાં હતાં કાળાં ધૂણીઓનાં વમળો, ભસ્મીભૂત થયેલી કાળીમેશ દીવાલો, નેસ્તનાબૂદ થયેલો પેટ્રોલપંપ, એ બધાંની ઉપર લટકતા વીજળી અને ટેલિફોનના તારો. બેચાર ક્ષણો માટે એમની નજર સમક્ષ હાજર રહ્યું આલીશાન રૉયલ શૉપિંગસેન્ટર જેની મોખરે હતા ઈકબાલના પ્રોવિઝન સ્ટોરનાં મડાં જેવા કાળા, ધૂણી ઓકતા અવશેષો. એ દશ્યે ઇકબાલ સાથે થયેલી એક નાની વાતની યાદ અપાવી, 'કનુભાઈ, આ સ્ટોરની શકલ હું બદલી નાખવાનો છું. હું એને મલ્ટિસ્ટોરી સેલ્ફસર્વિંગ સ્ટોરમાં ફેરવી નાખવાનો છું. બસ રાહ જોઈ રહ્યો છું બૅન્કમાંથી લોન પાસ થવાની.' મનોમન એ બબડ્યા, 'થઈ રહ્યો તારો સેલ્ફસર્વિંગ સ્ટોર, ઈકબાલ, ખતમ થઈ ગયું તારું એ સમણું !'

શહેરની મધ્યમાં સ્થિત મુખ્ય પોલીસ ચોકીના કૉમ્પાઉન્ડમાં એમની મોટરસાઈકલે ધસમસતો પ્રવેશ કર્યો. એની ગતિથી અને એટલા જ ત્વરિત રોકાણથી કનુભાઈ હચમચી ઊઠ્યા. ઊતરતાંની સાથે જોયું તો માનવમહેરામણ ઊમટ્યો હતો ત્યાં ! વાહનો-કારો, જીપો, સાઈકલો, ઘોડા-ગાડીઓ, ઊંટગાડીઓ, અટકમાં લીધેલાં માણસો, એમનાં સ્નેહીજનો. પરેશાન લોકો ને એમનો તંગદિલ શોરબકોર. એ મુખ્ય કચેરીમાં કંઈ સેંકડો વાર તે આવી ગયા હતા અને છતાંય પણ જ્યારે ઈશ્વર એમને ભીડમાંથી રસ્તો કરતો કચેરીમાં લઈ ચાલ્યો અને તેમને ડી.એસ.પી.ની કૅબિનની બહાર બેન્ચ પર બેસીને રાહ જોવાનું કહ્યું ત્યારે એમનો આત્મવિશ્વાસ ડગવા માંડ્યો. આમ તે કચેરીમાં રાહ જોતાં બેસવાનો કદાચ એમને માટે પ્રથમ પ્રસંગ હતો. એમના મનમાં પ્રશ્ન ઊઠ્યો, 'આ રીતે કુટુંબીજનોની સલાહને અવગણીને ચાલી નીકળવાનું મારું પગલું વાજબી હતું શું ?'

થોડી વાર પછી ઈશ્વર બહાર નીકળ્યો અને તેમને કૅબિનમાં દોરી ગયો. ડી.એસ.પી. પરમારે ઊઠીને એમની સાથે હાથ મિલાવતા આદરથી કહ્યું, 'આવો વકીલસાહેબ ! સૉરી, તમને આવી રીતે અહીં ખેંચી લાવવા માટે. ઈશ્વર પાસે આ સિવાય બીજો કોઈ વિકલ્પ હતો જ નહિ. વાતાવરણ એટલું બધું વણસેલું છે કે... જાણે રણમેદાન ! બીજી પળે શું બની જશે એની અટકળ કરવી મુશ્કેલ છે. બિયૉન્ડ ઑલ એક્સ્પેક્ટેશન !' એક શ્વાસે પરમાર કડકડાટ બોલી ગયા.

'હા, બજારમાં પસાર થઈને અહીં પહોંચતા આંખે જોયા હાલે મને બધું સમજાવી દીધું છે. સમો સાચેસાચ બદલાઈ ગયો છે. પુરાણા અનુભવે એકદમ નીકળી પડ્યો છું. પણ હવે તે હેતુને પાર પાડ્યા વિના પાછા વળવું નથી. મારી એક નાની અરજ છે. ઈકબાલ મલેકને મળવા નીકળ્યો છું; એમને મળવું જ છે.'

'ઓહ ! ઈકબાલ સાહેબને બંગલે ?' જાણે અસંભવિત માગ એમની સામે ધરવામાં આવી હોય તેમ સહસા સવાલ નીકળી ગયો એમના મોંમાંથી. કપાળે આંગળીઓ ટેકવી તેઓ કશુંક વિચારી રહ્યા. પછી એકદમ ખડા થઈ જઈને તે બોલ્યા, 'એક મિનિટ થોભો,' અને તેઓ કૅબિનની બહાર નીકળી ગયા.

થોડી વારમાં પાછા વળી, એમની રિવૉલ્વરને પટ્ટામાં ખોસી, હૅટ માથા પર મૂકી, ઉતાવળ કરતા બોલ્યા, 'ઓ.કે.! વકીલસાહેબ, હું જ તમને ત્યાં પહોંચાડી દઉં છું.'

પરિસ્થિતિને કારણે કે વ્યવસાયની તાલીમની ટેવને કારણે વા બેઉને લીધે, ઝડપથી લાંબી ફલાંગો લગાવતા પરમાર આગળ નીકળી ગયા, જ્યારે કનુભાઈ બનતી કોશિશ કર્યા પછી પણ એમની સાથે એમના કદમ મિલાવવામાં અસફળ બન્યા. એમને અનુભૂતિ થઈ કે તેઓની ઉંમર છે તેના કરતા પણ જાણે વધારે હતી. જીપ પાસે પહોંચ્યા ત્યારે તો સહાયક પોલીસ અધીરાઈથી એમના ત્યાં પહોંચવાનો ઈંતેજાર કરી રહ્યો હતો. હજુ ઠીક બેઠક લીધી નહોતી તે પહેલાં તો એક આંચકા સંગાથે જીપ ગીઅરો બદલતી સડસડાટ દોડવા માંડી.

ધોરી રસ્તા પરથી જ્યારે તે જીપ જૂના શહેરના હિંદુ લત્તાઓને, ગલીકૂંચીઓના વળાંકોને આરપાર કરતી હતી ત્યારે કનુભાઈએ જોયું કે નાનાં જૂથોમાં એકઠાં થયેલાં માણસો, ખાસ કરીને જુવાનડાઓ કિકિયારીઓ પાડતાં, નારાબાજી કરતા દોડભાગ કરવા માંડ્યા હતા.

વોરવાડ વટાવીને જ્યારે મહમદપુરાની સરહદમાં જીપનો પ્રવેશ થયો ત્યારે પોલીસોની ટુકડીઓને તહેનાતમાં રોકેલી કનુભાઈની નજરે પડી. જીપને આવતી જોઈ પોલીસો સતર્ક બની ગયા હતા અને ઝડપથી પસાર થઈ રહેલી જીપને સલામ કરી રહ્યા હતા. હિંદુવાડાની માફક અહીં પણ માણસોનાં ટોળાં એકઠાં થયેલાં હતાં અને જીપને ધસમસ આવતી જોઈને

વેરવિખેર થતાં હતાં. અચાનક પરમારે જીપને અટકાવાનો આદેશ આપ્યો. એમ જ સામેથી આવતી બીજી જીપ કર્કશ અવાજ કરતી રોકાઈ. તેમાંથી બહાર કૂદી પડ્યો ડી.ડી.એસ.પી. ઉસમાન શેખ. સ્ફૂર્તિથી બૂટોને ભેગા પછાડીને સલામ આપતો એ બોલ્યો, 'સાહેબ, આપ આવી ગયા ! તંગ તો છે જ હાલત, પણ સબસલામત છે.' પછી પાછળથી કનુભાઈને જીપમાંથી બહાર નીકળવામાં મદદ કરતાં એણે કહ્યું,'ચાલો વકીલસાહેબ, હું તમને ઈકબાલ સાહેબને ત્યાં લઈ જઈશ.'

ત્વરાથી એમની જીપમાં પ્રવેશતા પરમારે કનુભાઈને ભરોંસો આપ્યો, 'ઉસમાન તમારી અહીં સંભાળ લેશે અને તમને પાછા બંગલે પણ પહોંચાડી દેશે. માફ કરજો નાના મોઢે મોટી વાત કરવા બદલ; પણ સાચવશો. અહીં લોકોનાં દિલ ઘવાયાં છે, ગુસ્સામાં છે, ઉશ્કેરાટમાં છે. તમારા જેવા પ્રતિષ્ઠિત હિંદુ નાગરિકને કંઈ થાય તો અમારો બે બાજુએથી મરો - પ્રશાસન તરફથી ડ્યૂટિભંગનો આરોપ અને જનતા તરફથી પક્ષપાતનો.'

કનુભાઈને તે ગુઢાર્થ સંદેશ મળી ગયો. તે નમ્ર સ્વરે બોલ્યા,'હું એ વાત બરાબર સમજી શક્યો છું. મારે માટે તસ્દી લેવા બદલ હું તમારો ખૂબ જ આભારી છું.' અત્યાર સુધી નહોતી અનુભવી એવી અશાંતિ એમણે અનુભવી અને એક તીવ્ર શીત સણક એમની કરોડરજ્જુમાંથી ઊઠીને વેગથી એમના સમસ્ત બદનમાં ફરી વળી, એમને એ અહેસાસ કરાવતી કે નિઃશંક એક અભૂતપૂર્વ કોમી વિખવાદની ઘટના એમના શહેરમાં બની ગઈ છે. ઉસમાનની જીપે ઈકબાલના કૉમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો, ઝડપથી ધસમસી જઈને, બ્રેકની કર્કશ કિકિયારી પાડતી. તે માણસોથી ખીચોખીચ ભરેલું હતું - સ્ત્રીપુરુષો, આધેડો, જુવાનો ને બાળકો; બધાં પરેશાન, ઉદાસીન, જાણે દિલમાં ડર અને ગુસ્સાને બેળે બેળે દબાવીને ના બેઠાં હોય ! એમને એ રીતે ત્યાં આવી ચડેલા ભાળીને જનસમુદાયમાં સનસનાટી ફેલાઈ ગઈ. તેઓ એકબીજાની સામે જોવા લાગ્યાં, ધીમા અવાજે સવાલો કરવા લાગ્યાં.

'કનુભાઈ...!' હર્ષાવેગનું પ્રદર્શન કરતો, જોરથી બૂમ પાડતો, ગાલીચા પરથી ખડો થઈને એમને આવકારવા ઈકબાલ એમની પાસે ધસી ગયો અને બેઉ એકબીજાને કોઈ પણ પ્રકારના ક્ષોભ વિના ભેટી પડ્યા. ભાવવિભોર બન્યા હતા છતાંય બેઉએ એમની લાગણીઓ પર સપ્ન સંયમ જાળવ્યો. એ જોતાં જાણે સભામાં પોરો પડ્યો, હેરાન બનીને તે સહુ એની પાછળ છુપાયેલ ભેદ ઉકેલવાનો પ્રયાસ કરવા માંડ્યાં. અંદરોઅંદર ગણગણાટ શરૂ થઈ ગયો: 'શહેરના પેલા મોટા વકીલસાહેબ છે ! બડેભાઈના જાની દોસ્ત છે... જોયાને કેવા આવી પહોંચ્યા એમને મળવા ! સચ કહતા હું, બેઉએ શહેરનું બહુ સારું કામ કર્યું છે.... વીજળી, પાણી અને ગટરો... જેવી ત્યાં એવી જ અહીંયાં... ખબર છે આપણા કેટલાય માણસોને એમણે જેલમાંથી છોડાવ્યા છે... બિરાદરી આનું નામ !'

આદરથી દેવાતી સલામોને ઝીલતા બેઉ વાતો કરતા, બંગલા તરફ જવા લાગ્યા.

'તમે આમ એકલા અહીં આવે સમયે દોડી આવ્યા ? આ ખોટું સાહસ કહેવાય. ખબર નથી. આજ સુધી આપણે જોયું નથી, જાણ્યું નથી કે વિચાર્યું નથી તે બનવા...'

'બની ગયું છે. તમારા સેલ્ફસર્વિંગ મલ્ટિસ્ટોરનું ખંડેર જોઈને આવ્યો છું,' એક દીર્ઘ નિશ્વાસ મૂકતાં કનુભાઈ ભાર દઈને મર્મમાં બોલ્યા.

'ઓહ !'

'અને આજ સુધી મારી મુશ્કેલીઓ વખતે જ્યારે તમે મારે ત્યાં દોડી આવતા હતા ત્યારે તમને આવો કોઈ વિચાર આવ્યો હતો ? તમારી કે આ શહેરના કોઈ પણ નાગરિકની દુકાનો લૂંટાય, એમની સંપત્તિને આગ ચાંપવામાં આવે, લાખો રૂપિયાનું નુકસાન થાય, આ શહેર, જે વિકાસને રસ્તે કૂચ કરી રહ્યું હતું, જેનો મુખ્ય સરિયામ રસ્તો દિવસરાત ધંધાથી, વાહનોથી ધમધમતો રહેતો હતો તે સમશાન બની ગયો છે. તો પ્રમાણમાં શું આ મારું સાહસ કહેવાય ? મલેકના મુખને અવલોકતા કનુભાઈએ ડોકું નકારમાં ધુણાવતા એમની સંતપ્ત વરાળ બહાર કાઢી, જેમાં હતાં માત્ર અપાર વ્યથા, ફરિયાદ, રોષ, નિસહાયતા અને એવું ઘણું બધું જ શબ્દોમાં ગોપનીય રહ્યું હતું પણ એમના મુખની રેખાઓમાં બિલકુલ સ્પષ્ટ દેખાતું હતું.

'એવું ને એટલું બધું ખરાબ થઈ ગયું છે ?'

એના સવાલથી અચંબો પામતા કનુભાઈએ પૃચ્છા કરી, 'શું તમે ત્યાં ગયા નથી, કશું જોયું નથી ?'

નન્નો ભણતા, ઈકબાલે હતાશ જવાબ આપ્યો, 'ના, એક તો ગઈ કાલે બંધ હતો અને તરત જ સાંજે એવી ઊડતી વાતો સાંભળી અને હું ને બેટાઓ એની સચ્ચાઈ જોવા નીકળતા જ હતા તો કર્ફ્યૂ લાદી દેવામાં આવ્યો અને એકદમ પોલીસોનાં ધાડાંઓએ અહીં આવીને બધું સીલ કરી દીધું. તમે જોયુંને ? એક ચકલુંય ફરકી ના શકે એવો બંદોબસ્ત કર્યો છે. સાચું કહું, કનુભાઈ ? પછી એટલી બધી અફવાઓ ઊડવા માંડી કે હિંમત જ ના પડી. એથી તો તમને અહીં આવેલા જોઈ હું હેરત પામી ગયો છું !'

'ઓહ !' તેના સંદર્ભમાં હવે એમને વિનયની સવારની કાકલૂદી સમજાવા માંડી. એની પ્રતીતિ થઈ કે બેશક એમણે મોટું જોખમ લીધું હતું; સાથે સાથે તે પણ સમજાયું કે ડી.એસ.પી. અને ડી.ડી.એસ.પી.એ એને વૈયક્તિક આરક્ષણ શા માટે આપ્યું હતું ? એમના કાનમાં પરમારના શબ્દો ફરી રણક્યા : 'માફ કરજો નાના મોઢે મોટી વાત કરવા બદલ. પણ સાચવજો. અહીં લોકોનાં દિલ ઘવાયાં છે, ગુસ્સામાં છે, ઉશ્કેરાટમાં છે. તમારા જેવા હિંદુ પ્રતિષ્ઠિત નાગરિકને કંઇ થાય તો અમારો બે બાજુએથી મરો - પ્રશાસન તરફથી ડ્યૂટિભંગનો આરોપ અને જનતા તરફથી પક્ષપાતનો.' 'હં, તો એ વાત છે--' 'પ્રતિષ્ઠિત હિંદુ નાગરિક અને પ્રતિષ્ઠિત મુસલમાન નાગરિક !'

'સોચમાં પડી ગયા, કેમ ? જે થયું છે તે અલબત્તા બૂરું થયું છે ને આપણા જેવા ઉંમરવાળાઓનું લોહી ઊકળે એ સહજ છે. પણ કનુભાઈ !' એ અટક્યો, રોષ, અપમાન ને બદલાની ભાવનાઓને દબાવવાની પૂરી કોશિશ કરતો આગળ વધ્યો, 'આ શહેરની લાજ રહી છે. ખુદાની મહેરબાની માનો કે આ શહેરમાં અમારાં ઘરો સલામત છે, અમારી મસ્જિદો જમીનદોસ્ત નથી થઈ ને એમાં નમાજ પઢી રહ્યા છીએ, અમારી બીબીઓની લાજ લૂંટાઈ નથી, અમારાં બાળબચ્ચાંની કતલ નથી થઈ. ને... ને... તમારા જેવો હિંદુ ભાઈબંધ આવા ખતરામાં પણ અમારી ખબર પૂછવા દોડી આવે છે.' ઈકબાલનો સંયમ છેવટે તૂટી ગયો; એની આંખમાંથી નીર વહી જ ગયાં.

અવાક કનુભાઈ દ્રવિત બની ગયા. ઊઠીને ઈકબાલની પાસે આવ્યા અને એના ખભા પર હાથ મૂકીને મમતાથી બોલ્યા, 'તમે દિલેર અને ખાનદાન માણસ છો, ઈકબાલ ! આવ્યો હતો તમને દિલસોજી આપવા, ટેકો આપવા, ભરોંસો દેવડાવા; પરંતુ જાઉં છું એવા વિશ્વાસ સાથે કે આ શહેર બચી ગયું છે ને બચતું રહેશે. એટલું ભૂલશો નહિ કે તમારી જેમ હું બધી રીતે તમને અને તમારી કોમને મદદ કરવાની મારી જવાબદારી સમજું છું.'

'પાક માણસોની જમીનમાં સોનું જ પેદા થાય છે, કનુભાઈ ! આ સમયે તમારી આ મુલાકાતે અમારી કોમની બહાર બેઠેલી મેદની - હતાશ બુઝર્ગો, તેજીલા જુવાનો, ડરેલાં બીબીબચ્ચાંઓ - પર કેવા મર્હમની અસર કરી છે...!' તેના બોલ ફરીથી ગળામાં ફસાઈ રહ્યા.

કનુભાઈ જવા ઊભા થયા; સાથે સાથે ઊભા થતા ઈકબાલે એમના ભાલને નિહાળીને પૂછ્યું, 'તિલક કરવાનું શું આજે ભૂલી ગયા છો ?'

ચમકીને કપાળે હાથ ફેરવતાં તેમણે ઉત્તર વાળ્યો, 'નાહ્યાધોયા વિના જ આમ નીકળી પડ્યો છુંને !' □

લઘુકથા

કૂતરો

ભગવત્ સુથાર

પ્રધાનશ્રી કેતન પારેખ તૈયાર થઈને બેઠો છે. તેની નજર ટેલિફોન પર છે. તેની પત્ની રાધિકા પૂછે છેઃ 'કોની રાહ જુઓ છો ? બહાર ડ્રાઈવર ગાડી તૈયાર કરીને ઊભો છે.'

'હું એક ફોનની રાહ જોઉં છું. આપેલા સમય કરતાં અડધો કલાક વધારે ગયો. મારી ધીરજ...' 'તમને રાજનીતિવાળાને તો શબ્દની ક્યાં કિંમત હોય છે ? તમારો શબ્દ છાપામાં આવે, લોકો સચ્ચાઈ માગે કે તમે તરતજ કહો, 'હું ક્યાં આમ બોલ્યો છું ?' તમારાં ભાષણો પણ ક્યાં છાપેલાં હોય છે ?'

આ વાગ્બાણ ધનુર્ધારીના તીરની જેમ સહન ન થતાં તે તતડી ઊઠ્યો, 'રાધિકા, પ્લીઝ ! મને આમ બાળીશ મા. હવે તો હદ થાય છે.'

ફોન રણકતાં જ કેતને લીધો. અવાજ આવ્યો,'બધી બાજી બરાબર ગોઠવાઈ ગઈ છે. આપ પધારો. દિલ્હીથી પક્ષના માંધાતા પણ આવી ગયા છે. આપની જ રાહ જોવાય છે.'

'હા, હા ! શુભ કાર્યમાં ઢીલ શાની ? હાલ જ નીકળું છું.' રાધિકા તરફ જોતાં કહ્યુંઃ 'આપણે બહાર જઈએ છીએ. તું રસ્તે તારે પિયર રોકાજે. વળતાં રાત પણ પડી જાય.' ઘરનો કૂતરો ટાઈગર આવીને પગ ચાટવા લાગ્યો. રાધિકાએ તેને હાથથી પસવારતાં કહ્યું, 'ટાઈગર ! બારણે જ બેસી રહેજે.'

રાધિકા બે કપડાં લઈને કારમાં બેઠી. જતી કારને ટાઈગર જોઈ રહ્યો. રસ્તે તેનું પિયર આવતાં રાધિકા ઊતરી ગઈ. કાર આગળ ચાલી. કેતનને વિચાર આવ્યો, 'જિંદગીની ઝંખના આજ હાથવેંતમાં જ છે. જીવનમાં સોનેરી તક એક જ વાર મળે. આજે તો બસ આ પાર કે પેલી પાર. બેટાઓને પગનાં તળિયાં ઘસી નાખ્યાં, પણ કદર કેવી ? કાલે સવારે તેમની આંખો ફાટી જશે. એવી અભૂતપૂર્વ સોગઠી ચલાવી છે કે...'

'સાહેબ, આવી ગયા.' મધમીઠા વિચારમાંથી તે સફાળો જાગ્યો. ડ્રાઈવરે બારણું ખોલ્યું, પક્ષના કાર્યાલયને દરવાજે માણસોએ ગુલાબના હારથી સ્વાગત કર્યું. બધા મુખ્ય ખંડમાં ગયા. પક્ષના વડાએ ભેટીને સ્વાગત કર્યું. કહ્યું, 'દિલ્હીથી બધા આવી ગયા છે. આપણી વાતચીત પ્રમાણે ફૉર્મ્યુલા તૈયાર છે.'

કેતન વડાઓ પાસે ગયો. રાજીખુશીથી યોજનાને સ્વીકારી. અન્યોન્ય મોં ગળ્યાં કર્યાં.

'આ બૅગોમાં જે તે છે.' પક્ષના વડાએ કહ્યું. ડ્રાઈવરે એ બૅગોને ડિકીમાં મૂકી. પાછા વળતાં રાધિકાએ પિયર રાત

(અનુસંધાન પૃ. ૮૫૮ પર)

શામળાજી અને વૈષ્ણવ સંપ્રદાયઃ ૩



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

શામળાજી, ડુંગરપુર અને વાંસવાડા જિલ્લાઓ માટે શામળાજી અને ભગવાન ગદાધર એકબીજાના પર્યાય ગણાય છે. આજે આ મંદિર વૈષ્ણવ સંપ્રદાયનું છે. મંદિરમાં સ્થાપિત પ્રતિમા ભગવાન વિષ્ણુની છે. ગદાધર એ વિષ્ણુનાં સહસ્રનામો પૈકીનું એક છે. 'શામળાજી કે શામળિયાજી' નામ ગુજરાતમાં થઈ ગયેલા આદ્યકવિ ભક્ત નરસિંહ મહેતાએ રચેલાં પદો પૈકી 'મારી હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી' પરથી રૂઢ થઈ ગયેલું છે. આ પદ છેલ્લાં પાંચસો વર્ષથી ગુજરાતમાં ગવાતું આવ્યું છે.

૧૬૦૯ દરમિયાન, વલ્લભ સંપ્રદાયના અનન્ય અનુયાયી શ્રી ગિરિધરદાસજી દ્વિવેદી શામળાજીમાં નિવાસ કરતા હતા. 'ભગવત્-તત્ત્વ-દીપિકા' તેમણે આ સ્થળે લખેલું. ૧૬૧૦માં 'સંપ્રદાય-પ્રદીપ' નામનો ગ્રંથ પણ લખેલો. આ અગાઉ ૧૫૬૫માં ભગવાન વિષ્ણુના અંશતઃ અવતારી સ્વરૂપ મનાતા શ્રી વલ્લભાચાર્યજીએ શામળાજીની મુલાકાત લીધેલી. તેમના પુત્ર શ્રી વિઠ્ઠલદાસજીએ ૧૬૦૦, ૧૬૧૩ અને ૧૬૨૩માં પુષ્ટિમાર્ગના પ્રસારાર્થે ગુજરાતભરમાં ભ્રમણ કરેલું. ૧૬૩૭માં શ્રી વિઠ્ઠલદાસજી તેમના પિતા ગિરિધરદાસજીની સાથે શામળાજી ગયેલા. અહીંના રોકાણ દરમિયાન તેમને ભગવાન ગદાધરના સ્વરૂપનો સાક્ષાત્કાર થયેલો. આ દર્શન સ્વરૂપને તેમણે 'રાયજી' નામ આપેલું. ભગવાન ગદાધર આ રીતે રાયજી તરીકે પણ જાણીતા થયેલા છે.

આ જ રીતે શ્રી ગોપાલદાસજીએ રસિક રાસગ્રંથ ભાગ ૩ના ૯૨ અને ૯૩મા શ્લોકોમાં ઉલ્લેખ કર્યો છે કે શ્રી ગોકુલેશ પ્રભુજીએ ૧૬૪૬ના વૈશાખ માસમાં શામળાજીની મુલાકાત લીધેલી. મંદિરની દીવાલ પરના લખાણ મુજબ, મોડાસા-નિવાસી નાગરકોમના પાદપુત્ર શ્રી મહીનાથે પણ ૧૬૬ (સંવત)ના માગશરની છઠ્ઠ-સાતમે શામળાજીની મુલાકાત લીધેલી.

શામળાજીના ભગવાન ગદાધર ઔદુમ્બર બ્રાહ્મણો, હરસોલ બ્રાહ્મણો, હરસોલા વણિકો તથા નીમા વણિકોના ઈષ્ટદેવ ગણાય છે. તેઓ ગદાધરને તેમના કુળદેવ તરીકે પૂજે છે, તથા દેવી સર્વમંગલાને ઇષ્ટદેવી કે કુળદેવી તરીકે માને છે. તેઓ તેમના કોઈ પણ માંગલિક કાર્ય કે ઉત્સવ કરતી વખતે પહેલાં ઈષ્ટદેવ-દેવીની પૂજાઅર્ચના કરે છે.

શામળાજી ગામ અરવલ્લીની ટેકરીઓ વચ્ચે આવેલું છે. નજીકમાં ત્રણ શિખરો ધરાવતી ત્રિશૃંગ (ત્રિશંકુ) નામની ટેકરી પર જૂના કાળમાં ઔદુમ્બર મુનિનો આશ્રમ હતો. તેમના અનુયાયીઓ ઔદુમ્બર બ્રાહ્મણો તરીકે ઓળખાયા. વળી, અહીં હર્ષલ મુનિનો આશ્રમ પણ હતો. તેમના અનુયાયીઓ હરસોલ બ્રાહ્મણો કહેવાયા. આ મુનિએ તેમના આશ્રમમાં છ હજાર વણિકોને આશ્રય આપેલો. તેમના વંશજો હરસોલ વણિકો તરીકે જાણીતા થયા. આ જ રીતે ઔદુમ્બર મુનિએ પણ દસ હજાર વણિકોને આશ્રય આપેલો, તેમના વંશજો નીમા વણિકો તરીકે ઓળખાયા. આ બધી કોમો તેમના સારાનરસા પ્રસંગટાણે ભગવાન શામળાજીને તેમના રીતરિવાજ મુજબ ભેટ ધરે છે. તેમનાં બાળકોનું કેશલોચન (બાળવાળ-બાબરી) અહીં થાય છે. નવદંપતીની છેડાછેડી અહીં છૂટે છે. (ક્રમશઃ)

ઈ-બૉમ્બ

પ્રહ્‌લાદ છ. પટેલ

ઈ-મેઇલ, ઈ-કૉમર્સ અને હવે ઈ-બૉમ્બ એકવીસમી અને તે પછીની સદીઓમાં યુદ્ધની પદ્ધતિઓ પરંપરાગત નહીં હોય. યુદ્ધની તાસીર અને તસ્વીરો તદ્દન જુદી જ હશે. તેમાં માનવ-હત્યા ક્રૂર રીતે નહીં થાય. તેમાં જીવન જરૂરિયાતોનો અભાવ ઊભો કરવામાં આવશે અને તે રીતે જે તે રાષ્ટ્રને ગૂંગળાવીને યુદ્ધ જીતવામાં આવશે. 'વ્યવસ્થાતંત્રને ખોરવી' નાખવાની એકવીસમી સદીના યુદ્ધની વિભાવના હશે. આવું વ્યવસ્થાતંત્ર એટલે જેમાં પ્રકાશ, પાણી, વિદ્યુત-સંદેશાવ્યવહાર, વ્યાપાર અને અન્ય માનવ વ્યવહારોનો સમાવેશ થાય છે. આ બધા ઘટકો માણસ માટે જીવનરેખા સમાન છે. યુદ્ધની આધુનિક વિભાવનામાં માનવસંહાર એકલ-દોકલ કે સામૂહિક નહીં હોય પણ માણસની રોજની તમામ પ્રવૃત્તિઓ લકવાગ્રસ્ત બની જશે.

આવું વિચિત્ર કાર્ય ઈ-બૉમ્બ કરશે. અદ્યતન ટેક્નોલૉજી ધરાવતાં રાષ્ટ્રો પાસે ઈ-બૉમ્બ હોવાની સંભાવના છે. ઇરાક સામેના યુદ્ધ માટે અમેરિકાએ ઈ-બૉમ્બ તૈયાર કર્યા હોય તેવી પૂરેપૂરી સંભાવના છે. આવા ઈ-બૉમ્બનો ઇરાકમાં કોઈક તબક્કે ઉપયોગ કરવો તેવો બુશનો ઇરાદો હોઈ શકે છે. બગદાદના પતન દરમિયાન યુદ્ધની સ્થિતિમાં મહત્ત્વના સ્થળે આવા બૉમ્બનો ઉપયોગ નહીં કરવામાં આવ્યો હોય તેવું કહી શકાય તેમ નથી. રાસાયણિક અને જૈવિક શસ્ત્રો શોધી કાઢવાના બહાને રાષ્ટ્રસંઘની અવગણના કરી, બુશ યુદ્ધના મમતે ચઢ્યા છે. તેમની ગણતરી એવી ખરી કે સદ્દામના સૈન્યને બળહીન, બહેરું, મૂંગું અને અંધ બનાવી દેવામાં આવે તો ઇરાક પ્રતિકાર કરવા અસમર્થ બને પણ આવું કેવી રીતે બની શકે ?

આ ઉચ્ચ કોટિનો ઈ-બૉમ્બ અતિ પ્રચંડ શક્તિશાળી માઇક્રોવેવનું અલ્પજીવી સ્પંદનું સર્જન કરે છે. આ સ્પંદ કમ્પ્યૂટર ઉપર ત્રાટકતાં તેના આંતરિક વિદ્યુત પરિપથોમાં ભંગાણ પાડી સમગ્ર નેટવર્કને નિષ્ક્રિય બનાવી બળહીન કરી નાખે છે, રડારોના પ્રેષક અને ગ્રાહી તંત્રોને રદ કરી તેને અંધ બનાવી દે છે, તે જ રીતે રેડિયો અને ટેલિવીઝનને મૂંગા કરે છે. આધુનિક યંત્રો અને તંત્રોમાં ઇલેક્ટ્રોનિક-પરિપથોવાળી પ્રયુક્તિઓ હાર્દરૂપ હોય છે. આ પ્રયુક્તિઓ સંવેદનશીલ અને નાજુક હોય છે. એટલે તેમના ઉપર વિદ્યુતચુંબકીય અસરો સત્વરે થતી હોય છે. યુદ્ધસામગ્રી અને શસ્ત્રો પણ ઇલેક્ટ્રોનિક્સ વડે સજ્જ હોય છે. ઈ-બૉમ્બના સ્પંદથી યંત્ર, તંત્ર કે શસ્ત્ર કે સામગ્રીનો ઇલેક્ટ્રોનિક ભાગ ખોરવાઈ જાય છે. આથી ઍરક્રાફ્ટ કે વાહનોને ગતિહીન બનાવી દે છે. કોઈ પણ ઇલેક્ટ્રોનિક પ્રણાલીને ઈ-બૉમ્બ નિષ્ક્રિય કરવા સમર્થ છે. યુ.એસ. સ્થિત સંશોધન સંગઠન લેક્ઝિન્ટન ઇન્સ્ટિટ્યૂટના સંરક્ષણ વિશ્લેષકનું આ બયાન છે. ઈ-બૉમ્બની અસરો ઉપર પ્રમાણેની હશે. એ પણ નિશ્ચિત છે કે અદ્યતન ટેક્નોલૉજી જેટલી સુવિધાઓ આપે છે તેટલી જ આપત્તિઓ પેદા કરી શકે છે.

યુદ્ધનાં આધુનિક શસ્ત્રો ઉપર ઇલેક્ટ્રોનિક્સનું પ્રચંડ પ્રભુત્વ રહેલું છે. યુ.એસ. હવાઇદળના વિજ્ઞાનીઓ છેલ્લાં દસ વર્ષથી સંશોધનમાં મચી પડીને પ્રચંડ શક્તિશાળી માઇક્રોવેવનું સ્પંદ તૈયાર કરવામાં સફળ થયા છે. આ સ્પંદ ઇલેક્ટ્રોનિક આધારિત સામગ્રી ઉપર ત્રાટકતાં તેને ઠપ કરી દે છે. આ સાથે જાન કે મિલકતની હાનિ થતી નથી.

પેન્ટાગોન આવા ઈ-બૉમ્બ અધિકૃત રીતે એકરાર કરતું નથી, પણ તે તો યુદ્ધ-વ્યૂહનો એક ભાગ હોઈ શકે છે. સમાચાર અધિવેશનમાં ૩-૩-૦૩ના રોજ પેન્ટાગોનના અધિકારીને પૂછતાં એવો જવાબ મળ્યો કે ઈ-બૉમ્બ વિષે તે કંઈ જ કહી શકે તેમ નથી. ન જ કહી શકે કારણ કે તે ગુપ્ત અને વ્યૂહાત્મક બાબત છે. ન્યૂ મૅક્સિકોના કિર્ટલૅન્ડ હવાઇદળ મથકના વિજ્ઞાનીએ ૨૦૦૦ના હેવાલમાં જણાવ્યું છે કે તેમણે એક એવો શક્તિશાળી માઇક્રોવેવ સ્રોત તૈયાર કર્યો છે જે જગતના મોટામાં મોટા બંધમાંથી પેદા થતી ઊર્જા કરતાં દસ ગણી વધારે ઊર્જા પેદા કરી શકે તેમ છે. આ સ્પંદની પ્રયોગશાળામાં ચકાસણી કરવામાં આવતાં જોવા મળ્યું છે કે તે સિલિકન-ચિપ્સને ઓગાળી દે છે અને તેથી વિદ્યુત પરિપથમાં અસાધ્ય ભંગાણ સર્જાય છે. આજે કોઈ પણ ઇલેક્ટ્રોનિક પ્રયુક્તિની સિલિકન-ચિપ સિવાય કલ્પના કરવી અશક્ય છે.

યુદ્ધક્ષેત્રમાં કે અન્યત્ર ઈ-બૉમ્બની અસર અંતર સાથે ઝડપથી ઘટતી જાય છે. એટલે કે તેની અસર અલ્પઅંતરી હોય છે. લશ્કરી વિશ્લેષકો માને છે કે તેની અવધિ આશરે પાંચસો મીટર જેટલી જ હોય છે. એટલે કે પ્રમાણમાં ટૂંકું અંતર કેટલીક દુર્ઘટના થતી અટકાવે છે. જેમકે ચાવીરૂપ લશ્કરી મથકથી હૉસ્પિટલ થોડેક દૂર હોય તો હૉસ્પિટલ ઉપર અસર કર્યા સિવાય આવા મથકને જરૂરી નુકસાન કરી શકાય છે. મહત્ત્વનાં લશ્કરી મથકો સાથે નાગરિક હેતુઓ માટેનું નિમ્ન સ્તરીય માળખું નેટવર્ક દ્વારા જોડાયેલું ન હોય તો તેને નુકસાન થતું નથી. પરંપરાગત યુદ્ધ-શસ્ત્રોની જેમ ઈ-બૉમ્બ તેના માર્ગમાં જે કંઈ

આવે તેનો નાશ કરતો નથી. ઓછામાં ઓછી જાનહાની કરીને ઈ-બૉમ્બ લશ્કરી લક્ષ્ય પાર પાડી શકે છે. આ રીતે આ સંદર્ભમાં આ યુદ્ધ-શસ્ત્ર કંઈક અંશે ઠીક ઠીક ગણાય.

આધુનિક લશ્કરી શસ્ત્રો, સાધનો અને સામગ્રી ઇલેકટ્રોનિક્સ ઉપર સંપૂર્ણપણે આધારિત હોય છે. જ્યાં જ્યાં ઇલેકટ્રોનિક્સનો ઉપયોગ થયો હોય ત્યાં ઈ-બૉમ્બ બધાંનો ખુરદો બોલાવી દે છે. યંત્રો અને તંત્રો વેરવિખેર કરી નાખે છે. તેને કારણે અવ્યવસ્થા અને અરાજકતાની સ્થિતિ સર્જાય છે. જે યુદ્ધનો એક ભાગ બની જાય છે અને વિજય તરફ દોરી જાય છે.

કોઈએક પાવર-હાઉસનું તંત્ર આ રીતે ખોટવાય અને તેનું કામકાજ સદંતર બંધ થઈ જાય તો જનજીવન ઉપર કેવી અસર થાય ? શહેરનાં તમામ કમ્પ્યૂટરો બંધ થઈ જાય. રેલવે, બૅન્કો, ઍરલાઈન્સ અને તેવી સંસ્થાઓના સંપર્કો તૂટી જતાં કેવી પરિસ્થિતિ સર્જાય ? શહેરની જળ-વ્યવસ્થા, યાતાયાત, વ્યાપારી કારોબાર, જાહેર સંસ્થાઓના વહીવટની દશાદિશા બગડી જાય. આવું મોટા પાયા પર યુદ્ધક્ષેત્રમાં ઈ-બૉમ્બ વડે કરી શકાય.

બીજું, ઈ-બૉમ્બની અસર શું(કેવી) થશે તેની આગાહી કરવી મુશ્કેલ છે. માઈક્રોવેવ સ્પંદ વડે પેદા થતું વિદ્યુતનું જોરદાર મોજું બેરોકટોક લશ્કરના સુપરકમ્પ્યૂટરમાં ઘૂસી જાય છે. અથવા તો તેને જમીન સાથે જોડી દે છે. આથી શું અસર થશે તે કહી શકાય. એટલે યુદ્ધ દરમ્યાન કોની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું તે મુશ્કેલ છે. જે ઘડીએ વિદ્યુત-તારોમાં ઊર્જાનું શોષણ થાય છે અથવા તો બીજા વિદ્યુતવાહક પદાર્થોમાં ઊર્જાનું શોષણ થાય છે તે જ ઘડીએ ક્યાં શું થાય છે તેની ખબર જ પડતી નથી. સમગ્ર તંત્ર કે સુપરકમ્પ્યૂટરમાં કયું બિંદુ ખોટવાય છે તેની જાણ જ થતી નથી. કોઈપણ મકાનમાં વિદ્યુત પરિપથનો ફ્યૂઝ ઊડી જાય તો તે જાણવું અને તેનો ઇલાજ કરવો સરળ છે. પણ ઈ-બૉમ્બથી થતા નુકસાન માટે આવું શક્ય નથી.

ન્યૂક્લિઅર શસ્ત્રોથી તોડી શકાય તેવા ઊંડા ઊંડા ભૂગર્ભ બંકરોમાં ઈ-બૉમ્બ પહોંચાડવા માટે યુદ્ધનિષ્ણાતો ઘણા જ આતુર છે. ઈ-બૉમ્બ બંકરોની પ્રકાશ-વ્યવસ્થા, હવાના આવન-જાવનની વ્યવસ્થા તથા કમ્પ્યૂટર તંત્રને નિષ્ક્રિય બનાવી દે છે. પહાડી વિસ્તારોમાં આવો બૉમ્બ ઠીક ઠીક કામ લાગે છે.

યુ.એસ. અન્ય યુદ્ધશસ્ત્રો વેચીને ભારે નફો રળી શકે છે. અને પોતાનો વેપલો સધ્ધર રાખવા માટે કોઈને કોઈ બહાને યુદ્ધો ચાલુ રાખે છે. પણ ઈ-બૉમ્બ કે તેની ટેક્નોલૉજી યુ.એસ. બીજાં રાષ્ટ્રોને આપવા તૈયાર નથી કારણ કે નહીંતર આવા ઈ-બૉમ્બનો ઉપયોગ તેના (યુ.એસ.) સામે જ થાય. આથી તેને પોતાને જ મુશ્કેલીનો સામનો કરવો પડે. પણ આ બાબતે યુ.એસ. અંધારામાં લાગે છે કે ટેક્નોલૉજીની રીતે પ્રગતિશીલ બીજાં રાષ્ટ્રો પાસે આવા ઈ-બૉમ્બ નહીં હોય. એક વખત જ્યારે ઈ-બૉમ્બ નહીં હોય, એક વખત જ્યારે ઈ-બૉમ્બનો સિદ્ધાંત પ્રકટ થઈ જાય પછી, યુ.એસ.ની જેમ કોઈ ને કોઈ રાષ્ટ્ર અથાગ પ્રયત્નો બાદ આવો ઈ-બૉમ્બ બનાવી શકે છે.

યુ.એસ.ને આવા ઈ-બૉમ્બનો ભય તો છે જ. તેથી જ તો ને પોતાની બધી જ મહત્ત્વની ઇલેકટ્રોનિક સામગ્રીને ધાતુના આવરણ વડે સુરક્ષિત કરવા સતત પ્રયત્નશીલ છે. કોઈ પણ તંત્રમાં અસંખ્ય વિદ્યુતવાહક તાર હોય છે, જે ઇલેકટ્રોનિક પરિપથ તૈયાર કરતા હોય છે. આવા પરિપથના રક્ષણ માટે અદ્યતન પરિપથ-બ્રેકરનું કવચ તૈયાર કરવામાં આવે છે.

અફઘાનિસ્તાનમાં બંકરો અને ઇરાકમાં મહેલોને નિષ્ક્રિય બનાવવા માટે અમેરિકાએ આવા ઈ-બૉમ્બનો ઉપયોગ નહીં કર્યો હોય તેવું કહી શકાય તેમ નથી. રાસાયણિક અને જૈવિક શસ્ત્રો માણસના સ્વાસ્થ્ય ઉપર સીધેસીધી અને તાત્કાલિક અસર કરે છે. તો ઈ-બૉમ્બ યંત્ર-તંત્રના સ્વાસ્થ્યને ભરખી જાય છે. યંત્રો-તંત્રો અંતે તો માણસ માટે જ હોય છે. તે તૂટતાં તેની માઠી અસર ધીમે ધીમે અને થોડાક લાંબા ગાળા સુધી થાય છે. ન્યૂક્લિઅર બૉમ્બથી જેટલી સનસનાટી ફેલાય છે તેટલી ઈ-બૉમ્બથી ફેલાતી નથી. ન્યૂક્લિઅર બૉમ્બ તીવ્ર ઝેર છે, જ્યારે ઈ-બૉમ્બ ધીમું ઝેર ગણાય. □

અનુસંધાન] કૂતરો (લઘુકથા) [પૃ. ૮૫૫ થી

રોકાઈને સવારે પોતાને બંગલે પહોંચ્યો. તેના પ્રાંગણમાં ટાઈગર ગોળીથી વીંધાઈને લોહીના ઝાબોળામાં પડ્યો હતો. રાધિકાએ પુત્રવત્ ટાઈગરને સ્નેહ કરતાં કહ્યું, 'ટાઈગર ! તેં તો અમારું લૂણ ચૂકવ્યું. તેની આંખ વહેવા લાગી, જાણે ટાઈગરને અર્ચન કરતી હતી. બીજે દિવસે છાપું બોલતું હતું : મુખ્યપ્રધાન થવા માટે પ્રધાન કેતને માતૃસંસ્થાને પીઠમાં ખંજર ભોંક્યું.

ભણ્યો કણબી કુટુંબ તારે

ડૉ. કેશુભાઈ દેસાઈ

હું થોડો કમનસીબ જીવ છું. ખાસ તો સગાંવહાલાંને મુદ્દે. સગાં મામા નહીં, કાકા નહીં, ફોઈ નહીં ! નાનપણમાં આવાં સગાંની ખોટ વધારે સાલતી. ખડકીમાં એક વજુ ફઈ હતાં, પણ એ મૂળે મહોતભાઈનાં ફોઈ. ફલાભાઈ, જીવજીભાઈ, તળશીભાઈ અને ઘેમરભાઈનાં ફોઈ. અલબત્ત, એમને મારાં બા સાથે જબરો મેળ. આવીને બેસે અને અલકમલકની વાતો માંડે એટલે મને જબરો હરખ ચડે. એવાં એક બીજાં ફોઈની વાત પણ ઘરમાં અવારનવાર થયાં કરતી. એમનું નામ ખુમાં ફઈ. વજુફોઈ ચંડીનું સ્વરૂપ. ફુઆનાં માથામાં બલૈયાં ફોડીને બાપને ઘેર આવી ગયેલાં. છતે ધણીએ રંડાપો વેઠ્યો. પણ એ તો છડાં હતાં એટલે. એમનાથી તદ્દન વિપરીત સ્થિતિ ખુમાં ફઈની હતી. ખુમાં ફઇ એટલે વહાલપનો માંડવો. ઘરવાળા સાવ નોંધારાં મૂકીને સિધાવી ગયા. પણ ખમી જાણે એનું નામ ખુમબાઈ ! કારમી જોવનાઈ ટાણે પોપટ એનો માળો ત્યજીને ઊડી ગયો, પણ બિચારી આંબડી ક્યાં જાય ! એને માથે તો આભ તૂટી પડ્યું હતું. ત્રણ ત્રણ નેંધણિયાંને ઉછેરવાનાં હતાં. ઉપર આભ ને નીચે ધરતી. આશરો એક ભગવાનનો.

'ધન્ય છે એ ખુમબાઈને !' બા કહેતાં: 'બીજાનું ગજું નહીં કે આવો ઘરવાખરો કરી જાણે.... ભઈ, બાપનું નામ અમથું નથી રહેતું. એમણે દખ વેઠીને છોકરા (ભાણિયા) મોટા કર્યા એટલે ઘર ઉઘાડું રહ્યું. નહીંતર અત્યાર લગી બધું ફનાફાતિયાં થઈ ગયું હોત.'

મારા પિતાજીને કુટુંબની કુંવાશી તરીકે ખુમાંફઈની જબરી માયા. કોઈ પણ નિમિત્તે ભદ્રેસર જવાનું થાય તો સૌ પહેલું કામ એ ફોઈની ખબર કાઢવાનું કરે. સમ ખાવા અમારા 'કાકુવાળા' કુટુંબની આટલી દીકરી આ ગામમાં હતી. ઘણાને મન એનો થોડો અવળો અર્થ પણ થતો હશે. પણ ડોસા તો જાણે માજણી બહેનને મળતા હોય એવો રાજીપો અનુભવતા. હું પણ એમની હયાતી દરમિયાન ભદ્રેસર ગયો હોઉં અને એમને મળ્યા વગર પાછો ફર્યો હોઉં એવું બન્યું નથી. આજે એ નથી, એથી હું જ નહીં, મારી ભીતર જીવતા મારા પિતાનો જીવ પણ જબરો ખાલીપો અનુભવે છે. એમની પાછળ લીલી વાડી છે, બલકે એ વાડી હવે તો છેક વિદેશપર્યંત વિસ્તરી છે. છતાં કોણ જાણે મને કશુંક ખૂટતું વરતાય છે.

અલબત્ત, ક્યારેક ખુમાંફઈના વિદેશવાસી પૌત્ર નરસિંહભાઈ મળી જાય છે ત્યારે કોઈ વ્યક્તિને નહીં, પણ જીવતાજાગતા પુરુષાર્થના મહાકાવ્યને મળતો હોઉં, એવી લાગણી અનુભવું છું. અત્યારે એ ન્યૂ યૉર્ક જેવા વિશ્વનગરના વાસી છે; ત્યાં પોતે ફાર્મસીની દુકાનોની હારમાળા ચલાવે છે. એમના થકી નહીં નહીં તોય સિત્તેર-ઍંશી માણસોનો રોજગાર મળે છે. પણ એમને પેલા ગર્દિશના દિવસો ભુલાયા નથી. કેવી નાનમ પડી હતી, અને અત્યારે હસતે મોઢે 'નરસીભૈ, નરસીભૈ' કરી હરખપદૂડાં થતાં આ જ લોકો પોતાનાં વડીલોને કેવા હડધૂત કરતાં હતાં ! એ નરસિંહભાઈને યાદ અપાવવું પડે એમ નથી. એમના પગ ધરતી પર છે; એમને આટલી ઊંચી છલાંગ ભર્યા પછી પણ પેલો કઠોર વાસ્તવ એવો ને એવો યાદ છે... પોતે સાવ છેવાડે નંખાઈ ગયેલા કુટુંબનું ફરજંદ. પેટે પાટા બાંધીને દાદીમા- અમારાં 'ખુમાંફઈ'એ પેટ પડેલાં ત્રણ ત્રણ નબાપાં બાળુડાંને મોટાં કર્યાં હશે ત્યારે એ જીવને અમેરિકાનું તો સપનું પણ શાનું આવે ! અહીં જીવવાનાં ફાંફાં હતાં. છોકરાંને સવારે શિરામણ કરાવ્યું હોય તો સાંજે વાળુના વખા હતા. રંડાપો આપીને ભવજી ભાભો સ્વધામે ગયા ત્યારે માથે દેવાનો ડુંગરો મૂકીને ગયા હતા. સૌથી મોટા કેશરની ઉંમર ત્યારે ફક્ત બાર વરસની રતી. (આ 'કેશર' તે આપણા નરસિંહભાઈના પૂજ્ય પિતાશ્રી !) બીજો દીકરો ધીરો નવ વરસનો અને સૌથી નાનો શામળ સાત વરસનો. ઉનાળામાં ભવજી ગુજરી ગયા અને ચોમાસામાં માટીના ખોરડાનો કરો પડી ગયો. પરંતુ હિંમત હારે તે ખુમબાઈ નહીં ! આખરે પોતે ખેરાળુનાં કુંવાશી હતાં ! લાકડાંના ટેકા આપીને, ઘાસનો ઓળવો કરી એ ચોમાસું પસાર કરી દીધું. પાડોશીઓ ભલાં, એટલે એમની હૂંફ પણ હતી. બેતાળીસીની આગેવાની કરનાર મોતી હાથીના ચારે હાથ હતા. કેશર એમને ત્યાં ખેડુ રહ્યો, પણ એમણે રાખ્યો દીકરાના તોલે. નરસિંહભાઈ આજે લાખોનાં દાન આપે છે, પણ પોતાના પિતાએ ગામ આગેવાનને ત્યાં ખેડુ રહીને મજૂરી કૂટી હતી, એ કબૂલતાં એમને નાનમ નથી અનુભવાતી. એમણે અમેરિકા જઈને જે મોટું આર્થિક સામ્રાજ્ય ઊભું કર્યું છે, એના મૂળમાં તો દાદીમાની દુઆ અને પિતાનો પરસેવો જ પડેલાં છે. કેશર સત્તર-અઢાર વર્ષના થયા ત્યારે આગવું હળ જોડ્યું. સંબંધીઓની જમીન ભાગે વાવી. જેમતેમ કરીને બાપનું દેવું ફેડ્યું. ખેતી અને પશુપાલન સિવાય બીજું કંઈ તો સાધન જ ક્યાં હતું એ જમાનામાં ! કાળી મજૂરી કરીને ખુમબાઈનું કુટુંબ થોડી 'સરખાઈ'માં આવ્યું.

હવે પ્રશ્ન હતો દીકરાઓને ઠેકાણે પાડવાનો ! ગામનાં સુખિયાં લોક પણ એટલું તો ઇચ્છતાં હતાં કે ત્રણ ત્રણ દીકરા મૂકીને મરનાર ભવજીનું ઘર ઉઘાડું રહે. પણ આવા નાનમવાળા

ઘરમાં દીકરી આપવા કોણ તૈયાર થાય ! છતાં ત્રણ પૈકી એકાદ ભાઈ પણ 'વીંટાઈ' જાય, એટલું તો રસ્તે જનાર પણ ઇચ્છતું. ખાસ તો બધાંને પેલી મર્દ ખુમબાઈનું ખોરડું ખુલ્લું રહે એમાં રસ હતો. આખરે સગાંવહાલાંના સહકારથી મોટા દીકરા કેશરનો મોડો મોડોય મેળ પડ્યો ખરો. અમારા પલ્લી સમાજમાં અથવા કહો કે આખી આંજણા કોમમાં એ જમાનામાં જિંદગીનું સૌથી અઘરું કામ હોય તો એ 'પરણાવાનું' હતું. અઠ્ઠાવીસ-ત્રીસ વરસની ઉંમરે નરસિંહભાઈના પિતાશ્રી ઘોડે ચડ્યા હશે ત્યારે એમને તો મનોમન ભારે સંકોચ થતો હશે, પણ માને હૈયે કેવી ટાઢક વળી હશે, એ તો આજે ખુમબાઈ હયાત હોત તો એમને પૂછવાથી જ સમજાત !

એક માતાને મન ઉંમરલાયક દીકરાનાં લગ્નથી મોટો કોઈ અવસર જ નહોતો એ જમાનામાં નરસિંહભાઈનાં બા મોંનબાઈ કંઈક શુકનિયાળ પગલાંનાં. એટલે બાકીના બે ભાઈઓનું પણ કાળક્રમે ગોઠવાઈ ગયું. અમેરિકન નાગરિક નરસિંહભાઈની નિખાલસતા તો જુઓ- કહે છે, 'અમારા શામળકાકાનો તો છેક પાંત્રીસમે વર્ષે મેળ પડેલો ! એય આડીઅવળી ગોઠવણ કરી ત્યારે. અમે એવી સ્થિતિમાંથી આટલે પહોંચ્યા છીએ, અને બધું નજરોનજર જોયું છે, એટલે આજે પણ ઓશિયાળા માણસનું મોઢું જોતાંની સાથે દિલ દ્રવી ઊઠે છે. મને પૈસા કમાવાથી જે સુખ-ચેન નથી મળતાં એ કોઈ અનાથ, ઓશિયાળા, નોંધારા માણસને મદદરૂપ થવાથી મળે છે. એવી કોઈ તક મળે છે ત્યારે મને મારી અસલિયત, મારો ભૂતકાળ યાદ આવી જાય છે અને હું જાણે મારી જાતને જ આપતો હોઉં એમ એવા છોકરાને જે મળે તે આપી છૂટું છું. એથી મને જે આત્મસંતોષ સાંપડે છે એની સામે રૂપિયા કે ડૉલરના ઢગલા મને સાવ તુચ્છ લાગે છે...'

નરસિંહભાઈ ભણવામાં હોંશિયાર હતા. પિતા અને દાદીમાએ નક્કી કર્યું હતું કે છોકરાને ભણાવવો છે. ભલે દુઃખ વેઠવું પડે તો વેઠશું. નરસિંહભાઈનાં માતા મોંનીબહેન પણ કેડ બાંધીને કુટુંબને સધ્ધર બનાવવા મેદાને પડ્યાં હતાં. ફક્ત પાંચ વીઘા જમીન, છતાં ઢોર ભેળાં ઢોર થઈને એવું કામ ધમરોળ્યું કે નરસિંહભાઈ એમના સહપાઠીઓમાં પહેલા-બીજા નંબરે આવી ક્યારે ફાર્મસિસ્ટ બની ગયા એનીય એમને ખબર ન રહી. 'ભાઈ ભણે છે'- એટલી જ ખબર. ભણે તે તરે એ ન્યાયે નરસિંહ આખા કુટુંબને તારશે એવી શ્રદ્ધા પણ ખરી. પુત્રનાં લક્ષણ પારણામાં, એ કહેવત મુજબ નરસિંહમાં કુટુંબને જાણે હાજરાહજૂર તારણહાર દૃષ્ટિગોચર થઈ રહ્યો હતો. ને સમય જતાં એ શ્રદ્ધા ફળી. પ્રાથમિક શિક્ષણ ભદ્રેસરમાં પૂરું કરી હાઈ સ્કૂલનું શિક્ષણ પ્રાપ્ત કરવા નરસિંહભાઈ લક્ષ્મીપુરા (તા. ખેડબ્રહ્મા) ફોઈને ઘેર રહ્યા. માતૃસંસ્થાને અને શિક્ષકોને તથા પોતાને અભ્યાસમાં સહાયરૂપ થનાર તમામને નરસિંહભાઈ અત્યંત ભાવપૂર્વક સંભારે છે. અમદાવાદ ખાતે ફાર્મસીનો અભ્યાસ કરતા હતા ત્યારે એમની સાથે છાત્રાલયમાં રહેતા સૌરાષ્ટ્ર તરફના છોકરાઓ અવારનવાર અમેરિકાની વાતો કરતા. મુગ્ધવયનો ગરીબ નરસિંહ મોં વકાસી એ બધું કુતૂહલપૂર્વક સાંભળતો રહેતો. પોતે પણ અમેરિકા જાય તો કેવું સારું ! મનમાં જાગેલા સંકલ્પે જોર પકડ્યું. ગામના જીવજીભાઈ છ-સાત વરસથી અમેરિકા ગયેલા હતા અને ત્યાં જઈ સુખી પણ થયા હતા. નરસિંહને ફક્ત હાથ ઝાલનારની જ જરૂર હતી. એક વાર અમેરિકા પહોંચી ગયા પછી તો. શા ભાર પડ્યા છે ! અહીંની જેમ ત્યાં પણ મેડિકલ સ્ટોર તો હશે જ ને ! મન હોય તો માળવે જવાય. નરસિંહભાઈનો સંકલ્પ આખરે ફળ્યો. ફાર્મસીની ડિગ્રી મળ્યા પછી દોઢેક વરસમાં એમને અમેરિકાની ધરતીએ તેડાવી લીધા. એમને બરાબર યાદ છે : ૧૭ સપ્ટેમ્બર '૭૭ના દિવસે એ અમેરિકા જવા રવાના થઈ ગયા. મોંનીબા તો દીકરાને એટલે દૂર જવા દેવા સહમત જ નહોતાં. 'આપણે લાખ રળવા નથી કે લખેશરી થવું નથી. છાનામાના અહીં પડ્યાં ભૂંદાં વીણી ખાઓ. દાંત આલનારો ચાવણું પણ આલશે. ને હજી તો મારા પગમાં ભેજો છે ત્યાં લગી હું મજૂરી કૂટીને તમારું પૂરું કરી શકું એમ છું. એમ કાંઈ રૂપિયા રળવા પરદેશ વેઠવાની જરૂર નથી.' માનો જીવ, એટલે દીકરાને છાતીએથી અળગો કરતાં ખચકાય તો ખરોને ! હજી માંડ વરસદહાડા પર તો એને પરણાવ્યો હતો. એને એટલે દૂર દેશાવર મોકલતાં કઈ માતાનો જીવ ન દુભાય ! પરંતુ નરસિંહભાઈને તો દાદીમા-ખુમબાઈના આશીર્વાદ હતા. 'છૈયો જાય તો ભલે જતો. એને એનું નસીબ જ તેડાવતું હોય તો આપણે શું કામ આડો હાથ કરવો ? એને જવા દો. સૌ સારાં વાનાં થશે, જોજોને ભા !'

ને નરસિંહે અમેરિકા જઈને ધામા નાખ્યા તે નાખ્યા ! આજની ઘડી ને કાલનો દિ. સખત પરિશ્રમ કરીને છ મહિનામાં તો ફાર્મસીની અમેરિકન ડિગ્રી હાંસલ કરી દીધી. જરૂરી ઇન્ટર્નશિપ કરી. તે વખતે આ ઉત્તર ગુજરાતનો અદનો ધરતીપુત્ર એ અજાણી ભોમકામાં દિવસના બારથી ચૌદ કલાક સખત પરિશ્રમ કરતો. ચારેક કલાક આવનજાવનમાં જતા. ન્યૂ જર્સી રહેતા અને ન્યૂ યૉર્કમાં કામ કરતા. એમ કરતાં કરતાં ત્યાં દવાની દુકાન કરવાનું લાઇસંસ મળ્યું. હવે સુખનો સૂરજ ઊગવાની તૈયારીમાં હતો. કાળી મજૂરી કરીને બચાવેલી દશેક હજાર ડૉલરની રકમ ખરચી એમણે ન્યૂ યૉર્કની એક બંધ પડેલી

દવાની દુકાન ખરીદી લીધી. દુકાન કોઈ અમેરિકનની હતી. બંધ પડેલી દુકાનની સાફસૂફી કરી ૧૯૮૦ના એપ્રિલમાં ચાલુ કરી. અમેરિકા ગયા એ પહેલાં ફેબ્રુઆરી, ૧૯૭૬માં ખેરાળુના જ દેસાઈ પરિવારની દીકરી હીરાબહેન સાથે લગ્ન થઈ ગયાં હતાં. જુલાઈ, ૧૯૭૯થી હીરાબહેન પણ અમેરિકા આવી ગયાં હતાં. ૧૯૮૦થી ૧૯૮૮ સુધી નરસિંહભાઈએ સખત મહેનત કરી. દરમિયાન ઘરસંસાર પણ ચાલતો રહ્યો. ૧૯૮૧માં અજયનો જન્મ થયો. અત્યારે એ 'ડૉક્ટર ઑવ્ ફાર્મસી'નો કોર્સ કરી રહ્યો છે. ૧૯૮૪માં બીજા પુત્ર વિજયના જન્મપ્રસંગે માતાપિતાને અમેરિકા તેડાવ્યાં. પોતાની માલિકીનું ઘર પણ વસાવ્યું. માતાપિતા માટે અમેરિકા તો કોઈ અલૌકિક દેશ હતો. ત્રણેક મહિના આ દેશી ખેડૂત દંપતી આધુનિક મહાસત્તાનું નાગરિક બની ગયેલું. દીકરાના ઘરે રોકાયું અને સદેહે સ્વર્ગ જોતાં હોય એમ આખું અમેરિકા જોયું.

એ પછી નરસિંહભાઈએ ક્રમશઃ આખા કુટુંબને અમેરિકા ખાતે 'સેટલ' કરી દીધું. નાનો ભાઈ દિનેશ દેશમાં રહી ફાર્મસીનો અભ્યાસ કરતો હતો. બહેન પુષ્પા અને દિનેશ બંને જણને નરસિંહભાઈએ અમેરિકા બોલાવી લીધાં. દિનેશને પણ '૯૦માં દવાની દુકાનનું લાઈસંસ મળી ગયું. એટલે બીજી દુકાન લીધી. '૯૦ થી '૯૬ સુધી દેશમાંથી તેડાવેલાં બધાં સગાંસંબંધી નરસિંહભાઈના ઘરમાં જ રહ્યાં. એક જ રસોડે જમતા વિશાળ પરિવારને ધીરે ધીરે પાંખો ફૂટી અને બધાંના પોતપોતાના અલગ માળા પણ બંધાયા. આવું માંગલિક યજ્ઞકાર્ય ઉત્તર ગુજરાતના ખેડૂત પરિવારના એક અદના ગરીબ ઘરમાં ઊછરેલા છોકરાએ કરી બતાવ્યું. અમેરિકા જવાની ઘેલછામાં આપણા ગુજરાતીઓ ઘર-ખેતર ગીરો મૂકવા તૈયાર થાય છે, એ આપણે ક્યાં નથી જાણતા ? ઘણા તો ગેરકાયદેસર ઘૂસી જાય છે. નરસિંહભાઈ તમામ સ્વજનોને કાયદેસર ફાઈલ મૂકીને અમેરિકા લઈ ગયા છે. પૈસાનાય ખોટા ખર્ચ વગર. કોઈને ભાગ્યે જ કલ્પના સુધ્ધાં આવે કે અત્યારે નરસિંહભાઈ અમેરિકા ખાતે છેંતાળીસ સભ્યોનો વિશાળ પરિવાર ધરાવે છે ! બધાં પોતપોતાની રોજી રળે છે, અને પોતપોતાનાં ઘરમાં રહે છે. પણ બધાનાં મોભી નરસિંહભાઈ અને હીરબહેન છે. ખૂબ વિશાળ દિલ રાખી બંને જણ સ્વજનોને હોંશભેર અમેરિકા લઈ ગયાં છે. બધાંને રળતાં-કમાતાં થાય ત્યાં સુધી પોતાની સાથે રાખી હૂંફ આપી છે. બધાંને કામ શોધી આપ્યું છે. બધાંને હામ આપીને પારકી ધરતી પર પોતાનાં કરીને સ્થાપ્યાં છે; ગૌરવભેર વસાવ્યાં છે. મિનિટ-મિનિટનો હિસાબ ગણનાર કર્મઠ 'અમેરિકન બિઝનેસમૅન' - નરસિંહભાઈ સાવ મામૂલી કહેવાય એવા પ્રસંગે પણ ભદ્રેસર દોડી આવે છે, એ જોઈ મને નવાઈ લાગે છે. એટલે દૂર રહેતા હોવા છતાં એમનો જીવ તો અહીંની માટી સાથે જ જોડાયેલો રહ્યો છે. સારામાઠા નિમિત્તે એ સમય ફાળવીને વતનની ખબર કાઢી જાય છે એટલું જ નહીં, પોતાની ફરજ સમજી દર વખતે ગામ, સમાજ કે જરૂરિયાતવાળા વર્ગો માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપતા જાય છે. એમાં ક્યાંય દાતા તરીકેનો અહંકાર વચ્ચે નથી આવતો. ફક્ત ફરજ બજાવ્યાનો સંતોષ. પોતે બે પૈસા કમાયા તો વતન માટે, સમાજ માટે, દીનદુખિયાં માટે કંઈક કરી છૂટવાની મોકળાશ છે. એટલે એવી તક મળતાંની સાથે એ ઝડપી લે છે. બલકે એવી તકની રાહ જોતા રહે છે.

જે ગામમાં રહી પોતે હાઈ સ્કૂલનું શિક્ષણ લીધું હતું તે લક્ષ્મીપુરાની માતૃસંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવા માટે એમણે સૌપ્રથમ પચીસ હજારનું દાન આપ્યું. - એંશીની સાલની વાત છે. એ જ વર્ષે ગામમાં બંધાઈ રહેલી વિશાળ હૉસ્પિટલ માટે એમણે સવા લાખ જેટલું ફંડ કરી આપ્યું. અડધા પોતે કાઢ્યા અને બાકીના મિત્રો પાસેથી ઉઘરાવ્યા. એ પછી કુદરતી રીતે જ દાનની ગંગા વહેતી રહી. પોતાના ગામ ભદ્રેસરમાં હાયર સેકંડરી માટે દોઢ લાખ આપ્યા તો ઇડર પંથકના વિદ્યાધામ તરીકે પંકાયેલા કડિયાદરાની હાઈ સ્કૂલમાં વિજ્ઞાનપ્રવાહ માટેનું અઢી લાખ જેટલું માતબર દાન જાહેર કર્યું. ગાંધીનગરની ચૌધરી સમાજની વિદ્યાસંસ્થા માટે સમાજના પ્રતિનિધિઓએ અમેરિકાવાસી જ્ઞાતિબંધુઓ સમક્ષ ટહેલ નાખી ત્યારે પહેલ કરનાર આ નરસિંહભાઈ જ હતા. ભદ્રેસરના જ વતની અને પોતાને અમેરિકા ખાતે સેટલ કરવામાં મહત્ત્વનો ફાળો આપનાર શ્રી જીવજીભાઈ સાથે મળી અગિયાર લાખ જેવી માતબર રકમથી શરૂઆત કરી આપી. એમણે શ્રીગણેશ કર્યા એનો ખૂબ જ વિધેયાત્મક પ્રતિસાદ સાંપડ્યો. એક આંબો ફળ આપતો થયો એટલે ગામ આખું એની સામે આશાભરી મીટ માંડતું થઈ જ જાય. અમારું ખેરાલુ એનો હક્ક જતો કરે કે ? નરસિંહભાઈના વડવાઓને નાનમ હતી તે વખતની વાત જુદી હતી. ત્યારે જે લોકો એમનાં વિધવા દાદીમાની ખબર કાઢવા જતાંય ખમચાતા હતા એ જ ખાનદાન નબીરાઓ નરસિંહભાઈની આસપાસ મધમાખીઓની માફક વીંટળાવા લાગ્યા ! ક્યાંક વળી આપણી સાથે સંબંધ બંધાય તો આપણાં છોકરાંનેય અમેરિકા ખેંચી જાય ! આખી જિંદગી તો બદગોઈ કૂટ્યામાં કાઢી, પણ જતે દહાડે કાયાનું કલ્યાણ થઈ જાય... એકાદ દાયકો અમેરિકામાં ગાળ્યો એટલામાં નરસિંહભાઈ આખા સમાજમાં દંતકથા જેવા બની ગયા હતા.

દાનેશ્વરી તરીકેની એમની નામના વીજળીવેગે ફેલાઈ ચૂકી હતી. ખેરાળુ કૉલેજમાં એમણે અને હીરાબહેને પાંચ લાખનું માતબર દાન રમતરમતમાં જાહેર કરી દીધું ત્યારે સભામંડપમાં ખીચોખીચ ભરાઈને બેઠેલી મેદની દાંતમાં આંગળાં નાખી ગઈ હતી. જેના પૂર્વજોને પરણાવવા માટે વિધવા દાદી - ખુમબાઈને સમાજના ચૌદશિયાઓ સમક્ષ ખોળા પાથરવા પડતા હતા, એને ઘેર પોતાની દીકરી હોય તો કેવું સારું - એ સ્થિતિનું નિર્માણ થયું તે નરસિંહભાઈના પિતા અને કાકાઓએ તો નજરોનજર નિહાળ્યું છે. પણ એથી કંઈ જ્ઞાતિ પ્રત્યે નફરત થોડી સેવાય ? જ્ઞાતિ તો ગંગા છે. એણે ક્યારેક પોતાને કિનારે હડસેલી મૂક્યા હતા એ સાચું. પણ જેવી છે એવી એ આખરે છે તો આપણી જ્ઞાતિ જ ને ! બલકે માતા જ વળી. એટલે એની ટહેલ પડે અને દીકરો પારોઠનાં પગલાં ભરે એ તો માતૃદ્રોહ ગણાય. નરસિંહભાઈએ ભામાશાની જેમ ખજાનો ખુલ્લો મૂકી દીધો છે. ઈડર ખાતે આંજણા સમાજ દ્વારા સંચાલિત વિદ્યાસંકુલ માટે પંદરલાખનું દાન એ એમનું પિતૃતર્પણ છે. એ રીતે પેલા ખેતમજૂર પિતાને એક દાનેશ્વરી તરીકે પ્રસ્થાપિત કરતો આ વિશિષ્ટ પિતૃયજ્ઞ છે. પિતા કેશરભાઈ ભવજીભાઈ માટે એ જીવતે જગતિયું છે. પણ પુત્રને મન તો નાનો સરખો ઋણસ્વીકાર માત્ર છે. એમાં પોતે કોઈ ધાડ મારી રહ્યા હોય એવું નરસિંહભાઈને ક્યારેય લાગ્યું જ નથી. હજી તો આવા ઘણા યજ્ઞો કરવાની હોંશ છે એમને. વધુ નહીં તો પોતાના ગામની તો કાયાપલટ કરીને જ જંપશે. જે ધૂળમાં પોતાનું બચપણ ધરબાયેલું છે, જે માટીમાં દાદીમા ખુમબાઈની નાનમ ધરબાયેલી છે, એ ધૂળને માથે ચડાવીને આ ખેડૂતફરજંદ થોડી હળવાશ અનુભવી રહેલ છે. કુદરતે પોતાને આટલું સુખ આપ્યું તો ચાલો આપણા મલકનાં મોંઘેરાં માનવી વચ્ચે એ વહેંચી ને માણીએ. નરસિંહભાઈના ચહેરા પર અજબગજબનો સંતોષ છે. એક હાડમારીભરી જિંદગીનો ઉત્તરાર્ધ ઉત્સવ આવો માંગલ્યસભર અને દુનિયાની નજરે રોમાંચક નીવડશે એવી તો આ માણસને સ્વપ્નેય કલ્પના ક્યાંથી હોય ! જ્યાં ભવજીભાભાનું ને ખુમબાઈમાનું ખોરડું ઉઘાડું રાખવાનાં ફાંફાં હતાં ત્યાં આજે હાજરાહજૂર લક્ષ્મીજીનાં બેસણાં છે ! ભદ્રેસરની રોનક પલટી નાખવા માગતા આ સ્વપ્નશિલ્પીને પણ ગામલોકોના ઉમળકાભર્યા હોંકારાની તો જરૂર રહે જ. એટલો હોંકાર મળી રહેશે તો આવનારા દિવસોમાં ભદ્રેસરમાં અમેરિકા ઉતારતાં નરસિંહભાઈને ખુદ ભગવાન પણ રોકી નહીં શકે. આવા 'નરસિંહ' ગામેગામ પાકો, એ જ અપેક્ષા. ❑

આત્મ-વંચનાના વિષઘૂંટ

મૂ.લે. સંત અમિતાભ — અનુ. રમેશ શાહ

એક ધર્મગુરુ દ્વિધામાં હતા. એ બોધિસત્ત્વને મળ્યા. અભિવાદન કરીને કહ્યું: 'મારી મનોવ્યથાનું સમાધાન આપ કરો. ગયા ત્રણ દિવસથી અવ્યક્ત ધ્વનિની ગૂંજ કાનમાં ઊઠી છેઃ આત્મ-વંચનાના વિષઘૂંટ કેટલાં પીધાં ? હું વ્યાકુળ છું. ધર્મગુરુ છું. મેં કંઈ આત્મ-વંચનાનાં વિષ પીધાં છે ? બહુ વિચાર્યું, સમજાયું નહીં. આપ એનો મર્મ સમજાવશો તો ઉપકૃત બનીશ.'

બોધિસત્ત્વઃ 'એ દિવસોમાં કોઈ ખાસ પ્રસંગ બન્યો છે ?'

ધર્મગુરુઃ 'હા, એક પ્રસંગ ઉજવાયો. મારી નિશ્રામાં દશાહ્નિક અંજનશલાકા સમારોહ આયોજિત થયો હતો. ગરિમાપૂર્ણ સમારોહ હતો. હજારો લોકોએ એમાં ભાગ લીધો. બધે આનંદ અને ખુશી ખુશી ઊછળી રહ્યાં હતાં. એક શુભ મુહૂર્તે સંગેમરમરની એક ભવ્ય પ્રતિમાની આંખોમાં અંજન કરી મંત્રોચ્ચાર કર્યા અને પ્રતિમાને વિતરાગ બનાવી !'

બોધિસત્ત્વઃ 'પ્રતિમાની સાથોસાથે તમે સ્વયં વિતરાગ બન્યા ?'

ધર્મગુરુઃ 'હું વિતરાગ કેમ બની શકું ? પ્રયોગ તો પ્રતિમા માટે હતો. મારે માટે નહીં.'

બોધિસત્ત્વઃ 'જો આ પ્રયોગ સ્વયં પર તમે કર્યો હોત તો શું તમે વિતરાગ બન્યા હોત ?'

ધર્મગુરુઃ 'નહીં. વિતરાગ બનવાની સંભાવના પણ નથી.'

બોધિસત્ત્વઃ 'જો આ પ્રયોગ તમને વિતરાગ ન બનાવી શકે તો આરસની એ પ્રતિમા વિતરાગી કેવી રીતે બની ? તમે પ્રાપ્ત સંસ્કારોથી ઉપર જઈને સ્વતંત્રભાવથી વિચાર કરો.'

ધર્મગુરુ સંકોચથી નજર ઢાળી બોલ્યાઃ 'આપનું ચિંતન સુસંગત છે.'

બોધિસત્ત્વઃ 'હજુ એક પ્રશ્ન છે. આત્મ સરાગ કે વિતરાગ હોઈ શકે, નિર્જીવ પ્રતિમા પણ સરાગ કે વિતરાગ હોય ખરી ?'

ધર્મગુરુઃ 'હા, હા, હવે બધું સ્પષ્ટ સમજાયું. મૂળમાં જ ભૂલ છે. પરંપરાના મોહમાં હું સ્વતંત્ર ચિંતનથી વંચિત રહ્યો; અન્યથા મને પહેલેથી જ સમજાયું હોત. પ્રતિમાને વિતરાગ બનાવવાનો પ્રયાસ ખરેખર આત્મ-વંચનાના વિષઘૂંટનું પાન બન્યું. ખેર ! જે થયું તે થયું. હું આપનો અનુગૃહિત બન્યો. આજથી આપનો શિષ્ય છું. આપના દિશા-દર્શનથી જીવનને ધન્ય બનાવીશ. આમ સંકલ્પ કરી ધર્મગુરુ વિદાય થયા.

❑ ❑

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે   અનુવાદ : અરુણા જાડેજા

૩. હેરિયટ ટેલર અને જ્હૉન સ્ટુઅર્ટ મિલ

ત્રીજું યુગલ છે હેરિયટ ટેલર અને જ્હૉન સ્ટુઅર્ટ મિલનું. મિલ, ટૉમસ કાર્લાઈલનો સમકાલીન, કાર્લાઈલ માટે તો નાના ભાઈ જેવો. હકીકતે વૈચારિક સ્તરે ફ્રાન્સ એ મિલનો વિષય અને જર્મની કાર્લાઈલનો. પણ કાર્લાઈલે જ્યારે ફ્રેન્ચ રાજ્યક્રાંતિનો ઈતિહાસ લખવા લીધો ત્યારે મિલે તેને મદદ



કરી. ઓઝટાયા જેવી હાલતમાં કાર્લાઈલે ફક્ત પાંચ જ મહિનામાં એ કામ પતાવીને ઊંચું મૂકી દીધું. વાંચન, ટિપ્પણો કાઢવાં અને લખવું. પ્રત્યક્ષ લખાણ થઈ જાય કે તે ટિપ્પણો ફાડી નાખતો. પહેલા ભાગનું લખાણ પૂરું થતાં જ એ હસ્તલિખિતની એકમાત્ર પ્રત કાર્લાઈલે મિલને વાંચવા આપી. ત્યાર બાદ એક દિવસ હાંફળો-ફાંફળો મિલ દોડતો દોડતો કાર્લાઈલ પાસે આવ્યો અને નીચે ગાડીમાં બેઠેલી હેરિયટ ટેલરને જરીક મળી આવવાની એણે જેન કાર્લાઈલને વિનતિ કરી, ત્યારે જ જેનને ખાતરી થઈ હતી કે કાંઈક ભાંજગડ થઈ છે. નીચે જતા તેણે પતિને કહ્યું યે ખરું કે મોટે ભાગે મિલ હેરિયટ ટેલરને ભગાડી લઈ જતો હશે. પણ એવું નહોતું. મિલની કામવાળીએ ઘર સાફ કરતી વખતે કાર્લાઈલના ફ્રેંચ રાજ્યક્રાંતિના ઈતિહાસના ભાગવાળી એકમાત્ર હસ્તપ્રત રદ્દી કાગળ સમજીને બાળી નાખી હતી અને હવે શું કરવું એ ન સમજાતાં, અતિશય શરમિંદો થયેલો એ બૂરી રીતે ભાંગી પડેલો મિલ અપરાધી હૈયે કાર્લાઈલ પાસે આવ્યો હતો. આ વાતનું રહસ્ય ખોલવાની હામ તેનામાં નહોતી, જેથી પોતાની વહારે આવવા માટે એ હેરિયટ ટેલરને સાથે લઈ આવ્યો હતો.

લોકો સામાન્ય હોય કે અસામાન્ય, એમનું અંતર્મન ક્યાંનું ક્યાં જાય છે જુઓ, અને તેમાંયે ખાસ કરીને સ્ત્રીપુરુષ સંબંધની અનૈતિક કેડીએ પગેરું કાઢતાં કાઢતાં. કારણ કે તે સમયે મિલની હેરિયટ ટેલર સાથેની દોસ્તી બીજા બધાંની ચર્ચાનો એક વિષય હતી. પછી પેલા દિવસે તો વસ્તુસ્થિતિ પ્રત્યક્ષ સમજમાં આવતા કાર્લાઈલ પતિપત્નીએ મિલને સાંત્વના આપી : 'જવા દે, હવે કોઈ ઉપાય નથી, આપણે પાછું લખી કાઢીશું' વગેરે કહીને એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એમને એવી બીક હતી કે મિલ આ ભૂલ માટે થઈને કાંઈક આડું- અવળું કરી ના બેસે. પણ આગળ જતાં આ પ્રકરણનો અપજશ હેરિયટ ટેલરના માથે જ ઢોળાયો. પેલી બાઈએ જ આ હસ્તલિખિત પ્રત બાળી નાખી હશે, એવી શંકા સુધી વાત પહોંચી.

હેરિયટ હાર્ડી એફી ગ્રેની જેમ જ લગ્નસમયે ઓગણીસ વર્ષની હતી. એવી જ સુંદર હતી. જ્હૉન રસ્કિનની જેમ જ્હૉન ટેલર પણ પત્ની કરતાં દસ વર્ષ મોટો હતો. પોતાના વ્યવસાયમાં એની ઘણી નામના થઈ હતી. પણ હેરિયટ એફીની જેમ માત્ર સુંદર જ નહોતી, એ અતિશય બુદ્ધિમાન, બોલવે-ચાલવે ચતુર અને કોઈના પરે ય પ્રભાવ પડે તેવું તેનું વ્યક્તિત્વ હતું. આથી મિત્રમંડળીમાંયે એની લોકપ્રિયતા વધતી ગઈ અને લગ્નનાં પહેલાં ચાર વર્ષોમાં બે બાળકોય થયાં પછી પોતાનો પતિ પોતાનો સમોવડિયો નથી એવું તેને થવા લાગ્યું. તે એનાથી અતડી રહેવા લાગી, તેને ટાળવા લાગી. પછી તે ચિડાઈને તેની પર હક્ક જમાવવા લાગ્યો. પરિણામે બંનેમાં અણબનાવ થયો.

એ સમયે છૂટાછેડાનો માર્ગ સાવ સરળ નહોતો. એસ્ટેટ પર સ્ત્રીઓને કાયદેસર હક્ક લગીરેય નહોતો. પતિ સાથે ફાવે કે ન ફાવે, એના માટે ઘૃણા ઉત્પન્ન થાય, તોયે એની શારીરિક માગ પૂરી પાડવાનું તેના પર કાયદેસર બંધન હતું. અને પછી આ સિતમથી કંટાળેલી પત્નીઓ છૂટવાના અનેક રસ્તા શોધી કાઢતી-તબિયતનાં સાચાખોટાં કારણથી માંડીને પતિને ઠાર મારવા સુધીનાં. પણ હેરિયટ ટેલર દૂરંદેશી હતી, હોંશિયાર હતી, એણે તો સીધા જઈને ફૉક્સ નામના પોતાના ધર્મોપદેશકની સલાહ માગી. ફૉક્સ તે સમયે 'મંથલિ રિપોઝિટરી'નો સંપાદક હતો, ઉપરાંત એ એક અસામાન્ય માણસ હતો. આગળ જતાં એ નાટ્યસમીક્ષક થયો અને ચાર્લ્સ ડિકન્સનોયે મિત્ર થયો. હેરિયટે એની આગળ પોતાનો પક્ષ એટલી પ્રભાવકતાથી રજૂ કર્યો કે એણે તેની બૌદ્ધિક ભૂખ અને લગ્નસંસ્થાની ઘૃણા ધ્યાનમાં રાખીને જ જ્હૉન સ્ટુઅર્ટ મિલ સાથે તેની ઓળખાણ કરાવી આપી.

મિલ અત્યંત બુદ્ધિશાળી હતો. એના પિતાએ એને પદ્ધતિસરનું શિક્ષણ આપીને એની વૈચારિક બાજુ સંગીન કરી દીધી હતી. તે એટલે સુધી કે અતિ તર્કશુદ્ધ વિચારસરણીને લીધે એ ભરયુવાનીમાં જ સાવ શુષ્ક અને લાગણીરહિત થતો ગયો અને પોતાની આ હાલત ધ્યાનમાં આવતા જ ભાંગી પડ્યો. પણ પછી એમાંથી બહાર નીકળવા માટે એણે કવિતાનો આશરો લીધો અને ભાગ્યજોગે ખરા ટાણે ખરો માર્ગ મળી જતાં ધારેલા લક્ષ્યે પહોંચી જવાય તેમ એનું વ્યક્તિત્વ નીખરી ઊઠ્યું. કાર્લાઈલ પોતાના વિજનવાસમાંથી બહાર નીકળીને લંડનમાં રહેવા આવ્યો એ વખતે એ બેઉની ઓળખાણ થઈ. મિલની વિચાર કરવાની રીત મૂલગામી હતી. કાર્લાઈલ અને મિલ

એકબીજાની પ્રતિભા અને લેખનથી પ્રભાવિત થયા અને મિલે કાર્લાઈલને ગુરુસ્થાને સ્થાપ્યો. મિલને ઊંડેઊંડે ક્યાંક કાર્લાઈલની શ્રેષ્ઠતા સમજાઈ હતી. પણ હોંશિયારી, બુદ્ધિમત્તા, કવિમન, અંતઃપ્રેરણા બધી જ બાબતમાં મિલને કાર્લાઈલ કરતાંયે હેરિયટ ટેલર જ શ્રેષ્ઠ લાગી હતી. એ પોતે જ પ્રગતિવાદી વિચારોનો સુધારણાવાદી, સ્ત્રીસ્વાતંત્ર્યનો ભોક્તા હતો. સમાજની પરવા ન કરતા સ્ત્રીમુક્તિના માર્ગે નીકળેલી હેરિયટ ટેલર માટે એને પ્રેમાદર થવા લાગ્યો. ફક્ત વિચાર અને પુસ્તકોની ડાબલી ઢાંકીને જ જ્ઞાનમાર્ગ પરથી પ્રવાસ કરી રહેલા આ યુવાનની જિંદગીમાં આવી સુંદર આંખોવાળી, વીજળી-શી સ્ત્રી પહેલી વાર જ આવી હોવાથી એનું ઘેલા થઈ જવું સ્વાભાવિક જ હતું એવો કાંઈક કાર્લાઇલ અને રસ્કિનનોયે મત બંધાયો હતો.

ઓળખાણ થયા બાદ તરત જ મિલ અને હેરિયટ ટેલર એકબીજાંના પ્રેમમાં પડ્યાં. ફૉક્સના માસિકમાં તે થોડું ઘણું લખવા લાગી અને મિલ તેને લખાણમાં મદદ કરવા લાગ્યો. દરેક બાબતમાં એ બેઉ એકબીજાંનાં પૂરક હતાં. પોતાનામાં નથી એવા ગુણ આપણા સાથીદારમાં છે એવું બેઉનેય જણાવા લાગ્યું અને એકબીજાં માટેનું એમનું આકર્ષણ વધતું જ ગયું.

લગ્નસંસ્થા માટેના બંનેના વિચારો પ્રગતિશીલ હતા. લગ્નબંધન કેટલું પીડાદાયક હોય અને એમાં સ્ત્રીને માનસિક ગૂંગળામણ કેવી થતી હોય એનાં ઉદાહરણો તે પોતાના જ અનુભવમાંથી આપતી રહેતી. પણ પોતાના પ્રત્યક્ષ અનુભવો છે એનો તાગેય લાગવા ન દેતાં. કેવળ તર્કશુદ્ધ વિચારોમાંથી મિલનો એવો મત બંધાયો હતો કે સ્ત્રીપુરુષની લગ્નપૂર્વેની મૈત્રી સમાજસ્વાસ્થ્યની દૃષ્ટિએ એક અતિ મહત્ત્વની અને અતિ આવશ્યક એવી વાત છે. જ્યાં સુધી બાળકો થયેલાં હોતાં નથી ત્યાં સુધી જરૂર પડ્યે પોતાને સાથીદાર બદલવાની તક દરેક જણને મળવી જોઈએ. પછી તે સ્ત્રી હોય કે પુરુષ. માનવી સ્વભાવના તળિયે જઈને જે તે વ્યક્તિની શારીરિક અને માનસિક માગ, ગમાઅણગમા, બૌદ્ધિક ઝોક, કૌવત બધાંનો વિચાર કરીને પછી જ પતિ અથવા પત્નીની વર્તણૂક અંગે ત્રાહિતોએ મત આપવા. મૂળે તો આજની લગ્નસંસ્થા જ દોષપૂર્ણ છે. એનાં બંધનો એટલાં પીડાકારક ના હોત તો છૂટાછેડાનો ખાસ વિચાર કરવાની પણ જરૂર રહી ના હોત. લગ્નમાં ફક્ત ઐહિક સુખનો જ વિચાર કરવામાં આવે છે, એવું મિલનું કહેવું હતું. લગ્ન એય એક કરાર છે અને બીજા કોઈ પણ કરારની જેમ એય તોડી શકાય, એવું એ બેઉનેય લાગતું હતું. એકબીજાં પ્રત્યે પ્રેમભાવના ન રહેતાં પતિપત્નીમાં થનારો શરીરસંબંધ એટલે શુદ્ધ વ્યભિચાર જ છે એવો જ તેમનો મત હતો. જે વાતો વ્યક્તિગત હોય છે એમાં સમાજે અમથા અમથા માથું મારવું નહીં. વાસ્તવિકનું જ ખેંચાણ થવું એવા સંસ્કાર હેઠળ ઊછરેલો મિલ અને સાંસારિક સુખોનો ઊબકો ચઢે એવા અનુભવોથી દાઝેલી હેરિયટ એ બેઉનું મિલન એક નિરાળી જ સપાટી પરનું છે એની એ બેઉનેય ખાતરી થતી હતી. એમની મૈત્રીમાં શરીરસંબંધને અવાસ્તવિક મહત્ત્વ નહોતું.

હેરિયટનો પતિ જ્હૉન ટેલર એ બે-ચાર જણાં જેવો સીધોસાદો માણસ હતો. એને પોતાની પત્નીના વર્તનનો અર્થ જ સમજાતો નહોતો. અત્યાર સુધીમાં ત્રણ બાળકોની મા એવી પોતાની પત્ની, મિલ સાથેના તેના સંબંધો શુદ્ધ મૈત્રીના જ છે તેવું કહેનારી પત્ની, પર એ વિશ્વાસ મૂકવા તૈયાર હતો. પણ તો પછી તે પોતાની સાથે શરીરસંબંધ રાખવા કેમ ઇચ્છતી નથી એ એને સમજાતું નહોતું. એના કરતાં મિલ બધી જ રીતે શ્રેષ્ઠ હોવાથી પોતાને વધારે ગમે છે એવું તેણે સ્પષ્ટપણે કહ્યું હતું. પણ લોકોએ પોતાના સંસારને વખોડવો નહીં એટલે એણે પોતાની રીતે સમજાવટના અનેક પ્રયત્નો કરી જોયા. એ બેઉની મિલનમુલાકાતો ચાલવા દીધી. પણ છેવટે મિત્રમંડળમાંયે આની ચર્ચા થતા એની હાલત દયનીય થઈ અને છેડાફાડ કરવાની એણે મનથી તૈયારી કરી દીધી. હેરિયટે પોતાની સાથે રહેવું કે મિલ સાથે તેણે એકલીએ જ પૅરિસ જઈને સ્વતંત્રપણે, રહેવાથી પોતાને મુક્તિમોક્ષ મળી જાય એવો એણે પ્રસ્તાવ મૂક્યો.

સમાજની ટીકાને ન ગણકારતાં આવી પડેલી પરિસ્થિતિનો ધીરજથી સામનો કરવાની હેરિયટની તૈયારી હતી, પણ મિલ માત્ર અચકાતો હતો. એને પોતાનો પ્રેમ, પોતાના મત, પોતાનો ધ્યેયવાદ બધું જ નિરર્થક લાગવા માંડ્યું. એની આ દોલાયમાન મનઃસ્થિતિના લીધે હેરિયટને કાંઈ મૂંઝાવા જેવું થવા લાગ્યું. પોતાનો પતિ સામાન્ય માણસ હોવા છતાંયે સમજુ છે. પૅરિસમાં રહેવાનો બધો ખર્ચો ઉઠાવવાની ઉદારતા તેના મનમાં છે, એ જાણીને તે થોડીક ઓશિંગણ જેવી થઈ રહી. મિલ સાથે રહીનેય આપણે સુખી થઈશું કે કેમ એવી એમને શંકા થવા માંડી. પણ તે પૅરિસ પહોંચ્યા પછી થોડા જ દિવસોમાં મિલ પણ તેની પાસે પહોંચી ગયો. અને પછી બાકી સરસ મજાના પંદર દિવસ સાથે રહ્યાં. એ મુદતમાં એમને એકબીજાંનો બધી રીતે પરિચય થયો અને હેરિયટની બધી જ શંકાકુશંકા સાવ અદૃશ્ય થઈ ગઈ.

હવે આ બેઉને સાથે રહેવામાં કોઈ જ હરકત નહોતી. નડતર હતી હેરિયટના પતિની. એને તે પૅરિસથી ખૂબ સુંદર પત્રો મોકલતી હતી. એમાંથી વ્યક્ત થતાં માયામમતા જોઈને એને બિચારાનેય થવા લાગ્યું કે હવે અલાબલા ટળીને બધું કાંઈ સમેનમે થઈ જશે. આમ તો ટેલર જાણીજોઈને કોઈ જાતની બળજબરી કરનારો માણસ નહોતો. પતિ તરીકે પોતાને મળેલા 'કાયદેસર અધિકાર' જમાવવામાં એના માટે ખરેખર કાંઈ જ

ખોટું નહોતું. મિલ પણ જવાબદારી ખંખેરી નાખનારો નહોતો. વળી, એમાં ને એમાં હેરિયટ જ તેના નિર્ણય માટે મક્કમ હતી. પરંતુ ગમે તે એક છેડાની ભૂમિકા કરવામાં તેનેય અગવડિયું હતું. પરિસ્થિતિ સરખો વિચાર માગી લે એવી ઊભી થઈ હતી.

કોક સામાજિક પ્રશ્નનો કરવો જોઈએ તેમ પૂરેપૂરી વસ્તુનિષ્ઠ ભૂમિકાથી એમણે આ પ્રશ્નનો બધી બાજુથી અવળોસવળો વિચાર કરી જોવો અને છૂટાછેડા ન લેતા, છે તેવું જ બધું ચાલું રાખવું એવુ ઠરાવ્યું. પોતાના મત, ધ્યેયધોરણો, સામાજિક પ્રતિષ્ઠા બધાં બધાંનો વિચાર કરીને, ત્રણેયના અંદરોઅંદરના હિતમાં હોય એવો આ નિર્ણય હતો. આ કઈ કઈ રીતે બરાબર હતું એ તેણે તેના પતિને ગળે ઉતારી દીધું. એનેય કાંઈ ઘર ભાંગવું નહોતું. બધું જ વ્યવસ્થિત ચાલી રહ્યું છે એવો ભાસ દુનિયાને કરાવતા અનેક બાબતો પ્રત્યે આંખ આડા કાન કરવા ટેલરેય તૈયાર થયો.

આખરે હેરિયટે દાવ જીત્યો. આટલી બધી ભાંજગડમાં તેણે ક્યારેક પોતાનાં બાળકોને ભૂલેચૂકેય ઉવેખ્યાં નહોતાં. ઊજળા માથે ફરી શકાય તેવો જબ્બર પતિ હતો. મા પર ઓળઘોળ થનારાં ત્રણ બાળકો હતાં અને એની બુદ્ધિમત્તાની અને ગુણોની કદર કરનારો મિલ જેવો પ્રિયતમ પણ હતો. લોકો તો ફાવેતેમ બોલાતાયે ખરાં, પણ આ પ્રકરણમાં સૌથી વધારે રસ લીધો તે કાર્લાઇલ પતિ-પત્નીએ. હેરિયટનો ઉલ્લેખ કાર્લાઇલ 'પ્લેટોનિકા' તરીકે કરતો. એ પતિપત્ની માટે સતત આ એક ચર્ચાનો વિષય બની રહ્યો. હેરિયટની આંખો, હોંશિયારી વગેરે બાબતોનું શરૂઆતનું કૌતુક ઓછું થતું જઈને તેના દોષ જ હવે એમને દેખાવા લાગ્યા. એના સહવાસમાં મિલ જેવી કક્ષાના વિચારકની અધોગતિ થઈ રહી હોય એવું જણાવા લાગ્યું. તેનું એકંદરે વર્તન જ એમને સાવ અણગમતું થવા લાગ્યું. માત્ર, હેરિયટ અને મિલના સંબંધો વિશુદ્ધ મૈત્રીથી આગળ વધેલા નહોતા, જેની તો કાર્લાઇલ દંપતીનેય સોય જેટલીયે શંકા નહોતી. આ વાત સાવ સહજ શક્ય છે એ તો એમનો પોતાનો અનુભવ તેમને કહેતો હતો. એમ તો પોતાનાં પ્રેમલગ્ન હતાં. પણ લગ્ન કરવા એ જુદી વાત અને પરિણિત સ્ત્રીને અથવા પરિણિત સ્ત્રીએ બીજા કોઈને પ્રેમ કરવો એ વાત જુદી. કાર્લાઇલને તો આ મામલો મૂર્ખામીભર્યો અને બાલિશ લાગતો હતો. સાચે તો પોતાના ક્ષેત્રનો, પોતાના દાવાનો મિલ જેવો માણસ હેરિયટ ટેલરને લીધે પોતાનાથી દૂર જઈ રહ્યો હતો, જેનો એને ખેદ થતો હતો. આથી હેરિયટ પર તે ભારે રોષે ભરાયો હતો.

આ ગાળાના પ્રતિષ્ઠિત, ઉચ્ચવર્ગીય વર્તુળમાં મિલ અને હેરિયટની મૈત્રી વિષે ઉઘાડે ચોક શંકાસ્પદ ગુસપુસ ચાલુ રહેતી. એ બેઉને, ખાસ તો હેરિયટને, આ નિંદાનામોશીની પરવા નહોતી. મુખ્યત્વે તબિયત અને બીજાં કારણોને લીધે એમનો ભેળો પ્રવાસ, લાંબી લાંબી મુદતના હવાફેર વગેરે ચાલુ જ રહ્યા. શહેરના પોતાના ઘરમાં એ બેઉની મિલનમુલાકાતો લોકોની આંખમાં આવવાથી ટેલરે પોતાની પત્ની માટે ગામની બહાર એક મકાન લીધું. પરદેશના પ્રવાસે જતી વખતે એ પેલાં બેઉને સ્ટેશન સુધી મૂકવા જવા લાગ્યો, ક્યારેક તેનાં બાળકો તો ક્યારેક મિલના નાનકડા ભાઈભાડુંઓ એમની સાથે હોય. આવા વખતે એ છોરાંછોકરાંઓને આસપાસ સહેલગાહે મોકલી દઈને હેરિયટ અને મિલ એકાંત મેળવીને વાસ્તવિક સમથળતાને પોતાનો આ દિલોજાન સંબંધ કેવળ બૌદ્ધિક ભૂખપેટે જ હોવાનો પોતાને અને બીજાને સમજાવવાનો પ્રયત્ન કરતાં. પણ તોયે એમના સંબંધ માટેની સમાજમાં ચાલનારી ચર્ચા ટાળવા એ બેઉ થોડાક સમય માટે દૂર જઈ રહ્યાં અને ત્યાં મિલના 'પ્રિન્સિપલ્સ ઑવ્ પૉલિટિકલ ઇકોનોમી'નામના પુસ્તકનું અને અન્ય લખાણોનું કામ એણે હાથમાં લીધું. પોતે કાંઈ લખવાને બદલે હવે મિલને જ એના કામમાં મદદ કરવા લાગી. તેની આ મદદને લીધે મિલ એટલો બધો ઓશિંગણ થઈ રહ્યો કે 'પૉલિટિકલ ઇકોનોમી'વાળું પુસ્તક તેને અર્પણ કરતી વખતે એ અર્પણપત્રિકામાં એણે અત્યંત કૃતજ્ઞતાથી તેની પ્રશંસા કરતો ખાસ્સો એવો એકરાર કર્યો. બુદ્ધિમત્તા, રસગ્રહણશક્તિ, દૂરદૃષ્ટિ, સામાજિક પ્રશ્નો માટે ઊંડા ઊતરીને વિચાર કરવાની ક્ષમતા વગેરે વગેરે અનેક ગુણો માટે તેનું ગૌરવ કરતાં, આવી બધી બાબતોમાં તેનું માર્ગદર્શન મળવાને લીધે આ ગ્રંથ પોતાના હાથે લખાયો એવા ભાવાર્થની અર્પણપત્રિકા હતી. ખુદ હેરિયટનેય એ માટે વાંધો નહોતો. પણ તે વાંચીને જ્હૉન ટેલર ક્યારેય નહીં તે એટલો ઊકળ્યો કે છેવટે આ અર્પણપત્રિકા મિલે પોતાના મિત્રમંડળમાં વહેંચવાની પ્રત પૂરતી જ રાખી.

પતિનું કેટલે સુધી સાંભળવું તે હેરિયટ પોતાની સગવડે વિચારપૂર્વક ઠરાવતી. એ માંદો પડ્યો હોય તોયે એને એ જ વખતે મિલનેય ઠીક ન હોવાથી, સમાજહિતાર્થે જોતાં મિલ ટેલર કરતાં વધારે મોંઘામૂલો હોવાથી એની કાળજી રાખવા માટે એની પાસે રહેવું એ જ આપણું કર્તવ્ય છે એવું તેણે માન્યું. પતિના એ મંદવાડના છેલ્લા બે મહિના બાકી તેણે એની સતત સેવા કરી. છેવટે તે કૅન્સરથી મરણ પામ્યો. એ પછી બે વર્ષનો ગાળો તેમણે જવા દીધો અને પછી લગ્નનો નિર્ણય લીધો.

સાચે તે બેઉને લગ્નસંસ્થા જ માન્ય નહોતી. પણ વિધિસર ભેળાં રહેવાથી અનેક અગવડ ટળવાની હતી. લગ્ન પછી સ્ત્રીની કાયદેસર હાલત સાવ દયનીય જ થાય છે, જે તેના પરનો અન્યાય જ કહી શકાય એવો મિલનો મત હતો. આથી લગ્ન પહેલાં એણે ઇચ્છાપત્ર જેવો એક કરાર કર્યો કે પતિ તરીકે પ્રાપ્ત થતો એકેય અધિકાર એને જોઈતો નથી. હેરિયટ પોતાની થાય

તોય વ્યક્તિ તરીકે તેના સર્વ હક્ક અબાધિત રહેશે, વગેરે.

હરહંમેશ શાંત રહેનારો, ગમે તે વિકટ પરિસ્થિતિમાંયે ક્યારેય પોતાની સમતુલા ન ગુમાવનારો, બધાં સાથે અત્યંત સૌજન્યથી વર્તનારો મિલ લગ્ન થતાં સાવ જ બદલાઈ ગયો,. જરાકતરાકમાં અકળાવા લાગ્યો. સાવ નજીકના માણસો માટેય ગેરસમજ કરી લઈને એમની સાથેય તોછડાઈ કરવા લાગ્યો. એકાદી સાદી હરકત પણ એને તો રણાંગણ પરના હુમલા જેવી લાગવા માંડી. એમનાં આ લગ્ન એટલે સાચું કહીએ તો સહી કરીને નાતો નોંધાવવો અને ભેળાં રહેવાની જાહેર માન્યતા મેળવવી એ સિવાય બીજું હતું પણ શું ? એ બેઉના સંબંધમાં પ્રત્યક્ષ તો કોઈ ફેર પડવા:નો નહોતો, પણ લગ્ન નામની વાતનો પ્રભાવ એટલો જબરદસ્ત હોય છે કે ભલભલાંની બાબતમાંયે હતાં ન હતાં થઈ જવાય. કાયદાની અને ભાવનાની એમ બંને સપાટીએ લગ્ન જેવી બાબતનો ઊંડાણપૂર્વક વિચાર કરીને પોતાના સ્પષ્ટ મત ઘડનારા અને તે જાહેર કરવામાં આગળપાછળ ન જોનારા જ્હૉન સ્ટુઅર્ટ મિલ જેવાનીયે 'લગ્ન' નામના બે અક્ષરી મંત્રે કેવા હાલહવાલ કરી મૂક્યા, લગ્ન પહેલાંનો મિલ અને લગ્ન પછીનો મિલ એ બેઉ બનાવટી કે ખોટા લાગે એટલી હદે એકાએક ફેર પડ્યો. તો પછી સાચુકલો મિલ કયો હતો ?

અનેક મોટા બુદ્ધિમંતોને, વિચારકોનેય સ્ત્રીપુરુષોના શારીરિક સંબંધો, ઐહિક સુખ એકંદરે હીન જ લાગતાં હોય છે. વાસ્તવિક સ્તરે પ્રેમ એ જ સાચો પ્રેમ. એ જ સર્વત્ર હોવો જોઈએ. એનો જ છેવટે જય થવો, કાંઈ નહીં તો આપણા પોતાના આચરણમાંથી તો આ ઉચ્ચ સ્તરના જીવનનો આદર્શ જ સમાજ આગળ આવવો જોઈએ. કાંઈક એવો આ કુદરતી તરફડાટ હોય છે. શરીર શું કે બુદ્ધિ શું બંને કુદરતની જ દેણગી. એમાંની કઈ ભૂખ કોઈના ભાગે કેટલી આવે એનું ગણિત હોતું નથી. કેટલાંક બાળકો ભસ્માસુરની જેમ દિવસભર ખા ખા કરતા હોય તો કેટલાંકને બે કોળિયા ભરાવવા માટેય બે કલાક કેડે બેસાડીને, આ ચકીનો અને આ ચકાનો એવું કરતા બેસવું પડે. એમને ખાવા કરતા ખેલ વધારે પસંદ હોય છે. આ જ મામલો મોટી ઉમ્મરેય ભૂખની બાબતમાં હોઈ શકે. વળી, એ ગાળાનાં માન્યતા પામેલાં નીતિમૂલ્યોનો પ્રભાવેય માણસો પર પડતો હોય છે. ગાંધીયુગ પ્રમાણે જ આ વિક્ટોરિયન યુગમાંયે પ્રતિષ્ઠિતાએ બૌદ્ધિક ભૂખ અથવા માનસિક બળ વિરુદ્ધ શારીરિક ભૂખ એવું એક વૈચારિક યુદ્ધ ઊભું કર્યું હતું. અને એમાં બૌદ્ધિક ભૂખનો જ અંતિમ વિજય થવાના સ્વપ્નો સિદ્ધ થયાં. ઉક્તિ અને કાર્યમાં તફાવત ન દેખાય તે માટે કેટલોય ઘટાટોપ કર્યો. મિલની વર્તણૂકનો વિચાર કરતી વખતે પણ અનેક શક્યતા સંભવી શકે. ત્યારે નિશ્ચિત આરોપ કરનારા કે ન્યાય આપનારા આપણે કોણ ? પણ બૌદ્ધિક ભૂખ, સંયમ એ જ શિરોધાર્ય માનીને પણ સ્ત્રીપુરુષના આકર્ષણ માટેની રૂઢ કલ્પના સામે અડીખમ ઊભા રહેલા મિલ દંપતીએ લગ્ન કરીને નિરાળું શું સાધ્યું ? લગ્ન પહેલાના શું કે લગ્ન પછીના શું, સંબંધ જો એવા જ રહેવાના હોય તો લગ્ન જેવી બાબતમાં એમને શી જરૂર ? આવા પ્રશ્નો કોઈએ છડે ચોક વિચારવાની જરૂર જ ન હતી. બધાના મનમાં આ જ પ્રશ્નો ઊઠતા હશે એવું ગૃહીત ધારીને જ મિલે મોર્ચાબંધી કરી અને જરા જેટલી શંકાનો તે લાલચોળ શબ્દોથી નિષેધ કરવા સજ્જ થયો. દરેક જણ પર ઉશ્કેરાઈને તૂટી પડવા લાગ્યો. એના આ વર્તનનો એના સમકાલીનો અને ચરિત્રકારોએય પોતપોતાની રીતે વેગળો અર્થ લીધો. દરેક મોટો માણસ પોતાના કૌવત પ્રમાણે જીવતો હોય અને આપણે એના જીવવાનો અર્થ શોધતા પોતાના કૌવત પ્રમાણે જ અભિપ્રાય આપતા રહીએ એટલો જ એનો અર્થ.

લગ્ન પછી શહેરથી થોડેક દૂર ઘર લઈને એમણે સંસાર માંડ્યો. ઉદરનિર્વાહ માટે મિલે 'ઈંડિયા હાઉસ'માંની પોતાની નોકરી ચાલુ રાખી. ફાજલ સમયમાં પોતાનું લેખન-વાંચન ચાલુ રાખ્યું અને ખાસ નવા મિત્રો ન કરતા એ બેઉ એકબીજાંના બૌદ્ધિક સહવાસમાં રંગાઈ રહ્યાં. મિલની જે ગ્રંથસંપત્તિ છે એમાં હેરિયટનો કેટલો હિસ્સો છે એ કેવી રીતે ખબર પડે ? લોકોના મતે તો એ ગ્રંથો મિલે જ લખેલા. મિલ માત્ર આ બધું લખાણ એમનું સહિયારું છે, પોતાના જેટલો જ હેરિયટનો પણ હિસ્સો છે એવું જ એ કહેતો રહ્યો.

જ્હૉન સ્ટુઅર્ટ મિલ અને હેરિયટ એમનાં પોતાનાં અને એમના અંગેનાં બીજાં જે જે લખાણો, ગ્રંથ, પત્રો, ટિપ્પણો, ચરિત્રો, આત્મચરિત્રો ઉપલબ્ધ છે એ બધાંયનો અભ્યાસ કરીને ઘણાંએ વ્યક્ત કરેલા અથવા જ્હૉને સિદ્ધ કરેલા અભિપ્રાયો પણ વિવિધ અને પરસ્પર વિરોધી છે. જ્હૉન સ્ટુઅર્ટની ખોપરીનો આકાર માનવ ખોપરીઓમાં સૌથી મોટો હતો એવું સંશોધકોનું કહેવું હતું. એની બુદ્ધિમત્તા, વિચારશક્તિ, કોઈ પણ વાતનો મૂળસોતો તાગ લેવાની અંતર્ભેદી દૃષ્ટિ, એકંદરે એના મનની ફાળ એટલી અદ્‌ભુત હતી કે એને ક્યાંયે વિરામ જ નહોતો. બીજાની(ખાસ તો હેરિયટ ટેલર જેવી એક સ્ત્રીની મદદની તેને જરૂર જ નહોતી). એ પોતાનો બધોય યશ એના ખોળે ઠાલવે છે એનું કારણ એના માટે એને આત્યંતિક પ્રેમ અને એકંદરે જ સ્ત્રીજાતિ માટેની એની પરાકાષ્ઠાએ પહોંચતી ઉદાર ભૂમિકા એવું કેટલાંકનું કહેવું છે. એનાથી ઊલટું કેટલાંકનું કહેવું છે કે એ બુદ્ધિમાન હતો પણ એની બુદ્ધિને ઉઠાવ આપવા, એના લખાણને દિશા ચીંધવા. ચર્ચા, મતપ્રદર્શન વગેરે દ્વારા એના લખાણમાં સુધારા કરાવડાવવામાં એને પ્રોત્સાહન આપવામાં, વિષય સૂચવવામાં, એની પાછળ પડીને એની પાસેથી

લખાવડાવી લેવામાં, ટૂંકમાં કહીએ તો ગાડી ચાલુ કરી આપવામાં અને રસ્તો ચીંધવામાં હેરિયટ જેવી સ્ત્રી ના હોત તો ઉત્સ્ફૂર્ત શરૂઆતથી માંડીને ગ્રંથલેખનને આરે પહોંચાડવાનું એનાથી ક્યારેય શક્ય થયું ન હોત. સતત ચર્ચા કરતાં કરતાં એને નવા નવા મુદ્દા સૂચવવા, એનાં લખાણમાં આવશ્યક એવા ફેરફાર કરવા એટલું જ નહીં, પણ કોક પ્રસંગે (વચગાળાના સમયમાં પોતાના મત બદલાવાથી) એનું મતપરિવર્તન કરીને છાપેલા મજકૂરમાંયે નવી આવૃત્તિમાં વિરુદ્ધ અર્થનો મજકૂર અંતર્ભાવ તેની પાસે પરાણે કરાવડાવવાનાયે પુરાવા છે. ઉદાહરણાર્થ, એક આવૃત્તિમાં મૂડીવાદી તરફી તો એ જ પુસ્તકની બીજી આવૃત્તિમાં સામ્યવાદ તરફી એવો ફેરફાર એણે કરાવડાવી લીધો. આ બધા પુરાવા 'ફિલિસ રોઝે' આ પુસ્તકમાં આપીને અતિ સુંદર વિવેચન કર્યું છે. હકીકતે તો એ વાંચવું જોઈએ એવું હું સૂચવીશ.

વંશભેદ, વર્ગભેદ, લિંગભેદ જેવી બાબતો પર લોકોનું શ્રેષ્ઠત્વ કે કનિષ્ઠત્વ આધારવું મિલને અન્યાયી લાગતું. સ્ત્રીઓની બાબતમાં સમાજનો સંકુચિત દૃષ્ટિકોણ એને માન્ય નહોતો એટલું જ નહીં, આ અન્યાય ભરપાઈ કરવાનો કેટલાય પ્રયત્ન કરો તોય તે ઓછા જ પડવાના એવું એને ખરા દિલથી લાગતું હતું. ખરી રીતે તો એની પોતાની જિંદગીમાં આવેલી અને એની સર્વસ્વ થયેલી સ્ત્રી એટલે હેરિયટ. બેઉને એકબીજાંના અલૌકિક પ્રેમની અનુભૂતિ થઈ અને પોતાની કલ્પનામાંથી સ્ત્રીનું ભવ્ય દિવ્યદર્શન એને હેરિયટમાં લાધ્યું. પ્રત્યક્ષ સો એ સો ટકા તેવી જ હતી કે નહીં એનું મહત્ત્વ નથી. એને માત્ર તે તેવી લાગતી હતી એ તો સો ટકા સત્ય જ છે. તેને માટેના એના આત્યંતિક અભિપ્રાય અંગે લોકો તો તેની હયાતીમાં જ શંકા ઉઠાવતા, મશ્કરી કરતા, તોયે એની કક્ષાનો માણસ એ જ અભિપ્રાયને વળગી રહે છે જેનોય કોઈ અર્થ તો હશે જ ને? તેણે એના જીવનમાં જોઈતો આધાર આપ્યો આ સાચા અર્થે બે સમાનશીલનાં પ્રેમલગ્ન હતાં. એ બેઉ જીવ્યાં તે પ્રેમીપંખીડાંની જેમ. એક જ માળો બાંધ્યો. એ માળામાંનાં બચ્ચાં જેવાં ફક્ત તેનાં જ એવાં ગીતડાં એ ગગનને સંભળાવતો રહ્યો. એ સાચુંયે છે અને પૂરેપૂરું સાચું ન હોય અથવા તો નહોતું જ તોયે એમનું ચોક્કસ એવું એ ઘરાણું છે. ગીતોને ગદ્ય વ્યાકરણના નિયમો લગાડવા બેસવું એ રસિકોને શોભે એવું નથી. માએ નવ મહિના પેટમાં વેંઢારીને, કષ્ટો વેઠીને, પાળીપોષીને ઊછેરેલાં બાળકો બાપનું નામ લગાડીને મહાલે છે એમાં આપણને કાંઈ અજુગતું લાગતું નથી. પણ કોક જણે કૃતજ્ઞતાની ભાવનાથી પોતાનાં બાળકોને તેમનું માનું નામ લગાડવાનું ઠરાવ્યું તો એ પરંપરાથી વેગળું હોવાથી સહસા ખાસ કોઈને માન્ય હોતું નથી.

એમનાં લગ્ન પછી સાત વર્ષે હેરિયટ મૃત્યુ પામી. એની કબર માટે પોસાય નહીં તેટલો ખર્ચો કરીને એણે પરદેશથી આરસ મંગાવ્યો. એના પર કોતરાવવા માટે મજકૂર લખ્યો, તેય ગદ્‌ગદ થઈને તેની સ્તુતિ કરતો. તેની કબર પાસે કલાકોના કલાકો આંખો તાકીને બેસી રહેતો. બાકીનો સમય તેના ગમતા કામમાં વિતાવતો. મનુષ્ય પ્રાણીમાં જોવા મળતા બધા સ્વર્ગીય ગુણો તેનામાં સમેટાયેલા એની આંખોને દેખાતા તો એમાં એય શું કરી શકે?

એ નાસ્તિક હતો. રૂઢાર્થે ભગવાન, ધર્મ એવી વાતોને એ મહાન વિવેચકના જીવનમાં સ્થાન નહોતું. આ અફાટ વિશ્વનું ગૂઢ રહસ્ય ઉકેલવું એને શક્ય દેખાતું નહોતું. પણ એમાં ને એમાં એને પોતાના અસ્તિત્વ માટે નમ્ર થઈને કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ માત્ર એને પોતાનો ધર્મ લાગતો હતો. કૃતજ્ઞતા તો એક સુંદર, મૂલ્યવાન અને માણસ માટે અતિ આવશ્યક એવો ગુણ છે, જે એના સંવેદનશીલ હૈયાને જણાતું રહ્યું અને પછી એણે પોતાના પ્રેમદેવતાને ચરણે નમ્ર થઈને માથું નમાવ્યું તો એમાં બગડ્યું ક્યાં?

(ક્રમશઃ)

અનુસંધાન] ડૉ. રમણભાઈ પટેલ [પૃ. ૮૫૦ થી

મિલકતમાં મૂકતા ગયા. આથી કુટુંબને આર્થિક સંકડામણની મુશ્કેલી વેઠવી પડી. પિતા તરફથી તો તેમને વડીલોપાર્જિત મિલકતમાંથી કશું મળેલું નહીં. તેમને ભણાવવા માટે પિતાએ પૈસા ખર્ચેલા તેથી મિલકતમાંથી તેમને ભાગ આપવાની ના પાડી હતી, જે ડૉક્ટરે સહર્ષ સ્વીકારી લીધું હતું. આમ છતાં તેમણે તેમના કુટુંબ સાથેના સંબંધમાં ક્યારેય ઉદાસીનતા દેખાડી નહોતી. એમના વ્યસનને ધ્યાનમાં લેતાં 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' એ ઉક્તિ આપણે યાદ કરી સાંત્વના મેળવી શકીએ.

તેઓ પરલોકે સીધાવ્યા પણ આલોક ઉજ્જવલ કરીને ગયા. તેમણે જાણે 'જલી જાતી છોને જીવન ધૂપસળી મહેકતી મહેકતી આ' એ સૂત્રને પુરવાર કરી બતાવ્યું. ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરી તેમણે ગીતનો કર્મયોગ પુરવાર કરી બતાવ્યો. તેમની ઉત્તમ અને ઉદાત્ત સેવાની ફોરમ અમદાવાદને મળતી રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને તેની ઉસ્માનપુરામાં આવેલી પશ્ચિમ ઝૉન કચેરીના વિશાળ ભવ્ય ભવનને 'ડૉ. રમણભાઈ પટેલ ભવન' નામ આપેલું છે. અમદાવાદ શહેરના વિકાસના શિલ્પી અને લોકશાહીના આવા પ્રહરીને આપણે 'નાગરિક જીવનના પહેરેગીર' જેવા શબ્દોથી નવાજીને સમાપન આ રીતે કરીએ કે -

'જાનાર તો જાતા રહ્યા સદ્‌ગુણ એના સાંભરે.' ❒

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

અહીં મોરાનો ગ્લાસ ફેક્ટરી આવેલી છે. ત્યાં તેના માલિકોએ રંગીન કાચની સૂક્ષ્મ-સંકુલ ડિઝાઈનવાળી આકૃતિઓ માત્ર મોં અને હાથના પ્રણાલીગત હુન્નરકૌશલથી કેવી રીતે બનાવાય છે, તે અમને બતાવાય તેવું એસોટીસી ટૂર એજન્સીએ ગોઠવ્યું હતું. એક રૂમમાં એક કારીગર ખૂબ જ ઊંચા ઉષ્ણતામાને મોંમાં રાખેલી પોલી સળીથી, તેના બીજા છેડે કાચના રસમાં બોળીને તેને ગરમ કરીને ફુલાવ્યો. પછી બીજા હાથથી તેને ઘોડાનો આકાર આપ્યો. તેવી જ રીતે બીજા નિદર્શનમાં એક માનવ આકૃતિ બનાવી. પછી ગરમ હોય ત્યારે જ તેમાં રંગો ઉમેર્યા. તે પછી અમે મોરાના શો-પ્લેસમાં ગયા, ત્યારે આવી હજુ યંત્રની સહાય લીધા વિના નાજુક, બારીક ડિઝાઈનની અનેક ફૂલ, પક્ષી, પશુ, અને માનવીના કલાત્મક પોઝને કાચમાં અને રંગોમાં આકારી શકે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. અલબત્ત, તેના માલિકને આ બધું બતાવવા પાછળ પોતાની આવી ચીજો વેચવાની સ્વાભાવિક અપેક્ષા હોય; પણ તે નાના ડેકોરેટીવ પીસ એટલા મોંઘા કે કોઈએ તે ખરીદ્યા નહોતા.

કથિડ્રલ સામેનો વિશાળ સેંટ માર્કોસ સ્કવૅર લોકો અને સહેલાણીઓથી ઉભરાતો હતો. ઘણા પ્રવાસીઓ પ્રકાશમાં બેસીને આરામ કરતાં હતાં. કબૂતરોને ચણ નાખતાં હતાં, અને તે ચણવા કબૂતરો નિર્ભય બનીને તેમના હાથ-ખભા પર બેસતાં હતાં. તે લંડનના ટ્રફાલગર સ્કવૅરની યાદ આપતા હતા. અહીં અમેરિકા સ્વિત્ઝર્લેન્ડ વગેરે દેશોની સરખામણીમાં જાહેર ટૉઈલેટની વ્યવસ્થા નબળી હતી. જ્યાં હજારો પ્રવાસીઓ ફરતાં દેખાતાં, તે મોટા ટાપુ પર ટૉઈલેટનું સાઈન બોર્ડ હોય, પણ પછી તે ત્યાંથી ક્યાંય દૂર હોય અને તે ય એકથી બીજી દિશાની ગલી વટાવીને. ઇટલીમાં બીજે ઘણે સ્થળે પણ પ્રમાણમાં પશ્ચિમ યુરોપના બીજા દેશોમાં અને ખુદ એશિયાના ટોકિયો, સિંગાપોર અને હોંગકોંગમાં જોવા મળે તેના કરતાં ઓછાં સ્વચ્છ હોય છે. સ્વિત્ઝર્લેન્ડ સિવાય બધે જાહેર શૌચાલયમાં નાની રકમના સિક્કા મૂકવાના હોય છે, તે સારું છે. પણ ભારતમાં જાહેર સ્થાનોમાં અને ખુદ સરકારી તેમજ સહકારી ઑફિસ-મકાનોમાં શૌચાલયો જે સ્થિતિમાં જળવાય છે, તેથી તો ખેદ જ થાય. જો કે સોવિયેત રશિયામાં(૧૯૮૪) સામ્યવાદી વિશ્વના શો-પીસ એવા ખુદ મૉસ્કોમાં જાહેર શૌચાલયમાં કોઈ પ્રકારના પાર્ટિશન વિના લોકો ઊભા ઊભા પિશાબ કરતા અને તેની અસહ્ય વાસ આવતી એવા અનુભવ ભારત સિવાય કશે પણ થયા નથી.

આ ટાપુ પરથી બોટ દ્વારા બીજા મોટા ટાપુ પર ગયાં ત્યાં હોટલ સમુદ્રકિનારે જ હતી. હોટલના રૂમમાંથી સમુદ્ર જોઈ શકતાં હતાં. રાત્રે હોટલ પાસેના લાંબા કિનારા પર ફર્યા. બીજા થોડા પ્રવાસીઓ પણ ટહેલતાં હતાં. ઇટલીમાં બહાર એકલા ફરતાં સાવચેતી રાખવાની સલાહ-સૂચના પહેલાં ત્રણ-ચાર વાર (યુરોપ આવતાં પહેલાં અને યુરોપમાં) સાંભળી હતી. પણ આ સામુદ્રિક પરિવેશનું આકર્ષણ અદમ્ય હતું ! આ વિસ્તાર અમને સલામત પણ લાગ્યો.

રોમ-ઈતિહાસનું જીવંત ખંડિયેર: બીજે દિવસે અમે રોમ પહોંચ્યાં. તે ઐતિહાસિક શહેર છે એમ તરત જ ખયાલ આવે. રોમની બહાર દૂર માઈલો લાંબો વર્તુળાકાર (રીંગ) છે. તેની અંદર રોમ મહાનગર આવેલું છે. પોપના આદેશ મુજબ જૂન ૨૦૦૦માં પોપે મિલેન્યમ વર્ષની ઉજવણી રોમમાં થતી હતી એટલે પ્રવાસીઓની, ખ્રિસ્તી યાત્રીઓની ભીડને કારણે અમારો કોચ શહેર બહાર મૂકીને અમે સિટી બસોમાં ફરીને તેનાં સ્મારકો જોયાં.

ત્યાં સેંટ પીટર્સ બેસિલિકા કથિડ્રલ એ પૃથ્વી પરનું સૌથી મોટું કેથોલિક મહાદેવળ છે. તેમાં એક ભાગમાં બંને બાજુ કરતાં વધારે ઊંચા અને મોટાં સ્તંભો છે. સ્તંભો એટલા વિશાળ ભરાવાવાળા કે તેની બાજુ બે માણસો બાથભીડે તો પણ તેને આવરી લઈ શકો નહિ. એની વિશાળ દીવાલો પર બાઈબલની, ઈસુ ખ્રિસ્તના જીવનવિષયક ઘટનાઓને મોઝેઈક ચિત્રો દ્વારા વણી લેવામાં આવી છે. ઈસુ ખ્રિસ્ત, મધર મેરી અને એમના મુખ્ય સંતોની પ્રતિમાઓને શાંત ગરિમા આપે તેવી રીતે યાત્રીઓ મીણબત્તીઓ ધરે છે.

બીજા કોઈ પણ દેશ કરતાં ઇટલી સૌથી વધુ જાહેર બસો ધરાવે છે. પણ તેમાં મુસાફરી કરનારાની ટિકિટનું ચેકિંગ બહુ ઓછા પ્રમાણમાં થાય છે. મુસાફરો પર વિશ્વાસ રાખતી આ પ્રથા 'ઑનર સિસ્ટમ' કહેવાય છે. જો કે ચેકિંગમાં વગર ટિકિટે બસમાં પકડાય તો તેને ૫૦,૦૦૦ લીરા (લગભગ ૩૦ ડૉલરથી વધુ રકમ)નો દંડ તરત જ ભરી દેવો પડે છે. વેટિકનના સેંટ પીટર્સ દેવળ સુધી લઈ જતી બસ નં. ૬૪ સૌથી વધુ જનપ્રિય છે. પાદરીઓથી માંડીને વેપારીઓ, ભિખારીઓથી માંડીને સ્માર્ટ વસ્ત્રધારી ધનિકો મુસાફરી કરતાં દેખાય. બસની ભીડમાં ઊભા ઊભા એકમેક સાથે ઘસાય, તો ઈંગ્લન્ડની સબવેની જેમ લોકો મોં પર અણગમો વ્યક્ત કરતાં દેખાતાં નથી. તેઓ મોટે અવાજે વાત કરે. અલબત્ત, રોમ અને પીસા જેવા સ્થળોમાં ખીસાકાતરુઓ અને લૂંટી લેનારા લોકો સૌથી વધુ પ્રમાણમાં ભટકાય છે, તે વિશે અમારા ટૂર મૅનેજરે અમને

(અનુસંધાન પૃ. ૮૭૩ પર)

વિવિધ લેખનસામગ્રી

સંગ્રાહકઃ નરેન્દ્ર પંડ્યા


સામાન્ય ગણાતી લેખનસામગ્રીની કહાણી શિક્ષણાત્મક અને રોમાંચક છે. માનવીએ વિચારોની આપલે માટે સાંકેતિક શબ્દોનો પ્રયત્ન કર્યો અને ત્યાર બાદ પથ્થર ઉપર તીક્ષ્ણ હથિયારથી સંજ્ઞાનો પ્રયોગ કર્યો અને એમ ગુફાઓમાં ચિત્રશૈલીથી વિવિધ દિનચર્યા આલેખી. જ્યારે તે શબ્દોનું લખાણ શીખ્યો ત્યારે ઈજિપ્તમાં પપાયરસના પાન ઉપર બરૂથી લખાણ કર્યું. ગ્રીકે (reeds)રીડ્ઝથી અને રોમનોએ પીંછાંથી લખાણ કર્યું. ભારતમાં પણ તાડપત્ર ઉપર બરૂથી બનાવેલ કિત્તાથી હજારો શ્લોકો લખાયા. આ રીતે લેખનશૈલી વિકસાવવામાં આવી અને કિત્તાઓથી મરોડદાર અક્ષરોની લેખનશૈલી વિકસી. આ લેખનશૈલીને કૅલિઓગ્રાફી કહે છે. આરબ દેશોએ આ લેખનકળા બહુ મરોડદાર અને કલાત્મક રીતે પીંછી દ્વારા વિકસાવી.

કાગળના ઉત્પાદન પછી સ્ટીલની ટાંક વડે અને સ્ટીલના ખોખામાંથી લખાણ શરૂ થયું. કલમને શાહીમાં બોળી વિવિધ રીતે લખાણ કરાયું. સાથેસાથે શાહીના ખડિયાઓ પણ પથ્થર, ક્રિસ્ટલ, ચાંદી અને રત્નજડિત સાધનોથી બન્યા. અમુક ખડિયામાં બે ખાનાં રાખવામાં આવતાં. એક શાહી માટે અને એક રેતી માટે. આ ખડિયાઓની કિંમત આશરે ૧૦,૦૦૦ પાઉન્ડ હતી!

ત્યાર બાદ ફાઉન્ટન પેનો શોધાઈ. શરૂઆતમાં ફાઉન્ટન પેનની ભૂંગળીમાં શાહી ભરવામાં આવતી. ત્યાર બાદ સ્ટીલની ભુંગળીનો ઉપયોગ કરવામાં આવ્યો. એલ.ઈ. વૉટરમૅન(L. E. Waterman)ના ઉત્પાદકોએ ૧૮૮૪માં એક નવી જ જાતની ફાઉન્ટનપેન બનાવી, જેમાં શાહી ભરવા માટે રબરની ભૂંગળીનો ઉપયોગ કર્યો, જેનાથી શાહીનો પ્રવાહ નિયમિત રીતે વહેતો થયો. ઉત્તરોત્તર તેમાં સંશોધનો થયાં. ઈ. ૧૯૨૪માં શૅફર્સ પેને પ્લાસ્ટિકની પેનો બનાવી જે નીચે પડવાથી પણ તૂટતી નહીં. ઈ. ૧૯૨૭માં વૉટરમૅન કંપનીએ કાર્ટ્રિજવાળી પેનો બનાવી જેનાથી વારંવાર ટ્યૂબ અને શાહી બદલવી ન પડે. ૧૯૨૮માં કડક પ્લાસ્ટિકની પેનો શોધાઈ. ૧૯૪૧માં 'પાર્કર ૫૧' બજારમાં વેચવા મૂકી. વર્ષો દરમિયાન પેનના નિર્માતાઓમાં અવનવી પેનો બનાવવાની હોડ શરૂ થઈ. વખત બદલાતા સંશોધનને લીધે બૉલપેનો અસ્તિત્વમાં આવી, જેમાં પ્રથમ પ્લાસ્ટિકની ટ્યૂબ અને ત્યાર બાદ કાર્ટ્રિજ નખાતી.



માઉન્ટ બ્લાન્કના નિર્માતાઓ તરફથી ઉપરની બે પેનો કૅથેરીન ધ ગ્રેટ અને નીચેની પીટર ધ ગ્રેટ બનાવી હતી, તેની કિંમત ૩૫૦૦ પાઉન્ડ અને ૬૦૦૦ પાઉન્ડ વચ્ચે હતી.



ડાબેથી જમણે ક્લોક વાઇઝ
૧. માઉન્ટ બ્લાન્ક પીટર ધ ગ્રેટ
૨. પોરસીલીન પેન (year of the dragon) ૫૦૦૦ પાઉન્ડ
૩. Semiramis ૮૦૦૦ ડોલર
૪. લુ ચૌદ ૧૦૦૦થી ૨૦૦૦ પાઉન્ડ
૫. અને ૬. Karl the great ૧૮ કેરેટના સફેદ સોનાની પેન ૪૦૦૦થી ૬૦૦૦ પાઉન્ડ

હાલમાં કીમતી પેનો મુખ્યત્વે પાર્કર, શેફર્સ, વૉટરમૅન, માઉન્ટબ્લાન્ક અને સ્વિસ પેનો અને બૉલપેનો લોકપ્રિય છે, જેની કિંમત રૂ. ૬,૦૦૦થી રૂ. ૧૫,૦૦૦ સુધીની હોય છે. પરંતુ અમુક જાતની પેનો જે દુર્લભ રીતે બનાવાઈ હોય, જેની બનાવટનો જોટો ન હોય અને જે બનાવવા માટે અદ્યતન અને અવનવાં સાધનો વપરાય તેની કિંમત એટલી મોંઘી હોય છે કે જેનો આપણને ખયાલ સુધ્ધા ન આવે. પાર્કર પેનના નિર્માતાઓએ પાર્કર ચંદ્ર પેન બનાવી જેની કિંમત ૧૮,૫૦૦ પાઉન્ડ હતી. આ પેન અવકાશયાત્રીએ અપૉલો ૧૫ થકી ભેગી કરેલી ચંદ્ર ઉપરની રેત અને સોનાના રજકણો ભેળવી ટિટૅનિઅમથી બનાવી. 'પાર્કર ૭૫' પેન અમેરિકન અવકાશયાત્રી જ્હૉન ગ્લેને જે રૉકેટમાં અવકાશયાત્રા કરી હતી તેના અવશેષના ટુકડામાંથી બનાવી, જેના ઉપર આનો ઉલ્લેખ કરાયો. આની કિંમત ૧૮,૦૦૦ પાઉન્ડ રખાઈ.

જાન્યુઆરી ૨૦૦૦માં પાર્કરે પાર્કર ૬૦ નામની દુર્લભ સોનાની પેન az ટેક અમેરિકન ઇન્ડિયન ડિઝાઈનવાળી બનાવી જે ૫૫,૨૦૦ પાઉન્ડમાં વેચાઈ.

બૉન હમ્સ ગ્રૂપ નામના લીલામકારોએ ૨૦૦૦ની

(અનુસંધાન પૃ. ૮૮૦ પર)

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

હવે અમદાવાદને અલવિદા કરવાનો વારો આવ્યો. શ્રી મફતલાલ ગગલભાઈના પુત્ર શ્રી પ્રાણસુખભાઈએ પિતાજીને નડિયાદની ધ ન્યૂ શૉરોક મિલ્સનું મેનૅજરપદ સંભાળવા પ્રસ્તાવ મૂક્યો અને અમારું સમગ્ર કુટુંબ નડિયાદ પહોંચી ગયું. ત્યાંનો વૈભવ કંઈક ઑર હતો. મોટો બંગલો, મોટર, વિક્ટોરિયા ગાડી, પહેરાવાળા, નોકર-ચાકર, રસોઈયો. આમ, એક નવી દુનિયામાં જવાની મજા પડી ગઈ. અમદાવાદમાં ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ થયો હતો તેથી નડિયાદમાં ચોથા ધોરણમાં મ્યુનિસિપલ સ્કૂલમાં મને દાખલ કરવામાં આવી. શાળાની નજીક ગરબડદાસની ચવાણાની દુકાન હતી એટલે મને તો મજા પડી ગઈ. રિસેસમાં સારું એવું જાતજાતનું ચવાણું ઝાપટી જાઉં.

શાળામાં એક શિક્ષિકા ભણાવતાં જેમનું નામ હતું ધૂળીબહેન. નામ પરથી સમજાઈ જાય કે બી.સી. વર્ગમાંથી તેઓ આવતાં હશે. તે સમયે શિક્ષિકાઓને નાનું બાળક હોય તો શાળામાં સાથે લઈ જવાની છૂટ હતી. ત્યાં ઘોડિયાં પણ હતાં. હવે એક દિવસ આ અમારાં ધૂળીબહેનનું બાળક રડવા ચડ્યું એટલે મને તેમણે કહ્યું કે નીચે જઈને બાળકને રમાડ. આપણો સ્વભાવ ભાઈ કંઈક અલગ હતો એટલે તરત જ જવાબ આપી દીધો કે હું શાળામાં ભણવા આવું છું, બાળક રમાડવા નહીં. બહેનનું અપમાન કરવાનો મારો કોઈ ઇરાદો નહોતો, પરંતુ હક્કના સંસ્કારો પિતાજીએ વારસામાં આપ્યા હતા. પરિણામ શું આવ્યું ખબર છે ? એક બે તમતમતા તમાચા ગાલ પર ડિઝાઈન પાડી ગયા, પણ આપણે તો ટસના મસ ના થયાં તે ના જ થયાં.

હું ચોથા ધોરણમાં પાસ થઈ ગઈ અને શાળા છોડી. કારણ ત્યાં ગવર્નમેન્ટ હાઈ સ્કૂલ હતી, જ્યાં પાંચમાં ધોરણમાં પ્રવેશ



મોગલકોટ ગવર્નમેન્ટ હાઇસ્કૂલ (નડીયાદ)

મેળવ્યો. પાંચમું ધોરણ એટલે તે સમયે અંગ્રેજી ફર્સ્ટ સ્ટૅન્ડર્ડ ગણાતું. ફર્સ્ટથી સાતમાં ધોરણ સુધી ભણવાનું અને સાતમા ધોરણમાં મૅટ્રિકની પરીક્ષા આપવાની અને પાસ થયા પછી કૉલેજ તરફ પગરણ માંડવાનાં. પિતાજી ચરોતરના પાટીદાર હોવા છતાં અમને બંને બહેનોને સહશિક્ષણવાળી ગવર્નમેન્ટ હાઇ સ્કૂલમાં દાખલ કરી. ત્યાં અંગ્રેજી, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગણિત, ગુજરાતી, સંસ્કૃત, ડ્રૉઈંગ આમ જુદા જુદા વિષયો હતા અને આ બધા જ વિષયો ભણાવવામાં આવતા. વિજ્ઞાનની તો મોટી લૅબોરેટરી હતી. ડ્રિલ માટે મોટો અલાયદો ઓરડો વિશાળ કૉમ્પાઉન્ડમાં હતો. વર્ગો પણ વિશાળ હતા. છોકરીઓ માટે અલાયદો ઓરડો હતો જેને ગર્લ્સ રૂમ કહેવામાં આવતો, જ્યાં રિસેસમાં અથવા ફ્રી પીરિઅડમાં છોકરીઓ બેસી શકે. ગર્લ્સ રૂમમાં કૅરમ, પત્તાં વગેરે રમતો રમવાની વ્યવસ્થા પણ હતી. ઉપરાંત બૅડમિન્ટન રમવાની સગવડ હતી. દરરોજ શાળા શરૂ થતાં પહેલાં કવિ નાનાલાલનાં કાવ્યની પ્રથમ કડી વર્ગમાં ઊભા રહી હાથ જોડી ગાવાની. તેની પ્રથમ પંક્તિ હતી: 'પ્રભો અંતરયામી જીવન જીવના દીનશરણા.' આ પ્રાર્થના પૂરી થયા બાદ વર્ગો શરૂ થાય.

મેં આ શાળામાં પ્રવેશ મેળવ્યો. તે સમયે જે અંગ્રેજી ચોપડી ફર્સ્ટ સ્ટૅન્ડર્ડમાં ચાલતી હતી તેના એક પાઠના શરૂઆતના બે વાક્યો હજુ પણ મને યાદ છે. આ વાક્યો હતાં : 'John goes to market. John buys rice.' વર્ગમાં ક્યારેક ભણવાનો કંટાળો આવે ત્યારે પાણી પીવાનું બહાનું કાઢી શિક્ષકની પરવાનગી માગું 'May I go out, sir' અને પરવાનગી મળતાં લેડીઝ રૂમમાં જઈ પાંચેક મિનિટ ગાળી પાછી વર્ગમાં પરત ફરું. દરેક વર્ગમાં સુંદર અક્ષરોથી ભીંત પર ડ્રૉઈંગપેપર્સ પર સુવાક્યો લખેલાં જોવાં મળે, જેવાં કે 'Honesty is the best policy', 'Work is worship', 'Health is wealth', 'Knowledge is power'. આવાં વાક્યોની અસર કિશોરાવસ્થાથી સરસ પડી જે જીવનમાં ખૂબ ઉપયોગી બની ગઈ છે. જીવનવ્યવહારમાં આ મહામૂલાં સૂત્રો જેવાં વાક્યો મદદરૂપ થઈ પડે છે.

પિતાજી કડક સ્વભાવના હતા. તેથી માત્ર શાળામાં થોડું તોફાન કરવાનો મોકો મળી જતો. જો કોઈ શિક્ષક રજા પર હોય તો વર્ગ લેવાય નહીં અને અમે લેડીઝ રૂમમાં બેસી રમતો રમીએ. આ રૂમનું બારણું ઉઘાડીએ અથવા બંધ કરીએ ત્યારે વિચિત્ર અવાજ કરતું એટલે તે અવાજ બંધ કરાવવા મેં યુક્તિ કરી. ફ્રી પીરિઅડ હોય ત્યારે બારણું ઉઘાડવાસ કરું અને મોટેથી બોલું ચ...ક...ર...ડી, એટલે કે 'ચકરડી'. વારંવાર આવું બનતા નજીકમાં આવેલી પ્રિન્સિપાલની રૂમમાંથી આચાર્યશ્રી બહાર

નીકળી લેડિઝ રૂમ તરફ આવતા જણાયા અને એ જોતાની સાથે બીજા બારણેથી હું છૂ થઈ ગઈ. પરંતુ બારણામાંથી આવતો પેલો અવાજ આચાર્યશ્રીએ તેલ મુકાવી બંધ કરાવી દીધો. આમ ધીંગામસ્તી કરવાની મજા પડતી.

એક વાર શનિવારે નોટિસ આવી કે શાળા છૂટ્યા બાદ બધા વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં એકઠા થવાનું છે. આ નોટિસનો અમલ થયો ત્યારે અમે જોયું કે અમારા આચાર્ય દોશીસાહેબ વિજ્ઞાનની લૅબોરેટરીની આગળ ઊંચા ઓટલા પર આવીને ઊભા. સાથે બે વિદ્યાર્થીઓ હતા, જેમનાં નામ હતાં ભાઈલાલ અને શાંતિલાલ. અમને થયું કે આ બંનેનું કંઈક સન્માન કરવાનું હશે. પણ તમે જાણશો કે કેવું સન્માન થયું ત્યારે દંગ રહી જશો. આ બંને વિદ્યાર્થીઓ શાળાની સરકારી હૉસ્ટેલમાં રહેતા નહોતા પણ સાંજે ત્યાં રહેતા વિદ્યાર્થીઓ સાથે રમવા જતા. તેઓનો હેતુ રમવા કરતાં ચોરીનો વધારે હતો અને ચોરી કરતાં ઝડપાઈ ગયા હતા. હૉસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ સાંજે મેદાનમાં રમવા જાય ત્યારે પોતાની રૂમને આગળો મારીને જતા, તાળું મારતા નહીં. હવે આ બે નબીરાઓ એ તકનો લાભ લઈ ક્યારેક તેમની રૂમમાંથી કંઈક ચોરી જતા. આ ચોરો કોણ છે તેમને પકડવા આચાર્યશ્રી જેઓ હૉસ્ટેલના બંગલામાં રહેતા હતા તેમણે યુક્તિ કરી. વિદ્યાર્થીઓ રમવા ગયા ત્યારે ફક્ત બે રૂમને આગળો વાસ્યો અને એ રૂમમાં બે વિદ્યાર્થીઓને ખાટલા નીચે સંતાઈ જવાનું કહ્યું. બીજાં રૂમોને તાળાં મારી દીધાં. આ યુક્તિ પાર પડી અને શાંતિલાલ તથા ભાઈલાલ પકડાઈ ગયા. આ બંનેને જાહેરમાં શિક્ષા કરવાની હતી. તેથી મેદાનમાં બધાંને એકઠાં કર્યા હતાં. બંનેના હાથમાં નેતરની સોટી ચમચમ પડવા લાગી, ભાઈલાલે પગે લાગી માફી માગી. પણ શાંતિલાલે નામ પ્રમાણે શાંતિથી સોટીઓ ઝીલવામાં કચાશ ના રાખી. આ પ્રસંગની વિદ્યાર્થીઓ પર ઊંડી છાપ પડી હતી. સંસ્કાર-સીંચનનો આ પાઠ જિંદગીભર સ્મૃતિપટ પર છવાયેલો રહ્યો છે.

મારી શાળામાં મારી સાથે મારા વર્ગમાં વિમળા નામની એક છોકરી ભણતી. તેના પિતા અમારી શાળામાં શિક્ષક હતા, અને માતા સાવકી હતી જે તેને સારી રીતે રાખતી નહોતી. શનિવારે સવારની શાળા હોય અને રવિવારે રજા હોય. આ બે દિવસો વિમળા માટે કષ્ટદાયક હતા. તે મારી પાસે બળાપો કાઢે કે સાવકી મા શનિ-રવિ આખો દિવસ ઘરનું કામ કરાવશે. મને તેના પ્રત્યે બહુ લાગણી થાય પણ શું કરું ? એક વખત સ્કૂલમાં નાનકડો ડબ્બો મીઠાઈ ભરીને વિમળા લાવી અને આનંદથી બોલી કે તેના વિવાહ અમદાવાદમાં થયા અને સાસુ મીઠાઈ લઈને આવ્યાં છે ને તે મીઠાઈ વિમળા ખાસ મારે માટે લાવી હતી. ખૂબ ખુશખુશાલ દેખાતી હતી. અમે આનંદથી ભેગાં બેસી મીઠાઈ ખાધી. બીજી બધી છોકરીઓ તેને 'થોબડકાકા' કહેતી હતી. તેથી બીજાંને તેણે કશી જ વાત કરી નહીં. પણ કુદરતની ક્રૂરતા એવી કરુણ નીકળી કે તેનાં લગ્ન થયાં બાદ થોડા દિવસમાં તેનું મૃત્યુ થયું. આ સમાચાર જ્યારે મને મળ્યા ત્યારે હું અત્યંત દુઃખી થઈ ગઈ. તે કાળે મેં શાળા છોડી દીધેલી હતી. આ કરુણતાસભર વાત જ્યારે કોક વાર યાદ આવે છે ત્યારે વિમળા મારા મન પર છવાઈ જાય છે. ખેર, કેટલીક વ્યક્તિઓના ભાગ્યમાં દુઃખ ડેરાતંબુ તાણીને સજ્જ બેઠું હોય છે.

શાળામાં ઇન્સ્પેક્શન માટે શ્રી એલ.આર.દેસાઈ આવતા. એક વાર તેઓ આવેલા અને ઇન્સ્પેક્શન પત્યા બાદ આચાર્યશ્રીની રૂમમાં બેઠા હતા ત્યારે શિક્ષકોએ મને એક વાક્ય શિખવાડી તેમની પાસે મોકલી અને શિક્ષકો રૂમના પાર્ટિશન પાછળ શું ચર્ચા થાય છે તે સાંભળવા ઊભા રહ્યા. હું રૂમમાં રજા લઈ પ્રવેશી અને બોલી,'We want a holiday in honour of your visit'. દેસાઈસાહેબ મારી સામે જોઈ રહ્યા અને બોલ્યા કે તમારા શિક્ષકે તમને કહ્યું હશે કે દેસાઈસાહેબની હાજરીમાં શિક્ષક અમુક સવાલો પૂછશે તેના જવાબ તમારે આ રીતે આપવાના ! પાર્ટિશન પાછળ ઊભેલા શિક્ષકો ગભરાયા કે જો આ છોકરી કંઈક ઊંધું બાફશે તો નોકરી જવાની કે બદલીની સંભાવના ઊભી થશે. પરંતુ મારો જવાબ સાંભળી સહુ ખુશ થયા. મેં કહ્યું : 'સર, અમારા શિક્ષક અમને શા માટે એવું શીખવાડે ? અમે જાતે જ બધુ વાંચીને તૈયાર થઈને આવ્યાં હતાં.' આ સાંભળી દેસાઈસાહેબ ખુશ થયા અને રમૂજમાં બોલ્યા, 'આજે મારી મુલાકાત માટે નહીં પણ તારા જવાબ માટે કાલે જરૂરથી રજા આપવામાં આવશે.' આમ, શિક્ષકો માટે મને માન બહુ હતું. રૂમમાંથી બહાર નીકળી ત્યારે શિક્ષકોએ મારો બરડો થાબડ્યો. આજે એ દૃશ્ય નજર સમક્ષ ખડું થાય છે. જીવનભર શિક્ષક પ્રત્યે આદર રાખવાનું શાળામાંથી હું શીખી. શિક્ષકો માટે મને ખૂબ માન હતું અને રહ્યું છે.

વળી બીજો એક પ્રસંગ યાદ આવી જાય છે. એક વાર બીજા કોઈ ઇન્સ્પેક્ટર ઇન્સ્પેક્શન માટે સ્કૂલમાં આવ્યા, નામ તો અત્યારે યાદ નથી આવતું. તે સમયે અમારે ડ્રૉઈંગનો પીરિઅડ હતો. તેઓ અમારા વર્ગમાં આવ્યા અને એક વિદ્યાર્થીને બોલાવી કહ્યું કે તે એક વાર્તા કહે -જે સાંભળી વિદ્યાર્થીઓએ ચિત્ર દોરવાનું છે. પેલા વિદ્યાર્થીએ વાર્તા માંડી કે એક રાજા હતો. તેને સાત રાણીઓ હતી અને તેમાં એક અણમાનીતી હતી. ત્યાં ઇન્સ્પેક્ટરે વાર્તા અટકાવી અને ચિત્ર દોરવાનું કહ્યું. ભારે મુશ્કેલી અમારે માટે થઈ. પાંચ મિનિટનો સમય આપ્યો તેમાં રાજાનો મહેલ, સાત રાણીઓ, તેમાં એક અણમાનીતી બધું દોરવાનું. ભારે મુશ્કેલી ઊભી થઈ પણ

સદ્‌નસીબે રિસેસનો ઘંટ વાગ્યો અને એ પરિસ્થિતિમાંથી અમે ઊગરી ગયાં. ત્યાર બાદ શિક્ષકે પેલા વિદ્યાર્થીને ધમકાવ્યો કે ચિત્ર દોરાય તેવી વાર્તા કહેવાય, રાજારાણીની નહીં.

મારી શાળામાં એક શિક્ષક હતા. આજે તેમને યાદ કરું છું ત્યારે મનોમન વંદન કરું છું. તેમની અટક દલાલ હતી. તેથી અમે સહુ તેમને દલાલસાહેબ કહેતાં. તે અમારા ક્લાસ ટીચર હતા. શાળા શરૂ થતાં પહેલાં 'પ્રભો અંતરયામી જીવન જીવના દીનશરણા' આ પ્રાર્થનાની ચાર પંક્તિ દરેક વર્ગમાં ગવાતી. મારા વર્ગના વિદ્યાર્થીઓ ક્યારેક તોફાન કરતા. હવે તે જોઈએ કે કેવું તોફાન કરતા. દલાલસાહેબ કાને બહેરા હતા તેથી સાંભળી શકતા નહીં. તેમનો વિષય સંસ્કૃત હતો. વિદ્યાર્થીના હોઠના હલનચલનથી તેઓ તે શું બોલે છે તે સમજી શકતા. પ્રાર્થના કરતી વખતે તેઓ આંખો બંધ રાખતા. એક વાર વિદ્યાર્થીઓને મસ્તી કરવાનું મન થયું અને પ્રાર્થનામાં તે તોફાનને પ્રગટ કર્યું. તેમણે પ્રાર્થનામાં શું ગાયું છે તે સાંભળવું છે ? તો સાંભળો. એક જૂથ ગાય 'વંદે માતરમ્' બીજું જૂથ ગાય 'ખીસ્સાં કાતરમ્'. અમે તો ડઘાઈ ગયાં. દલાલસાહેબ બંધ નેત્રે પ્રાર્થના ગાયે જતા હતા. બે દિવસ આ મસ્તી ચાલી પણ ત્રીજા દિવસે બાજુના વર્ગખંડમાંથી શિક્ષકે આવી લખીને બતાવ્યું કે વિદ્યાર્થીઓ શું ગાય છે. ત્યાર બાદ તેઓ આંખો ખુલ્લી રાખીને પ્રાર્થના ગાય અને વિદ્યાર્થીઓનાં મુખ પર નજર ફેરવે. તેમની આંખો ઉચ્ચાર સમજવામાં ખૂબ પાવરધી હતી. સંસ્કૃતમાં ૧૦૮ કારિકાઓ આવતી તે અમારે ગોખવી પડતી. દલાલસાહેબ કારિકાઓ બોલનાર વિદ્યાર્થીના હોઠ પર નજર રાખે અને જો ભૂલ થાય તો તરત અટકાવી વિદ્યાર્થીનું ધ્યાન દોરે. આ તેમને મળેલી કુદરતી બક્ષિસ હતી. આવા દુર્લભ શિક્ષકના હાથ નીચે ભણવાનો મને લ્હાવો મળ્યો તેથી આજે પણ હું તેમને ભૂલી શકતી નથી. લાંબો કોટ, સફેદ ધોતિયું અને માથે ટોપી પહેરેલા દલાલસાહેબ આ લખી રહી છું ત્યારે મારી નજર સમક્ષ ઉપસ્થિત થયેલા દેખાય છે. આપણે તેમને કંઈક કહેવું હોય તો હથેળીમાં બીજા હાથની આંગળીથી શબ્દો લખીએ તો પણ તેઓ સમજી શકતા હતા. જ્યારે તેમના દીકરાનાં લગ્ન થયાં ત્યારે બૅન્ડવાજાં મંગાવેલાં પણ તેઓ સાંભળી શકતા નહોતા તેથી રડી પડેલાં. આ નાજુક ક્ષણની યાદ અત્યારે પણ મને ભાવવિભોર બનાવી દે છે.

હવે આપણે બીજી વાત તરફ વળીએ. નડિયાદમાં અમને ઘેર ભણાવવા માટે એક શિક્ષક આવતા, જેમનું નામ હતું મણિલાલ. જ્ઞાતિએ વણિક હતા પણ પટેલોની વસ્તીમાં રહેતા તેથી તેમના શબ્દોમાં પટેલોની ભાષાની છાંટ વરતાતી. તેઓ એક કવિતા ગાઈને શિખવાડતા તો સાંભળો એ કવિતાની બે પંક્તિ : 'મા મને ચૉંદલિયો વ્હાલો, મા મારા ગજવામાં ઘાલો' આ પટેલ ભાષાની છાંટ 'ચૉંદલિયો' (સાચો ઉચ્ચાર ચાંદલિયો) શબ્દ સાંભળી અમને હસવું આવતું પણ અમે બહેનો પરાણે હસવું ખાળી એકબીજાં સામે જોઈ મલકાતાં, કારણ હસીએ તો પાછી શિક્ષા થાયને ? એમના ગયા પછી નાચતાંકૂદતાં 'ચૉંદલીયો વ્હાલો' એ શબ્દો બોલી પેલા ખાળી રાખેલા હાસ્યના ફુવારાને ઊડવા દઈએ. તેઓ સાંજે ભણાવવા આવતા. કેટલીક વાર શાળાએથી સાંજે સિગરામ ગાડીમાં ઘેર પરત આવતાં હોઈએ ત્યારે રસ્તામાં મણિલાલ માસ્તરને જોઈએ ત્યારે મારી મોટીબહેન મને કહે કે સાહેબને ગાડીમાં બેસાડી દઈએ; પણ હું ના પાડું. કારણ જાણવું છે ? અમારી શાળામાં કોઈ નાસ્તાના ડબ્બા રિસેસમાં ખાવા માટે લાવતું નહીં. તે સમયે તેવો રિવાજ નહોતો. કોક વાર પૈસા હોય તો બહારથી લાવીને ખાઈ શકાતું. સવારે જેમતેમ જમીને નીકળ્યાં હોઈએ તેથી સાંજે કકડીને ભૂખ લાગી હોય તેથી જો સાહેબને ગાડીમાં બેસાડી લઈએ તો ઘેર મા તરત ભણવા બેસવાની ફરજ પાડે. પેટમાં કુરકુરિયાં બોલતાં હોય પણ શું થાય ? તેથી સાહેબ આવે તે પહેલાં ગાડીમાં પહોંચી નાસ્તો કરી લઈએ એટલે શાંતિથી ભણી શકાય !

હવે અમારી ઘોડાગાડીની વાત પર આવું. અમારી અંગત એક વિક્ટોરિયા ગાડી અને લાલ ઘોડો હતો, જે અમે અમદાવાદથી નડિયાદ લઈ ગયેલાં. મિલ તરફથી એક સિગરામ ગાડી અને એક વિક્ટોરિયા ગાડી તથા શ્વેત ઘોડો મળેલાં - મૅનેજરની રૂએ. અમે ગામબહાર રહેતાં હતાં અને શાળા ગામની મધ્યભાગમાં હતી. અમારે શ્વેત ઘોડાથી જોડાયેલી સિગરામ ગાડીમાં શાળાએ જવા-આવવાનું. સિગરામ ગાડી જોડે લાલા ઘોડો જોડાય નહીં, કારણ કે તે યુવાન હતો અને તોફાની બારકસ હતો તેથી તેને વિક્ટોરિયા ગાડી સાથે જ જોડાય. શ્વેત ઘોડો ઘરડો હતો તેથી ધીમો ચાલતો પણ તેની એક વિચિત્રતા હતી. રસ્તામાં જો પાણીનો મોટો રેલો સડક પર જુએ તો ઊભો રહી જાય. ગાડીવાન અલીમિયાં ગમેતેમ કરે પણ ચાલે જ નહીં. છેવટે મિયાં નીચે ઊતરી લગામ પકડી પાણીનો રેલો પાર કરાવે પછી જ ઘોડાભાઈ આગળ પ્રયાણ કરે. અમને આમાં ખૂબ ગમ્મત પડતી.

અમારી શાળામાં દર વર્ષે વાર્ષિક કાર્યક્રમ યોજાતો જેનું નામ હતું ગૅધરિંગ. આ કાર્યક્રમમાં પ્રાર્થના, નૃત્ય, ગરબા, નાટક વગેરે ભજવાતા. એક વખત મારે કાર્યક્રમની શરૂઆતમાં પૂજાનૃત્ય કરવાનું હતું. તે સમયે 'રાધિકા' નામની ફિલ્મ ચાલતી હતી જે નૃત્ય પર આધારિત હતી અને તેમાં નલિની જયવંત નામની ઍક્ટ્રેસના નૃત્યના જુદા જુદા પોઝના ફોટા

વર્તમાનપત્રોમાં આવતા. હું બારણું બંધ કરી તેવા પોઝની પ્રૅક્ટિસ કરતી. ઘરમાં પૂજાનૃત્યની વાત અમે બંને બહેનો સિવાય કોઈ જાણતું નહોતું. એક વખત અમે બહેનો આ બાબતની વાતચીત જમતી વખતે કરતાં હતાં ત્યારે અમારો રસોઈયો સાંભળી ગયો અને પિતાજીને ચાડી ખાધી કે કમાબહેન (મારું નામ કમલા પણ બધાં મને કમાબહેન કહેતાં) શાળાના પ્રોગ્રામમાં નાચ કરવાનાં છે. આ 'નાચ' શબ્દ કેટલો બેહુદો હતો! પિતાજીનો મિજાજ નાચ શબ્દથી આસમાને પહોંચ્યો. મને બોલાવી પૂછપરછ કરી. મેં કહ્યું કે હું પૂજાનૃત્ય કરવાની છું. પણ ફરમાન થયું કે જો તું એકલી નૃત્ય કરવા સ્ટેજ પર આવીશ તો તારો હાથ પકડી ઘેર લઈ જઈશ. આ તો મુસીબત થઈ! શાળામાં સાહેબને વાત કરી. પરિણામે મારી બે બાજુ પાંચ પાંચ છોકરીઓને એક જ પ્રકારની ઍક્ટિંગ કરવાની અને વચ્ચે મારે નૃત્ય કરવાનું એવો નિર્ણય લેવાયો.

જ્યારે કાર્યક્રમ શરૂ થયો ત્યારે પ્રથમ હરોળમાં બેઠેલા પિતાજીને જોતાં મારા તો મોતિયા મરી ગયા. જેમ તેમ નૃત્ય કરી નાંખ્યું અને પ્રથમ ઇનામ ગુમાવ્યું, આશ્વાસન ઇનામ મળ્યું પણ પ્રથમ ઇનામની અપેક્ષા હતી તે ના ફળી. પિતાજી જડ નહોતા, પણ નડિયાદ પાટીદાર જ્ઞાતિનું છ ગામમાં સારું ગામ કહેવાતું તેથી સ્ટેજ પર છોકરી એકલી નૃત્ય કરે તો પરણાવવાની તકલીફ ઊભી થાય. આવી રૂઢિચુસ્તતા તે સમયે હતી અને પિતાજી તે રૂઢિચુસ્તતાનો શિકાર બની ગયા હતા; કારણ તેમને ચાર દીકરીઓને પરણાવવાની હતી.

બીજો એક પ્રસંગ યાદ આવે છે. નડિયાદમાં બધી સ્કૂલોની નૃત્ય, ગરબા, નાટક, એકપાત્રીય અભિનયની હરીફાઈ હતી. ગરબામાં અમે બંને બહેનોએ ભાગ લીધેલો. આ કાર્યક્રમ ગામની બીજે છેડે આવેલી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં યોજાવાનો હતો. રાત્રે આઠ વાગ્યાથી બાર વાગ્યા સુધી યોજાવાનો હતો. કાર્યક્રમ બે દિવસ ચાલવાનો હતો અને અમારો ગરબો બીજા દિવસે હતો. પ્રથમ દિવસે અમને બંને બહેનોને કાર્યક્રમ જોવા મોટરમાં મોકલી. દસ વાગ્યા એટલે મોટીબહેન ઘેર જવા ઉતાવળી થઈ પણ મારે અમારી શાળાનો એક વિદ્યાર્થી છાયાનૃત્ય કરવાનો હતો, જેના ગીતની પંક્તિઓ હતી 'પેલા પંખીને જોઈ મને થાય, એના જેવી જો પાંખ મળી જાય, તો આભમાં ઊંચે ઊંચે ઊડ્યાં કરું.' આવું છાયાનૃત્ય નડિયાદમાં પ્રથમ વખત જ યોજાયું હતું તેથી અમે જોવા રોકાયાં, અને ૧૧ વાગ્યે ઘેર પહોંચ્યાં! બસ, આવી બન્યું અમારું. પિતાજી ગૅલરિમાં વાઘની જેમ આંટા મારતા હતા. અમને તથા ડ્રાઈવરને ધમકાવી કાઢ્યાં, પણ ડ્રાઈવર બિચારો શું કરે? અમે પિતાજીને ઘણું સમજાવ્યા પણ નિષ્ફળતા મળી. રાત્રે જ માબાપે નિર્ણય કર્યો કે માતાએ અમને બંને બહેનોને લઈ મોટરમાં અમારે ગામ સોજિત્રા જવું, જેથી કાર્યક્રમમાં જઈ ના શકીએ. અમે ઘણું વિનવ્યાં કે અમારે ગરબો ગાવાનો છે તથા ગરબામાં ઘૂમવાનું છે. પણ પિતાજી એમ માને તો ને? અમારે સોજિત્રા જવું પડ્યું. પણ શું થાય? પાટીદારની નાતમાં જન્મ લેવો એટલે અધિકાર-વિહીન જીવન જીવવું પડતું. પિતાજી આમ તો સુધારકવૃત્તિ ધરાવતા હતા, પણ જ્ઞાતિએ તેમને સંકુચિત બનાવી દીધા હતા. જ્યારે સ્કૂલમાં પાછા ફર્યા ત્યારે શિક્ષકો તથા બીજી વિદ્યાર્થિનીઓનો કેટલો ઠપકો સાંભળવો પડ્યો! અમે સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ અમારી ઉપર પસ્તાળ પડી. શું થાય? લાચાર હતાં.

મારું ડ્રૉઈંગ સરસ હતું તેથી તેની એલિમેન્ટરી અને ઇન્ટમીડિએટ પરીક્ષા આપવા માટે ડ્રૉઈંગ શિક્ષકે મને વાત કરી. મને તો આ ખૂબ ગમ્યું, પરંતુ ઘરમાંથી રજા ના મળી; કારણ કે સ્કૂલ છૂટ્યા પછી ડ્રૉઈંગ ક્લાસ ભરવાના હતા. આચાર્યશ્રીએ પિતાજીને પત્ર લખ્યો કે રિસેસ દરમિયાન તેઓ ડ્રૉઈંગ શિખવાડવાની વ્યવસ્થા કરશે તથા તેની ફીના રૂ.૫ પણ સ્કૂલ તરફથી ભરવામાં આવશે. પરંતુ જક્કી પિતાજીનો જવાબ નકારાત્મક મળ્યો. મારા એ ઓરતા અધૂરા રહ્યા. પણ મોટી થયા પછી મેં ડ્રૉઈંગ જાતે જ શીખવાની પ્રૅકટિસ કરી અને આજે પણ ડ્રૉઈંગ કરી આનંદ મેળવું છું. (ક્રમશઃ)

અનુસંધાન] યુરોપાયન [પૃ. ૮૬૮ થી

બરાબર સાવધ કર્યા હતા.

રોમનું કૉલૉઝીઅમ એટલે વિશ્વનો સૌથી પહેલો અને મોટો શાહી ઉપક્રમથી તૈયાર થયેલ અખાડો. કૉલૉઝીઅમ આજે તો વિશાળ વર્તુળાકાર સ્થાપત્ય ધરાવતા ત્રણ માળનું ખંડિયેર જેવી અવસ્થામાં છે. તેની દીવાલ, બારીઓ, બધું જ ખંડિત થયેલું છે ને કાળના ઘસારા તેના પર પૂરેપૂરા દેખાય છે. એની બારીઓની આસપાસમાં ખાડા દેખાઈ આવે છે. તેમાં રોમન સામ્રાજ્યના સમયમાં લોખંડ કે એવી ધાતુના જે સળિયા, બોલ્ટ વગેરે એની મજબૂતી અને પકડ માટે બાંધકામમાં વપરાયા હતા, તે બધા લોકો ઉઠાવી ગયા છે. એક વખત એના કઠેડાઓ પાસે બેસીને ઑગસ્ટથી નીરો તેમજ બારીમાંથી અમીરો, સુભટો અને નગરવાસીઓ મળીને ત્રીસેક હજાર લોકો એની અંદરના વિશાળ ગોળાકાર મેદાનમાં ખૂંખાર મલ્લયુદ્ધ જોતા હતા. માનવી અને જંગલી પશુઓની વચ્ચેની લોહિયાળ લડાઈ જોતા હતા. તેવા જીવંત માહોલથી ભર્યાભર્યા વાતાવરણનો મુલાકાતીને અત્યારે તો ભાગ્યે જ ખયાલ આવે. નેપૉલિયન અને મુસોલિનીના સમયમાં માનવ-માનવ વચ્ચેની લોહિયાળ લડાઈનાં પ્યાદાં બનનાર હતાં! (ક્રમશઃ)

ઉત્સવ

પન્ના ત્રિવેદી

બધા વિચારોને અંતે એને એક જ રસ્તો દેખાયો - આપઘાત !

બે દિવસ પહેલાં એના મનમાં એક સવાલ ઊઠ્યો હતોઃ 'શું કરવું છે આગળ હવે ?' અને એ સવાલ સાથે જ એના હાથમાંથી કાચની બરણી છટકી. રસોડામાં નાના-મોટા કાચના ટુકડાઓ પડેલા હતા. એની સામું ટગર ટગર જોઈ રહી - એક કરચ સુધ્ધાં નહોતી વાગી અને આ પગ આટલો લોહીલુહાણ શેનો થઈ ગયો ?

એ થાંભલાની જેમ ઊભી જ રહી - સ્તબ્ધ ! કાચના ટુકડાઓની જેમ વેરવિખેર જિંદગીને સમેટવાનો કોઈ રસ્તો નથી, સિવાય કે આપઘાત ! એ છટકબારી ગમી ગઈ ને જરા 'હાશ' અનુભવાઈ ત્યાં તો મન ચિત્કારી ઊઠ્યું; 'આપઘાત ? છટ્.... કાયર ! સાઠ વટાવ્યાં પછીય આવો બેહૂદો વિચાર આવે છે ? હા... હા... તે આવે જ ને ? આવી શકે. સાઠે બુદ્ધિ નાઠી તે આનું નામ ! સાંભળ્યું નહોતું, નાનપણમાં મા શું કહેતી હતી તે ? એક વાર આપઘાત કર્યો એટલે સાત-સાત જનમ સુધી બસ આમ આપઘાતે જ મરવાનું... એવા કમોતે મરવાનું ગમશે ?'

... ગયો, ગયો... એ માનો જમાનો ને સાથે એની વાતો. હું એ બધું નથી માનતી. આ તો ફાસ્ટ જમાનો. ના ફાવે એટલે તમારી પાસે મોત સિવાય કંઈ ચારો જ નહિ. 'બસ ત્યારે, ફાઇનલ. હું તો આપઘાત કરવાની જ.' એ સ્વગત બોલી.

બપોરે સૂવા માટે આડી પડી. આમ તો એને ઊંઘવા જોઈએ જ. કંઈ વધારે નહિ તો દસ મિનિટ. ઊઠ્યા પછી કંઈ તાજપ લાગે ને કંઈ કામેય સૂઝે; પણ ચિર નિદ્રામાં પોઢી જવાનું એક વાર વિચારી લીધું પછી આ નાની-મોટી ઊંઘ કંઈ લેવાય ? અને એ 'હફ્' દઈને ઊભી થઈ ગઈ. સાથે એક સવાલ ઊભો થઈ ગયો - 'ક્યારે ?'

એણે કેલેન્ડર સામું જોયું તો પાનાં 'ફડફડ' ઊડતાં હતાં. મનમાં એક પ્રશ્ન ઊપસી આવ્યો - 'લ્યા, મરવાની તો હું છું, પછી તમે શાનાં બી મરો છો ?' એનાથી હસી પડાયું. આંખે ચશ્માં ચઢાવ્યાં - 'કયો વાર છે આજે ? હં.... શનિ... કાલે રવિ ને પ'મ દા'ડે સોમ... હા, શંકરદાદાનો વાર જ અનુકૂળ... ફાઇનલ.'

બેચેની કપડાંની જેમ વીંટળાઈ વળી.

એણે પેપર વાંચવા લીધું - 'શું કરવું છે પેપર વાંચીને હવે ? ના જોઈતું ટેન્શન. આ મરવાનું ટેન્શન ઓછું છે તે પાછું...' મન બોલી ઊઠ્યું.

'ધત્ ! મરવાનું તે કંઈ ટેન્શન ઓછું જ કહેવાય ? એ તો મુક્તિ છે મુક્તિ... ને ધ્યાન રહે, ફરીથી 'મુક્તિ'ને 'ટેન્શન'નું નામ આપ્યું છે તો ! જોઈએ તો ખરા કે આપણાથીયે કોઈ બદતર જિંદગી જીવે છે કે ! કંઈ નહીં તો એક સંતોષ ખાતર !'

એની નજર જમણી બાજુ નીચે સ્થગિત થઈ. એક કંપારી છૂટી ગઈ. એના ગયા પછી દીકરો-વહુ કંઈક આવું જ લખશે : 'વિદાય એવી લીધી કે અમારું મન માનતું નથી. તમારો નિખાલસ અને હસમુખો ચહેરો સદાય અમારા હૃદયમાં રહેશે. તસવીર અમારા હૃદયમાં છે. પરમ કૃપાળુ પરમાત્મા તમારા પરમ આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના... સોમવારના રોજ દેવલોક પામ્યાં છે... ઈશ્વરને ગમ્યું એ ખરું !' બે-ચાર વખત એ શબ્દો તેણે મનમાં મમળાવી જોયા, અને બબડી;

'ઈશ્વરને નહિ, સુમનને જે ગમ્યું તે ખરું...' એણે આંખો મીંચી. એ કાળા અંધકારમાંય જાણે ઉદાસીનો કાળો રંગ જુદો જ તરી આવતો હતો.

કોઈ કંઈ જ સમજતું નથી. કોઈને કશી જ પડી નથી હોતી બીજાની. જડસુ લોકો સાલા ! જીવનના ઉત્સવની તો જાણે બાદબાકી જ સમજો. આટલાં વર્ષો સુધી જિંદગીના ધીખતા રણમાં પોતે કાફલો લઈને ચાલતી રહી ને સાવ અચાનક જાણે કાફલાએ અટકાવીને પૂછ્યું હતું - 'તું કોણ છે ?' પોતાની હયાતીની નોંધ માટે માણસે જાતે પ્રયત્ન કરવા પડે, આભ ફાટી જાય એવી રાડો નાખવી પડે તેના કરતાં તો...

ગળે ડૂમો ભરાયો. સાથે અસંખ્ય યાદોનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. તે દિવસે એના હાથે કાચની બરણી તૂટી ગઈ'તી. ત્યાં તો વહુ સુલભા હાંફળી-ફાંફળી રસોડામાં ધસી આવેલી; 'મમ્મી, કંઈ વાગ્યું તો નથી ને ?' મનમાં એવી તો ટાઢક વળી... થયું કે આ બુઢ્ઢીની ચિંતા કરનારું કોઈક તો છે. પણ પાછળના શબ્દોથી પોતાનો પ્રિય ભ્રમ ભાંગી ગયો હતો; 'જરા હળવે હાથે કામ કરીએ. કંઈ ખાટુંમોળું નથી થઈ જવાનું. કલાક મોડું થશે એટલું જ ને ? નકામી હાયપીટ કરવાની !'

શબ્દોનો હડસેલો આટલો તીવ્ર હોય છે એ ય પહેલી વાર ભાન થયું, જાણે રસોડામાં પહેલવહેલી પેઠી હોય એમ. આટલા ઊંચા સાદે તો કદી 'એ' પણ નથી બોલ્યા, ને આજકાલની આવેલી વહુ આવું બોલી ગઈ ? વહુનું તો શું ? એ તો બોલે. પારકી કે'વાય. પણ માજણ્યા દીકરાએ જ્યારે કહેલું;

'હા... સુલભા ઠીક જ કહે છે.'

ત્યારે પહેલી જ વાર માતૃત્વની પીઠ પર એક ધબ્બો વાગ્યો. એ આઘાત ઓછો હોય એમ પાછું મનમાંથી એ

લાલઘૂમ પીઠ પર ચાબૂક ફટકારતા શબ્દો સંભળાયા;

'જોયું ને ?' તે દિવસે વહુથી કૉફીની શીશી ફૂટી ગઈ'તી ત્યારે વહુને કેવો વાણીનો પ્રસાદ ચખાડેલો ? યાદ આવ્યું ? માણસ છે. થાય, એનાથી પણ ભૂલો તો થાય, જેવી આજે તારાથી થઈ એવી...'

મનને દાબી દેવાના સઘળા પ્રયાસો નિષ્ફળ ગયા. ત્યારે લાગ્યું કે શું એ પોતાને તો નહિ છેતરી રહી હોય ! એ પછી તો આંતર-બાહ્ય મનનું એક દ્વંદ્વયુદ્ધ શરૂ થઈ ગયું. 'એ' પણ કેવા બદલાઈ ગયા છે ? નહિ તો સાંજે ફરવા જતી વખતે દસ વાર પૂછશેઃ 'ચાલ, આજે નવી જગ્યા બતાવું. તું તૈયાર થાય છે ને ?' પણ એક વાર પોતે કીધેલું, 'ના, થાકી જવાય છે.' બસ, પત્યું ! જવાબમાં 'સારું' કહીને ચાલવા માંડેલા. સ્હેજ ફરીથી કહી જોયું હોત તો... એ આવવાની જ હતી. પણ એમણે આગ્રહ પણ ના કર્યો ? અરે, પાછળ ફરીને એક વાર પણ જોયું નહિ ? લાગણીઓ સાવ શુષ્ક બની જતી હશે ? કે પછી પોતે જ સાવ જડ ? આ બધું ઉપરછલ્લું ? આવો વિશ્વાસઘાત ? આવી છલના ?

અને અવળચંડા મનમાંથી અવાજ આવ્યોઃ

'તે શું કામ જુએ? એમને એમ કે ઘરની જવાબદારીઓથી હવે તું થાકી જાય છે. એમને તારી કંઈ ખબર નથી એમ થોડું જ છે કંઈ ?... ને તે દિવસે કેટલાં કાલાંવાલાં કર્યા'તાં તને ? કેટલા હેતથી સાથે આવવા કહેતા હતા... પણ તું ? હરખઘેલા તારા સખીસંવાદમાંથી બહાર નો'તી આવી. એમની આશાભરી નજર સામું જોયું પણ નહિ ? ને હવે શું કામ છે તારી સામું જોઈને ? જોયું ને, કેવું થાય છે પોતાના પર વીતે ત્યારે...'

'ચલ હટ્... ચૂપ કર સાલ્લા...' પોતાનું જ મન બીજાનો બચાવ કરવા લાગ્યું ? એનાથી મૂંગી ચીસ પડાઈ ગઈ. થયું કે આ મનને એક વાર કાઢીને દૂરદૂરના પ્રદેશોમાં ફેંકી આવે. એક પીડા સળવળી ઊઠી. પોતાની અને મનની વચ્ચે દીવાલ ચણી દેવાનો બાલિશ વિચાર આવ્યો. ખરી રીતે તો આ વેદના પણ છેલ્લી છેલ્લી જ હતી ને ? એણે પોતાને સમજાવવા માંડ્યું - બે દિવસ ખુશ રહેવાનું. કોઈને લેશમાત્ર અણસાર આવવો જોઈએ નહિ. મરી ગયા પછી પસ્તાશે. કંઈક કરી જવાનું. કહેશે કે મા હતી તો સારું હતું. એ લોકોય શું યાદ કરશે. આમ નાની નાની વાતોમાં અકારણ રડવા બેસાય કંઈ ? આપણને એવી અપેક્ષા બંધાય કે દીકરો-વહુ એમની સાથે લઈ જવા ખાલી ખાલી પણ પૂછે... પણ એ હરે-ફરે. એમનો સમય છે. ના પૂછે તો કંઈ નહિ ! ભોગ લાગ્યા એમના. આપણે આપણી ફરજ બજાવી જાણવાની.

એણે બાકી રાખેલાં કામ યાદ કર્યાં. હરડે ખાંડવાની બાકી હતી. 'એમને' હરડેના ચૂરણ વગર ના ચાલે. જોઈએ જ. એ ય ખલાસ થવા આવ્યું છે. ખાલી શીશી જોઈને બૂમો પાડશે. પોરનું અથાણું તો પોર જ ખાલી થઈ ગયું. વહુને શીખવાડતી જાઉં. એના અથાણામાં બહુ બરકત નહીં ને નિલય એના પર ખિજાશે. કહેશે કે મમ્મી પાસે બેસીને શીખી લેતી હોય તો ?

આવું આવું વિચાર્યા પછી કેવું સારું લાગતું હતું ! એ હસી. એનું હાસ્ય જાણે ઊંડી ખીણમાં ફેંકાયું અને પીડાભર્યા અસંખ્ય પડઘાઓ એકાએક ધસી આવ્યા.

કેરી લાવવા બજાર જવાનું હતું. એણે ચંપલ પહેર્યાં અને ઢીલા મોંએ બહાર નીકળી. એક વાક્ય ધીમેથી સરી પડ્યું, 'બજારની રોનક જોઈ અવાશે છેલ્લી વાર !'

સુલભાથી પુછાઈ ગયું , 'ક્યાં જાવ છો, મમ્મી ?'

જોયું તો સુલભા જીભ કાઢતી પોતાને મનોમન કોસતી ઊભી હતી. આમ તો એને 'ટોકવા' ઝાટકી નાખી હોત ! પણ કોણ જાણે કેમ એવું કશું થઈ શક્યું નહીં. કહ્યું:

'બસ, બજારમાં... કેરી... અથાણા માટે...' તૂટક વાક્યો બોલાયાં ને એની પાછળ ચાલવા લાગ્યાં. કોણ જાણે કેમ આજે બજારની ભીડ એક મેળા જેવી લાગી. એણે કામ પતાવ્યું ને પાછી વળતી હતી ત્યાં જ પીઠ પર કોઈનો હાથ મુકાયો. એ ચમકી. પછી થયું - હવે ચમકવાનું શેનું ?

સામે નીરુ ઊભી હતી. ઔપચારિક વાતો થઈ. નીરુનું સુકાઈ ગયેલું શરીર જોઈને એનાથી પુછાઈ ગયેલું:

'કેમ કંઈ બહુ નંખાઈ ગઈ છે ? તબિયત તો સારી છે ને ?'

એણે ભારેખમ થેલીને પગ પાસે મૂકી.

'તબિયતનું તો શું, સમજ્યા ભૈ. પણ તેં સાંભળ્યું નહિ કંઈ ? મારો સગો દીકરો થઈને ઘરબા'ર કાઢી મેલી... ને ધણી વગર હવે આવા દિવસો જોવાનો વારો આવ્યો છે. તો ય જીવવું પડે છે. છૂટકો જ ક્યાં છે ? તું તો બહુ નસીબદાર. તારે તો રામ જેવો દીકરો... વહુ પણ કહ્યાંમાં... તારા ધણીને ય તારી જબરી ફિકર... બીજું શું જોઈએ બઈ માણસને ?' એના ઓશિયાળા શબ્દો અદશ્ય થઈ ગયા.

એક ગજબની લાગણી ઊપસી આવી - 'બીજું શું જોઈએ બઈ માણસને ?' આંખોમાં હર્ષની ચમક આવી. રોમરોમમાં એક થનગનાટ વ્યાપી ગયો. એના કોમળ મનમાં વાક્યો ભીંજાઈ રહ્યાં હતાં - 'મોટા ઉપાડે મરવા નીકળી. એવું તો શું થઈ ગયું છે કે મરવું પડે ? મરવા માટેય કોઈ વાજબી કારણ તો જોઈએ જ ને ? ગઈ હોત તો જીવનનો ઉત્સવ કોણ માણવાનું હતું ?'

અને એકાએક ભારેખમ થેલી સાવ હલકી થઈ ગઈ ! □

'રગ્મનામા' હસ્તપ્રતમાં સુવર્ણનગરી દ્વારકાનું આલેખન

ડૉ. આર. ટી. સાવલિયા

ઓખામંડળમાં આવેલી દ્વારકાનગરી તીર્થધામ તરીકે ઘણી પ્રાચીન ગણાય છે. જામનગર જિલ્લાના એક તાલુકા અને ચારધામ પૈકી એક ધામ તરીકે દ્વારકા પ્રસિદ્ધ છે. પ્રાચીન સમયમાં તેનાં વિવિધ નામ હતાં: કુશસ્થલી, દ્વારાવતી, ઉષામંડળ, ઓખામંડળ. વર્તમાન દ્વારકામાં પ્રાચીન સ્થાનો પૈકી ત્રૈલોક્યસુંદર જગતમંદિર, ગોમતી તટનાં મંદિરો, સિદ્ધેશ્વર, ભદ્રકાળી, રુક્મિણીમંદિર, શ્રી દ્વારકાધીશ મંદિરસમૂહ, શંખનારાયણ તેમજ બેટ શંખોદ્ધારમાં આદિનારાયણ, ગોપીમંદિર ઉપરાંત નાગેશ્વરમાં જ્યોર્તિલિંગ તથા બરડિયા, ભાવડા, ગોપ અને બેટમાં આવેલી પુષ્ટીમાર્ગીય બેઠકો તથા શંકરાચાર્ય અને શારદાપીઠ વિશેષ પ્રસિદ્ધ છે.



વર્તમાન દ્વારકા-દર્શન પછી આ વૈભવી અને સંસ્કાર નગરીનું પ્રાચીન સ્વરૂપ - કૃષ્ણની દ્વારકા - કેવું હશે તે જાણવાની જીજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. આ માટે આપણી પાસે સાહિત્યિક અને પુરાવશેષીય એમ બે પ્રકારની સાધન-સામગ્રીઓ ઉપલબ્ધ છે, જેનાં આધારે અનેક વિદ્વાનો અને સંશોધકોએ આ નગરીનું અધ્યયન-સંશોધન કર્યું છે. જેના પરિણામે આપણી સમક્ષ દ્વારકા વિશે વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે છતાં જીજ્ઞાસુવૃત્તિથી મનમાં એમ થાય કે કૃષ્ણની 'સુવર્ણ દ્વારકા' કેવી હશે? એમના પરમ ભક્તો દ્વારા વર્ણવાયેલ તથા પૌરાણિક કથાનકોમાં આપેલ વર્ણનો વાંચતા કૃષ્ણની સુવર્ણની દ્વારકા માનસપટ પર ઊપસી આવે છે. આ વર્ણનો એટલાં સચોટ અને કાવ્યાત્મક છે કે, આપણે જાણે એ સુવર્ણનગરીમાં વર્ણન મુજબ મહાલતાં હોઈએ એવો અનુભવ થાય છે. જ્યારે એમનાં પરમ ભક્તોને આવી અનુભૂતિ થઈ હોવી જોઈએ, તો જ તેઓ આવાં સચોટ વર્ણનો દ્વારા એનું ચિત્ર ઉપસાવી શકે.

શ્રીકૃષ્ણના જીવનને ક્રમબદ્ધ જાણવા માટે પુરાવશેષીય - સામગ્રી કરતાં સાહિત્યિક સામગ્રી વધુ ઉપયોગી નીવડી છે, જેમાં મહાભારત, પુરાણો વગેરેમાં કૃષ્ણના ચરિત અંગે વિસ્તૃત માહિતી મળે છે. એ પહેલાંના ગ્રંથોમાં પણ શ્રીકૃષ્ણ અંગે છાંદોગ્ય ઉપનિષદ, તૈત્તિરીય આરણ્યક, પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણસૂત્રોમાં થોડાઘણા

ઉલ્લેખ મળે છે. ભારતવર્ષનાં ઇતિહાસ અને સંસ્કૃતિના વિકાસમાં શ્રીકૃષ્ણ વાસુદેવનાં જીવન અને કાર્યોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શ્રીકૃષ્ણ ભારતીય એકાત્મકતા અને રાષ્ટ્રબિંદુ હતા, યુગપ્રવર્તક અને યુગપરિવર્તક પણ હતા. પવિત્ર ભારતભૂમિ પર એઓ એક માનવ તરીકે જન્મ્યા હતા, પરંતુ એમનાં કાર્યો દ્વારા એ 'મહામાનવ' બન્યા અને હિંદુ જનસમાજે એમને 'પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા' તરીકે પ્રતિષ્ઠિત કરી દીધા.

ભારતીય કલા, જેમાં ખાસ કરીને ચિત્રકલામાં, શ્રીકૃષ્ણ હંમેશાં આકાર બદલતા પ્રેમીના મુખ્ય પાત્ર તરીકે તેજસ્વી અને સ્વર્ગીય આનંદ સાથે દેખાય છે. તેમનો આછો વાદળી ચહેરો ઈશ્વરના અનંત સ્વરૂપનો સંકેત આપે છે. તેનાં પીળાં વસ્ત્રનો રંગ સાવધ અને શુદ્ધ તેજોમય છે. રાધા અને શ્રીકૃષ્ણની એકબીજાં માટેની સ્વાર્થરહિત માનવભક્તિનું રૂપાંતર આ ચિત્રકલામાં છે.

કલા-વિવેચકો માને છે કે રાજપૂત ચિત્રકલાનો પ્રારંભ ૧૫મી સદીમાં રાજા કુંભાના સમયમાં કાશ્મીર અને લઘુચિત્રશૈલી એ બંનેના સમન્વયથી થયો. ૧૬મી-૧૭મી સદીમાં આ શૈલીનો વિકાસ મુઘલ ચિત્રકલા - કારીગરોને લીધે થયો. ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં આ શૈલીની કલમો લાગી અને ૧૮મી સદીમાં તે બધી શૈલીઓ ખીલી ઊઠી. એમ કહેવાય છે કે જો મુઘલ શૈલી ભારતમાં જન્મી ન હોત તો આપણને રાજપૂત ચિત્રકલાની સુંદરતા પ્રાપ્ત થઈ ન હોત.

મુઘલ ચિત્રશૈલી ભારતની અન્ય ચિત્ર શૈલીની પરંપરાથી અલગ તરી આવે છે. આ ચિત્રશૈલીમાં કેન્દ્રસ્થાને ઈરાનની રાજવંશીય પરંપરાઓ અને જીવનશૈલી પ્રતિબિંબિત થતી નજરે પડે છે. જ્યારે ભારતીય ચિત્રશૈલીની પરંપરાનાં કેન્દ્રમાં મુખ્યતઃ કથાવસ્તુમાં હિંદુસંસ્કાર અને માન્યતાઓ વિશેષ પ્રતિબિંબિત થાય છે. ક્યારેક તેમાં પ્રણયકથાના અંશો પણ દૃષ્ટિગોચર થતા હોવા છતાં ધાર્મિક ભાવના કે સુંદરતા ઓછી થતી નથી.

અન્ય ઇસ્લામિક રાષ્ટ્રોની તુલનામાં ભારતમાં મુઘલકાલ દરમિયાન લઘુચિત્રશૈલી વિશેષ વિકાસ પામી, જેનું શ્રેય અકબર બાદશાહના ફાળે જાય છે. મૂર્તિપૂજાની સાથે સંકળાયેલ ચિત્રશૈલી પ્રત્યે જે નકારાત્મક અભિગમો રૂઢિચુસ્ત મુસલમાનોને હતો, તે અભિગમ બદલી અકબરે હકારાત્મક બનાવી, ચિત્રશૈલીને અનેક ગણું પ્રોત્સાહન આપ્યું. આમ, મૂર્તિપૂજા સાથે ચિત્રશૈલી સંયુક્ત રીતે વિકસી.

આ માટે અકબરની આ સમજની અભિવ્યક્તિ તેના અનેકવિધ આદેશોમાં પડઘાતી જોઈ શકાય છે : 'કેટલીય વ્યક્તિઓ ચિત્રકલા પ્રત્યે નફરત ધરાવતી હોય છે. આવા મનુષ્યો સામે મને આદર નથી. ઈશ્વર સાધના યા સાક્ષાત્કાર અંગે ચિત્રકારો માટે આ ચિત્રકલા પણ એક અનુપમ માધ્યમ છે, એવું હું માનું છું. ચિત્રસાધના એ ચિત્રકાર માટે ઈશ્વર સાથે તાદાત્મ્ય સ્થાપવાનું અમોઘ શસ્ત્ર છે, એવો મારો મત છે. ચિત્રને આબેહૂબ તથા જીવંત બનાવવા અથાગ પ્રયત્ન દરમ્યાન એકાગ્રતા ઉદ્ભવે છે અને તે સમયે ચિત્રકાર પોતાનું અસ્તિત્વ ભૂલી જઈ તેમાં જ તન્મય થતાં જીવન પ્રદાન કરનાર પ્રભુ સાથે એને એકત્વની અનુભૂતિ થવા માંડે છે અને તેમાં જ તે તત્ક્ષણ વિલિન બની જાય છે. આમ, ચિત્રકલા એ ઈશ્વરની અનુભૂતિ માટેનું એક અમૂલ્ય અને સહજ માધ્યમ બની રહે છે.'

અકબરની આ ઉદાર સમજદારીને કારણે તેના સમય દરમ્યાન અનેક હિંદુ સાહિત્યના અનુવાદો, અને તેના પરથી ચિત્રોનું નિર્માણ થયું. આમાં 'અલ-બિરુનિનું ભારત' અને રશિદ-અદ-દીનના 'વિશ્વનો ઇતિહાસ'ને પણ ચિત્રિત સ્વરૂપ આપવામાં આવ્યું.

સ્થાપત્યો અને અન્ય બાકી ક્ષેત્રોમાં પણ આરબ ચિત્રકલા પ્રતિબિંબિત થતી જોવા મળે છે એટલું જ નહિ, પણ ઈરાનની લઘુચિત્રકલા અનોખી ભાત પાડે છે અને વખત જતાં તે ભવ્ય બનતી ગઈ. આ સંદર્ભમાં મહાભારતના કૃષ્ણ પ્રસંગોને હિંદુ ચિત્રકારોએ (ઈ.સ. ૧૫૯૫) મુઘલ શૈલીએ તૈયાર કર્યાં. આ ચિત્રો સાથે ૧૬મી સદીના અંતભાગમાં 'રઝ્મનામા'નાં ૨૪૦ જેટલાં ચિત્રો કૃષ્ણલીલાને લગતાં પણ તૈયાર થયાં હતાં, જે જયપુરના સિટી પૅલેસ મ્યૂઝીઅમમાં છે. આમાંનાં કેટલાંક ચિત્રો બોસ્ટનના ફાઈન આર્ટ મ્યૂઝીઅમમાં સંગ્રહાયાં છે.

અત્રે પ્રસ્તુત સુવર્ણનગરી દ્વારકાનું ચિત્ર 'રઝ્મનામા' હસ્તપ્રતમાંનું છે, જે અકબરના સમયનું ૧૬મી સદીના અંતભાગનું છે. હાલ આ ચિત્ર ફ્રિયર ગૅલેરી ઑવ્ આર્ટ, વૉશિંગ્ટનમાં સંગ્રહાયેલું છે. આ સિવાય આવાં ત્રણ લઘુચિત્રો મેટ્રોપૉલિટન મ્યૂઝીઅમમાં છે, જે મૂળ રઝ્મનામાની હસ્તપ્રતમાંનાં હોવાનું મનાય છે. જોકે આ ચિત્રોની શૈલી ઉપરોક્ત પ્રથમ ચિત્રની શૈલી કરતાં થોડી જુદી પડે છે. તેથી પ્રથમ ચિત્ર કરતાં થોડા પાછળના સમયમાં આ ત્રણ ચિત્રો તૈયાર થયાં હોવાં જોઈએ. એમ મનાય છે. જો કે જયપુર મ્યૂઝીઅમમાંથી પ્રાપ્ત ચિત્રો સાથે આ ઘણું સામ્ય ધરાવે છે. આ બધાં ચિત્રોના સર્જનનો કાળ, જાન્યુઆરી, ૧૫૮૯ (Rabi'I) ૯૯૭, પછી અથવા તે દરમ્યાન તૈયાર થયાં હોવાં જોઈએ એવું મંતવ્ય છે. આ ચિત્રો ફૈઝી દ્વારા આલંકારિક શૈલીનાં લખાણોને આધારે તૈયાર થયેલાં છે. જો કે, તેની શરૂઆતનો પ્રારંભિક હિસ્સો ફૈઝીના ભાઈ અબુલ ફઝલ દ્વારા તૈયાર કરવામાં આવેલ. આ નિર્દેશ ખૂદ અબુલ ફઝલે પોતે કરેલ છે. તેથી આ

ચિત્રો ઈ.સ. ૧૫૯૫-૯૬ દરમ્યાન તૈયાર થયાનું જણાય છે.

ભગવાન શ્રીકૃષ્ણના આદેશ અન્વયે નવી દ્વારકાનગરીની રચના થઈ, તેનું આલેખન કરતું આ ચિત્ર છે. જરાસંઘના મથુરા ઉપરના ભયંકર આક્રમણ અને વખતોવખતની રંજાડથી ત્રાસીને શ્રીકૃષ્ણે મથુરાભૂમિ ત્યાગી દ્વારકામાં વસવાટ શરૂ કર્યો. તે સમયે કૃષ્ણનો રાજ્યાભિષેક દ્વારકાની સુવર્ણનગરીમાં યોજાયેલો અને તે વખતે આ શ્યામવર્ણી કૃષ્ણે પીતાંબર ધારણ કરેલ તેમજ તેમના મોટાભાઈ બલરામ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. અન્ય મહાનુભાવો આ શુભ પ્રસંગે અનેક બહુમૂલ્ય ભેટ-સોગાદ ધરતાં આ ચિત્રમાં આબેહૂબ દર્શાવાયા છે. આ ચિત્રની પશ્ચાદ્‌ભૂમિમાં મહાસાગરનાં આહ્‌લાદક, શાંત નીર સ્પષ્ટ જોઈ શકાય છે. નગરની આગળના ભાગે મુખ્ય પ્રવેશદ્વાર પાસે એક ગોપાલક ગાયોને દોરી લાવતો અને તેને દ્વારકાનગરી તરફ નિમંત્રિત કરતાં બે ગ્રામજનો પણ નજરે પડે છે તે બતાવે છે કે મથુરામાંથી જરાસંઘના ત્રાસથી ભાગી, દ્વારકાના સુરક્ષિત સ્થાને તેઓ સ્થળાંતર કરી આવી રહ્યા છે. દ્વારકાનગરીનાં અન્ય મહેલો અને ધર્મસ્થાનોમાં વિવિધ પ્રવૃત્તિમાં રોકાયેલા સેવકોમાં અનેરો આનંદ અને ઉત્સવનો ભાવ સ્પષ્ટ નિહાળી શકાય છે.

જયપુરમાંથી પ્રાપ્ત થયેલ હસ્તપ્રતમાં દ્વારકાનગરીના ચિત્રમાં નગરના આગળના ભાગમાં અનેક વૃક્ષો અને બગીચાઓનું ચિત્ર આલેખાયું છે. આથી ફ્રિયરના લઘુચિત્રની તુલનામાં આ લઘુચિત્રમાં દ્વારકાનગરીનું ચિત્રણ વિસ્તૃત સ્વરૂપે દર્શાવેલું નથી. તેમ છતાં આ બંને લઘુચિત્રોમાં આ સિવાય સામ્ય જળવાઈ રહ્યું છે. તેમાં ગાયને દોરતો ગોવાળ તથા અન્ય આકૃતિઓનું ચિત્રણ યથાવત્ જોવા મળે છે.

રઝ્‌મનામાની હસ્તપ્રતમાંના ચિત્રમાં ઉપરોક્ત બધી વસ્તુઓનું ચિત્રણ હોવા છતાં, તેમાંથી જે દૃશ્યભાવ ઉત્પન્ન થવો જોઈએ તે પૂરેપૂરો થતો નથી. ચિત્રની પશ્ચાદ્‌ભૂમિના ચિત્રણ કરતાં આગળની ભૂમિનું ચિત્રણ વિસ્તૃત રીતે કરેલું છે. સ્થાપત્યની તુલનામાં પણ તેની સપ્રમાણતા જળવાઈ નથી. એટલે થોડેઘણે અંશે તે બેહૂદું લાગે છે. જો કે, આ બધી ક્ષતિઓનું નિવારણ, પાછળથી દોરાયેલાં અન્ય લઘુચિત્રોમાં દૂર કરવા પ્રયત્ન કરેલ છે. તેમાં પશ્ચાદ્‌ભૂમિમાં કૃષ્ણનું સ્વરૂપ નાનું દર્શાવવા છતાં તેનું મહત્ત્વ યથાવત્ જાળવી રાખેલ છે. ઉપરાંત દ્વારકાનગરીનું દૃશ્ય પણ આબેહૂબ ચીતરવામાં આવેલ છે. દ્વારકાનગરીના દરવાજા, દીવાલો, મહેલોની અટારીઓ, મંદિરના ઘુમ્મટો, તેના પરનું સુશોભન તથા ભૌમિતિક આકારો, સેવકોનાં વસ્ત્રપરિધાન અને મસ્તક પરની પાઘડીઓ તેમજ ચોક્કસ પ્રકારના રંગોની પસંદગી વગેરેમાં ઈરાની ચિત્રશૈલીની અસર સ્પષ્ટ વર્તાય છે. છતાં ચિત્રમાં જોવા મળતો દરબારી ઠાઠ અને સુવર્ણનગરી દ્વારકાનું ચિત્રણ સિદ્ધહસ્ત કલાકારની સફળતા અને ભક્તિભાવ દર્શાવે છે.

હવે ધારો કે અહીં જ પ્રાગૈતિહાસિક દ્વારકા હતી અને આપણને મહાભારત, હરિવંશ ઈત્યાદિમાં આપેલ વર્ણનો જોતાં થાય છે કે, આ દ્વારકા એક ભવ્ય નગર હશે, એમાં ધોરી રસ્તા હશે, મોટાં અટારીઓવાળાં ઘર હશે, મહેલો હશે, ચારે તરફ ફરતો કોટ હશે અને આ કોટમાંથી જવા-આવવાને માટે દ્વારો હશે. આમ, હરિવંશમાં વર્ણવેલી દ્વારકાનું એક ચિત્ર આંખ આગળ ઊપસી આવે છે.

સાહિત્યિક સાધન-સામગ્રીને તપાસીએ તો દ્વારકા વિશે મહાકાવ્યો અને પુરાણોનો વિશેષ આધાર મળે છે. મહાભારતના આદિપર્વ-સભાપર્વ સમુદ્ર વિશે મૌન સેવવામાં આવ્યું છે. આરણ્યકપર્વમાં દ્વારકા ફરતી ખાઈનો અને દ્વારકામાં આવવા-જવા માટે હોડકાંનો ઉપયોગ થતો હોવાની વિગતો મળે છે. સૌપ્તિક તથા મૌસલપર્વ અને પછી હરિવંશ - વિષ્ણુપુરાણ - ભાગવતપુરાણ વગેરેમાં સમુદ્રનો દ્વારકા સાથેનો સ્પષ્ટ સંબંધ બતાવ્યો છે.

હરિવંશના પ્રાચીન ભાગમાં દ્વારકાનિવેશ પ્રસંગે એનું કાવ્યાત્મક વર્ણન અને ત્યાં વિશ્વકર્માને હાથે શ્રીકૃષ્ણના મહાલયનું સર્જન વગેરે આપણી સમક્ષ એક એવું ચિત્ર ખડું કરે છે કે કર્તાઓ પ્રત્યક્ષ જોઈને નહિ, કે જોયું હોય તો જેવું હોવું જ જોઈએ તેવું નહિ, પણ કાવ્યત્વથી ભરપૂર બનાવ્યું છે. 'જ્ઞાતાધર્મકથા' વગેરેમાં પણ આવી જ સ્થિતિ નજરે પડે છે. વિષ્ણુપુરાણ અને તેને પગલે પગલે ચાલી રચાયેલું ભાગવતપુરાણ હકીકતમાં હરિવંશના પ્રાચીન ભાગને અનુસરેલાં છે. હરિવંશમાં નથી તે મૌસલ પર્વના અનુસંધાનમાં સમુદ્રે દ્વારકાને ડુબાડી દીધાનું ઉપરના બંને પુરાણ કહે છે. પરંતુ મૌસલપર્વમાં નથી તે 'વાસુદેવગૃહ-ભગવદાલય' માત્ર બચી ગયું તે વાત આ બે પુરાણોમાં વિકસે છે.

સંસ્કૃત સાહિત્યમાં માઘકૃત 'શિશુપાલ-વધ'ની ગણના થાય છે. એ મહાકાવ્ય કવિના નામ પરથી 'માઘ-કાવ્ય' તરીકે વધારે પ્રસિદ્ધ છે. તેમાં દ્વારાવતી નગરીનું સુંદર અને વિસ્તૃત વર્ણન કરેલું છે. માઘનો સમય ઈ.સ. ૭મી સદીના ઉત્તરાર્ધનો ગણાય છે.

પુરાવશેષીય સાધન-સામગ્રીની દૃષ્ટિએ જોઈએ તો હાલની દ્વારકામાં આવેલ શ્રીદ્વારકાધીશનું મંદિર ઊંચામાં ઊંચું સ્થળ છે. આ મધ્યવર્તી સ્થળેથી દૂર જઈએ તો વસ્તી ઓછી થતી જાય છે. આવા ભૌગોલિક નિરીક્ષણ પરથી બે અનુમાન

(અનુસંધાન પૃ. ૮૮૦ પર)

હું જાઉં, ખુદા હાફીઝ !...

ડૉ. કિરીટ વૈદ્ય

'બસ, બહુ થયું !'

'હજુ થોડું... પણ આટલામાં જ બસ કેમ ?'

'ના બસ !... હવે બહુ થયું !

'કેમ થાકી ગઈ ? હજુ તો આપણે શરૂ જ કર્યું છે !'

'બસ, આજે એક જ રાઉન્ડ બસ છે.'

'સારું તો ચાલ રોકાઈએ.'

'હાશ થોડો થાક ઉતારીએ.'

'ચાલ પેલા બાંકડં બેસીએ... કાકરિયાની પાળ સામું મોઢું રાખી તળાવનું સૌંદર્ય જોઈએ.'

'તું મને કેટલો પ્રેમ કરે છે ?'

'કિલોગ્રામમાં કહું કે સેન્ટિમીટરમાં ?'

'મજાક ના કર. હું સીરીયસલી પૂછું છું !'

'પ્રેમસાગરમાં સીરીયસ ના થવાય, લાઇટલી જ રહેવું જોઈએ. તો જ તરતાં ફાવે. નહીં તો ડૂબી જવાય.'

'બસ, હવે ફીલોસોફી ફાડવાની રહેવા દે. બતાવ તો જો હું કેવી લાગું છું ?'

'હોલસેલમાં કહું કે રીટેઇલમાં કહું ?'

'હવે તો મને લાગે જ છે કે ગયા જનમમાં તું વેપારી જ હોઈશ ! મજાક કરું છું... ચાલ હવે જલ્દી બતાવ. જેવી તને હું લાગું, વ્હાલા, એવી જ મને કહેજે.'

'તારી આંખો... આ... હા... હા... સૂર્યોદય વેળાનું સાગરદર્શન ! મન થાય છે કે બસ તેમાં ડૂબતાં ડૂબતાં તર્યા જ કરીએ ...!'

'પહેલાં કાંકરિયામાં તો ડૂબકી મારી જો. તે દિવસે તળાવમાં જરાક પગ રાખ્યો હતો તેમાં તો... અ... હા... હા... કેટલું ઠંડુ પાણી છે... કહી ને તરત પગ ઊંચા લઈ લીધેલા... અને પંદર દહાડા સુધી શરદીમાં પટકાયેલો એ જુદું !'

'પ્રિયે, તારા આ મુલાયમ વાળ... જાણે અષાઢી વાદળી ! બસ એ ઘેરાયા કરે... વરસ્યા કરે... અને તેમાં હું બસ પલળયા જ કરું... ભિંજાયા જ કરું !'

'રહેવા દે હવે... મે મહિનામાં આકાશમાં સફેદ વાદળાં જોયાં, એમાં તો તું બજારમાં જઈને રેઇન કોટ અને છત્રી બંને વેચાતાં લાવી, સાથે ને સાથે રાખી ને ફરતો હતો.'

'તારા આ ગાલ, ડાર્લિંગ, જાણે બે લાલ સફરજન નાકની આજુબાજુમાં ઉગી નીકળ્યા છે !...... તોડવાનું દિલ પણ ના થાય... અને દિલથી તોડું તોડું ... પણ થાય !'

'જાવા દે, હવે મને બરાબર યાદ છે, ગઈ સાલ ભદ્રેશ્વર પિકનીકમાં ગયા હતા ત્યારે મેં એક બોર તોડવાનું કીધેલું એમાં બાર તો કાંટા વગાડી લાવેલો !'

'ડિયર, તારા આ બે હોઠ, જાણે ગુલાબની અડધી ખિલેલી કળીઓ !... બસ સુંઘ્યા જ કરીએ.'

'યાદ છે ? ગઈ સાલ મેં નવરાત્રીમાં માથામાં ગુલાબનું ફૂલ નાખેલું... તેનાથી તેને આવેલી છિંકા-છિંક છેક શરદપૂનમ સુધી ચાલેલી !'

'તારો અવાજ, સનમ, શું કહું ? આ... હા... હા... આંબે અટવાયેલી કોયલનો ટહુકો !'

'મશ્કા ના માર ! તારા સંગીતનો ટેસ્ટ મને ખબર છે. તે દિવસે અલ્તાફ રાજાની કવ્વાલી રેડિયો ઉપર આવતી હતી અને તું ઈલા અરુણ ને હેડકીઓ ઉપર હેડકીઓ ખવડાઈ રહ્યો હતો.'

'બોલ, બોલ તું કહે તો તારા માટે હું જાન પણ આપી દઉં !'

'હમણાં તો બસ, જરા તારો હાથરૂમાલ તો આપ ! મારે પરસેવો લૂછવો છે.'

'તું કહે તો હું હિમાલય ચડીને બતાવું !'

'જા, હું અહીં જ બેઠી છું. પહેલાં સામે દેખાય છે એ વનટ્રી હીલ ઉપર જઈ સાંજ સુધીમાં પાછો તો આવી જો ! અને એ પણ એક શ્વાસમાં !'

'તું કહે તો આકાશમાંથી તારા ચુંટી લાવી તારા માથાની વેણીમાં...'

'પહેલા જરાક નજીક બેસી મને પ્યારથી ગાલ ઉપર એક ચુંટી તો ભરી જો !'

'બોલ બોલ તું કહે તે કરી બતાવું !'

'ના તું નહીં કરી શકે !'

'અરે અવાજ તો કરી જો. તારો હુકમ પૂરો થતાં પહેલાં તો પાલન કરી બતાવું.'

'એમ ? તો લખવા માંડ... હું જે જે કહું તે બધું કરી બતાવવાનું'

'ના ના લખવાની કંઈ જ જરૂર નથી... મને બધું જ કંઠસ્થ રહેશે.'

'જો, હું સવારે ઊઠું એટલે મને પથારીમાં બેડ ટી અને આપવાની !'

'શું... ઉ... ઉ... ઉ... ?'

'પછી, હું જેવી બ્રશ કરીને મોઢું ધોઉં ત્યાં સુધીમાં બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું !'

'હેં... હેં... ?'

'હેં નહીં હા ! હું એરોબીક કસરત કરી લઉં ત્યાં સુધીમાં સોસાયટીના નાકેથી તાજા શાકભાજી ખરીદી લાવવાના...'

'ચાલતા જવાનું કે સાયકલ ઉપર ?'

'એ તારો પ્રોબ્લેમ છે ! અને હા, હું સ્નાન કરી લઉં ત્યાં સુધીમાં મારા માટે ગરમાગરમ નાસ્તો તૈયાર કરવાનો ! સવારનું છાપું વાંચતા વાંચતા મને ગરમ નાસ્તાની ટેવ છે.'

'બીજું કાંઈ ?' નિસાસો નાંખતા નાંખતા...

'સવાર સવારના ટેલીફોન ઉપર હું બહેનપણીઓ સાથે ગુડ મોર્નિંગ કરી લઉં ત્યાં સુધીમાં લંચની તૈયારી કરવાની !'

'જી મેડમ !' ઢીલા પડ્યા સિવાય છુટકો જ નહોતો !

'અને બપોરે શોપીંગ અને કીટી પાર્ટીમાં જાઉં ત્યારે ઘર એકદમ ચોખ્ખું ચટાક સાફ કરી દેવાનું. કપડાં ધોવા વોશીંગ મશીન છે અને એઠા વાસણો માટે ડીશવોશર મશીન છે... ચલાવતા ફાવશે ને ?'

'ઓ... ભગવાન !'

'આ બધા કામ તારે જાતે કરવાનાં ! બિચારા ભગવાનની મદદ નહીં લેવાની ! અને સાંજનું ડીનર રાત્રે આઠ વાગે તૈયાર કરી રાખવાનું.'

'બપોરે રીસેશ મલશે કે નહીં ?' મજાકનો મુડ રાખ્યા સિવાય છુટકો નહોતો !

'રાત્રે સૂતાં પહેલાં મને એક્ષપ્રસો કોફી પીવાની ટેવ છે... અને સૂતાં પહેલાં જરા પગચંપી...'

'આ... આ... આ... આ... !' મેરેથોન બગાસું ખવાઈ ગયું.

'બસ, આટલામાં કંટાળી ગયો ?'

'હાશ, રોજમેળ પૂરો થયો ખરો ! કે હજુ કંઈ હવાલા બાકી છે ?'

'ના... ના, બોલ આ બધું કરવાની તૈયારી છે... તો આપણો પ્રેમ પાકો... અને લગ્ન નક્કી !'

'બહુ થયું હવે ! તારે એક સાચા પ્રેમીની નહિ, એક વગર પગારનો ફૂલટાઈમ ઘરઘાટી જોઈએ છે !'

'આમે ય લગ્ન પછી દરેક પતિ પાર્ટટાઈમ હેલ્પર તો થતો જ હોય છે !'

'સોરી ! મારે કૉલેજનું મોડું થાય છે.. હું જાઉં... ખુદા હાફીઝ !'

'અલવિદા !'

'સાયોનારા !'

'ગૂડ... બા.. ય !' ❑

અનુસંધાન] 'રગ્નામા'.... [પૃ. ૮૭૮ થી

કરી શકાય : (૧) જે સ્થળે મંદિર બંધાયું છે તે બહુ પ્રાચીન વસાહતનું સ્થાન છે (૨) આ સ્થળની નીચે કુદરતી ટેકરો-ખડક છે, જેથી એક-બે સમયની વસ્તીઓ હોવા છતાં ઊંચું લાગે છે.

પરંતુ જ્યારે શ્રી દ્વારકાધીશ મંદિરની બાજુમાં ખોદકામ કરવામાં આવ્યું ત્યારે છ સમયની દ્વારકાના અવશેષ પ્રાપ્ત થયા અને હાલની દ્વારકા તે સાતમી હોવાનું મનાય છે. અહીંથી પ્રાપ્ત મંદિરના અવશેષોમાં જે આમલક પ્રાપ્ત થયું છે તે ચોથી દ્વારકાના પ્રાપ્ત પુરાવાઓને આધારે ૧૦મા સૈકામાં મૂકી શકાય, જ્યારે ત્રીજી દ્વારકાને ૭મા સૈકામાં મૂકી શકાય. વધુ ખોદકામ થતાં અહીંથી પ્રાપ્ત ઍમ્ફોરા નામના માટીના કુંભના ઠીકરાંઓ પરથી બીજી દ્વારકાનો સમય ઈ.સ. પછી ત્રીજા શતકનો ગણવામાં આવ્યો. વધુ ઊંડાઈએ ખોદકામ થતાં બીજી દ્વારકાના ઘરના પાયા નીચેનો થર હાથ લાગ્યો. એમાં જે ઠીકરાં મળ્યાં તેમાં કેટલાંક પર લાલ રંગની સપાટી પર કાળા રંગથી ચિતરામણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના ઠીકરાં રાજસ્થાનમાં રંગ મહાલ, કચ્છ, સૌરાષ્ટ્ર અને વડનગર (ઉ.ગુ.)ના ખોદકામમાંથી મળ્યાં હતાં. આ બધાં ઈ.પૂર્વેના શતકથી ઈ.સ. પછી પહેલા-બીજા શતકનાં મનાય છે. આ સમયે કૃષાણ અને એમના ખંડિયા અને પછી સ્વતંત્ર થયેલા ક્ષત્રપ રાજાઓ રાજ્ય કરતા હતા. આમાં સૌથી પહેલી દ્વારકા આ જ સમયમાં અસ્તિત્વમાં આવી હતી. વળી, છ ફૂટ રેતીનો થર સૂચવે છે કે, આ પહેલી દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ હતી. છેલ્લે સામુદ્રિક ઉત્ખનન અને સંશોધનને લઈને સમુદ્રમાંથી પ્રાચીન દ્વારકાના અવશેષો પ્રાપ્ત થયા છે.

પાલિતાણામાંથી મળેલું ગારુલકવંશના સિંહાદિત્ય રાજાનું તામ્રપત્ર એક વધુ પુરાતત્ત્વીય પુરાવો છે. એનો સમય ઈ.સ. ૫૭૪ છે. એમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, વરાહદાસ બીજો કૃષ્ણ જેવો બળવાન હતો અને એણે દ્વારકાના અધિપતિને જીત્યો હતો. આ પરથી કહી શકાય કે હાલની દ્વારકા આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણની દ્વારકા તરીકે જાણીતી હતી. ❑

અનુસંધાન] વિવિધ લેખનસામગ્રી [પૃ. ૮૬૯ થી

સાલમાં ૧૯૫૧ની વિન્ટેજ પેનનું લીલામ કર્યું. આ ૧૯૫૧-૫૨ની દુર્લભ પાઈલોટ પેન ઉપર બે સોનાના ડ્રૅગનો વીંટળાયેલી ડિઝાઈનમાં હતી. આ પેન ૧,૧૦,૦૦૦ પાઉન્ડમાં વેચાઈ.

તેમણે ૨૦૦૦ના ડિસેમ્બરમાં નામીકી ક્લેન્ટ લાખમાંથી બનાવેલ પેન ઉપર બે સોનાના ડ્રૅગનથી વીંટળાયેલ ડિઝાઈન હતી જે ૧,૮૩,૦૦૦ પાઉન્ડમાં વેચી. આમ, લેખનક્ષેત્રમાં અવનવા પ્રયોગો અને પ્રગતિ સતત થતાં રહ્યાં છે અને રહેશે. અહીં એ સામગ્રીના કેટલાક નમૂનાઓ આપ્યા છે. ❑

એન ફ્રેન્કની રોજનીશી



ભાગ બીજો

અનુવાદ
હિના ગોખલે

મો ટાભાગે ટૉર્ચવાળી પેલી સ્ત્રી-પુરુષની જોડીએ જ પોલીસને માહિતી આપી હશે. એ હતી રવિવારની રાત. એ પણ ઈસ્ટરની. એટલે સોમવારે રજા હતી. અને ઑફિસ બંધ રહેવાની હતી. એનો અર્થ એ થયો કે હવે મંગળવારની સવાર સુધી અમારે હરવા-ફરવાની બંધી હતી. વિચાર કર કે બે રાત અને એક દિવસ હાલ્યાચાલ્યા વિના ધ્રાસકા સાથે અમારે બેસી જ રહેવાનું હતું ! અમારાં મગજ બહેર મારી ગયાં હતાં. અમે ઘોર અંધારામાં બેસી રહ્યાં - ડરમાં ને ડરમાં શ્રીમતી વૅનડાને લાઈટ બંધ કરી દીધી હતી. તદ્દન ધીમે અવાજે અમે એકબીજાં સાથે બોલતાં હતાં અને જરાક પણ અવાજ થયો કે બધાં જ શશ... શશ... કરવા મંડી પડતાં.

સાડા દસ વાગ્યા... અગિયાર વાગ્યા. બધું શાંત હતું. પપ્પા અને શ્રી વૅનડાન વારાફરતી અમારી પાસે ઉપર આવી ને જતા હતા. પછી બરોબર સવા અગિયારે નીચેથી અવાજ આવ્યો. અહીં ઉપર તો બધાંના શ્વાસોચ્છ્વાસનો જ અવાજ આવતો હતો. એ સિવાય કોઈ ન હાલ્યું કે ન ચાલ્યું. નીચે મકાનમાં પગરવ થયો. એ ચાલ્યો ખાનગી ઑફિસમાં પછી રસોડામાં અને પછી.... દાદરા ઉપર. બધાના શ્વાસ અધ્ધર થઈ ગયા. કેવળ આઠ હૃદયના થડકારા સંભળાતા હતા. દાદરા પર પગલાં સંભળાયાં અને પછી કોઈ પેલી ચોપડીના કબાટને હલાવતું હતું. એ ક્ષણને શબ્દોમાં મૂકવી મુશ્કેલ છે.

'હવે આપણું આવી બન્યું.' મને થયું અને પોલીસ અમને પંદર જણાંને ઢસડી જતી હોય એવું દૃશ્ય મારી આંખો સામે ઊભું થયું.

ફરી એક વાર ચોપડીના કબાટ સાથે થતી ખટપટનો અવાજ સંભળાયો. કોઈ ટીનનું ડબલું પડી ગયાનો અવાજ થયો અને પછી કોઈ નીચે ઊતરી જતું હોય એવો અવાજ આવ્યો. અત્યાર સુધી તો ભય ટળી ગયો હતો. બધાંનાં અંગે એક ધ્રુજારી વળી ગઈ. દાંત કડકડવાનો અવાજ આવતો હતો. પણ કોઈના મોંમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ. સાડા અગિયાર સુધી અમે એમ ને એમ બેસી રહ્યાં.

હવે નીચેથી કોઈ જ અવાજ આવતો નહોતો. પણ ચોપડીના કબાટવાળા રમણાની લાઈટ ચાલુ હતી. ખરેખર પોલીસને શંકા ગઈ હશે એટલે લાઈટ મૂકી ગયા હશે કે પછી એ લોકો લાઈટ બંધ કરવાનું ભૂલી જ ગયા હશે ? કદાચ કોઈ લાઈટ બંધ કરવા પાછું આવશે ? થોડી વાર પછી બોલવા જેટલી હિંમત આવી. મકાનમાં તો કોઈ માણસ નહોતું પણ શક્ય છે કે કોઈ બહાર ફરતું હોય. હવે અમે ત્રણ કામ કર્યાં. શું થયું હશે એના તર્ક-વિતર્કો, ડરના માર્યા ધ્રુજવાનું ને સંડાસ જવાનું. બધી જ ડોલ ઉપર પીટરના માળિયે હતી. અમારી પાસે હાલ તો પતરાની કાગળ નાખવાની એક ટોપલી જ હતી. પહેલાં શ્રી વૅનડાન ગયા પછી પપ્પા-મમ્મીને તો શરમ આવતી હતી. પછી પપ્પાએ એ બાજુના રૂમમાં મૂકી એટલે ત્યાં માર્ગટ, મેં ને શ્રીમતી વૅનડાને એનો ઉપયોગ કર્યો. છેવટે મમ્મીએ પણ શરમ છોડી. કાગળની સખત જરૂર ઊભી થઈ. નસીબજોગે મારા ખિસ્સામાંથી થોડા કાગળ નીકળ્યા. પેલી ટોપલીમાંથી ભયાનક વાસ આવતી હતી. બધું જોતજોતામાં પતી ગયું. અમે થાકીને લોથ થઈ ગયાં. ત્યારે રાતના બાર વાગ્યા હતા.

'જમીન પર લંબાવીને સૂઈ જાઓ !' મને ને માર્ગટને એક એક ઓશીકું અને ઓઢવાનું આપ્યું. ખાવાની ચીજવસ્તુ રાખવાના કબાટ પાસે માર્ગટ સૂતી ને ટેબલના બે પાયાની વચ્ચે હું. જમીન પર સૂતા પછી દુર્ગંધ એટલી બધી આવતી નહોતી છતાંય એ વાસને મારવાના ઉપાય તરીકે શ્રીમતી વૅનડાને ડોલમાં બ્લીચિંગ પાઉડર નાખ્યો અને એક કપડાથી એને બંધ કરી દીધી.

વાતો, ઘૂસફૂસ, ડર, વાસ, વાછૂટના અવાજ અને વારંવાર સંડાસ જતાં લોકોના અવાજ વચ્ચે નીંદર તો શું આવે ! છતાં અઢી વાગ્યામાં તો હું એવી તો થાકી ગઈ કે મને નીંદર આવી ગઈ તે સાડા ત્રણ વાગ્યા સુધી મને કાંઈ ખબર ન પડી. શ્રીમતી વૅનડાન મારા પગ પર માથું મૂકીને આડાં પડ્યાં ત્યારે મારી નીંદર ઊડી.

'બાપ રે, મને કાંક હજી પહેરવા આપો ને !' હું બોલી ઊઠી. મને કપડાં તો આપ્યાં પણ ક્યાં ? મારા પાયજામાની ઉપર પહેરવા ગરમ મોજાં, લાલ બ્લાઉઝ ને કાળું સ્કર્ટ, સફેદ મોજાંની જોડી અને ફાટેલાં ગોઠણ સુધીનાં મોજાં.

શ્રીમતી વૅનડાન ફરી ખુરશીમાં બેસી ગયાં અને એમની

જગ્યાએ વૅનડાને મારા પગ પર માથું મૂકીને લંબાવ્યું. સાડા ત્રણ વાગ્યાથી મારું મન વિચારે ચડ્યું. ડરની મારી હું હજી પણ કાંપતી હતી અને એટલી તો ધ્રુજતી હતી કે એને લઈને શ્રી વૅનડાન સૂઈ ન શક્યા. પોલીસ પાછી આવશે એ માટે હું માનસિક તૈયારી કરતી હતી. કદાચ અમે કહી દેશું કે ભાઈ અમે અહીંયાં સંતાયાં છીએ. જો સારા માણસો હશે તો અમે સલામત રહી શકીશું ને જો નાઝી લોકો હશે તો લાંચ આપવાનો પ્રયત્ન કરીશું !

'આપણે રેડિયો સંતાડી દેવો જોઈએ.' શ્રીમતી વૅનડાને કહ્યું.

'હા, રસોડાના ચૂલામાં.' વૅનડાને જવાબ વાળ્યો. 'એ લોકો જો આપણા સુધી પહોંચી જાય તો પછી રેડિયો શોધે કે ન શોધે શું ફેર પડે છે !'.

'તો પછી તો ઍનની ડાયરી પણ એમને હાથે ચડશે.' પપ્પાએ ટાપશી પૂરી.

'એને બાળી જ નાખો.' સૌથી વધુ ગભરાયેલી વ્યક્તિએ સૂચવ્યું.

મને જો ક્યારેય સૌથી વધુ ગભરામણ થઈ હોય તો તે એક આ ક્ષણે અને પોલીસની કબાટ સાથેની ખટપટના વખતે. ના ભાઈ, મારી ડાયરીને કાંઈ કરતા નહિ. જો ડાયરી ગઈ તો હું પણ ગઈ જ સમજો. સારું થયું, એ પછી પપ્પા ઝાઝું કાંઈ બોલ્યા નહિ.

વાતો તો ઘણી થઈ, પણ એ બધા વિશે અહીં લખવાનો કાંઈ અર્થ નથી. શ્રીમતી વૅનડાન બહુ જ ડરી ગયાં હતાં. મેં એમને સાંત્વન આપ્યું. અમે જાતજાતના તુક્કા લડાવ્યા, ભાગી જવાની વાત કરી, પોલીસની ઊલટતપાસણી ઉપર પણ વાતો કરી, શ્રી ક્લાઈમનને ફોન કરવાની પણ વાત કરી અને એમ હૈયાધારણ આપે એવી બધી જ વાતો કરી.

'શ્રીમતી વૅનડાન, આપણે તો એક સૈનિક જેવી હિંમત રાખવી રહી. રેડિયો કહે છે તેમ જો આપણો પણ કાળ આવી લાગ્યો હશે તો ખેર આપણી રાણી અને આપણા દેશને ખાતર, આઝાદી, સત્ય અને ન્યાયને ખાતર ભલે મૃત્યુ આવે. દુઃખ તો એ જ વાતનું થાય છે કે આપણે તો જઈશું પણ સાથે સાથે બીજાને પણ તાણતાં જઈશું !'

કલાક પછી શ્રી વૅનડાને શ્રીમતી વૅનડાન સાથે જગ્યાની અદલાબદલી કરી. પપ્પા મારી પાસે આવીને બેઠા. પુરુષો બધા એક પછી એક સિગરેટ સળગાવતા હતા. વચ્ચમાં કોઈએ નાખેલા નિઃશ્વાસ સંભળાતા હતા. ત્યાં ફરી એક વાર કોઈ સંડાસ ગયું અને વળી પાછું બધું શરૂ થઈ ગયું.

ચાર વાગ્યા, પાંચ, સાડા પાંચ. હું પીટર પાસે એની બારીએ જઈને બેઠી. એકબીજાંની શરીરની ધ્રુજારી અનુભવી શકીએ એટલાં અમે નજીક હતાં. થોડી થોડી વારે અમે શબ્દોની આપ-લે કરતાં હતાં. બાકી સરવા કાને અવાજ સાંભળવાની કોશિશ કરતાં હતાં. બીજી બાજુ ઘરમાં બધે અંધારપછેડાના પડદા પાડી દીધા હતા. શ્રી ક્લાઈમનને ફોન પર શું શું કહેવું એની યાદી તૈયાર થતી હતી. એ લોકોએ સાત વાગ્યે શ્રી ક્લાઈમનને ફોન કરી કોઈને અહીં મોકલવાનું કહેવાનું ઠરાવ્યું. આમાં મોટું જોખમ હતું. કારણ કે બહાર જો પોલીસ ઊભો હોય તો અમને ફોન કરતાં સાંભળી લે એ પણ શક્ય હતું. પણ વધારે જોખમ હતું પોલીસ પાર્ટી ફરી એક વાર ઉપર સુધી તપાસ કરવા આવી પહોંચે એનું.

એ લોકોએ બનાવેલી યાદી હું નીચે ઉતારું છું:

ઘરફોડ ચોરી, પોલીસનું મકાનમાં આગમન, છેક ચોપડીના કબાટ સુધી પણ ત્યાં જ અટકી ગયા. અંદાજ પ્રમાણે ચોરીના પ્રયત્નમાં બાધા આવી એટલે ચોર ગોદામનો દરવાજો તોડી બગીચા તરફ ભાગ્યા. મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો. એનો અર્થ કે શ્રી કુગ્લર બીજા બારણેથી બહાર ગયા હશે.

ટાઈપરાઈટર અને ગણતરીનું મશીન ખાનગી ઑફિસના કાળા કબાટમાં સલામત છે.

મીપનો કે બેપનો ધોવાનો સામાન રસોડામાં છે.

બીજા બારણાની ચાવી બેપ પાસે છે કે પછી કુગ્લર પાસે છે. શક્યાતા છે કે એ તાળું પણ તૂટ્યું હોય.

બાકી બધું યોજના મુજબ પૂરું થયું. શ્રી ક્લાઈમનને ફોન કર્યો. દરવાજે મૂકેલાં પાટિયાં દૂર કર્યાં. ટાઈપરાઈટરને એની જગ્યાએ મૂકી દીધું. પછી અમે બધાં ટેબલની આસપાસ જૅન કે પોલીસ જે આવે એની રાહ જોતાં બેઠાં.

પીટરને નીંદર આવી ગઈ. હું ને શ્રી વૅનડાન એમ જ આડાં પડ્યાં હતાં ત્યાં અમે નીચેથી જોરથી પગલાંનો અવાજ સાંભળ્યો. હું ધીમેથી બેઠી થઈ ને બોલી 'જેન આવ્યો.'

'ના, ના પોલીસ આવી હશે !' બધાંએ કહ્યું.

અમારા ચોપડીના કબાટ પર કોઈએ ટકોરા માર્યા. મીપે સીટી વગાડી. શ્રીમતી વૅનડાનની સહનશક્તિની હદ આવી ગઈ. એમનો રંગ ઊડી ગયો અને એકદમ ખુરશીમાં ફસડાઈ પડ્યાં. તંગ પરિસ્થિતિ જો લંબાઈ હોત તો એ બેભાન જ થઈ ગયાં હોત.

જૅન અને મીપ અંદર આવ્યાં અને એક રમૂજી દૃશ્ય એમની નજરે પડ્યું. એકલું ટેબલ જ ફોટો પાડવાલાયક હતું. સિનેમા-નાટકનું સામયિક એક નાચતી છોકરીના ફોટાવાળું પાનું દર્શાવતું પડ્યું હતું. એની ઉપર જામ અને પૅક્ટિનના ડાઘા હતા, જે અમને થયેલા ઝાડા સામેના ઉપાય તરીકે વપરાયાં હતાં. બે જામની બાટલીઓ, એક કટકો અડધા પાઉંનો, તો એક પા પાઉંનો, પૅક્ટિન, અરિસો, દાંતિયો, દિવાસળી, રાખ, સિગરેટ, તમાકુ, ઍશટ્રે, ચોપડીઓ, પૅન્ટ, ટૉર્ચ, શ્રીમતી

વૅનડાનનો દાંતિયો ટૉઈલેટ પેપર વગેરે વગેરે.

આનંદની ચિચિયારી અને હર્ષાશ્રુ સાથે જૅન અને મીપનું સ્વાગત થયું, એ કહેવાની જરૂર નથી. જૅને દરવાજામાં પડેલા બાકોરાને એક લાકડાનું પાટિયું ઠોકીને બંધ કરી દીધું અને પછી મીપ સાથે એ પોલીસમાં ફરિયાદ નોંધાવવા ગયા. રાતનો ચોકીદાર, સ્લીગરે લખેલી એક ચિઠ્ઠી પણ મીપને બારણા પાસેથી મળી. એમાં લખ્યું હતું કે દરવાજામાં પડેલું બાકોરું જોઈને રાતે એણે પોલીસને ફરિયાદ કરી છે. જૅને સ્લીગરને પણ મળવાનું નક્કી કર્યું.

આમ, અમને ઘરને અને પોતાની જાતને ઠીકઠાક કરવા માટે અડધા કલાકનો વખત મળ્યો. અને એ ત્રીસ મિનિટમાં અમે જે પરિવર્તન આણ્યું એવું મેં ક્યારેય જોયું નહોતું. મેં ને માર્ગટે મળીને પલંગ ઠીકઠાક કરી નાખ્યા. સંડાસ જઈ, બ્રશ કરી, હાથ-મોં ધોઈને માથું ઓળી લીધું. પછી રૂમને જરા વ્યવસ્થિત કરી નાખ્યો. અને પછી હું ઉપર ગઈ. ટેબલ તો સાફ થઈ ગયું હતું. એટલે પાણીની તજવીજ કરીને ચા-કૉફી બનાવ્યાં, દૂધ ગરમ કર્યું, અને નાસ્તાની તૈયારી ટેબલ પર કરી. પીટરે અને પપ્પાએ મળીને અમારાં તાત્કાલિક સંડાસ ખાલી કર્યાં. ગરમ પાણીથી વીંછળીને બ્લીચિંગ પાઉડરથી સાફ કર્યાં. એમાં સૌથી મોટી ડોલ તો ઉપર સુધી ભરાઈ ગઈ હતી. એને ઉપાડીને લઈ જવામાં બહુ મુશ્કેલી પડી. પાછી એ ચૂતી હતી એટલે એને એક બીજી ડોલમાં મૂકીને કામ કરવું પડ્યું.

અગિયાર વાગે જૅન પાછો આવ્યો અને અમારી સાથે ટેબલ પર ગોઠવાયો. ધીરે ધીરે બધાં સ્વસ્થ થઈ ગયાં અને જૅને અમને સંપૂર્ણ વાત કરીઃ

સ્લીગરભાઈ તો સૂતા હતા. પણ એની પત્નીએ જૅનને વાત કરી કે રાતના ચોકી દરમિયાન સ્લીગરનું ધ્યાન ગયું કે દરવાજામાં બાકોરું પડ્યું છે એટલે એણે પોલીસમાં ફરિયાદ નોંધાવી. અને એ બંને જણાંએ મકાનમાં તપાસ કરી. સ્લીગર રાતે ચોકી કરવા સાઈકલ રાખે છે અને સાથે બે કૂતરાઓ પણ રાખે છે. બાકી વિગતે વાત એ મંગળવારે ઑફિસે આવીને શ્રી કુગ્લરને એ કરશે એમ કહી પત્નીએ વાત પૂરી કરી. પોલીસ સ્ટેશને આ ચોરી વિશે કાંઈ જ માહિતી નહોતી. પણ એ લોકોએ નોંધ કરી અને મંગળવારે સવારે પહેલું કામ ત્યાં તપાસ કરવાનું કરશે એમ જણાવ્યું.

પાછાં ફરતાં જૅનને અચાનક શ્રી વૅનહોવેન મળી ગયા. શ્રી વૅનહોવેન અમને બટાકા પહોંચાડે છે. એમને ચોરીની વાત કરી. ત્યારે એમણે શાંતિથી જવાબ આપ્યો કે મને ખબર છે. કાલે રાત્રે હું મારી પત્ની સાથે ચાલતો ચાલતો તમારા મકાન પાસેથી પસાર થતો હતો ત્યારે મેં દરવાજામાં પડેલું બાકોરું જોયું. મારી પત્નીને લાગ્યું કે અંદર જઈને તપાસ કરવી જોઈએ. મેં ટૉર્ચ કરીને અંદર ડોકિયું કર્યું અને ત્યારે જ પેલા ચોર ભાગી ગયા હશે. સાવચેતી ખાતર મેં પોલીસને ખબર કરી નહિ. મને એવું લાગ્યું કે તમારી બાબતમાં એમ કરવું યોગ્ય નહિ રહે. મને કાંઈ ખબર નથી, પણ હું કલ્પના કરી શકું છું. જૅને એમનો આભાર માન્યો. અને એમના કામે નીકળી ગયા. શ્રી વૅનહોવેનને દેખીતી રીતે શંકા છે કે અમે અહીં રહીએ છીએ. કારણ કે બપોરના લંચ સમયે એ બટાકા પહોંચાડે છે. ઘણો સારો માણસ કહેવાય !

જૅન ગયો ત્યારે એક વાગ્યો હતો. અમે નાહીધોઈ લીધું. અને આઠે આઠ જણાં સીધાં સૂઈ ગયાં. હું ઊઠી ત્યારે પોણા ત્રણ વાગ્યા હતા. અને મેં જોયું કે ડસેલસાહેબ તો ક્યારના ઊઠી ગયા હતા. મોઢું ધોવા હું બાથરૂમ તરફ ગઈ ત્યાં પીટર મળ્યો. અમે ઑફિસમાં મળવાનું નક્કી કર્યું. મોઢું ધોઈ થોડી તૈયાર થઈને હું નીચે ગઈ.

'ગઈ રાતની બિના પછી ઉપર માળિયે જવાની તારી તૈયારી છે ?' એણે પૂછ્યું. મેં હકારમાં માથું હલાવ્યું અને મારું કપડું વીંટેલું ઓશિકું લઈ અમે ઉપર ગયાં. વાતાવરણ ખુશનૂમા હતું. હવાઈ હુમલાની સાઈરનોએ ચીસો પાડવાની શરૂ કરી. છતાંય અમે ત્યાં જ રહ્યાં. પીટરે ધીમેથી એનો હાથ મારા ખભે વીંટ્યો, મેં પણ એમ જ કર્યું. અને માર્ગટ અમને કૉફી માટે બોલાવવા આવી ત્યાં સુધી અમે શાંતિથી ત્યાં બેસી રહ્યાં.

અમે બ્રેડ અને લીંબુના શરબતનો નાસ્તો કર્યો. હસાહસીની વાતો કરી. (આખરે, અમે એટલાં સ્વસ્થ થઈ ગયાં હતાં.) અને પછી અમે પહેલાંની જેમ મુડમાં આવી ગયાં. એ રાતે મેં પીટરની બહાદુરી માટે વખાણ કર્યાં, કારણ કે સૌથી વધારે હિંમત એણે જ બતાવી હતી.

આટલી બધી ભયજનક પરિસ્થિતિમાં અમે ક્યારેય મુકાયાં નહોતાં. સાચે જ ભગવાને અમારી રક્ષા કરી. વિચાર કર કે પોલીસ પુસ્તકોના કબાટ સુધી પહોંચી ગઈ હતી. ત્યાંની લાઈટ ચાલુ હતી અને છતાંય અમને કોઈએ શોધી કાઢ્યાં નહિ ! એ ક્ષણે મને થયું કે હવે આપણું આવી બન્યું ! પણ છતાંય ફરી એક વાર અમે બચી ગયાં. ગોળીબાર કે બૉમ્બમારામાં તો માણસ એકલો જ મરે, પણ આવે વખતે ડર લાગે છે પેલાં નિર્દોષ ખ્રિસ્તીઓનો જે અમને આટઆટલી મદદ-કરે છે.

'આ વખતે અમારી રક્ષા કરી એવી જ આગળ ઉપર પણ કરતા રહેજો.' એટલું જ કહી શકાય.

આ એક પ્રસંગને લઈને અમારે ત્યાં ઘણા બધા ફેરફાર થઈ ગયા છે. હાલ તો ડસેલ એમનું કામ બાથરૂમમાં કરશે. અને સાડા આઠથી સાડા નવ સુધી પીટર ચોકી કરશે. હવેથી પીટરના રૂમની બારી ખોલાશે નહિ કારણકે 'કૅગ' કંપનીવાળાઓમાંથી કોઈનું એ ખુલ્લી બારી તરફ ધ્યાન ગયું

હતું. રાતના સાડાનવ પછી ફ્લશ વાપરવાની મનાઈ છે. સ્લીગરને રાતની ચોકી કરવા માટે રોકી લીધા છે. આજે રાતે એક સુથાર આવવાનો છે. એ પણ અમારી જેમ સંતાઈને રહે છે. એ અમારા ફંકફર્ટવાળા ખાટલામાંથી 'બૅરીકેડ' બનાવવાનો છે. આખો દિવસ ચર્ચાઓ ચાલે છે. કુગ્લરે ફરી એક વાર અમારી બેદરકારીની ફરિયાદ કરી છે. જૅનનું પણ કહેવું છે કે અમારે ક્યારેય નીચે જવું જોઈએ નહિ. અમારે હવે શોધી કાઢવું પડશે કે શું સ્લીગરનો ભરોસો રાખી શકાય ? ગુપ્ત નિવાસમાંના અવાજ સાંભળીને સ્લીગરના કૂતરાઓ ભસવા તો નહિ મંડે,ને બૅરીકેડ કેમ બનાવવું એવા અનેક પ્રશ્નોના જવાબ અમારે શોધવાના છે.

આ પ્રસંગે અમને બધાંને ભાન કરાવ્યું છે કે અમે યહૂદીઓ છીએ, સાંકળે બંધાયેલા ને એક જ જગ્યાએ પુરાએલા છીએ. અમને કોઈ જ જાતનો અધિકાર નથી. પણ અનેક ઉપકારના બોજા નીચે દબાયેલાં છીએ. લાગણીઓને કોરે મૂકીને હિંમત રાખવાની છે. જે શક્ય છે તે કરવાનું છે અને ભગવાનમાં શ્રદ્ધા રાખવાની છે. એક દિવસ આ ભયંકર યુદ્ધનો અંત આવશે જ. અને એક દિવસ એવો ઊગશે જ્યારે અમે કેવળ માણસ બનીને જીવશું; નહિ કે યહૂદી !

અમારી આ હાલત કોણે કરી છે ? કોણ છે જેણે અમને અન્યોથી જુદાં પાડી દીધાં છે ? કોણ છે જેણે અમને આ યાતનાઓ સહન કરવાની ફરજ પાડી છે ? એ છે પ્રભુ ! એણે જ આ પરિસ્થિતિ આણી છે અને એ જ અમને આમાંથી ઉગારશે. દુનિયાની નજરે અત્યારે અમે સત્યાનાશ પામ્યાં છીએ. પણ યાતનાઓને અંતે યહૂદીઓ બચશે જ અને ત્યારે દુનિયા એમની સામે ઊંચી નજરે જોશે. કોને ખબર છે, કદાચ અમારો ધર્મ દુનિયાને શીખવાડશે કે સારપ કોને કહેવાય. અને એ જ કારણે અને કેવળ એટલા જ કારણ ખાતર અમારે અત્યારે આ યાતનાઓ સહન કરવાની છે. હવે અમે કેવળ ડચ કે કેવળ અંગ્રેજ નહિ રહીએ. અમે હંમેશાં યહૂદી જ રહીશું. અમારે યહૂદી બનીને જ રહેવું પડશે અને અમને એ ગમશે પણ ખરું.

હિંમત રાખો ! ફરિયાદ વિના આપણી ફરજ નિભાવવાની છે. રસ્તો નીકળશે. પ્રભુ અમને તરછોડશે નહિ. યહૂદીઓએ યુગોના યુગો યાતના ભોગવી છે અને છતાંય જીવ્યા છે. આ શતકોના શતકોની યાતનાઓએ એમને બલવત્તર બનાવ્યાં છે. નબળાં હારશે પણ બળવાન જીતશે જ. ક્યારેય હારશે નહિ.

એ રાતે ખરેખર મને લાગ્યું કે એય... આપણો અંત આવી લાગ્યો. હું મૃત્યુની તૈયારી સાથે પોલીસની રાહ જોતી બેઠી હતી, રણભૂમિના એક સૈનિકની જેમ. મારા દેશને ખાતર હસતાં હસતાં મોત સ્વીકાર્યું હોત. પરંતુ અત્યારે તો મને મારી જિંદગી પાછી મળી છે. અને યુદ્ધને અંતે મારી પહેલી ઇચ્છા ડચ નાગરિક બનવાની છે. મને ડચ પ્રજા વહાલી છે, આ દેશ વહાલો છે, એની ભાષા વહાલી છે. આ ભૂમિને મારી કર્મભૂમિ બનાવવી છે. જરૂર પડ્યે એ માટે રાણીને પત્ર લખીશ પણ મારી આ ઇચ્છા પૂરી કરીને જ રહીશ.

મારાં મા-બાપથી હું વધુ ને વધુ સ્વતંત્ર બનતી જાઉં છું. હજી નાની છું પણ જીવનમાં આવી પડેલી સ્થિતિનો સામનો હું વધુ સારી રીતે કરી જાણું છું. મારી ન્યાયની વ્યાખ્યા વધુ સ્પષ્ટ છે. મારે આગળ શું કરવું છે એનું મને ભાન છે. મારું લક્ષ્ય સ્પષ્ટ છે, મારી પાસે મારા અભિપ્રાયો છે, મારો ધર્મ છે અને દિલમાં પ્રેમ છે. હું જ બનીને જો હું રહી શકું તો મને સંતોષ થશે. મને ખબર છે કે હું એક સ્ત્રી છું, એક અંદરની શક્તિથી સભર એવી હિંમતવાન સ્ત્રી છું.

ભગવાન મને લાંબું આયુષ્ય બક્ષશે તો હું મારી મા કરતાં પણ આગળ વધી જાઈશ. મારો અવાજ બધાં સુધી પહોંચાડીશ અને માનવજાતની સેવામાં મારી જિંદગી ખર્ચી નાખીશ.

પણ એ માટે મને જરૂર છે હિંમત અને સંતોષની !

લિ. ઍન મે. ફ્રૅંક

(ક્રમશઃ)

સૂફ઼ી કિસ્સ઼ :(સૂફી કિસ્સા)

રષ્કપુ નીકાગો

એક વકીલે નક્કી કર્યું કે તે શેખ પાસેથી જરૂર અશરફી (સુવર્ણ) મેળવીને જ રહેશે; તેણે શેખને એવો પડકાર પણ મોકલ્યોઃ શેખ ગરીબ/જરૂરતમંદ કે આજારીને જ અશરફી ખૈરાત કરતો.

એક દિવસે એક રેકડીમાં એક શબને દફન કરવા જતાં મજૂરને જોઈ તેણે તે શબ ઉપર બે અશરફી મૂકી. તુરત જ તે શબમાં જીવ આવ્યો. શબવત્ પડેલો વકીલ હાથમાં બે અશરફી લઈ શેખની પાસે શેખી કરવા લાગ્યોઃ 'જોઈ લો, મેં એકને બદલે બે અશરફી તમારી પાસેથી મેળવી છે.'

શેખ બોલ્યાઃ 'એ અશરફી મેં તારા જનાજા (શબ)ને આપી હતી. હવે સમજ્યો કે જે જીવતાં જ મરી જાણે છે, તે જ કશું પામે છે. જેનો અહમ્ કે જેની ઇચ્છાઓ મરી છે. તેઓ મર્ગે આર્જૂ થઈ ગયા છે, તે જ કશું પામે છે.'

'અસર' લખનવીનો એક શેર છેઃ

'જિન્દગી વક઼્ફ઼ા હૈ તેરે હિજ્રકા, મર્ગ તેરે વસ્લ કા પેગ઼ામ હૈ.'

જિન્દગી તો તારી વિરહયાત્રાનું એક વિરામસ્થાન છે. અને મોત ! તારા મિલન માટેનું આમંત્રણ છે. તો શા માટે તેને જીવતાં જ મરી જાણી હાંસલ ન થવા દઈએ ?'

(જલાલુદ્દીન રુમીની રુબાઈમાંથી)

ફિલ્માકાશ-૩૫

'દુ:શ્મન' - બ્રિટિશ સરકાર દ્વારા પ્રેરિત હેતુલક્ષી બોલપટ

રજનીકુમાર પંડ્યા

૧૯૩૮માં ન્યૂ થીએટર્સની યાદગાર એવી બે ફિલ્મો 'સ્ટ્રીટ સિંગર' અને 'ધરતીમાતા'ની વાત આપણે કરી. સંગીત અને સર્જનાત્મકતા એમ બંને રીતે આ ફિલ્મો લાજવાબ હતી અને બેશક ન્યૂ થીએટર્સના મધ્યાહ્નના આરંભની તેજસ્વિતાના સબૂત જેવી હતી. મહત્ત્વની વાત એ હતી કે બંનેમાં સાયગલ નાયકપદે હતા અને એમનાં ગીતો ઉપરાંત અભિનય પણ ભરપૂર પ્રશંસા પામ્યાં હતાં. અલબત્ત, એમની આ ચમકદમકને કારણે એના દિગ્દર્શકો અને બીજા કલાકારોને જરા ઓછી મહત્તા મળી તેવી એક માન્યતા તટસ્થ સમીક્ષકોમાં છે. પણ એમાં તથ્ય હોય તો પણ એને સ્વીકાર્યા પછી પણ એક મનોવૈજ્ઞાનિક સત્ય એ પણ સ્વીકારવું પડે કે જે પ્રત્યક્ષ દેખાય છે, જે કાનોકાન સંભળાય છે તેની છાપ જે પરદા ઉપર જોવામાં નથી આવતાં, કે જેમનું કર્તૃત્વ નજર સામે દેખાતું નથી તેનાં કરતાં વધારે ઊંડી પડે છે એના કારણે જ નાયક-નાયિકા કે અન્ય અદાકારો અને ગાયકો ફિલ્મના દિગ્દર્શક કે સંગીત-દિગ્દર્શક કરતા વધુ સ્મૃતિસ્થ રહે છે.

આ ફિલ્મોને કારણે સાયગલની પ્રતિષ્ઠામાં જે વધારો થયો તેથી પણ વધુ વધારો આ જ સાલમાં આવેલી તેમની ત્રીજી એક ફિલ્મે કરી આપ્યો. તે ફિલ્મ છે 'દુ:શ્મન' - હરમંદિરસિંગ 'હમરાઝ'ની ફિલ્મ ઈંડેક્સમાં અને ફિરોઝ રંગૂનવાલાની ફિલ્મ ઈંડેક્સમાં તેની સાલ ૧૯૩૯ બતાવવામાં આવી છે, જ્યારે ન્યૂ થીએટર્સની અધિકૃત પુસ્તિકામાં તેની રજૂઆતની તારીખ સ્પષ્ટપણે ૧૯૩૮ના ડિસેમ્બરની ૩જી દર્શાવવામાં આવી છે. સેન્સર સર્ટિફિકેટ પણ ૧૯૩૮નું ક્રમાંક ૧૯૩૬૯ દર્શાવવામાં આવ્યું છે. એટલે સંશયનું કોઈ કારણ નથી. તેથી હરમંદિરસિંગ 'હમરાઝ'ની ઈંડેક્સને અનુસરવામાં આ કિસ્સા પૂરતો અપવાદ કર્યો છે.

આ અનોખી ફિલ્મની વાર્તા વિષે વિગતે વાત કરતાં પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે પહેલી જ વાર બ્રિટિશ સરકારે કોઈ મુદ્દાનો પ્રચાર કરવા માટે ભારતીય ફિચર ફિલ્મ (કથાચિત્ર)નો ઉપયોગ કર્યો. આ પહેલાં વિવિધ વિષયો ઉપર ડૉક્યુમેંટરી ચિત્રો બનાવવામાં હિંદી ફિલ્મ-નિર્માતાઓની આવડતનો આધાર લેવામાં આવ્યો હતો. પણ 'દુશ્મન' દ્વારા પહેલી જ વાર એક ચોક્કસ મુદ્દા ઉપર, કોઈ પણ જાતના ડૉક્યુમેન્ટેશન વગર દેશની જનતામાં જાગૃતિ લાવવાનું કામ કરવામાં આવ્યું.



સાયગલ અને લીલા દેસાઇ ફિલ્મ 'દુ:શ્મન'માં

હિંદના વાઈસરૉય હોવાને નાતે હોદ્દાની રૂએ લૉર્ડ લિનલિથગો કિંગ જ્યોર્જ ટ્યૂબરક્યુલોસીસ ફંડના અધ્યક્ષ હતા, અને લૉર્ડ લિનલિથગો પણ તેમાં ભારે ઊંડો અને સક્રિય રસ લેતા હતા. ટ્યૂબરક્યુલોસીસ એ હવે તો સુસાધ્ય વ્યાધિ ગણાય છે, ને તેમ છતાં હજી આપણી સરકારે તો નિર્મૂલન અને અટકાવ ઉપરાંત સારવાર માટે એક વિશેષ ખાતું કામ કરતું રાખ્યું છે. પણ આજથી પાંસઠ-સિત્તેર વર્ષ પહેલાં તો એ રોગનો ખોફ મહાભયાનક ગણાતો. એ રોગ ક્ષયરોગ કે રાજરોગ જેવા નામે આલેખવામાં આવતો. એ રોગમાં ઝડપાયેલો માણસ જીવતેજીવત મૂઆ જેવો ગણાતો. જાતીય જીવનથી માંડીને જિંદગીના અન્ય આનંદોથી એને વંચિત રહેવું પડતું અને પરિવારનાં અને સમાજનાં બીજાં સભ્યોથી પણ એની આભડછેટ પાળવામાં આવતી. એની દવાઓ મોંઘી હતી ને એની સારવારનાં કેન્દ્રો પણ ટાંચાં હતાં. આ બધાંને પરિણામે એમાં ઝડપાયેલા રોગીના મનમાં ભારે હતાશા અને ભયગ્રસ્તતા વ્યાપી જતી અને એની બાકીની જિંદગી પણ હરામ થઈ જતી.

આ સ્થિતિથી વ્યથિત થઈને લેડી લિનલિથગોએ પોતાના એક ઈન્ટર્વ્યૂમાં એમ વાત કરી હતી કે આ રોગ માત્ર શારીરિક નિસબત નહીં પણ સામાજિક સંદર્ભ પણ ધરાવે છે અને એથી સમાજસેવાની વાર્તા કરનારા કોઈ પણ કલાકારે આવા હતાશા-નિરાશા- જગાવનારાં લોકોમાં પ્રાણ ફૂંકાવાનું કામ કરવું જોઈએ. એ ઈન્ટર્વ્યૂના જે પ્રત્યાઘાતો પડ્યા હોય તે. પણ એની. આ ભાવનાને અમલમાં મૂકવાનું કામ ન્યૂ થીએટર્સ દ્વારા થયું. આ પ્રકારની આ વિષયને સ્પર્શતી ફિલ્મ બનાવવાનું સૂચન, અલબત્ત, લૉર્ડ લિનલિથગોનું પોતાનું હતું. પણ તેમની પછવાડેનું પ્રેરકબળ તેમનાં પત્ની હતાં. એ બંને આ ફિલ્મ

બનાવવામાં નિમિત્ત બન્યાં અને તેથી બહુ પ્રસન્ન થઈને તેમણે બંનેએ દિલ્હીમાં યોજાયેલા એના પ્રમ્યર શોમાં હાજરી પણ આપી હતી.

આ ફિલ્મના કારણે સમગ્ર દેશમાં કેટલો પ્રભાવ પેદા થયો એ નક્કી કરવાનું શક્ય પણ નથી કે જરૂરી પણ નથી. પણ એને, એટલે કે એની વાર્તાને જોરદાર બનાવવા માટે એક કરતા વધુ વાર્તાકારોની મદદ લેવામાં આવી હતી. અને એ વાર્તાકારો હતા એ જમાનાના વિખ્યાત કથાલેખકો પંડિત સુદર્શન, શૈલજાનંદ મુકરજી અને બિનૉય ચૅટરજી. આ બધા જ ન્યૂ થીએટર્સના નિયમિત પગારબિલ ઉપર હતા અને એક કરતા વધુ વખત અલગ અલગ ફિલ્મોમાં પોતપોતાની પ્રતિભાનો પરચો આપી ચૂક્યા હતા. બિનૉય ચૅટરજીએ તો આગળ ઉપર ૧૯૪૪માં ન્યૂ થીએટર્સની મશહૂર ફિલ્મ 'મેરી બહન'ની વાર્તા પણ લખી. ખેર, પણ તટસ્થ રીતે કહીએ તો આ બધાની કલમની કમાલ છતાં વાર્તા કેવી નિપજી આવી હતી ?

ફિલ્મમાં સાયગલ જેવા ગાયક અભિનેતાના ગળાનો શ્રેષ્ઠ વિનિયોગ કરી શકાય એ હેતુથી તેમના પાત્ર હીરો મોહનને એક રેડિયોગાયક બતાવવામાં આવ્યો હતો જે રાય બહાદુર હીરાલાલ નામના ધનિકની પુત્રી ગીતાના ગાઢ પ્રેમમાં હોય છે. રાય બહાદુર આ જુવાનની ગાયકી ઉપર ખુશ હતા. પણ તેમનાં પત્ની આ છોકરાની ગરીબી અને સામાજિક માનમોભાથી સંતુષ્ઠ નહોતાં. તેમની પસંદગી હતી ડૉ. કેદાર (અભિનેતા નજમ). ડૉ. કેદાર એક જાણીતા ફિઝિશ્યન હોય છે અને દેખાવે, સામાજિક પ્રતિષ્ઠા વગેરેના ધોરણે મોહન કરતાં ઘણા ઊંચા દરજ્જે હોય છે - મોહન અને ડૉ. કેદાર. કેદારની કલાપ્રીતિને કારણે પરસ્પર મિત્રો પણ હોય છે. અલબત્ત, કેદાર એ વાતથી બેખબર છે કે મોહન ગીતાના પ્રેમમાં ગળાડૂબ છે.

આ શરૂઆતના માળખાને કથાપ્રવાહમાં સ્થિર કર્યા પછી એમાં એક નવો વળાંક આવે છે. મોહન બીમાર પડે છે અને એ બીમારી જરા ચર્ચાય પણ છે. પરિણામે ગીતાની માતા (દેવબાલા)ને આ સંબંધનો વિરોધ કરવામાં એક કારણ વધુ મળે છે. આમ, પ્રેમમાં સંઘર્ષની શરૂઆત વધુ તીવ્ર બને છે.

પોતાની બીમારીની ગંભીરતાથી ગાફેલ મોહન સ્વાભાવિક રીતે જ પોતાના દોસ્ત ડૉ. કેદારનો સંપર્ક કરે છે અને ડૉ. કેદારની ગીતા પરત્વેની એકપક્ષી ચાહતથી તે બેખબર હોય છે. વાર્તાનો સંઘર્ષ એ બિંદુ ઉપર આધારિત છે કે બંને મિત્રો એક જ યુવતીના પ્રેમમાં હોવા છતાં (પરસ્પર મૈત્રી હોવા છતાં) એ વાતથી સાવ અજાણ છે.

ખેર, ડૉ. કેદાર તેની તબિયત તપાસીને સ્વાભાવિક રીતે જ તેની સારવારના એક ભાગ રૂપે દવાઓ આપવા ઉપરાંત તેને જો તે લગ્ન કરવાનો હોય તો કમ સે કમ એક વર્ષ સુધી લગ્ન ના કરવા સલાહ આપે છે. અને વળી તેનામાં ઉત્સાહનો સંચાર કરવા માટે તેને પોતાની વાગ્દત્તાને ત્યાં યોજાયેવી ટી-પાર્ટીમાં, કે જેમાં તેનું વેવિશાળ જાહેર થવાનું હોય છે ત્યાં, આવવાનું અને એકાદ ગીત રજૂ કરવાનું નિમંત્રણ આપે છે.

કલ્પી જ શકાય છે કે તે પછી ફિલ્મમાં શું બન્યું હશે. ટી-પાર્ટીમાં સ્વાભાવિક રીતે જ મોહનને ખબર પડી જાય છે કે પોતાના મિત્ર કેદારની વાગ્દત્તા બીજી કોઈ નહીં પણ પોતાની પ્રેયસી ગીતા જ છે. પણ ઉદાર મને મોહન આઘાત જીરવી જાય છે, અને ગીતાને પોતાના પ્રત્યેના વચનબંધનમાંથી મુક્ત કરે છે તથા ડૉક્ટર કેદારને સાચા દિલથી ચાહવાનું કહે છે.

આ પછી એ વચ્ચેથી હટી જ જાય છે અને એવી રીતે અદૃશ્ય થઈ જાય છે કે મિત્રો તેને માત્ર ખોવાયેલો જ નહીં પણ મૃત જ માનવા માંડે છે.

બીજી તરફ બીમાર એવો મોહન આ પ્રસંગ પછી વધુ આજારગ્રસ્ત બની જાય છે. એક વાર ભટકતા ભટકતા સન્નિપાત જેવી અવસ્થામાં એક સેનેટોરિયમ આગળ પડી જાય છે. સેનેટોરિયમના કર્મચારીઓ તેને ઊંચકીને અંદર લઈ આવે છે અને ત્યાં એની સઘન તપાસ થતાં એને ટી.બી.નો જીવલેણ રોગ હોવાનું માલૂમ પડે છે. ત્યાં એની પર્યાપ્ત સારવાર થાય છે અને તે સંસ્થામાં એને નોકરી પણ મળે છે.

આ બાજુ ગીતા મોહનની રાહમાં સાવ ભગ્નાશ છે અને આ તરફ ડૉ. કેદાર સાથે તેનાં લગ્ન અંગે દબાણ વધતું જાય છે. આખરે લગ્નનો દહાડો આવી પહોંચે છે અને તે દિવસે ડૉ. કેદાર કે જે એક આરોગ્યની ઝુંબેશનો મોટો સમર્થક પણ છે તે એ અંગેની અપીલ દેશભરમાં પ્રસરાવવા માટે ગીતાના એક સુંદર નૃત્ય-શોનું આયોજન એ જ દિવસોમાં કરે છે.

બહુ નાટકીય ઢબે એવું બને છે કે જે સમયે ગીતાનો નૃત્ય-કાર્યક્રમ શરૂ થવાની તૈયારીમાં હોય છે. બરાબર તે જ સમયે રેડિયો ઉપરથી મોહનના સ્વરમાં નવું ગીત રેલાય છે. (સંભવતઃ એ ગીત 'પ્યારી પ્યારી સૂરતો મોહભરી મૂરતો મદદ કરો' હોવું જોઈએ. કોઈ જાણકારી જણાવશે તો આભારી થઈશ.) એ સાંભળીને ગીતા ચોંકે છે અને એને મોહન જીવંત હોવાની આ રીતે જાણ થાય છે. પોતે લગ્ન કરવા જઈ રહી છે એ જ ક્ષણોમાં આની જાણ થતાંની સાથે જ ગીતા ભયંકર માનસિક પરિતાપ અનુભવે છે. આમ છતાં પણ એક કલાકારની ફરજવશ તે નૃત્યની રજૂઆત સંપૂર્ણ તો કરે જ છે પણ અંતે મૂર્છાવશ થઈને પડી જાય છે. જોનારા સૌને એ તો સમજાઈ જાય છે કે ગીતા શા માટે મૂર્છાવશ થઈ ?

ભાનમાં આવતાં ગીતા મોહનનો પત્તો મેળવી લે છે અને

હળવેકથી તેને મળવા સરકી જાય છે. પાછળથી એની શોધાશોધ ચાલે છે. અલબત્ત, ઉદાર મનનો ડૉ. કેદાર જાણે જ છે કે તે ક્યાં ગઈ છે ! સૌ તેના ઉપર દબાણ લાવતાં એ એક કારમાં તેની સમજાવટ માટે એની પાછળ જાય છે. ગીતા જ્યારે એ નોંધે છે કે ડૉ. કેદારની કાર એનો પીછો કરી રહી છે ત્યારે એના મનમાં પણ એના ઇરાદા વિષે સંશય જાગે છે અને પોતાની કારને વધુ વેગથી દોડાવે છે. એ ઝડપ એક ભયાનક અકસ્માતનું નિમિત્ત બને છે. એની કાર મોહન જે સેનેટોરિયમમાં રહેતો હતો તેના દ્વાર આગળ જ અથડાય છે. ગીતા ફરી બેહોશ થઈ જાય છે. અને બંને મોહન તથા ડૉ. કેદાર એ અંગે પોતે જવાબદાર હોવાની મનોવેદના અનુભવે છે.

'દુ:શ્મન'ની પ્રિન્ટ હવે ઉપલબ્ધ નહીં હોવાથી હજી તેના અંત વિષે આ લખનારને પૂરી જાણકારી નથી. પણ જે પુસ્તકો ઉપલબ્ધ છે તેમાં પણ બે અલગ અલગ 'વર્ઝન' (પાઠ) છે. આશિષ રાજાધ્યક્ષ અને પોલ લીપમૅન દ્વારા સંપાદિત અને ઑક્સફર્ડ પ્રેસ દ્વારા પ્રકટ 'એન્સાઈક્લોપીડિઆ ઑવ્ ઈંડિયન સિનેમા'ના પૃષ્ઠ ૨૭૫ ઉપર જણાવવામાં આવ્યું છે કે ડૉ. કેદાર અને ગીતાનાં તો લગ્ન થઈ જાય છે, જ્યારે ફિલ્મ ફૉરમ દ્વારા ૧૯૬૬ના ઑક્ટોબરની પથી ૧૭ દરમિયાન યોજાયેલા 'ફેસ્ટિવલ ઑવ્ ન્યૂ થીએટર્સ ફિલ્મ ક્લાસિક' પ્રસંગે પ્રકટ થયેલી પુસ્તિકામાં એવા લગ્નનો કોઈ જ ઉલ્લેખ નથી. અને તેમાં પ્રેક્ષકોને સસ્પેન્સમાં રાખવા સારુ અંત પણ શો હતો તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. પણ મને ખાતરી છે કે 'કુમાર'ના વિશાળ વાચકવર્ગમાંથી એવા રસજ્ઞ અને તે કાળનાં પ્રેક્ષકો ઘણી મોટી સંખ્યામાં હયાત હશે અને એના અંત વિષે જાણકારી આપશે. અલબત્ત, એક વાર્તાકાર હોવાના નાતે એ તો કલ્પી જ શકું છું કે એ સુખાંત જ હશે. મોહન અને ગીતાનાં લગ્ન થતાં બતાવાયાં હશે અને કેદારના પાત્રને વધુ ઉદાત્ત બતાવાયું હશે.

આ વાર્તા આમ તો ઘણી મેલોડ્રામેટિક અને આમ જુઓ તો પ્રણયત્રિકોણની જ છે, પરંતુ એના આરોહ-અવરોહ એટલા તીવ્ર અને મુકામોની દૃષ્ટિએ કથાની સફરમાં નજીક નજીકના અંતરે છે કે એની પકડ પ્રેક્ષકો ઉપર છેક સુધી જળવાઈ રહે તેવી છે. વળી, આ ફિલ્મનું સંગીતપાસું પંકજ મલિક અને તેમની સહાયમાં હરિપ્રસન્ન દાસે સંભાળ્યું હતું. (આ એ જ હરિપ્રસન્ન દાસ કે જે હેમંતકુમારના ગુરુ હતા.) એકાદું ગીત, જે ફિલ્મ ગીતકોશમાં સ્થાન પામ્યું નથી તે દ્વંદ્વ ગીત હતું. બાકીનાં ચારે ચાર ગીતો સાયગલના સ્વરમાં હતાં. એમાં 'કરું ક્યા આસ નિરાસ ભઈ' અને 'પ્રીતમેં હૈ જીવન જો તો' સર્વકાલીન શ્રેષ્ઠ બન્યાં. પણ બાકીનાં બે 'પ્યારી પ્યારી સૂરતો મોહભરી મૂરતો. દેશ સે પરેદેશમેં તુમ્હારા સંદેશા આયે... મદદ કરો... મદદ કરો' તથા બીજું 'સિતમ થે, ઝુલ્મ થે ઈંતઝાર કે દિન થે' પણ ઘણાં જ લોકપ્રિય એ જમાનામાં થયાં હતાં.

આમ તે સાદ્યંત સાયગલની જ ફિલ્મ બની રહી. (ક્રમશ:)

[નોંધ: સાયગલનાં ચાહકોને જાણીને આનંદ થશે ૨૦૦૪ની સાલ એ સાયગલની જન્મ શતાબ્દીની સાલ છે. એના ઉપલક્ષ્યમાં 'જબ દિલ હી તૂટ ગયા' નામનો એક મૂલ્યવાન ગ્રંથ હિંદીમાં આવી રહ્યો છે. એમાં સાયગલનાં ગાયેલાં ૧૦૯ હિંદી ફિલ્મ ગીતો , ૨૧ બંગાળી ફિલ્મ ગીતો, પંજાબી તથા તમિલ અને પર્શિયન ગીતોના સંપૂર્ણ પાઠ ઉપરાંત અનેક દુર્લભ ચિત્રો અને માહિતીનો સમાવેશ થશે. માર્ચ કે એપ્રિલ ૨૦૦૪માં પ્રકટ થનારા આ પુસ્તકના સંપાદકો શ્રી હરમંદિરસિંગ 'હમરાઝ' તથા ગુજરાતના રઘુવંશી છે. વિશેષ માહિતી માટે હરિશભાઈનો સંપર્ક : વિઝન હાઉસ, પૂતળી સામે, સગરામપુરા, સુરત - ૩૯૫૦૦૨, ફોન ૦૨૬૧-૨૩૩૧૭૩૮ તથા ૨૨૨૫૫૬૧]

લઘુકથા

ગાંડા માણસો - ૩

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા આધ્યત્મ ગુરુ તરીકે પ્રતિષ્ઠિત નહોતા થયા ત્યારની આ વાત છે. એ વખતનું તેમનું જીવન સાવ એકાકી અને નિસ્પૃહ. બહુ જ ઓછું બોલે. બને ત્યાં સુધી વાત કરવાનું જ ટાળે. કોઈ પણ કામ કરતા હોય, બસ પોતાની મસ્તી અને ધૂનમાં જ....

એક દિવસ સાંજના તેઓ શહેરના જાહેર ઉદ્યાનમાં આંખો બંધ કરીને બેઠા હતા, ત્યારે અચાનક ત્રણ-માણસો તેમની પાસેથી પસાર થયા, ને સામેનો બાંકડો ખાલી જોઈને ત્યાં બેસી ગયા. નાસ્તાના પૅકેટ ખોલી, વાતોનાં ગપ્પાં મારતાં મારતાં બધા નાસ્તો કરવા લાગ્યા.

ગુરુ બજુવાએ જરા આંખ ખોલીને બધાની સામે જોયું. એટલે એક ભાઈએ તેમને પણ નાસ્તા માટે આગ્રહ કર્યો. પણ તેમણે હાથના સંકેતથી પોતાની અનિચ્છા દર્શાવી.

ઓળખાણ કાઢવા માટે અચાનક બીજા માણસે બજુવાને પૂછ્યુંઃ 'આપનું નામ? આપ ક્યાં રહો છો? થોડો આપનો પરિચય જાણવાની ઉત્સુકતા છે.'

બજુવાએ જાણે કંઈ જ સાંભળ્યું ન હોય એમ એ માણસને કશો જ જવાબ આપ્યો નહીં.

પેલાએ ફરી પૂછ્યુંઃ 'શું, મૌન પાળો છો?'

બજુવાએ નકારમાં માથું ધુણાવ્યું.

'તો પછી જવાબ કેમ ન આપ્યો?' બજુવાનો કોઈ પ્રત્યુત્તર નહીં.

'તમે, શું કાંઈ ઊંડા ચિંતનમાં પડી ગયા છો?' એ માણસોમાંથી પાછું કોઈકે પૂછ્યું.

કંઈ પણ જવાબ ન આપતાં બજુવાએ માત્ર સ્મિત કર્યું અને પછી ચારેબાજુ ચૂપચાપ નજર ફેરવી.

'અમારી સાથે વાત કરવાને બદલે ચારે બાજુ શું નજર ફેરવો છો?' પાછો એ માણસોમાંથી પ્રશ્ન.

બજુવાને જાણે મજાક કરવી હોય એમ ખડખડાટ હસી પડ્યા. પણ તેમણે જવાબ તો કંઈ જ ન આપ્યો.

'કેમ હસી પડ્યા?' પાછો કોઈકનો પ્રશ્ન.

એ લોકોની ચેષ્ટાઓનો અભ્યાસ કરવા માગતા હોય એમ બજુવાએ આ પ્રશ્નનો પણ જવાબ આપ્યો નહીં.

એટલે બધા અંદરોઅંદર વાતો કરવામાં વ્યસ્ત થઈ ગયા.

'આ માણસ સાવ વિચિત્ર ખોપરીનો લાગે છે.'

'મને તો એ ગાંડો જ લાગે છે. નહીં તો કંઈક તો જવાબ આપેને?'

'મને તો એ ગાંડો નહીં, પણ મોટો દંભી જ લાગે છે!!'

'એના મનમાં કોણ જાણે શું ઘૂંટાય છે, એ તો આપણે જાણવું જ રહ્યું.... કેવો કોયડા જેવો માણસ!'

અચાનક બજુવા બાંકડા ઉપરથી ઊભા થઈ ગયા, ને જરા દૂરના બાંકડા તરફ જવા આગળ વધવા જતા હતા, ત્યાં એક માણસ તેમને અટકાવતાં બોલ્યોઃ 'બેસો... બેસો... શું અમારાથી ડિસ્ટર્બ થઈ ગયા?'

બજુવાએ પહેલી જ વખત હોઠ ખોલીને જવાબ આપ્યોઃ 'હું નહીં તમે જ ડિસ્ટર્બ થઈ ગયા છો!'

'અમે વળી શા માટે ડિસ્ટર્બ થઈએ?'

બજુવા બોલ્યાઃ 'એનો જવાબ પછી આપીશ. પણ હું તમને પૂછું છું - કશી જ ઓળખાણ-પીછાણ વગર મારામાં આટલો બધો રસ લેવાનું તમારા માટે કંઈ કારણ ખરું?'

એ માણસોમાંથી કોઈ કશો જવાબ આપી શક્યું નહીં.

બજુવાએ પાછું પૂછ્યુંઃ 'કશા જ અંતરંગ પરિચય વગર મારા વિશે તમે કેટકેટલું ગલત ધારી લીધું એનો તમને કંઈ ખયાલ છે?'

હવે એક માણસે જરા ક્ષોભ સાથે જવાબ આપ્યોઃ 'આપની વર્તણૂક અમને થોડી ઍબનૉર્મલ....'

બજુવાએ સામું પૂછ્યુંઃ 'તમારી વર્તણૂક ઍબનૉર્મલ ખરી કે નહીં?'

કોઈ કશો જવાબ આપી શક્યા નહીં, એટલે બજુવા બોલ્યાઃ 'હું પૂરેપૂરો ગાંડો માણસ છું, ને તમે અડધા ગાંડા માણસો છો! સમજાય છે મારી વાત?'

'ના, અમે વળી અડધા ગાંડા કેવી રીતે?'

'તમે અડધા ગાંડા માણસો છો, એની તમને જ ખબર નથી એટલે!' હસતાં હસતાં બજુવાએ જવાબ આપ્યો.

'આપની વાત અમને સમજાતી નથી.'

'નથી સમજાતી એટલા માટે કે ક્યારેય પણ તમે તમારામાં જ રસ લીધો નથી... બીજી વાત જ્યાં સુધી તમે તમારી સ્વયંની જાતમાં રસ લઈ શકતા નથી, ત્યાં સુધી તમે બીજામાં પણ કઈ રીતે રસ લઈ શકવાના હતા?'

એક માણસે ફરી પૂછ્યુંઃ 'આપ આપની જાતને પૂરેપૂરા ગાંડા માણસ તરીકે કેમ ઓળખાવો છો?'

'જુઓ ફરી ફરીને પાછી તમે એ જ ભૂલ કરીને - બીજામાં અકારણ રસ લેવાની. પ્રશ્નો પૂછી પૂછીને પણ તમે બીજા વિશે કશું જ નહીં જાણી શકો. સવાલ પણ તમે જ છો, ને જવાબ પણ તમે જ છો. સમજાય છે મારી વાત?'

એક માણસે જવાબ આપ્યોઃ 'આપની વાત અડધી સમજાય છે, ને અડધી સમજાતી નથી!'

ને બજુવા બોલ્યાઃ 'આમાં હું તમને પણ શું દોષ આપું? માણસજાતનું મોટામાં મોટું ગાંડપણ છે - અડધું-અડધું, અધૂરું-અધૂરું જીવવું! અફસોસ, આજે માણસ 'ઊંડાણ'નો અર્થ જ ભૂલી ગયો છે!!'

ચેસ-કૉર્નર : કોયડો- ૩૪

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two)**. મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg1, Qb8, Rd4, Bb2, Bf3, Ne1**

કાળાં : **Ke3, Rc7, Bb7, Bf6, Pe2, g3**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@ hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ફેબ્રુઆરી ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ઓક્ટોબર ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડાનં ૩૨નો ઉકેલ :

(૧) **Key move Nc1છે. Threat (2) Qd3 #**

(1) ...., Pc4 ; (2) Qf5 #

(1) ...., N(b6) c4 ; (2) Qb7 #

(1) ...., N(d2)c4 ; (2) Qb1 #

જે કોયડાના ઉકેલમાં ધમકી સમાયેલી હોય તેવા કિસ્સામાં, જે તે ધમકી સામે કાળાં મહોરાનો સંભવિત બચાવ દર્શાવતાં પગલાં બતાવવાં તેટલું જ પૂરતું છે. બોર્ડ ઉપર જેટલાં કાળાં મહોરાં હોય તે દરેકની ચાલ સામે સફેદની આખરી ચાલ બતાવવી જરૂરી નથી છતાં આ વખતે પણ કેટલાંક વાચકોએ નીચેની વધારાની ચાલ દર્શાવી છે :

(૧) ...., **N, Q, B** ગમે ત્યાં (૨) **Qd3 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૦ વાચકો તરફથી મળેલ છે જે પૈકી સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) મહેશ ઈનામદાર (અમેરિકા), (૨) પ્રો. એ.આર.રાવ (૩) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૪) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૫) અજિત યાજ્ઞિક (મુંબઈ) (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૮) જયેશ

અપવાદરૂપ કિસ્સામાં ક્યારેક વજીર કરતાં ઘોડો વધારે ઉપયોગી થઈ જાય છે. તે દર્શાવતની, માત્ર આઠ જ ચાલની નીચેની રમત રાજકોટના હર્ષદ દવેએ મોકલી છે.

	સફેદ	કાળાં
1.	d4	d5
2.	c4	e5
3.	d x e5	d4
4.	e3?	Bb4 +
5.	Bd2	d x d3 !
6.	B x b4?	e x f2 +
7.	Ke2	f x g1N + !
8.	R x g1	Bg4 +

શરૂઆતની ચાલ.
પ્યાદા સામે પ્યાદું : બલિદાન સામે સામું બલિદાન !
બલિદાન સ્વીકાર્યું.
પણ પછી શું 4.e3 ને બદલે 4. Nf3 Nc6 5. g3, વધારે સારી ચાલ છે.
કાળાએ દેખીતી રીતે મોટી ભૂલ કરી. આપણે ઊંટ લઈ લેશું.
કાળાનો જવાબ દર્શાવે છે કે એ ભેટ લેવા જેવી ન હતી. 6. f x e3 સારામાં સારી ચાલ હતી.
f 2 પરનું પ્યાદું રાજાથી લઈએ તો વજીરનું શું ? અને હવે
આવે છે આશ્ચર્યની અવધિ ! જવલ્લે જ જોવા મળતી સ્થિતિ !
બોર્ડ પર બધાં જ મહોરાં છે છતાં કાળું પ્યાદું પહેલી 'રેંક' પર
પહોંચી જાય છે અને તે 'ઘોડો' બને છે અને રાજાને 'ચેક' આપે છે !
સફેદ રાજાને તો સાપે છછૂંદર ગળ્યા જેવી સ્થિતિ થઈ ગઈ, ન
વજીરથી આઘે જવાય કે ન પાસે રહી શકાય ! કાળા ઊંટે
આપેલ ચેકમાં 'સફેદ' શરણે થઈ જાય છે. હથિયાર હેઠા
મૂકી દે છે, ખરેખર તો મૂકી દેવાં પડે છે.
આ રમતમાંથી ઘણું ઘણું જાણવા અને શીખવા મળે છે.

કટારને વધુ રસિક તથા તાજગીસભર બનાવવા 'ચેસ જગતનું અવનવું' આપવાના સૂચન સાથે તેમના તરફથી અવનવાં લખાણો મળેલ છે. આ અંકથી શરૂઆત:

ચેસ જગતનું અવનવું: (૧) ભારતમાં સૌથી લોકપ્રિય રમત ક્રિકેટ છે પણ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે થયેલ ઉપલબ્ધિને માપદંડ ગણીએ તો ભારતની ઉત્તમ રમત ચેસ છે. શતરંજે ભારતને જેટલી આંતરરાષ્ટ્રિય ખ્યાતિ આપાવી છે એટલી બીજી કોઈ રમત અપાવી શક્યું નથી.- કેલલગિરિ (૨) વિશ્વનાથન આનંદે 'રેપિડ' ચેસમાં વિજેતા થઈ પોતાની યશકલગીમાં એક પીછાનો વધારો કર્યો છે. - હર્ષદ દવે

- અર્પી શાહ

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન

ઈ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયાનું રાજ્યારોહણ થયું અને લગભગ આખી સદી સુધી તેનું શાસન ચાલ્યું. એટલે એ આખો સમયગાળો વિક્ટોરિયનયુગ તરીકે ઓળખાયો. આ સમગ્ર યુગ પ્રગતિ અને પ્રત્યાઘાતોનો હતો. વેરવિખેર બની રહેલા રાષ્ટ્રિય અને સામાજિક માળખાને સંયોજિત રાખવા માટે એ યુગની બૌદ્ધિક પ્રતિભાઓએ પોતાની તમામ શક્તિ ખર્ચી નાખી હતી. નવાનવા સિદ્ધાંતોનો દરેક ક્ષેત્રમાં ઉદય થવા માંડ્યો હતો. તેનાં અર્થઘટનો, તે સિદ્ધાંતો સામેના સંઘર્ષો એક તરફ, તો બીજી તરફ સામાજિક અને આર્થિક પ્રગતિ માટેના ઉધામા હતા. આ બધા અજંપા માટે કોઈ નક્કર ઇલાજની ઊણપ વરતાતી હતી.

દરેક યુગની જેમ વિક્ટોરિયનયુગ પણ વિરોધાભાસનો યુગ હતો. પણ અગાઉના યુગોમાં આવા વિરોધાભાસ કરતાં વિક્ટોરિયનયુગના વિરોધાભાસ તીવ્ર, સંકુલ અને મતિને મૂંઝવી નાખે તેવા હતા. ઓગણીસમી સદીના મધ્યભાગે તો પરિસ્થિતિ અત્યંત તનાવપૂર્ણ હતી. વિક્ટોરિયનયુગની આ પરિસ્થિતિ એ સમયના કવિઓની કૃતિઓમાં ય પ્રતિબિંબિત થઈ છે.

રોમૅન્ટિક કવિઓનો પ્રભાવ સારી પેઠે ઓસર્યો છે, પણ છેક નામશેષ થયો નથી. ખરેખર તો કેટલાક કવિઓમાં એ પ્રબળરૂપે પ્રગટતોય દેખાય. પણ આ યુગમાં જે નવી અને અજંપાભરી પરિસ્થિતિનું નિર્માણ થયું તેને પોતાની કવિતામાં પ્રતિબિંબિત કરવાનું એક સ્પષ્ટ વલણ જોવા મળે છે. આમ, કવિતાક્ષેત્રે એક નવો વળાંક અથવા અભિગમ પ્રકટે છે. એક રીતે વિક્ટોરિયનયુગના કવિઓને બે જૂથમાં વહેંચી શકાય. અલબત્ત, આ બે જૂથ પરસ્પર વિરોધી નથી. ઊલટું બંને જૂથ વચ્ચે કેટલાક સમાન અંશો છે. પણ કવિઓનું એક જૂથ સમકાલીન આંદોલનો સાથે તાલ મિલાવીને એ આંદોલનોને તટસ્થતાપૂર્વક મૂલવે છે અને એના મૂલ્યાંકનમાં બૌદ્ધિક્તાનો ઉપયોગ કરે છે. કૃતિમાં સપ્રમાણતા-સમતુલા જાળવે છે અને પ્રત્યેક વિચાર કે ઘટનાને પૂરી વિગતથી વર્ણવે છે. વર્ણનોમાં ચોકસાઈનો ખયાલ એ અવશ્ય રાખે છે. બીજા જૂથના કવિઓમાં ઊર્મિલતાનાં આકર્ષણ હજી ઓસર્યાં નથી. સૌંદર્યની નિષ્પત્તિ, કલ્પનાનાં ઊંડાણ, સ્વપ્નોમાં સરી જવાની વૃત્તિ, તીવ્ર સંવેદનશીલતા એ સર્વ આ જૂથની કવિતામાં જોવા મળતાં લક્ષણો છે.

પ્રથમ જૂથના કેટલાક કવિઓએ રીતસર જાણે રોમૅન્ટિકવાદ સાથે લગભગ છેડો ફાડી સમકાલીન ઘટના-વિચારને જ કેન્દ્રમાં રાખવાનું વલણ દાખવ્યું છે. એમની નિસબત સત્યની આરાધના સાથે છે. એ તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનનો આશ્રય લે છે. ઘટનાના કે વિચારના પૃથક્કરણમાં તેમની કલમ રાચે છે અને શક્ય તેટલી પરલક્ષિતા દાખવવામાં તેમની વિશેષતા છે. તેમ છતાં રોમૅન્ટિકવાદનાં જંતુએ તેમને છોડ્યા નથી. અલબત્ત, એના સ્વરૂપમાં એની પ્રકૃતિમાં થોડીક બાંધછોડ થઈ છે. રોમેન્ટિક કવિઓએ ભલે પોતાનો વારસો વિક્ટોરિયનયુગના કવિઓને સોંપ્યો, પણ એ વારસો એવો ને એવો અકબંધ રહ્યો નથી. કવિ વર્ડ્ઝવર્થની સાદગી અથવા આત્મનિરીક્ષણ હવે રહ્યાં નથી. કવિ શેલીનો ઉન્માદ નથી કે બાયરનની કટાક્ષ-કાવ્યકલા પણ નથી. અલબત્ત, કવિ કીટ્સની રંગદર્શિતા, એની ઊર્મિલતા, વર્ણનોમાં ઇન્દ્રિયગ્રાહિતા આદિ ખપમાં આવ્યાં છે. કવિ ટેનિસનમાં એ તત્ત્વો એમનાં અનેક કાવ્યોમાં જોવા મળશે.

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન ૧૮૦૯-૧૮૯૨ (Alfred Lord Tennyson): વિક્ટોરિયનયુગના કવિઓનાં અનેક જૂથમાં મુખ્યત્વે બે કવિઓ ધ્યાન ખેંચી રહે છે. એક, ઍલ્ફ્રેડ ટેનિસન અને બીજો બ્રાઉનિંગ.

ઍલ્ફ્રેડ ટેનિસનનો જન્મ ઈ. ૧૮૦૯માં લિંકનશાયરના એક પરગણા સોમર્સબાયમાં. એની પાસેના ફેન પ્રદેશમાં પ્રાકૃતિક સૌંદર્યની વચમાં તેનું પારણું ઝૂલ્યું હતું. સુંદર ઘાસવાળાં મેદાનો, ખુલ્લું આકાશ, ધીમું ધીમું ગર્જન કરતો સમુદ્ર તેના ઊછળતા અને કિનારાની શિલાઓ પર પછડાઈને ફીણ ફીણ થતા તરંગો - પુષ્પો, વૃક્ષો, ટેકરીઓ આ સર્વ પ્રકૃતિદૃશ્યોની સમૃદ્ધિ શૈશવમાં જ તેને સાંપડી હતી અને એના સંવેદનશીલ ચિત્તમાં એ બરાબર રસાઈ હતી. એણે એની કવિતામાં આ બધી સુંદરતા, મધુરતા વેરી મૂકી છે.

નાની વયથી જ શબ્દોના જાદુ સાથે તેની નિસબત હતી. કુદરતી દૃશ્યોની તેના ચિત્ત પર ઝિલાયેલી અસરો તે મધુર પદાવલિમાં યોજવા પ્રયત્ન કર્યા કરતો અને સૂર તથા લય માટેની તેને ઈશ્વરદત્ત બક્ષિસ હતી. ટેનિસનને એની સાતેક વર્ષની વયે શિક્ષણ માટે લાઉથ ગ્રામર સ્કૂલમાં મોકલવામાં આવ્યો. થોડાં વર્ષો પછી એ પાછો ફર્યા બાદ તેનું અને તેના મોટા ભાઈ ચાર્લ્સનું શિક્ષણકાર્ય તેના પિતાએ સંભાળી લીધું. બંને ભાઈઓનો હજી યૌવનપ્રવેશ માંડ થયો હતો ત્યાં તો તેમની

સહિયારી કાવ્યસરવાણી ઈ. ૧૮૨૭માં 'પોયેમ્સ બાઈ ટુ બ્રધર્સ' શીર્ષકથી પ્રકટ થઈ. એ કાવ્યોમાં કેટલાકે કવિ બાયરનની કવિતાની અસર જોઈ છે. અલબત્ત, એ નામની જ સમખાવા પૂરતી ગણાય. શેલીનો પ્રભાવ એમાં નથી. કવિ વર્ડ્ઝવર્થ સાથે તો ટેનિસનને આધ્યાત્મિક મૈત્રી હતી, છતાં બંનેની કવિતામાં કોઈ સમાન અંશ જણાતા નથી. કવિ કોલરિજની છંદની ટેકિનકનું થોડુંક ઋણ ટેનિસનની આરંભની કવિતામાં હોઈ શકે પણ એની કાવ્યકળાના ઘડતરમાં કોલરિજનો કોઈ ફાળો નથી. ટેનિસનનો અતિપ્રિય કવિ તો કીટ્સ. એની ઈન્દ્રિયગ્રાહ્ય ચિત્રો આલેખવાની કળા, એની તીવ્ર સંવેદનશીલતા, વિષાદગ્રસ્ત વાતાવરણનાં વર્ણનોમાં તેની વિશેષતાઃ આ સર્વથી ટેનિસન મુગ્ધ હતો. ઈ. ૧૮૨૮માં ટેનિસન અને ચાર્લ્સ કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયા. ત્યાં ટેનિસનની આકર્ષક દેહાકૃતિ અને તેના વ્યક્તિત્વની સુંદર છાપને કારણે અનેક મિત્રો તેને મળી રહ્યા. પ્રકૃતિએ શરમાળ, છતાં વિનોદરસિક, ચર્ચાસભાઓમાં ય મુખ્યત્વે તો શ્રોતા પણ ક્યાંક વચમાં પોતાની વાણીના ચમકારાથી સહુએ વિસ્મિત કરી મૂકે. ટેનિસનની આ મુદ્રા એના યૌવનકાળમાં ઊપસી તે સાદ્યંત જળવાઈ હતી. વચમાં વચમાં નિરાશાના ઓછાયા તેને નડતા. એ વિચારમગ્ન પણ બની જતો. એની પ્રતિભા આ પ્રકારની કંઈક વિલક્ષણ હતી.

ઈ. ૧૮૨૯માં તેની એક કાવ્યરચના 'ટિમ્બક્ટૂ' (Timbuctoo) માટે તેને યુનિવર્સિટીના ચૅન્સેલરનો મેડલ પ્રાપ્ત થયો. ઈ. ૧૮૩૧માં તેણે કૅમ્બ્રિજ છોડ્યું. કૉલેજકાળ દરમિયાન તેને કેટલાક મિત્રો મળ્યા તેમાં એક ઈતિહાસ-લેખકના પુત્ર આર્થર હેન્રી હેલામ સાથેનો સંપર્ક ગાઢ મૈત્રીમાં પરિણમ્યો. આર્થર હેન્રી હેલામે તેની કાવ્યકળાના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એની સાથે ટેનિસને ઈ. ૧૮૩૨માં સ્પેનનો પ્રવાસ પણ ખેડ્યો હતો. પણ ઈ. ૧૮૩૩માં હેલામના વિયેનામાં થયેલા અકાળ અવસાનનો ટેનિસનને સજ્જડ આઘાત લાગ્યો. હેલામ માત્ર તેનો મિત્ર નહિ, નિકટનો સંબંધી પણ હતો. પોતાના દુઃખને વાચા આપવા માટે તેણે મિત્રને અનુલક્ષીને જે વિસ્તૃત કરુણપ્રશસ્તિ રચી તે 'ઇન મેમોરિયમ' (In Memorium) વિશ્વવિખ્યાત બની ચૂકી છે. કરુણપ્રશસ્તિ લેખે આરંભાયેલી એ કાવ્યરચના ક્રમશઃ દીર્ઘ તત્ત્વચિંતનાત્મક બની રહી. એમાં ટેનિસને જીવન, મૃત્યુ, મૃત્યુ પછીના પ્રશ્નો વગેરેની છણાવટ કરી છે. ટેનિસનને આ રહસ્યમય પ્રશ્નોનું આકર્ષણ હતું. એનાં આરંભના કાવ્યોમાંય એ પ્રશ્નો તેણે પ્રસ્તુત કર્યા છે. અલબત્ત, એનું નિરૂપણ બોધાત્મક બની ગયું છે.

ટેનિસનની એક બીજી મહત્ત્વની મૈત્રી એડવર્ડ ફિત્ઝજિરાલ્ડ સાથેની હતી. ટેનિસને તેનાં આરંભનાં કેટલાંય કાવ્યો આ મિત્ર સમક્ષ વાંચ્યાં હતાં અને ફિત્ઝજિરાલ્ડનો સુંદર પ્રતિભાવ તેને મળી રહ્યો હતો.

કાર્લાઈલ સાથે પણ તેની વિશિષ્ટ મૈત્રી હતી. કાર્લાઇલને ટેનિસન માટે ચાહના હતી. પણ એની કવિતાને તેની દાદ મળી નથી. ઈ. ૧૮૩૦માં ટેનિસનનો એક નવો કાવ્યસંગ્રહ 'પોયેમ્સ ચિફલી લિરિકલ' પ્રકાશિત થયો. અને એ પછી તરત જ ઈ. ૧૮૩૨માં 'પોયેમ્સ ઑવ્ ઍલ્ફ્રેડ ટેનિસન' સંગ્રહ પ્રકટ થયો. દસેક વર્ષના વિરામ પછી ટેનિસને તેના કાવ્યસંગ્રહના બે ગ્રંથો 'પોયેમ્સ' શીર્ષકથી ઈ. ૧૮૪૨માં પ્રકટ કર્યા. આ પ્રકાશનોથી ટેનિસન એક પ્રતિષ્ઠિત કવિ તરીકે સ્થાપિત થઈ ગયો. જો કે તેનાં ઉત્તમ કાવ્યો તો તે પછી પ્રકાશિત થવાનાં હતાં.

ટેનિસન માટે ઈ. ૧૮૫૦ની સાલ શુકનિયાળ બની રહી. આ વર્ષમાં તેનાં લગ્ન થયાં, તેનું સુપ્રસિદ્ધ 'ઇન મેમોરિયમ' કાવ્ય પ્રકટ થયું અને સહુથી વિશેષ તો તેને વર્ડ્ઝવર્થના અવસાન પછી ખાલી પડેલો રાજકવિનો (Poet Laureate)નો મોભો મળ્યો. ટેનિસનને લગ્ન સુપેરે ફળ્યાં એ જ રીતે હવે પછીની કવિતા પણ યશોદાયી બની રહી. લગ્ન અંગે તેણે નોંધ્યું કે, 'The peace of God came into my life before the Alter when I married her. ' (લગ્નવેદી સમક્ષ મેં તેનું પાણિગ્રહણ કર્યું ત્યારથી ઈશ્વરની પ્રશાંતિ મારા જીવનમાં વ્યાપી.)

અને એની કાવ્યકલા પણ સુપેરે એવી વિકસતી રહી કે એને વિશાળ વાચકવર્ગ સાંપડવા માંડ્યો. દુન્યવી માનઅકરામ તેના ખોળામાં આવી પડવાં લાગ્યાં. અને તેના અનેક વિખ્યાત મિત્રોએ જીવનને રસમય બનાવ્યું. એ મિત્રોમાં ગ્લેડસ્ટન (Gladstone), ટિન્ડલ (Tyndall), હક્સલી (Huxley), એફ.ડી. મૉરિસ (F.D.Maurice), મેક્સ મૂલર (Max Muller), હેન્રી ઇરવિંગ(Henry Irving) જેવી વિખ્યાત પ્રતિભાઓ હતી. (ક્રમશઃ)

❋ કલાસ્મૃતિ ❋

કિંગ ઑવ્ કૉમેડી : ચાર્લી ચૅપ્લિન

મૂંગી ફિલ્મોના હાસ્ય-જાદુગર ચાર્લી ચૅપ્લિનનો જન્મ સન ૧૮૮૯માં પૅરિસમાં થયો હતો. પિતાનું નામ ચાર્લી અને માતાનું નામ હન્નાહ હતું. પાંચ વર્ષની નાની ઉંમરે જ્યારે તેને સ્ટેજ ઉપર કામ કરવાનું મળ્યું ત્યારે તેની સાચી જન્મ તારીખ અને બર્થ સર્ટિફિકેટ નહોતાં. નાના સ્ટેજ ઉપર કામ કરનાર ત્યારે આઠ લૅંકશાયર છોકરાઓમાંનો તે એક હતો. તે જમાનાની ફ્રેડ કારનોની ડ્રામા કંપનીના ડિરેક્ટરની ચાર્લી ઉપર નજર પડી. અને આજ સમયમાં કંપની તેના ખેલ કરવા અમેરિકા જવાની હતી તેમાં તેને તક મળી ગઈ. એણે તરત જ કામ સ્વીકારી લીધું, કારણ કે તે વખતે લંડનમાં તે સખ્ત ગરીબાઈનું જીવન વ્યતિત કરતો હતો. પૂરતો અભ્યાસ પણ કરી શકે તેમ નહોતું. નાનપણથી ગરીબાઈની આ અસર મોટપણમાં પણ અભિનય અને તેના જીવન ઉપર ભારે અસરકારક રહી છે.



તે જમાનામાં પ્રખ્યાત હાસ્ય કલાકારો સામે મૂંગી ફિલ્મોના જમાનામાં ચૅપ્લિન સારી રીતે ટકી શક્યા. કારણ કે તેમની પાસે સંગીતમય અભિનયનું સારું જ્ઞાન હતું. ડિરેક્ટર મૅક સેનવે સને ૧૯૧૩માં તેમની ફિલ્મોમાં ચૅપ્લિનને મુખ્ય ભૂમિકામાં તક આપી. ફિલ્મનું નામ હતું 'મેકિંગ અ લિવિંગ' તે ફિલ્મ સને ૧૯૧૪માં રજૂ થઈ. બીજી ફિલ્મ 'કિડ ઑટો રેસીસ'માં કામ કરતાં તેમણે પોતાને એક ખાસ રીતે રજૂ કરે તેવો પોશાક શોધી કાઢ્યો અને જે કામ વગરના રખડેલ માણસ 'ટ્રૅમ્પ' તરીકે દુનિયાભરમાં વખણાયો. આ પોષાક રાજકપૂરની 'આવારા' અને 'શ્રી ૪૨૦'માં આપણે સુપેરે જોયો છે. હિટલર છાપ મૂછ, ટૂંકાં કપડાં, ફાટેલી ટોપી, ઊંચું પેન્ટ, અને માપતાલ વગરના થોડા ફાટેલા જોડા. આ પોષાકની શૈલી સામાન્ય લોકોને હસાવવા માટે પૂરતી હતી. થોડાંક વર્ષો પછી ચાર્લીએ તેમાં લાકડી ઉમેરી અને આમ આખો અભિનય પહેરવેશ પૂરો થયો, અને આ તેમની 'મૉડર્ન ટાઇમ્સ' ફિલ્મ સુધી ચાલુ રહ્યો.

ચાર્લી ચૅપ્લિનની ખ્યાતિ વધતી ચાલી તેમ તેમણે પોતાને એક સ્ટારની કક્ષામાં મૂકવાનું શરૂ કર્યું; સાથે ધંધાકીય બાહોશી કેળવીને પોતાની બધી ફિલ્મોમાં રજૂઆતના હક્કો મેળવ્યા. સન ૧૯૧૫ અને ૧૯૧૮ એ ત્રણ વર્ષ દરમિયાન તેઓએ કામ કરવાના સ્ટૂડિઓ બદલ્યા અને વધારે મહેનતાણું માગનાર ઍક્ટરોમાં તેમનું નામ ગણાવા લાગ્યું. આ સમયમાં તેમની લોકપ્રિયતા એટલી બધી વધી ગઈ, જેને કારણે તે જમાનામાં એક કરોડ ડૉલરનો કૉન્ટ્રૅક્ટ કરનાર અદાકાર ચાર્લી ચૅપ્લિન પ્રથમ ગણાયા. જાણીતા કલાકાર ડગ્લાસ ફેરબેંનુસ અને ગ્રિફીથ સાથે તેમને યુનાઇટેડ આર્ટિસ્ટ નામની ફિલ્મ કંપની શરૂ કરી. સાથેસાથે નાની-મોટી કૉમેડિ ફિલ્મો પણ બનાવતા. ફિલ્મોમાં રજૂઆતના હક્કો પણ પોતાની પાસે રાખતા. આ રીતે પોતાના તમામ કામકાજનો કબજો પોતાની પાસે જ રહે તેવું તેમનું આયોજન રહેતું. સન ૧૯૨૭માં ઑસ્કાર અવૉર્ડ્ઝની શરૂઆત થઈ અને સૌપ્રથમ ઑસ્કાર ચાર્લી ચૅપ્લિનને આપવામાં આવ્યો અને સન. ૧૯૭૨માં બીજો ઑસ્કાર અવૉર્ડ તેમણે ફિલ્મ-ઉદ્યોગમાં આપેલા ફાળા બદલ આપવામાં આવ્યો.

ચૅપ્લિન એક ભાવનાસભર કલાકાર હતા. તેઓ પોતાની કૉમેડિની રજૂઆતમાં હાસ્ય પણ હૃદયના ઊંડાણ સાથે રજૂ કરતા. જિંદગીનાં દુઃખદર્દને રજૂ કરવામાં કયારેક તેમનો અભિનય વધુ પડતો લંબાતો હોય કે એકની એક રજૂઆત વધારે થતી હોય તેવું લોકોને લાગતું. છતાં પ્રેક્ષકોને તેમના ચહેરાના હાવભાવથી અને ખાસ પ્રકારના હાસ્ય તેમજ અભિનયથી તેઓ સિનેમાગૃહમાં જકડી રાખી શકતા. તેમણે ઘણી ફિલ્મોમાં સંગીત પણ આપેલું. તેમાં 'મોન્શોયર વરડોક્ષ', 'કિંગ ઈન ન્યૂ યૉર્ક' અને 'લાઇમ લાઇટ' તેમજ 'કાઉન્ટેસ ફ્રૉમ હૉંગકૉંગ' જાણીતી છે. ચૅપ્લિને ચાર વખત લગ્ન કરેલાં. બીજી

(અનુસંધાન પૃ. ૮૯૭ પર)

ચાર્લી ચૅપ્લિનની યાદગાર ફિલ્મો	
સન. ૧૯૧૪	- મેકિંગ ઑફ લિવિંગ
	- ધ સ્ટાર બોર્ડર
	- ધ નૉક આઉટ
	- ધ પોર્ટર
	- મ્યૂઝિકલ ટ્રૅમ્પસ
સન. ૧૯૧૫	- ચૅમ્પિઅન
	- ઈન ધ પાર્ક
	- ધ ટ્રૅમ્પ
	- ચાર્લી ઍટ ધ બૅન્ક
સન.૧૯૧૬	- પોલીસ
	- ધ ફાયર મૅન
	- ધ વૅગબૉન્ડ
	- ધ કાઉન્ટ
	- ટ્રીપલ ટ્રબલ
સન. ૧૯૧૯	- સની સાઇડ
	- અ ડેઝ પ્લેઝર
સન. ૧૯૨૧	- ધ કીડ
સન. ૧૯૨૨	- ગોલ્ડ રશ
સન. ૧૯૨૮	- ધ સર્કસ
સન. ૧૯૩૧	- સિટી લાઇટ્સ
સન. ૧૯૩૬	- મૉડર્ન ટાઇમ્સ
સન. ૧૯૪૦	- ધ ગ્રેટ ડિકટેટર
સન. ૧૯૫૨	- લાઇમ લાઇટ
સન. ૧૯૫૭	- અ કિંગ ઈન ધ ન્યૂ યૉર્ક
સન. ૧૯૬૬	- અ કાઉન્ટસ ફ્રૉમ હૉંગકૉંગ

❀ કલાવાર્તા ❀

વિશ્વના મહાન ચિત્રકારો-૨૩
પાબ્લો પિકાસો

પાબ્લો પિકાસો એટલે ૨૦મી સદીનો, અદ્યતન કલાનો માંધાતા. તે ૯૧ વર્ષ જીવ્યો અને છેવટ સુધી કામ કર્યું.



તેણે ત્રણ પેઢી સુધી વિશ્વના કલાકારોને પ્રેરણા આપી. તે આમ, એક દંતકથા બની ગયો. 'દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે.'-એ સૂત્ર એને માટે સત્ય બની ગયું. પ્રેમક્ષેત્રે એ તોફાની માણસ અને એ જ એનું પ્રેરણાક્ષેત્ર. તેણે સ્ત્રીઓનાં અસંખ્ય ચિત્રો કર્યાં છે. બહુ ઓછા કલાકારો તેની અસરમાંથી મુક્ત રહ્યા છે. ચિત્રમાં સુકૃતિને બદલે વિકૃતીકરણ એ એનું પ્રદાન છે. તેના વિખ્યાત ચિત્ર ગર્નિકામાં વિકૃતિ દ્વારા યુદ્ધની ભીષણતા તેણે બતાવી. તેની રજૂઆતની ગતિવિધિ અજબ-ગજબની છે. તેણે અનેક શૈલીઓમાં કામ કર્યું. અનેક ચીજોને કલામાં પરિવર્તિત કરી. કલામાં ઘનવાદ વિકસાવવામાં તેનો મોટો ફાળો છે. તેમાંથી આજની અમૂર્ત-કલા સર્જાઈ. તેની ખ્યાતિની જ્યોત આજ સુધી ઝળહળતી રહી. કીર્તિ સાથે આટલું ધન દુનિયાના કોઈ કલાકારને મળ્યું નથી. જગતના મોટા શ્રીમંતોમાંનો તે એક હતો. ૨૦ વર્ષનો થયા પછી તેને ક્યારેય પૈસાની ચિંતા કરવી પડી નથી. તેનું એક સામાન્ય ચિત્ર ૮૦૦૦૦/- એંસી હજારમાં વેચાયાનો પ્રસંગ છે. તેની કૃતિઓ તેના નામથી ઓળખાય છે કે 'આ ચિત્ર પિકાસોનું છે.'



૧૫ની વયે કરેલું માતાનું પોર્ટ્રેટ

તેને લોકો જુદાં જુદાં વિશેષણો આપે છે. કોઈ તેને જીનિયસ કહે તો કોઈ તેને ગાંડો કહે. પિકાસો એટલે પ્રચારક ને નાટકિયો. તેને મળવું હોય તો સમય માગવો પડે. મળે ત્યારે પૂરો સમય આપે. તે મહિનાઓ સુધી આઉટ હાઉસમાં રહે ને ચીતરે.

તેનો જન્મ સ્પેનમાં ૧૮૮૧માં નેલાગા નામના નાના ગામમાં. પિતાનું નામ જોસે રૂઈઝા બ્લાસ્કો. માતાનું નામ મારિયા પિકાસો હતું. પિતા કલા-અધ્યાપક અને ગામના નાનકડા મ્યૂઝીઅમના ક્યૂરેટર. તે કહેતોઃ 'હું ચૌદ વર્ષની વયે રફાયેલ જેવું ચીતરી શકતો.' ૧૫ વર્ષની વયે તેણે તેની માતાનું પેસ્ટલ પોર્ટ્રેટ કર્યું છે જે પૂરું પક્વ લાગે. તેણે દસ વર્ષની ઉંમરે કરેલું ચિત્ર તેના ગામના મ્યૂઝીઅમમાં સંગ્રહ માટે લેવાયેલું છે. ૧૪ વર્ષની ઉંમરે બાર્સિલોનિયાની કલા-શાળામાં પ્રવેશ માટે એક ચિત્ર કરવાનું થયું. મહિનો આપેલો પરંતુ તેણે તે કામ એક દિવસમાં પૂરું કર્યું. ૧૬ વર્ષની વયે તે માડ્રિડ ઍકેડેમીમાં સન્માન



એક બજાણિયા પરિવારનું વાનર સાથેનું ચિત્ર


સાથે દાખલ થયો અને સીધો ઉપલા વર્ગમાં લેવાયો. તેની શક્તિ જોઈ પિતાએ પીંછી મૂકી દીધી - વિંચીના ગુરુ વેરોકિયોની જેમ.

૧૮૯૫માં તેનું કુટુંબ બાર્સિલોનિયા જાય છે. બાર્સિલોનિયામાં તેને લેખકો, ચિત્રકારો, જર્નાલિસ્ટો મિત્રો થાય છે. તેમની સાથે ચર્ચાઓ કરે છે. મોડી રાત્રે સંગીત માણવા જાય, રેડલાઈટ એરિયામાં



પ્રિયતમા અને મોડેલ મારિયરેસ વોલ્તરનું સુશોભનયુક્ત પોર્ટ્રેટ

જા ય . વેશ્યાઓનાં ચિત્રો પણ કર્યાં. તે સ ખ ત સ્કેચિંગ કરે એ સ્વા-ભ ા વિ ક હતું. આ કેટેલોનિયાનું જીવન તેનાં ચિત્રોમાં દેખાય છે. ચિત્રકલાનાં આરંભનાં વર્ષોમાં પ્રણાલિગત પોર્ટ્રેટ કરે છે. સમયાંતરે તે પરીક્ષાને તિલાંજલી આપે છે. હવે તેને માટે શીખવા મ્યૂઝીઅમો સિવાય કોઈ સ્થળ જ નહોતું. તે બાર્સિલોનિયાને માડ્રિડના કલાસંગ્રહમાંથી જ શીખતો. સ્પેન ચિત્રકાર વિલેસ્કિવઝ તેનો પ્રિય ચિત્રકાર હતો. પાછલી ઉંમરમાં તેણે જૂના ચિત્રકારોનાં ચિત્રો પરથી પોતાની શૈલીમાં ચિત્રો કરેલાં તેમાં વિલેસ્કિવઝના 'ધ મેઇડ ઑવ્ ઑનર' પરથી ઘણાં ચિત્રો કરેલાં. બે વર્ષ પૂર્વે ફ્રેંચ ગવર્નમેન્ટના સહયોગથી સરયૂ દોષીના આયોજનથી (નૅશનલ ગૅલરિના ઑનરરી ડિરેક્ટર) કાવસજી જહાંગીર હૉલ મુંબઈમાં પિકાસોનાં ચિત્ર, શિલ્પ, ડ્રૉઈંગ, સિરામિક, એચિંગ વગેરેનું પ્રદર્શન થયેલું.



સાગરતટે દોડમાં મગ્ન બે મહિલાઓ

સ્પેન તો વહેમ અને અંધશ્રદ્ધામાં ડૂબેલો દેશ હતો. પિકાસો મુક્ત વિચાર-વાળો ને બળવાખોર હતો. પરિણામે તે સ્પેન છોડી ફ્રાન્સને વતન બનાવે છે. ફ્રાન્સમાં રહેવા છતાં તે સ્પેનિશપણું જતું નથી. તેને મૃત્યુ પૂર્વ એક વાર સ્પેન જવું હતું. પરંતુ જનરલ ફ્રાન્કોના જીવતાં એ શક્ય નહોતું. ફ્રાન્સમાં તેને એકલાપણું સાલતું હતું.

તે ૧૯૦૦ની સાલમાં ફ્રાન્સમાં જઈ કલાનગરી પૅરિસમાં રહે છે. શરૂઆતમાં બાર્સિલોનિયા અને પૅરિસમાં આવનજાવન કરે છે. પૅરિસ, લુવ્રમાં તે દિવસોના દિવસો ગાળે છે. ગ્રીક, રોમન, ઇજિપ્શયન ઓરડાઓમાં તેની કલા જુએ છે. સાથે બોનાર્દ, ડૅનિસ તુલુસ લોત્રેક વગેરેનું કામ પણ જોતો રહે છે. પૅરિસમાં ઊંચામાં ઊંચી કોટિના કલાકારો હોય છે. પિકાસો પ્રત્યેકનું આગળ હોવાનું કારણ તારવતો ને ઝડપથી કલાતત્ત્વ પામતો.

શરૂઆતમાં પિકાસો ને મૅક્સ જૅકબ પૅરિસમાં સાથે રહ્યા. એક જ ખાટલે સૂતા. જૅકબ રાત્રે સૂએ ને દિવસે કામ કરે. પિકાસો રાત્રે ચીતરે ને દિવસે ઊંઘે. આરંભના એ દિવસો ગરીબાઈના



૧૯૩૭માં વિકૃતિની કલા છાયાવાળું ગર્નિકાનું ૧૩૭$^{૧}/_{૨}$ x ૩૦૫$^{૧}/_{૪}$"નું ચિત્ર

હતા. ટાઢથી બચવા પિકાસોનાં ઘણાં ડ્રૉઈંગ બાળેલાં, ૧૯૦૧થી '૪૫ પિકાસોનો બ્લ્યૂ પીરિઅડ ગણાય છે, જેમાં ગરીબી, દુઃખ રજૂ થાય છે. એક ભૂરા રંગથી તો કેટલું બધું અભિવ્યક્ત થાય છે! બાદ પિંક પીરિઅડ આવે છે. એચિંગ પણ એટલું જ કરે છે. મૅક્સ જૅકબ જર્નાલિસ્ટ હતા. તેની મારફત બૉદલેર, રિંબો, વર્લેઈન અને માલાર્મેનાં કાવ્યોથી પિકાસો પરિચિત થયો. પિકાસો ફ્રેંચ એટલું નહોતું જાણતો પણ જૅકબે તેના કાન ખોલ્યા.

સ્ત્રીઓની બાબતમાં તેની વાત ન્યારી હતી. તે સ્ત્રીઓને ચાહતો. તે જ તેની પ્રેરણા. તેણે અનેક સ્ત્રીઓનાં ચિત્રો પોતાની શૈલીમાં કર્યાં છે. તે વારંવાર પરણ્યો છે. એક નહિ, સાત વખત. પિકાસોની પત્નીઓ કહે છે 'પિકાસો પ્રેમમાં ને ચિત્રમાં હંમેશ જુવાન હતો. પિકાસોની પહેલી પત્ની ઓલ્ગા કોકલોવા હતી. તે રશિયન નૃત્યાંગના હતી. સુંદર તો ખરી જ. તે પછી તેની મૉડેલ અને મિસ્ટ્રેસ મારિયા હતી. તે જ્યારે પ્રથમ વખત એક શેરીમાં મળે છે ત્યારે પિકાસો કહે છે 'તારો ચહેરો રસ પડે તેવો છે. મારે પોર્ટ્રેટ કરવું છે.' બાદ ઈવા, જિલોટ, ડોરા, જેક્વેલીન જેવાં પાત્રો તેના જીવનમાં આવે છે.

૧૯૬૧માં તે છેલ્લે જક્વેલનને પરણે છે. ત્યારે બંને વચ્ચે ઉંમરનો ઘણો ભેદ હતો. પિકાસોનાં અંતિમ વર્ષોમાં જેક્વેલીને તેને ખૂબ શાંતિ આપી. ૧૯૫૦થી ૬૦ના ગાળામાં ખૂબ ચિત્રો કર્યાં. હવે તેની સર્જક શક્તિ ઘટતી હતી. તેણે હવે ઑલ્ડ માસ્ટર્સ વિલેસ્ક્વિઝ, જેવા માસ્ટર્સને લઈ પોતાની શૈલીમાં ચીતર્યાં. તેમનાં ચિત્રો પરથી નવસર્જનો કર્યાં. તેનું મૃત્યુ પ્રોસ્ટેના ઑપરેશનમાં થયું. છેલ્લે તે આંખોનું તેજ ગુમાવે છે. ૮ એપ્રિલ, ૧૯૭૩ એ ૯૧ વર્ષ જીવીને, વિપુલ સર્જન સાથે વિરમ્યો.

ઘનવાદનાં ચિત્રોમાં વાસ્તવિક સૃષ્ટિ નથી. તે ચિત્રોમાં બારીમાંથી જોતા હોઈએ તેવું ત્રિપરિમાણ નથી. દૃશ્યનું સાતત્ય નથી. કૅનવાસની દ્વિપરિમાણ સપાટી પર જુદી જુદી સપાટીઓનું વણાટ છે. કાચને એક બીજાની પાછળ ગોઠવ્યા હોય તેમ, સેઝાંએ જે વાતમાં આરંભ કર્યો હતો તે વાત અહીં વિકસે છે. આકાર બૅકગ્રાઉન્ડ સાથે સપાટીઓનો સહયોગ સાધે છે. આ ઘનતા ત્રિપરિમાણવાળાં જૂનાં ચિત્રો જેવી નથી. ક્યારેક વસ્તુને ચારેબાજુથી રજૂ કરે છે, પણ તે સપાટીઓથી. અહીં વસ્તુના પ્રચલિત અર્થને દૂર કરી નવો અર્થ આપવામાં આવે છે. અહીં પ્લે ઑવ્ ફૉર્મ્સ છે. હવે ચિત્રોમાં ટાઈટલ હોય તો પણ અર્થ રહેતો નથી. અર્થ બાબતે પિકાસો કહે છે 'ચકલી શું ગાય છે તે પૂછો છો ખરા?' હવે ચિત્રની સૃષ્ટિ છાયા પ્રકાશવિહિન બને છે. વાર્તા નીકળી જાય છે. પ્રસંગ નહિ પણ પ્રતીકો મુકાય છે. પિકાસો છાપાના ટુકડાને ચોંટાડી કોલાજ કરે છે. છાપું શીશી બની જાય છે. બીજા વિશ્વયુદ્ધ સુધી પિકાસો કલાતખ્તા પર સવાર રહે છે. ક્યૂબિઝ્મ પછી સિંથેટિક ક્યૂબિઝમ આવે છે. તેમાં અલંકરણનું તત્ત્વ વધે છે. પિકાસોને જ્યારે લાગ્યું કે ક્યૂબિઝમ નિર્જીવ છે ત્યારે તેણે તે છોડી દીધો. પિકાસો સરરિઆલિઝમ વાદમાં પણ મનના પડઘા ચીતરે છે.

ગ્રીક વાઝ પર રેખાચિત્રો હોય છે. તેનાથી પ્રેરાઈને મૉડેલ રાખીને અને તે સિવાય વાયરલાઈનથી ગ્રીક ક્લાસિક જેવાં રેખાચિત્રો કરે છે. એમ્બ્રોઝ વોલાર્દ નામના આર્ટ ડીલર ૧૦૦ જેટલાં આવાં રેખાંકનોનો સમૂહ પ્રકટ કરે છે. શુદ્ધ રેખા અને લયબદ્ધતાવાળાં માનવ પાત્રો તેમાં નિરૂપાયાં છે. આ એચિંગ ધાતુની પ્લેટ પર તૈયાર થાય પછી તેની પ્રિન્ટ નીકળે. પિકાસોનું એક પણ ચિત્ર વસ્તુવિહાણું નથી.

પિકાસો મ્યૂઝીઅમમાં આફ્રીકન કલા જુએ છે. તેણે પોતે આ પ્રથમ વખત જોઈ ત્યારે ભારે આંચકો અનુભવેલો. પોલિનૅશિયન શિલ્પ અને માસ્ક તથા ટૉટેમ પોલ અને તેનાં પાત્રો જાતાં તેની કલામાં અદ્‌ભુત નાવીન્ય પ્રકટ્યું. આફ્રિકન કલાના વિકૃતીકરણમાં ખૂબ સહજતા ચમત્કૃતિ છે.

પિકાસોએ અનેક પ્રયોગો કરી કલાક્ષેત્રે સુંદરતાની નવી વ્યાખ્યા બાંધી. કલાનાં સ્વરૂપ અને સમજણ બદલી નાખ્યાં. સદીના સમગ્ર કલાવિકાસ પર તેનો પ્રભાવ વર્તાયો. કલા સ્વાયત્ત બની. નૉન-ઍકેડેમિક બની. સીમાઓ તૂટી ગઈ. કૅનવાસ પર માત્ર ધાબાં કે ગણેલા લીટા મૂકી ચિત્રકાર નામ લખતો થઈ ગયો. કોરા કૅનવાસને પણ પ્રદર્શિત કર્યો. પરિણામે કલામાં પાછું નૅરેશન પ્રવેશ્યું જેને નૅરેટિવ કલા કહે છે. ત્રણ પેઢી સુધીના મબલખ સર્જનના આ પિતાને માથું ઝૂક્યા વિના રહેતું નથી. આમ, તેને સર્વજ્ઞ કહેવો પડે.

- હરિત પંડ્યા : નટુ પરીખ

કલાવૃત

વડોદરાનાં કેતા પટેલનું ચિત્રપ્રદર્શન

કાંતિ રાણાના હૉબિ સેન્ટરમાં બાળ તથા કિશોર કલાકારોની સર્જનાત્મકતા તથા કલાત્મકતા ઉજાગર કરવા માટે ખાસ ધ્યાન રાખવામાં આવે છે. તેમને વિવિધ ટેકનિકો, શૈલીઓ તથા માધ્યમોમાં



કાર્ય કરવા માટેનું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે. કાંતિભાઈ તથા તેમના સુપુત્રોનો કલાશિક્ષણ પરત્વેનો અભિગમ પ્રધાનપણે સર્જનાત્મક તથા મનોવૈજ્ઞાનિક રહ્યો છે.

સોળ વર્ષીય યુવા કલાકાર સર્જક કેતા પટેલની કલાપ્રતિભા બાળપણથી જ જોવા મળે છે. થોડાં વર્ષો કાંતિભાઈ રાણાના હૉબિ સેન્ટરમાં તેને ચિત્રકલા અને સર્જના-ત્મકતામાં ઘનિષ્ઠ તાલીમ પ્રાપ્ત થઈ. અલકાપુરીની વડોદરા હાઇ સ્કૂલમાં અભ્યાસ કરતી કેતા તેના વર્ગમાં ટૉપ રૅન્કર હતી. સતત ચારથી પાંચ કલાક હૉબિ સેન્ટરમાં તાલીમ પામેલી કેતા તેની સર્જનાત્મક કલ્પનાશીલતાને ચિત્રકલા, વૂડન ક્રાફ્ટ, ગ્લાસ ચિત્રકલા, પૅપિયર મશી જેવાં વિવિધ માધ્યમોમાં અભિવ્યક્ત કરે છે. તેણે ચિત્રકૃતિઓમાં રોજબરોજના જીવનના સ્નેપશૉટ્સ સર્જેલાં. રંગરૂપોમાં એક યુવા કલાકારની નિર્દોષ દૃષ્ટિ દ્વારા તે પ્રતિબિંબિત થાય છે. આ કૃતિસર્જન, રંગવિધાન, અવકાશ-વિધાનમાં તેની સર્જક દૃષ્ટિનાં દર્શન થાય છે. દ્વિપરિમાણીય સંરચનાઓમાં પણ ઊંડાણ જોવા મળે છે તથા વાતાવરણ સર્જાતું જોવા મળે છે. તેની સંરચનાઓમાં મૌલિકતા ઉપરાંત સંકુલતા છે તથા વિષય પરત્વેનું નિરીક્ષણ છે. તેના બ્રશવર્કમાં ચમકતા, વહેતા ઝરણા જેવી ગતિ જોવા મળે છે. તેની સંરચનાઓમાં તેની ધીરજ તથા ખંતનાં તથા કલાત્મક, સર્જનાત્મક દૃષ્ટિનાં દર્શન થાય છે.

ચંદુ દફતરીની વૈવિધ્યસભર કલા



મોરબીની દફતરી શેરીમાં રહેતા જૈફ કલાકાર દફતરીનું નામ ન કેવળ મોરબીમાં કિંતુ સમગ્ર સૌરાષ્ટ્રમાં એક અનુભવી કલાકાર-કસબી તરીકે જાણીતું છે. અનેક માધ્યમોમાં સર્જન કરતા અને નિજી કલા-કસબ દાખવતા ચંદુ દફતરીના પ્રદર્શન વેળા તા. ૨૦-૭-'૭૦ના પોતાના પત્રમાં ગુજરાતના કલાગુરુ સ્વ. રવિશંકર રાવળે દફતરીને શુભાશિષ પાઠવતા યોગ્ય રીતે કહ્યું છે, 'જે કલાકાર પોતાની ભૂમિના વાતાવરણમાં રહી તેની પ્રેરણાથી ચિત્રો કરી શકે છે તે ધન્યવાદને





પાત્ર છે. એકાદ નિષ્ઠાવાન ચિત્રકાર જે સમાજમાં હોય તે સમાજને સૌંદર્ય અને સૃજનના અનેરા અનુભવો આપવા તે સમર્થ બને છે.'

પાટીચિત્રો (સ્લેટ પેઇન્ટિંગ્ઝ) તથા ઍલ્યુ-મિનિયમ શીટ પર કંડારેલાં વ્યક્તિચિત્રોનાં ઍન્ગ્રેવિંગ્ઝથી ચંદુ દફતરીને ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. સોયની અણી વડે પથ્થરપાટી કે ઍલ્યુ-મિનિયમ શીટ પર બારીક, નાજુક રેખાઓ વડે મહાન વ્યક્તિ ઓનું વ્યક્તિત્વ આબેહૂબ રીતે તેમણે ઉપસાવ્યું છે. આવાં રેખાચિત્રો ઉતારવામાં તેમણે અજોડ હથોટી મેળવી છે. ગાંધીજી, રવીન્દ્ર-નાથ ટાગોર, કૅનેડી, ઈસુ ખ્રિસ્ત, વિવેકા-નંદનાં તેમણે કંડારેલાં વ્યક્તિચિત્રો ખાસ નોંધપાત્ર છે. તેમાંનું



છાયા-પ્રકાશનું આયોજન જગ-વિખ્યાત યુસુફ કાર્શ ઑવ્ ઓટાવા જેવા ફોટો-ગ્રાફરની શ્વેત-શ્યામ તસવીરોની સહેજે યાદ અપાવે છે.

ચંદુ દફતરીનાં રેખાચિત્રો કે લાઇન ડ્રૉઇંગ્ઝ ખાસ ધ્યાનાકર્ષક છે. બારીક

લયયુક્ત, પ્રવાહી રેખાઓમાં તેમણે નૃત્ય કરતાં રાધા-કૃષ્ણનું રૈખિક ડ્રૉઈંગ સર્જ્યું છે. તેમાંની કમની-યતા, રૂપ તથા રચના અને રાધાનાં વસ્ત્રોમાંનું આકર્ષક સુશોભનાત્મક ડિઝાઈનનું આલેખન વગેરે નોંધપાત્ર છે. તેમણે સર્જેલી વિવિધ પ્રકારની હસ્તકલાનો કસબ તથા કલાદૃષ્ટિ દર્શાવતી કૃતિઓ ધ્યાનાકર્ષક છે. ચંદુ દફતરીએ આકર્ષક સીરામિક કૃતિઓ, ડિઝાઈનો, જળરંગી ચિત્રો, ગ્લાસ ચિત્રો પણ બનાવ્યાં છે.

ચિત્રકાર ચરણ શર્માની ચિત્રસૃષ્ટિ

નાથદ્વારા (રાજસ્થાન)માં સન ૧૯૫૦માં જન્મેલા ચરણ શર્માનો ઉછેર



ત્યાંના કલાના માહોલમાં જ થયો. નાનપણથી જ તેમને ચિત્રકલા પરત્વે અભિરુચિ હોવાથી પોતે ચિત્રકાર થશે એવું તેમણે મનથી નક્કી કરી લીધું હતું. શાળાકીય અભ્યાસમાં જરા પણ ચિત્ત ચોંટતું નહોતું. છતાં જેમ તેમ કરીને એમ.એ. સુધીનો અભ્યાસ પૂરો કર્યો. ત્યારે જહાંગીર આર્ટ ગૅલરિ, મુંબઈમાં સુખ્યાત ભારતીય ચિત્રકાર હેબ્બરનું પુનરાવલોકન પ્રદર્શન યોજાયું હતું. હેબ્બરે તેમને તથા તેમના મિત્રોને પોતાના ઘરે બોલાવ્યા. જહાંગીર આર્ટ ગૅલરિનાં પગથિયાં પર જ નિર્ધાર કર્યો કે ભવિષ્યમાં આ ગૅલરિમાં મારું વૈયક્તિક પ્રદર્શન યોજીશ. દસ વર્ષ પછી ૧૯૭૭માં તેમનું પ્રથમ વૈયક્તિક પ્રદર્શન આ જ ગૅલરિમાં યોજાયું. ૧૯૭૨માં ઉદેપુરમાં પણ તેમનું વૈયક્તિક પ્રદર્શન યોજાયું હતું. સન ૨૦૦૧માં તેમનાં બે મહત્ત્વપૂર્ણ પ્રદર્શનો અમેરિકાનાં સાન ફ્રાંસિસ્કો અને બોસ્ટન



શહેરોમાં આયોજિત થયાં. હાલમાં તેમનો સ્ટૂડિઓ મુંબઈના ઉપનગર અંધેરી (પૂર્વ)માં કલ્પિતા એન્ક્લેવના ચોથે માળે છે.

ચરણ શર્માનાં ચિત્રોમાં રાજસ્થાન સતત ચિત્રિત થયું છે. ત્યાંના મહેલો, છત્રીઓ, મંદિરો. બુરજો, શેરીઓ તથા નદીકિનારે પડેલાં પથ્થરો તેમની સંરચનાઓમાં કલાત્મક રીતે ચિત્રબદ્ધ થયાં છે. નાથદ્વારાની નાની બનાસ નદીના કિનારા પરના પથ્થરોનું તેમને હંમેશાં દૃશ્ય આકર્ષણ રહેતું. આ પથ્થરો વિવિધ રંગરૂપોમાં આકર્ષક સંરચનાઓમાં તેમણે આલેખ્યા છે.

ચરણ શર્માની કલામાં હવેલીના જૂના દરવાજાઓ, ઉપર ચઢવાનાં પગથિયાં, મંદિરનું સ્થાપત્ય, ભીંતચિત્રો, મકાનોની જાળીઓવાળા દરવાજાઓ તથા નાટ્યાત્મક ક્રિયામાં દર્શાવાયેલી કઠપૂતળીઓ વગેરે મહત્ત્વનાં લક્ષણો છે. તેમનું અદ્‌ભુત પોતસર્જન, વિગતસભર આલેખન, છાયા-પ્રકાશની રમત, તેજસ્વી રંગો, સ્થળના વાતાવરણનું અસરકારક સર્જન તથા પરિપ્રેક્ષ્યવાળી સંરચનાઓ નોંધપાત્ર છે. તેમનાં ચિત્રો આકૃતિપ્રધાન છે તથા વાસ્તવદર્શી શૈલીમાં છે. રાજસ્થાનનાં સ્થળોનું રંગદર્શી વાતાવરણ સર્જવામાં તે સફળ થયા છે. ચરણ શર્માનાં ચિત્રોને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સફળતા અને સન્માન પ્રાપ્ત થયાં છે.

-બંસીલાલ દલાલ

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૮૯૨ થી પત્નીને એક દીકરી હતી અને ત્રીજી પત્નીથી એક દીકરો હતો. દીકરી જિરાલ્ડીને અભિનયમાં સારું નામ પ્રાપ્ત કરેલ. તેમાં જાણીતી ફિલ્મ 'ડૉ. ઝીવાગો'માં તેનું કામ ખૂબ જ પ્રશંસા પામેલું.

ચૅપ્લિન ઘણું લાબું જીવ્યા તેમજ ઘણા બધા દુન્યવી ઝંઝાવાતો સામે આનંદસભર ખ્યાતનામ કૉમેડીઅન તરીકેનું બિરુદ જાળવી શક્યા. જો કે ફિલ્મ પ્રોડક્શનનાં પાછલાં વર્ષોમાં નાદારી નોંધાવવી પડી તેવી પરિસ્થિતિ આવી હતી. સમય બદલાયો. બોલતી ફિલ્મોની બોલબાલા, નવીન પ્રકારની ટેક્નિક અને રજૂઆતો, ભવ્ય સેટ્સવાળી ફિલ્મોનાં સર્જનમાં હોલિવુડ સામે ટકવું મુશ્કેલ બન્યું. તેમ છતાં આજે પણ લોકો તેમને ખૂબ જ સન્માનનીય હાસ્ય કલાકાર તેમજ ખૂબ જ ધનિક વ્યક્તિ તરીકે યાદ કરે છે. તેઓએ ૮૦ જેટલી મૂંગી અને બોલતી ફિલ્મોમાં કામ કરેલું. *-ગજેન્દ્ર શાહ*

મહત્ત્વની સૂચના

હવેથી લવાજમનાં, જાહેરખબરનાં, દાનનાં સઘળાં નાણાં રોકડેથી યા ડ્રાફ્ટથી **'કુમાર ટ્રસ્ટ'**ના નામે મોકલવાં સૌને વિનતિ છે. 'કુમાર'ના એજન્ટ ભાઈઓએ પણ આની ખાસ નોંધ લેવી.

સાહિત્યસંપર્ક

સદ્‌ગત મનોજ ખંડેરિયા

નીતિન વડગામા

'તારે કાજે ગઝલ મનોરંજન,
મારે માટે તો પ્રાણવાયુ છે.'

એવું આત્મપ્રતીતિપૂર્વક ઉચ્ચારનારા અને ગઝલને કેવળ મનોરંજનનું સાધન સમજવાને બદલે 'પ્રાણવાયુ'નો દરજ્જો આપનારા કવિશ્રી મનોજ ખંડેરિયા, ગુજરાતી પ્રયોગશીલ ગઝલકવિતાના એક અગ્રણી સર્જક છે.

ઈ.સ. ૧૯૪૩ની છઠ્ઠી જુલાઈએ



જૂનાગઢ મુકામે મનોજ ખંડેરિયાનો જન્મ. પિતા વૃજલાલભાઈ અને માતાનું નામ વિજયાબહેન. પિતાજી મેહસૂલી અધિકારી હોવાને કારણે વારંવાર બદલીઓ થતી રહેતી. પરિણામે એમને ધોરાજી, વેરાવળ, જૂનાગઢ, મોરબી, રાજકોટ, જામનગર જેવાં અનેક શહેરોમાં સ્થળાંતર કરવાનું બનતું રહ્યું. આ વિવિધ સ્થળોએ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લઈને મનોજભાઈએ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી ૧૯૬૫માં બી.એસસી.ની પદવી મેળવી. ૧૯૬૭માં એલ.એલ.બી થયા અને ૧૯૬૮થી જૂનાગઢમાં જ વકીલાતનો આરંભ કર્યો. સાથોસાથ કેટલોક સમય વાણિજય કાયદાના વિષયનું અધ્યાપનકાર્ય પણ એમણે કર્યું. ૧૯૮૪થી તેઓ પથ્થરની ખાણના ઉદ્યોગક્ષેત્રે પણ સંકળાયા અને એમ, મનોજ ખંડેરિયાના વ્યક્તિત્વમાં કવિ અને વકીલ ઉપરાંત ઉદ્યોગપતિ તરીકેનું પરિમાણ પણ ઉમેરાયું. અલબત્ત, ઉદ્યોગ નિમિત્તે પથ્થરની સાથે પનારો પાડવા છતાં પણ, સૌકોઈએ હંમેશાં આ માણસની વ્યક્તિતા અને કવિતામાં તો પુષ્પસહજ સુકુમારતાનો જ અનુભવ કર્યો છે.

મનોજભાઈ સાથે પારિવારિક સંબંધ ધરાવનારને પૂર્ણિમાબહેન સાથેના એમના મૈત્રીપૂર્ણ દામ્પત્યજીવનનો પરિચય છે. વહાલસોયાં સંતાનો વાણી-ઋચા તથા અભિજાત પણ એટલાં જ પ્રેમાળ. પૂજ્ય મોરારિબાપુ જેવા સંત હોય, સર્વશ્રી રાજેન્દ્ર શુક્લ, રમેશ પારેખ, અનિલ જોશી, ચિનુ મોદી, પ્રફુલ્લ નાણાવટી, સુરેશ દલાલ, રઘુવીર ચૌધરી, ધીરુ પરીખ, ચંદ્રકાન્ત શેઠ કે કુમારપાળ દેસાઈ જેવા સાહિત્યકારો હોય કે પછી વિનુભાઈ મહેતા, અનિલભાઈ ખંભાયતા કે હેમંત નાણાવટી જેવા સહૃદયો હોય - એ બધાંને મનોજભાઈ પ્રત્યે નિર્વ્યાજ અને નિતાન્ત પ્રેમ. વ્યાપક ચાહના રાખનારા આ કવિને કૅન્સરનું દર્દ હોવાનું નિદાન થયું ત્યારે સૌકોઈએ સ્વાભાવિક રીતે જ આંચકો અનુભવેલો. સફળતાપૂર્વકના ઑપરેશન બાદ પણ કવિ, કાલદેવતાની કરાલ થપાટનો ભોગ બન્યા અને સત્તાવીસમી ઑક્ટોબર, ૨૦૦૩ની વહેલી સવારે 'અચાનક'ના આ કવિ, આપણી વચ્ચેથી અચાનક જ ચાલી નીકળ્યા !

મનોજ ખંડેરિયા, નરસિંહની ભૂમિમાં જનમ અને ગઝલ મળવાને પરિણામે કૃતાર્થ થયા અંગેનો કાવ્યાત્મક એકરાર કરે છે. જૂનાગઢ સાથેનો મજ્જાગત અનુબંધ ધરાવા આ કવિનું સર્જકવ્યક્તિત્વ ઘાટ-ઘડતર પામે છે. એમાં પણ જૂનાગઢનો જબરો હિસ્સો છે. અહીં, 'મંગળવારિયું' અને 'મિલન'ના નેજા હેઠળ કવિમિત્રો મળતા રહેતા. એ વેળાએ કાવ્યમર્મજ્ઞ પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજી પરમારનું સાહિત્યિક માર્ગદર્શન પણ એમને મળતું રહ્યું. વળી, મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' કે પાજોદ દરબાર - રુસ્વા મઝલૂમી જેવા સર્જકોનો જૂનાગઢમાં થયેલો સંપર્ક-સંસર્ગ પણ, એમના આરંભકાલીન કાવ્યસર્જનમાં ઉપકારક બની રહ્યો.

મનોજ ખંડેરિયા, કાવ્યસર્જનના શ્રીગણેશ તો ૧૯૫૯-૬૦માં કરે છે, પરંતુ કવિતાના પ્રકાશન અંગે બિલકુલ ઉતાવળ ન કરવાની પરમારસાહેબ - ગુરુજી -ની સલાહ અને શિખામણ હતી, એટલે આદિલ મન્સુરી, મણિલાલ દેસાઈ વગેરે મિત્રોના આગ્રહને કારણે છેક ડિસેમ્બર, ૧૯૬૫માં તેઓ બે રચનાઓ 'કુમાર' માટે બચુભાઈ રાવતને મોકલે છે. એમાંની 'દીવાલો' શીર્ષકની ગઝલ ફેબ્રુઆરી, ૧૯૬૬ના 'કુમાર'માં પ્રકાશન પામે છે. કવિ પોતે પણ, પોતાની પ્રથમ રચના 'કુમાર' જેવા પ્રતિષ્ઠિત સામયિકમાં પ્રકટ થઈ હોવાનું ગૌરવ અનુભવે છે. ચારેક દાયકાના સાતત્યપૂર્ણ કાવ્યસર્જનના સુફળરૂપે મનોજભાઈ પાસેથી 'અચાનક' (૧૯૭૦) 'અટકળ' (૧૯૭૯) કાવ્યસંગ્રહો; અંજની કાવ્યોનો સંગ્રહ 'અંજની' (૧૯૯૧) તેમજ કેવળ ગઝલસંગ્રહ 'હસ્તપ્રત' (૧૯૯૧) સાંપડે છે. 'કોઈ કહેતું નથી'(૧૯૯૪) નામે એમની ગઝલોનું સંપાદન પણ થયું છે. અને એકાદ સંગ્રહ થાય એટલી કવિની પ્રકાશિત થયેલી અગ્રંથસ્થ ગઝલો પણ છે. કવિના 'અચાનક', 'અટકળ' અને 'અંજની' સંગ્રહો અનુક્રમે ગુજરાત રાજ્ય સરકાર, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયા છે; તો 'હસ્તપ્રત'ને અકાદમી અને પરિષદ બંનેનાં પારિતોષિકો મળ્યાં છે. ૧૯૯૯માં આઈ.એન.ટી. (મુંબઈ) દ્વારા કલાપી અવૉર્ડ અર્પણ કરીને પણ કવિની સર્જકપ્રતિભાનું યથોચિત અભિવાદન

થયેલું અને એમની હયાતીમાં જ જાહેર થયેલો ૨૦૦૨ના વર્ષનો ધનજી કાનજી સુવર્ણચંદ્રક પણ, તાજેતરમાં જ એમના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો. કવિના સત્ત્વશીલ સર્જકકર્મની એ રીતે, વ્યાપક સ્તરે નોંધ પણ લેવાતી રહી છે.

કાવ્યસર્જનના પૂર્વકાળમાં મનોજ ખંડેરિયા, ગઝલ ઉપરાંત ગીત, અંજનીકાવ્યો અને ગદ્યકાવ્યો પણ લખે છે. કવિ પાસેથી આપણને, ઝીણવટભર્યું કવિકર્મ દાખવતી અને એમની ખૂબ જ જાણીતી બનેલી 'શાહમૃગો' જેવી રચના મળે છે; 'હું, ટેકરીઓ, ભીંત અને લીમડો' તથા 'માધાવાવ' જેવાં દીર્ઘકાવ્યો કવિ આપે છે; તો આપણે ત્યાં બહુ ઓછાં લખાયેલાં અંજની કાવ્યો પણ આ કવિ સારી એવી સંખ્યામાં સર્જે છે. પરંતુ ગીત અને ગઝલમાં કવિની ગતિ પ્રમાણમાં વિશેષ પ્રશસ્ય બની રહે છે.

ગીતકવિતામાં મનોજની સુકુમાર સંવેદનાનાં હૃદ્ય રૂપો પ્રકટ થયાં છે. પ્રકૃતિચિત્રણ કરતાં અને પ્રણયસંવેદનને આલેખતાં કેટલાંક ગીતોમાંથી એમની ગીતકવિ તરીકેની શક્તિનો સારો હિસાબ મળે છે. પ્રાકૃતિક ભાવસ્થિતિની સમાંતરે નાયિકાની મનઃસ્થિતિને પણ શબ્દસ્થ કરતું 'જંગલ વિષે'; બપોર વેળાની વનની નિર્જનતા અને નિઃસ્તબ્ધતાને નિરૂપતું 'વનની બપોર'; નાયિકાની વિરહવ્યથા અને મિલનઝંખનાની તીવ્રતાને તાકતું 'આયનાની જેમ-' વગેરે ગીતો, મનોજની ગીતકવિ તરીકેની તાકાતની સુપેરે પ્રતીતિ કરાવે છે. 'જંગલ વિષે' ગીતમાં, પ્રકૃતિના પિરપ્રેક્ષ્યમાં નાયિકાની વિયોગજન્ય સ્થિતિનું આલેખન કવિ આ રીતે કરે છેઃ

પાંદડાથી લીલપને વેગળી મેં રાખીને
જીવતરની માંડી છે વાત,
આપણી સભાનતા તો જંગલની ઝાડી ને
ઝાડીમાં ખોળી ના જાત.

કેટલાંક ગીતોમાં લોકબાની, લોકઢાળ અને લોકપરિવેશનો આશ્રય લઈને પણ કવિ સુંદર પરિણામ નિપજાવે છે.

મનોજ ખંડેરિયા, એમના સર્જનના ઉત્તરકાળમાં ગઝલની એકનિષ્ઠ ઉપાસના કરવા તરફ વળે છે. કવિના સમગ્ર કાવ્યરાશિનો સિંહભાગ પણ ગઝલો જ રોકે છે. ગઝલોનું સાતત્ય અને એમાંથી પ્રકટ થતું કવિનું સામર્થ્ય સ્વાભાવિક રીતે જ, એક સિદ્ધહસ્ત ગઝલકવિ તરીકેની એમની ઓળખ ઊભી કરે છે. સાથોસાથ, પ્રયોગશીલ ગુજરાતી ગઝલની પોતીકી મુદ્રા ઉપસાવવામાં આદિલ મન્સૂરી, મનહર મોદી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ વગેરેની માફક મનોજ ખંડેરિયા પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. કહીએ કે, ગઝલને સૌંદર્યાભિમુખ બનાવવામાં અને પ્રયોગશીલ ગઝલને પ્રતિષ્ઠા અપાવવામાં અન્ય સર્જકોની સાથે, મનોજના સર્જકકર્મનો પણ મહત્ત્વનો ફાળો છે.

મનોજ ખંડેરિયા, ગઝલનો મબલખ મહિમા કરે છે અને એક ગંભીર કાવ્યસ્વરૂપ લેખે એની સન્નિષ્ઠ સાધના કરે છે. કવિ, ગઝલ અંતર્ગત કાવ્યસર્જનની પ્રક્રિયાને પણ કાવ્યાત્મક સ્તરે નિરૂપે છે. કાવ્યનિર્મિતિની દુષ્કરતાને નરસિંહના દૃષ્ટાંતથી સૂચવતા આ કવિના મત મુજબ કલમ પકડતાંવેંત હંમેશાં કવિતા નીપજતી નથી. પરંતુ સમસ્ત હસ્તી જ્યારે સર્જનાત્મક શબ્દયોગમાં તન્મય થાય, સર્જકચેતના શબ્દચેતના સાથે જ્યારે એકાકાર થાય ત્યારે જ કાવ્યલીલાના રમણીય ચમત્કાર દર્શનની ઉપલબ્ધિ શક્ય બને છે. રાસલીલાના રમણીય - અમૃતમય દર્શન વખતની તન્મયતા સર્જકપક્ષે પણ અનિવાર્ય સમજતા આ કવિ, નરસિંહના રાસલીલાના દર્શનની અનુશ્રુતિગત ઘટનાને આશ્રયે કેવી કાવ્યાત્મક પરિણતિ સિદ્ધ કરે છે ! -

પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને,
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.

પ્રકૃતિ અને પ્રણયભાવ સહજ રીતે જ આ કવિના ગઝલોનો વિષય બને છે; તો કવિની સામાજિક સંપ્રજ્ઞતાને પરિણામે ઘણી વાર આધુનિક સંવિત્તિને પણ શબ્દરૂપ મળે છે. નગરસભ્યતાની વિષમતા અને વિરૂપતા, એકલતા અને એકવિધતા કે પછી સમયબદ્ધતા અને સંવેદનશૂન્યતા પણ કવિની ગઝલોમાં વારંવાર પડઘાયા કરે છે. શહેરનું યંત્રવત્ અને એકસૂરીલું જીવન કવિ પાસેથી આવો શે'ર અપાવે છે -

એકતાલે ચાલે જિંદગી, જાણે પરેડમાં !
શ્વાસોની આવ-જા થતી એક જ ઘરેડમાં.

અંદાઝે-બયાં કે અભિવ્યક્તિની છટા અને હુસ્ને-ખયાલ કે વિચારનું સૌંદર્ય એ મનોજ ખંડેરિયાની ગઝલોના મહત્ત્વના ગુણવિશેષો છે. રજૂઆતની વિલક્ષણતા ગઝલક્ષેત્રે કવિને આગવું-અલાયદું સ્થાન અપાવે છે; તો સાદગી કે સરળતાની પાછળ રહેલી વૈચારિક સંપત્તિ કવિની ગઝલોને ચિંતનસમૃદ્ધ બનાવે છે. અભિવ્યક્તિની નજાકત અને વિચારવિશેષને સહજ-સરળ રીતે વ્યક્ત કરવાની કવિની આવડતનો અંદાજ આપતા બેએક શે'ર પ્રસ્તુત છે -

એથી જ રંગરંગથી સઘળું ભર્યું હતું.
આંખો મહીં પતંગિયાએ ઘર કર્યું હતું.

*

ઘડીના માત્ર છઠ્ઠા ભાગમાં થાશે જીવનદર્શન
સડક વચ્ચે મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

આ કવિની ઉત્તરકાલીન ગઝલો વિશેષભાવે અધ્યાત્મ પ્રતિ કેન્દ્રિત થતી જણાય છે. કશા જ ભાર વિના એમાં ઉપનિષદ કોટિનું તત્ત્વજ્ઞાન અને તસવ્વુફ-અધ્યાત્મનો રંગ ભળે છે, જે કવિની ગઝલોને આગળી ઊંચાઈ બક્ષે છે. નરસિંહના તત્ત્વદર્શનને વિશિષ્ટ રીતે પ્રકટાવતી રચનાઓ અને દર્શનની પીઠિકા ઉપર ઊભી રહેતી પાનબાઈ ગુચ્છની ગઝલો, આ સંદર્ભે સહૃદયોને તરત

સ્મરણે ચડે તેવી છે. એ ગઝલોમાં તત્ત્વજ્ઞાનની સામગ્રી જ્યારે ગઝલના રસાયણમાં ઓગળીને આવે છે ત્યારે ગઝલનું નવ્ય અને આસ્વાદ્ય એવું પરિમાણ પ્રકટાવે છે.

મનોજ ખંડેરિયાની ગઝલો, ચિંતનપરકતાને પરિણામે દાર્શનિક કોટિ સિદ્ધ કરે છે; તો સૌંદર્ય અને સુકૌમાર્ય જેવા ગઝલગુણો એમની ગઝલનો નાજુક-નમણો ચહેરો ઉપસાવે છે. એ માટે કવિ કલ્પનો, પ્રતીકો અને પુરાકલ્પનો જેવાં કાવ્યત્વસાધક નૂતન ઉપકરણોને ખપમાં લે છે અને અભિવ્યક્તિની વિલક્ષણ પ્રયુક્તિઓ પણ પ્રયોજે છે. પરિણામ સ્વરૂપ એમની ગઝલોમાંથી પ્રકટ થતું મૃદુ-મુલાયમ પોત એ ગઝલોને વિશેષ સ્પૃહણીય બનાવે છે. કવિની નિજી અને ચિરસ્થાયી મુદ્રા ઉપસાવતી 'પીંછું', 'રસ્તા વસંતના', 'વરસોનાં વરસ લાગે', 'એમ પણ બને', 'કોઈ કહેતું નથી' જેવી અનેક ગઝલો, ગુજરાતી ગઝલકવિતાના ઈતિહાસમાં આદરભર્યું સ્થાન પામે છે. ગઝલની શિસ્તને સાચવીને પણ, ગઝલનાં આંતર-બાહ્ય સ્વરૂપમાં મનોજે કરેલા કેટલાક પ્રયોગો અને એમની ગઝલોનો મખમલી મિજાજ એમને, ગુજરાતી સૌંદર્યરાગી ને પ્રયોગશીલ ગઝલકવિતામાં નોખું અને નિરાળું સ્થાન અપાવે છે.

—અવલોકનો—

વિકાસપુરુષ ચિમનભાઈ



સ્વ. શ્રી ચિમનભાઈ પટેલ છેલ્લા કેટલાય દાયકાઓથી ગુજરાતના રાજકારણ પર એક યા બીજી રીતે છવાએલા રહેતા. ગુજરાતનાં ત્રણ ત્રણ મંત્રીમંડળોનું સુકાન ગુજરાતના મુખ્ય મુખ્યમંત્રી પદે રહીને તેમણે સંભાળેલું અને બે વખત મંત્રીમંડળના સભ્ય તરીકે રહી તેમણે ગુજરાત રાજ્યનો વહીવટ કરેલો. તેઓ મજબૂત મનોબળ ધરાવતા કુશળ વહીવટકર્તા તરીકે જાણીતા હતા. તેઓ નશાબંધી અને ખાદી-ગ્રામોદ્યોગના પ્રખર હિમાયતી હતા. આદિવાસી, દલિતો અને પછાત વર્ગોના વિકાસમાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો. તેઓ જાતિ, કોમ કે ધર્મના ભેદભાવ વિના બધાં લોકોને સાથે લઈને 'નયા ગુજરાત'નું તેમનું સ્વપ્ન સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. તેઓ રાજનીતિજ્ઞ તો હતા જ, પણ અર્થશાસ્ત્રના પણ ઊંડા અભ્યાસી હતા. ગુજરાતના અને દેશના વિકાસપ્રશ્નોમાં તેઓ અભ્યાસપૂર્ણ દૃષ્ટિ ધરાવતા હતા.

સ્વ. ચિમનભાઈ પટેલ ગુજરાતના આર્થિક વિકાસના ચિંતક, શિલ્પી, યુવક પ્રવૃત્તિના પથદર્શક અને રાહબર યુવક નેતા હતા અને યુવક વિકાસ ટ્રસ્ટના એક આદ્યસંસ્થાપક ટ્રસ્ટી તરીકે તા. ૧૮-૧૨-૧૯૬૮થી તા. ૧૭-૦૨-૧૯૯૪ (તેમના અવસાન) સુધી ગતિશીલ અને માર્ગદર્શક સેવાઓ આપી. એકંદરે નીતિ-ઘડવૈયા તરીકે સ્વ. ચિમનભાઈએ ચૂંટાએલી સરકારના વડા તરીકે ઘણી વિકાસનીતિઓ ઉપર પોતાની સ્પષ્ટ છાપ મૂકી છે, આથી તેમને ગુજરાતના વિકાસપુરુષ તરીકે નવાજીએ તે યથાર્થ છે.

[વિકાસપુરુષ ચિમનભાઈ: લે. વિષ્ણુભાઈ દવે, પ્રકાશક: દિનેશ શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી, યુવક વિકાસ ટ્રસ્ટ, નવજીવન મુદ્રણાલય સામે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૧૪, ડબલ કાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ ૨૦૮+ ૨૦ ફોટો સાથે, કિ. રૂ. ૨૨૫]

વીસમી સદીનું ગુજરાત

ઓગણીસમી સદીના અંતમાં ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગનો આરંભ, સાહિત્યિક અને પત્રકારત્વની નવી સિદ્ધિઓ, વિજ્ઞાનના ક્ષેત્રે ટી. કે. ગજ્જર-આવાં વિવિધ પરિમાણોએ ગુજરાતને અનેક



ગણી સમૃદ્ધિ અર્પી. વીસમી સદીના સાત-આઠ દાયકા સુધી તો અવિરત રહેલી સાહિત્યજગતમાં જોવા મળેલી એક પછી એક સિદ્ધિ, અતીત-રાગને બહેકાવી મૂકે એવી રંગભૂમિ, પ્રાથમિક શાળાનાં પાઠ્યપુસ્તકોની ચર્ચા કરતાં ગુજરાતી સામયિકો, ધીમે ધીમે આગળ આવી રહેલી સ્ત્રીઓ - આ બધું આપણને આશ્ચર્યચકિત કરી નાખે તેવું છે.

વીસમી સદીના આરંભે ગુજરાતે ભારતને જ નહીં, સમગ્ર વિશ્વને ગાંધીજીની ભેટ આપી, અને દેશભક્તિનો પ્રચંડ જુવાળ પ્રકટ્યો. પરદેશી શાસન અને અનેક દેશી રજવાડાં હોવા છતાં આખા દેશે નવી જ અખંડિતતાનો અનુભવ કર્યો. સ્વતંત્રતા મળ્યા પછી દેશી રજવાડાંઓને અંગ્રેજોએ કપટનીતિ અપનાવી જે સ્વતંત્રતા અર્પી તેથી અર્થહીન બની ગયેલી રાજકીય આઝાદીને સાચી આઝાદીમાં રૂપાંતરિત કરનારા સરદાર વલ્લભભાઈ પટેલ અને કનૈયાલાલ મુનશી. આ બે ગુજરાતી નરબંકાઓને કારણે અખંડ ભારતનું સ્વપ્ન સાકાર થયું.

વીસમી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતનું

સાંસ્કૃતિક ઘડતર કરવામાં હાજી મહમ્મદ શિવજીએ 'વીસમી સદી' અને કલાગુરુ રવિશંકર રાવળે આરંભેલા અને બચુભાઈ રાવતે સવિશેષ વિકસાવેલા 'કુમાર' માસિકનો ફાળો અભૂતપૂર્વ રહ્યો છે. વીસમી સદીમાં પ્રવેશ્યા ત્યારે જે 'છપ્પનિયો દુકાળ' ગુજરાતમાં અને અન્યત્ર જોવા મળ્યો તેવા જ દુકાળનું પુનરાવર્તન એકવીસમી સદીમાં પ્રવેશતી વખતે પણ જોવા મળ્યું. અને પછી તો ૨૦૦૧માં ધરતીકંપ, ૨૦૦૨માં ગુજરાતને કલંકિત કરી મૂકનારાં તોફાનો.... ટૂંકમાં, નવી સદીનો આરંભ ગુજરાત માટે દુઃખદ રહ્યો. ગામડાંનું આયોજન એવી રીતે થવું જોઈએ કે એ સમૃદ્ધ થઈ શકે. બન્યું એવું કે, આપણે શહેર તો ગુમાવ્યું સાથે સાથે ગામડું પણ ગુમાવ્યું.

ગુજરાત રાજ્ય ૧૯૬૦માં સાકાર થયું ત્યારથી આપણને નવા જ ગુજરાતની પ્રતીતિ કરાવી છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં જેટલું બદલાયું નહીં એનાથી અનેક ગણું દાયકે દાયકે બદલાઈ ગયું. આજના ગુજરાતમાં જોવા મળતાં અછત, દુષ્કાળ, મોંઘવારી, આતંકવાદ, કોમવાદ, ભ્રષ્ટાચાર, મૂલ્યહ્રાસ કંઈ રાતોરાત ફૂટી નથી નીકળ્યાં. એનાં બીજ અગાઉથી પડી રહેલાં હોવાં જ જોઈએ. ઉત્તરોત્તર આવતા-જતા શાસકોએ આ ગંભીર પરિસ્થિતિ સર્જી છે. એકવીસમી સદીનો છેડો આપણા અનુજોને દેખાડવો હોય તો ગાંધીજીની કેટલીક નીતિરીતિઓને સામે રાખીને નવી સદીને કેવી રીતે સમૃદ્ધ કરવી, ચોખ્ખાં હવાપાણી સંપડાવી આપવામાં વિજ્ઞાન-ટેક્નોલૉજીને કેવી રીતે કામે લગાડવાં તેનો પુનર્વિચાર કરવો પડશે. [વીસમી સદીનું ગુજરાત: સંપાદકો: શિરીષ પંચાલ, બકુલ ટેલર, જયદેવ શુક્લ, પ્રકાશક: સંવાદ પ્રકાશન, ૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭, ડબલ ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૪૨૪, રૂ. ૪૦૦.]

વિશુદ્ધ મનુસ્મૃતિ

'માનવ ધર્મશાસ્ત્ર'ના રૂપે જે ગ્રંથની ગણના કરવામાં આવે છે તે 'વિશુદ્ધ મનુસ્મૃતિ' વિધિ-વિધાનાત્મક શાસ્ત્ર છે. આમાં વર્ણાશ્રમ ધર્મોના રૂપમાં વ્યક્તિ અને સમાજ માટે હિતકારી ધર્મો, નૈતિક, કર્તવ્યો, મર્યાદાઓ અને આચરણોનું દર્શન છે તે શ્રેષ્ઠ સમાજવ્યવસ્થા માટે વિધાનો-કાનૂનોની પણ રચના છે તો આ




મનુસ્મૃતિમાં ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિના ઉપદેશોનું પણ નિરૂપણ છે. મનુ સ્પષ્ટ રીતે વેદને જ ધર્મના મૂળાધાર માને છે અને ધર્મની જિજ્ઞાસા માટે વેદ જ પરમ પ્રમાણ છે. આજે સૌથી વધુ પ્રચાર મનુસ્મૃતિનો છે. હિન્દુ કોડ બિલ અને ભારતીય સંવિધાનનો આધાર પણ મનુસ્મૃતિમાં માનવામાં આવે છે. સ્વામી દયાનંદ સરસ્વતીરચિત ગ્રંથોમાં મનુસ્મૃતિના શ્લોકોને પ્રાધાન્ય આપેલું છે અને લગભગ ૫૦૦ શ્લોકોને પ્રમાણરૂપથી ઉદ્ધૃત કર્યા છે. ગુજરાતની પ્રજા મનુસ્મૃતિનું યથાર્થ સ્વરૂપ જાણી-સમજી શકે અને મનુના વ્યક્તિ અને સમાજ માટે ઉપયોગી ઉપદેશોનું પોતાના જીવનમાં આચરણ કરી શકે એ હેતુથી આર્ય સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ - દિલ્હી પ્રકાશિત મનુસ્મૃતિની સંક્ષિપ્ત ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત કરી છે તેમાં મૌલિક ૧૨૧૪ શ્લોક, તેના વિષય અને ભાવાર્થ સાથે આપવામાં આવેલા છે. 'વિશુદ્ધ મનુસ્મૃતિ' પુસ્તક વાચકોને મનુસ્મૃતિ અંગે સાચી પરિસ્થિતિ જાણવા અને સમજવા મળશે અને પ્રચલિત ભ્રામક માન્યતાઓ દૂર થશે. ['વિશુદ્ધ મનુસ્મૃતિ' - વૈદિક ધર્મના સિદ્ધાંતોનું સંવિધાન. ભાષ્યકાર: પ્રો. ડૉ. સુરેન્દ્રકુમાર, અનુવાદક: નાથુભાઈ ડોડિયા, પ્રકાશક: દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન, રોઝડ, પો. સાગપુર (જિ. બનાસકાંઠા) ૩૮૩૩૦૭, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ- ૩૨૮, પડતર કિંમત રૂ. ૩૦] - ***કા. વ. રામી***

પ્રાપ્ત પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો: *હું એને જોઉં એ પહેલાં* (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. ધીરેન્દ્ર મહેતા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૪૦, રૂ.૧૦૦. *ઉજાળ્યું આયખું* (વિશિષ્ટ વ્યક્તિચિત્રો) લે. દિલીપ રાણપુરા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૩૬, રૂ.૧૩૦. *શક્તિ* ('સ્ત્રી - સશક્તિકરણ'ના પરિસંવાદો) સં. રંજના હરીશ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૨, રૂ. ૧૩૦. *બાળકની ભૂખ વધારવા શું કરશો ?* (બાળકની ભૂખ વિષેના લેખો) લે. ડૉ. હર્ષદ વી. કામદાર, ડબલ ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૦, રૂ.૧૫. *તિલક કરતાં ત્રેસઠ થયાં* (હાસ્યરચના સંગ્રહ) લે. રતિલાલ બોરીસાગર, ક્રાઉનસાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૧૬, રૂ.૮૦. *મબલખની ખોજ* (નિબંધસંગ્રહ) લે. સુધીર દેસાઈ, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ.૭૦.

ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨ અને ૧-૨ અપર લેવલ સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬)નાં પ્રકાશનો: *રઆદત હસન મન્ટો* (કેટલીક વાર્તાઓ) અનુ. શરીફા વીજળીવાળા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૨૨૪, રૂ. ૧૩૦. *સેલ્લારા* (કાવ્યસંગ્રહ) લે. ઉદયન ઠક્કર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૪, રૂ.૬૦. *શબ્દકથા* ('કુમાર'માં પ્રકાશિત થયેલી શબ્દકથા સંગ્રહ) લે. હરિવલ્લભ ભાયાણી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૮૪, રૂ.૧૨૦. *ગ્રંથની કેડીએ* (અવલોકન સંગ્રહ) લે. રમણલાલ જોશી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, રૂ.૯૦.

(ક્રમશઃ)



કહેવાય છે કે, ચન્દેલાઓની આ વૈભવી નગરીના પ્રવેશદ્વારની સામે ખજૂરનાં બે સુવર્ણવૃક્ષો હતાં. એથી ખજૂરાહો નામથી આ નગરી ઓળખાતી. શિલ્પોનાં આધિક્યવાળી આ રમ્યભૂમિની લોકવાયકા એવી છે કે અહીંના કામ્યવનમાં પૂર્ણિમાની ચાંદનીમાં હેમવતી નામની કન્યા સ્નાન કરતી હતી. એના દેહસૌંદર્યથી લુબ્ધ થઈ આકાશમાંથી ચન્દ્રદેવ ઊતરી આવ્યા અને વરદાન આપ્યું કે, એને તેજસ્વી પુત્રરત્ન પ્રાપ્ત થશે. આમ, ચંદ્રવંશમાંથી ઊતરી આવેલા ચન્દેલ રાજાઓએ એ ભૂમિમાં પાંચ સો વર્ષ રાજ્ય કર્યું અને અનેક દેવમંદિરોનું નિર્માણ કર્યું.

ખજૂરાહોમાં ૮૫ મંદિરો હતાં પણ આક્રમકોના વિનાશથી જે બચ્યાં છે એ પણ શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ ને દર્શનીય છે. એમનાં દર્શને આવતાં ઘણાં પર્યટકો તો આ મંદિરોની દીવાલો પર કંડારવામાં આવેલી વિવિધ રૂપછટા ધરાવતી પ્રતિમાઓ જોવા આવે છે, એમાં સ્ત્રીઓનાં વિવિધ શિલ્પોનું અંકન અને કામ્ય મુદ્રાઓમાં કંડારવામાં આવેલાં રમ્ય રતિશિલ્પો તો અદ્ભુત છે. આ મંદિરોના નિર્માણ માટે વિપુલ ધન, કલાકારોનાં વૃન્દ, વિવિધ પથ્થરો વગેરે ખપમાં લેવાયેલાં. એના સ્થપતિ કોણ હશે ? આ આજે પ્રશ્નરૂપે આપણી સામે છે.

ખજૂરાહોનાં મંદિરો પશ્ચિમ-પૂર્વ-દક્ષિણ એમ ત્રણ વિભાગમાં અને દરેક મંદિર આઠ ચોરસ માઈલના વિસ્તારમાં આવેલું છે.

પર્યટકો ખજૂરાહો હવાઈમથક નજીક હૉટેલ ચન્દેલા અને હૉટેલ ખજૂરાહો વૈભવી રૂમો અને શ્રેષ્ઠ ભોજન પૂરું પાડે છે, અને દરરોજ હવાઈ માર્ગે પર્યટને જઈ શકાય છે.



અમૃતકણી

પગ મહીં બટક્યા તે પૃથ્વીમાંય ખટક્યા હોય છે,
કંટકો ક્યાં એક બાજુએ જ અટક્યા હોય છે !
જેમ મારામાંથી નીકળે છે કવિતા પ્રેમમાં,
એ રીતે ઈશ્વર તમારામાંથી પ્રગટ્યા હોય છે.
આંખમાં આવી અને આંસુ બે અટકી જાય તો,
એમ લાગે કે બધા દરિયાઓ ઊમટ્યા હોય છે.

('પંખીઓ જેવી તરજ'માંથી) -ભરત વિંઝુડા

શ્રી રતિલાલ જોગીનું નિધન

'કુમાર'ની પરંપરાના જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ પ્રૂફરીડિંગના પાયાના સંસ્કાર જેમને મળ્યા હતા તે શ્રી રતિલાલ ક. જોગીનું તા.૧-૧૧-૨૦૦૩ના રોજ રાતના ૪-૩૦ વાગ્યે હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેમનો જન્મ રાજકોટ જિલ્લાના વાતાવડ ગામે તા. ૧૬-૮-૧૯૩૪ના રોજ થયો હતો. તેમણે બી.એ.ની ડિગ્રી મેળવ્યા પછી એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. પણ એમ.એ. પૂરું કરી શક્યા નહોતા. તેઓ કૌટુંબિક સંજોગોને લીધે 'કુમાર'ને પોતાનું રહેઠાણ બનાવી 'કુમાર'ના એક કુટુંબીજન જેવા થઈ ગયા હતા.



'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતે તેમના પ્રત્યે લાગણી દર્શાવીને સાહિત્યક્ષેત્રે તેમને પ્રાથમિકથી ઠેઠ લેખો લખવા, જીવનચરિત્રો લખવાં, પુસ્તકોનાં વિવેચનો-અવલોકનો લખવાં વગેરે સાહિત્યની ઘણા પ્રકારની તાલીમ આપેલી. પછી તેઓ 'કુમાર' છોડીને લગભગ ૧૯૫૬-૧૯૫૭ આસપાસમાં લોકસત્તા-જનસત્તાનાં સામયિકો 'ચાંદની' તથા 'રંગતરંગ'ના સંપાદન-કાર્યમાં જોડાઈ ગએલા. સ્વ. જોગી સહૃદયી, સરળ અને નિખાલસ સ્વાભાવના હતા. તેઓ કવિતાક્ષેત્રે છંદોબદ્ધ કાવ્યરચના, ગઝલની શાસ્ત્રીયતા, છંદવૈવિધ્ય ઉપરાંત કવિતાકલાના મર્મી અને મીમાંસક હતા. તેઓ ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી અને ઉર્દૂના જાણકાર અને અભ્યાસી હતા. બંગાળી અને ઉર્દૂની અનેક કૃતિઓના તેમણે અનુવાદ કર્યા હતા. બાંગ્લાદેશી લેખિકા તસલીમા નાસરીન લિખિત અત્યંત ચર્ચાસ્પદ નવલકથા 'લજ્જા'નો તેમણે બંગાળીમાંથી કરેલો અનુવાદ 'લોકસત્તા-જનસત્તા'માં પ્રકટ થયો હતો. તેમનો પરિવાર બિપિનભાઈ ને અભિજિતભાઈ બે દીકરા તથા હેમાંગિની નામે દીકરીનો બનેલો છે.

- કા. વ. રામી

તમે અને સિગરેટ

સિગરેટની બનાવટમાં મુખ્ય ભૂમિકા ભજવતું તત્ત્વ એટલે તમાકુ. તમાકુના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે આવે છે. ભારતમાં દર વર્ષે ૫,૦૧,૬૦૦ હેક્ટર જમીનમાં ૪,૪૦,૦૦૦ ટન તમાકુનો પાક લેવાય છે, જેમાંથી ફક્ત ૮૦ ટકા તમાકુ ભારતમાં જ વપરાય છે. આ ૮૦ ટકા તમાકુનાં જુદાં જુદાં ઉત્પાદનો પર ભારતના વેપારીઓ દર વર્ષે ૨ ખર્વ ૩૪ લાખ રૂપિયા ખર્ચે છે. અને આ ઉત્પાદનોની જાહેરખબરો માટે તમાકુની કંપનીઓ દર વર્ષે ૨૯૯ અબજ રૂપિયા ખર્ચે છે. પરિણામરૂપ અહીં દર વર્ષે ૧૦૨ અબજ સિગરેટ વેચાય છે અર્થાત ફૂંકાય છે.

આ તો વાત થઈ આર્થિક ખર્ચાની. અહીં તો શારીરિક તથા માનસિક નુકસાનનો આંકડો પણ આટલો જ મોટો છે. એક સિગરેટ પીવાથી વ્યક્તિનું સાડા ત્રણ મિનિટનું આયુષ્ય ઓછું થાય છે. દુનિયામાં દર સેંકડે એક વ્યક્તિ સિગરેટ પીવાથી મૃત્યુ પામે છે. વિશ્વમાં સિગરેટ પીવાથી દર વર્ષે ૪૨ લાખ તથા ભારતમાં દર વર્ષે ૧૦ લાખ લોકો મૃત્યુ પામે છે. સમગ્ર વિશ્વના આ મૃત્યુઆંકમાં અડધો અડધ સંખ્યા સ્ત્રીઓની હોય છે.

સમગ્ર વિશ્વમાં તમાકુ તથા તમાકુવાળાં ઉત્પાદનોથી જેટલી કમાણી થાય છે તેના કરતા ત્રણગણા વધારે રૂપિયા તમાકુથી થતાં રોગોનાં દર્દીઓની સારવાર પાછળ ખર્ચાય છે. સિગરેટ ફૂંકવાથી અસ્થમા, તાવ, હૃદયરોગ વગેરે જેવી બીમારીઓ થાય છે; તથા મોં, ગળા, પેટ અને ફેફસાંનાં કૅન્સરની શક્યતોઓ ખૂબ જ વધી જાય છે. પુરુષોમાં બધાં જ પ્રકારનાં કૅન્સરમાંથી ૫૦ ટકા તથા સ્ત્રીઓમાં બધાં પ્રકારનાં કૅન્સરમાંથી ૨૦ ટકા કૅન્સર તમાકુના સેવનથી થાય છે. વર્તમાન સમયે દેશમાં ૨.૪ લાખ લોકો તમાકુથી થયેલાં કૅન્સરમાં સપડાયેલાં છે.

તમાકુના નશાથી દર વર્ષે થનારા ૪૨ લાખ તથા દિવસ-દીઠ ૧૧ હજાર અનાવશ્યક મૃત્યુનો ક્રમ જળવાઈ રહે તો વર્ષ ૨૦૨૦ સુધી વિશ્વની ૧૦ ટકા બીમારીઓનું કારણ ફક્ત તમાકુ જ રહેશે. ('પર્યાવરણ મિત્ર'માંથી)

તણાવ

'તણાવ' શબ્દ ફિઝિક્સ અને એન્જિનીઅરિંગના શબ્દકોષમાંથી આવ્યો છે. જ્યારે કોઈ પણ નિર્જીવ વસ્તુ ઉપર તેની શક્તિથી વધુ દબાણ કરવામાં આવે ત્યારે તે કાં તો વિકૃત થાય છે, તેનો આકાર બદલાય છે કે ખેંચાઈ જાય છે. તણાવની અસર નિર્જીવ અને સજીવ પર જુદી જુદી પડે છે. ફેર માત્ર એટલો છે કે નિર્જીવને આ અસર બહારના દબાણથી થાય છે પણ સજીવને અંદરના દબાણથી થાય છે.

કેટલાક ડૉક્ટરો તણાવને 'કટોકટીના સમયમાં થતી પ્રતિક્રિયા' કહે છે. ભીતરમાં અથવા વાતાવરણીય ફેરફારો વખતે શરીરના તંત્રને તેની મૂળભૂત ક્રિયાઓ સાથે મેળ સાધવા માટે વધારાનો પ્રયત્ન કરવો પડે છે. તણાવ વિશે આટલું જાણી લો:

૧) તણાવને નિવારી શકાય તેમ નથી. ૨) તણાવનો સામનો કરવા માટે આપણી પાસે અપાર શક્તિ હોય છે. ૩) તણાવ આપનાર પરિબળોની દરેક વ્યક્તિ પર જુદી જુદી અસર પડે છે.

૪) દરેક વ્યક્તિ તણાવ આપનાર પરિબળો સામે જુદી જુદી રીતે પ્રતિભાવ વ્યક્ત કરે છે. ૫) વધુ પડતાં તણાવને કારણે શારીરિક કાર્યક્ષમતા ખોટકાઈ પડે છે. ૬) આપણાં જીવનને સ્વસ્થ અને ઉચ્ચતમ બનાવવા માટે તણાવ આપનારાં પરિબળોનું સતત ધ્યાન રાખવું. સાથે તેને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવો.

તણાવનાં કારણો: આજના જમાનામાં પળેપળે તણાવ થતો હોય છે. ધંધાકીય તણાવ, સાંસ્કૃતિક કે વ્યક્તિગત કારણોસર કે પારિવારિક કે સામાજિક કારણોસર ડગલે ને પગલે તણાવ થતો જ હોય છે.

આપણા સામાજિક વાતાવરણમાં વ્યક્તિને કયાં પરિબળો તણાવ આપતાં હોય છે તે વિશે જોઈએ:

કાર્યસ્થળે તણાવ: કામનો ભાર, કર્તવ્યની અથડામણ, વ્યક્તિગત જિંદગીમાં કાર્યભારની દખલ, કાર્યસ્થળમાં અયોગ્ય વાતાવરણ, જવાબદારી પૂરી કરતાં અધિકારક્ષેત્રની ઊણપ, નોકરીની અસુરક્ષા, ડેડલાઇન્સ, વ્યક્તિની કાર્યક્ષમતા વિશે અધિકારીનો સારો પ્રતિસાદ ન મળવો, પ્રમોશન વિશેની તકની અજ્ઞાનતા વગેરેથી કાર્યસ્થળે તણાવ થાય છે.

શારીરિક તણાવ: વધુ પડતી યાત્રા, લાંબા સમય સુધી વાહન ચલાવવું, સતત વધુ કલાકો સુધી કામ કરવું, હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ વગેરેથી શારીરિક તણાવ થાય છે. શરીર થાકી જાય છે, સુસ્તી અનુભવાય છે, શારીરિક દુખાવા થાય છે અને આ બધાની અસર મન પર થાય છે.

માનસિક તણાવ: નકારાત્મ વર્તણૂક, પોતાના વિશેનો નીચો અભિપ્રાય, લાગણીઓને દબાવી રાખવાનો પ્રયત્ન, પૂર્ણતા પામવાની ઘેલછા, નિષ્ક્રિયતા, વિશ્વાસનો અભાવ, વગર કારણે શત્રુતાવાળું વર્તન, નિરાશાવાદી ભાવ, બીજાની ભાવના પ્રત્યે અવિશ્વાસ વગેરે માનસિક ભાવનાઓ આ પ્રકારના તણાવ માટે જવાબદાર હોય છે.

પારિવારિક અને સામાજિક-સાંસ્કૃતિક તણાવ: પરિવારમાં અણબનાવ, ભરચક વસ્તીમાં રહેવું, અસ્વચ્છ વાતાવરણ, સામાજિક-આર્થિક ઉતારચઢાવ અને શહેરીકરણને કારણે તણાવ થઈ શકે છે. સ્ત્રીઓને ઘરની અને કુટુંબની જવાબદારીઓ વહન કરવાની હોય છે. સાથેસાથે સામાજિક જવાબદારીઓ, સામાજિક

વહેવારો, બાળકોનું ઘડતર બધું જ નિભાવવાનું હોય છે. નોકરિયાત સ્ત્રીઓને તો નોકરીની સાથે આ બધી જવાબદારીઓ ઉપાડવાની હોય છે, ઘડિયાળના કાંટે ચાલવાનું હોય છે, પરિણામે તે મોટા ભાગે તણાવમાં જ રહેતી હોય છે. તણાવનાં બધાં પરિબળો શરીરની ક્રિયાઓ સાથે તાણા-વાણાની જેમ વણાઈ જાય છે. જ્યારે તણાવ શરીરની શક્તિ અને ઊર્જાની સીમા ઉલ્લંઘી જાય છે ત્યારે શરીરમાં કેટલાક ગંભીર ફેરફારો થાય છે.

તણાવની શરીર પર થતી અસર: (૧) તણાવને કારણે બ્લડપ્રેશર વધી જાય અથવા હાર્ટઅટેક આવે છે. (૨) તણાવને કારણે અસ્વસ્થતા, ઉદાસીનતા, અનિદ્રા, ચીડિયાપણું, ભૂલકણો સ્વભાવ, અશાંતિ વગેરે જેવા ફેરફારો વ્યક્તિની ભાવના પર થતા હોય છે. તણાવને લીધે ઘણી વાર વ્યક્તિ ઊંઘની ગોળી, ડાયેટિંગ કરવા માટેની ગોળી અથવા દુખાવા માટેની ગોળી લેવા માંડે છે ત્યારે પણ નુકસાન થાય છે. ક્યારેક વ્યક્તિ નશીલી દવાઓનો પણ આશરો લેવા માંડે છે. (૩) આંતરડાનો સોજો, અપચો, ઍસિડિટી અથવા અલ્સર થવાનું કારણ પણ તણાવ જ છે. (૪) ધૂળનાં નાનાં રજકણોથી થતી ઉધરસ અને તાવ, ચામડીના રોગો, શ્વાસોચ્છ્વાસની સમસ્યા જેવી ઍલર્જી પણ તણાવને કારણે થઈ શકે છે. વાસ્તવમાં ડૉક્ટરો તો કહે છે કે આપણને જે રોગો થાય છે તેમાં નેવું ટકા રોગો માટે માનસિક તણાવ જ કારણભૂત હોય છે. (૫) નપુંસકતા અથવા શારીરિક સંબંધ પ્રત્યે નીરસતા જેવી ગંભીર સમસ્યા પણ થાય છે. વ્યક્તિ તેના રોજિંદાં કાર્યોમાં પણ અસમર્થ થઈ જાય છે. મગજમાં સતત ચાલતા વિચારોને લીધે અકસ્માતનો પણ તે ભોગ બને છે.

આજની વ્યસ્ત જીવનશૈલીમાં તણાવ બિલકુલ ના થાય તે તો અશક્ય છે, પરંતુ વ્યક્તિએ તણાવને બને તેટલો હળવો કરી કાર્યક્ષમતા વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો તમે લાંબા સમય સુધી શરીર અને મનથી સ્વસ્થ રહેવા માગતા હો તો નીચેની કેટલીક વાતોનું ધ્યાન રાખવું જોઈએ:

૧) રોજ રાત્રે નિયમિતપણે ૬થી ૮ કલાકની ઊંઘ લેવી. ૨) પોષણયુક્ત નાસ્તો કરવો. ૩) દિવસ દરમિયાન ત્રણ વાર પોષણયુક્ત ભોજન લેવું. ૪) વજનને એકસરખું રાખવાનો પ્રયત્ન કરવો. ૫) તમાકુનો ઉપયોગ ન કરવો. ૬) દિવસ દરમિયાન ૨૦ મિનિટ સુધી રિલૅક્સેશનની કસરત કરવી.

આ ઉપરાંત તણાવમુક્ત રહેવા માટેની અન્ય ઘણી રીતો છે. તણાવને ઓછો કરવો હોય તો નીચેની બાબતો ધ્યાનમાં રાખો:

૧) તમારી સમસ્યા બીજાને કહેશો તો ઉકેલ પણ મળશે અને મનનો બોજો પણ હલકો થશે. ૨) કાર્યસ્થળની સમસ્યા ઘેર ના લઈ જાવ. ૩) નાની નાની વાતોને લઈને ચિંતિત થવા કરતાં જે ક્ષણ મળે છે તેને માણો. ૪) દિવસ દરમિયાન કરવાનાં કામોનું લિસ્ટ બનાવી વ્યવસ્થિત રીતે કામ કરો. ૫) જે કામ કરો તે ધ્યાનથી કરો. ૬) હંમેશા ખુશ રહો અને બીજાને ખુશ કરો.

જીવનમાં એવું કોઈ કાર્ય નથી જે અસંભવિત હોય. તેથી જ આવેલી દરેક ક્ષણને પૂર્ણતાથી જીવીને તે ક્ષણમાં કરેલા કાર્યને સફળતાપૂર્વક પૂરું કરવામાં ધ્યાન પરોવીએ તો તણાવનું સ્થાન માત્ર શબ્દકોશમાં જ રહી જશે. - ઋષિકુમાર પંડ્યા

('દિવ્ય ભાસ્કર'માંથી ટૂંકાવીને)

જગમેં બેરી કોઈ નહિ, જો મન શીતલ હોય;
તુલસી ઈતના યાદ રખ, દયા કરે સબ કોય.

ચોથા ધોરણમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી એક વાર રામકૃષ્ણ અય્યર નામના શિક્ષક કોઈ બીજા વર્ગમાં શીખવતા હતા ત્યાં અન્યમનસ્ક સ્થિતિમાં ઘૂસી ગયો. શિક્ષકે તે વિદ્યાર્થીને વર્ગમાં જ સોટીથી ફટકાર્યો; પણ પછી જ્યારે ગણિતમાં તેને પૂરા ગુણ મળ્યા ત્યારે શાળાની પ્રાર્થનાસભામાં તે જ શિક્ષકે તે વિદ્યાર્થીનું ગૌરવ કરતા કહ્યું કે હું જેને સોટીથી ફટકારું છું તે મહાન બને છે. મારા શબ્દો યાદ રાખજો. અન્યમનસ્ક રહેતો અને પાછળથી મહાન બનેલો આ વિદ્યાર્થી તે આપણા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ !

*

વિશ્વની સૌથી મોટી સાઈકલ-હરીફાઈ તૂર-દ-ફ્રાંસ નામે ૧૯૦૩માં ફ્રાંસમાં થઈ હતી.

*

મીઠાં જળની માછલીઓને પાંપણો હોતી નથી છતાં પણ પાણીને તળિયે કે ગમે તેટલી ઊંડાઈમાં તે સ્થિર રહી ઊંઘી શકે છે.

*

ભારતના લશ્કરે ગોવા પર ૧૯૬૧માં ચડાઈ કરી પૉર્ટુગીઝોની સત્તામાંથી તેને મુક્ત કરાવી ભારતમાં સામેલ કર્યું હતું.

*

અમેરિકાના રૉકી પહાડના વિસ્તારમાં ફરજ બજાવી રહેલા સિપાઈ માટે છીંકણી સૂંઘવી એ ગેરકાનૂની ગણાય છે.

*

श्वःकार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
न हि प्रतीक्षते मृत्युं कृतमस्य न वा कृतम् ॥
આવતી કાલે કરવાનું કાર્ય આજે કરી લેવું જોઈએ અને બપોર પછી કરવા ધારેલું કાર્ય સવારના કરી લેવું જોઈએ, કારણ કે એનું (જીવનું) કાર્ય થયું છે કે નથી થયું એની પ્રતીક્ષા મૃત્યુ કરતું નથી.

ઈ.સ. ૧૬૬૬માં ઇટલીમાં એન્તાતિયો સ્ટ્રદીવારીએ વાયોલિન બનાવ્યું હતું.

*

માથા વિશેના કેટલાક રૂઢિપ્રયોગોઃ
- માથાનું ફરેલ - મિજાજી
- માથાનો ઘા - વસમું અને અસહ્ય
- માથામાં પવન ભરાવો - ગર્વથી ફરવું
- માથું ઊંચકવું - સામે થવું
- માથું ખંજવાળવું - વિચારમાં પડી જવું

*

મચકોડનો સોજો હળદર અને સિંધાલૂણનો લેપ લગાડવાથી ઓછો થાય છે.

*

દાડમના એક કપ રસમાં સિંધવ મિશ્ર કરી ધીમે ધીમે પીવાથી અરુચિ, ઉબકા, ગૅસ વગેરેમાં રાહત થાય છે.

*

ડીરમિલર નામના એક અંગ્રેજ મોચીએ દેશવિદેશનાં પગરખાંનો વિપુલ સંગ્રહ કર્યો છે, જેમાં એક બુટ ત્રણ ફુટ લાંબો છે !

*




નેતાજી, તમે તો લોકસભાની ચૂંટણી જીતીશ કે નહીં... એમ પૂછો છો. પરંતુ તમને તો હવે લોકસભાની ટિકિટ મળવાના પણ યોગ નથી.

'ચાળીસ વિદ્યાર્થીના વર્ગમાં તારો ચાળીસમો નંબર આવ્યો તે કંઈ સારું કહેવાય ?'
'સારું જ કહેવાય. જો સાઠનો વર્ગ હોત તો મારો સાઠમો નંબર આવ્યો હોતને !'

*

શ્રી નાની પાલખીવાળા જ્યારે અમેરિકામાં ભારતના રાજદૂત હતા ત્યારે ત્યારના અમેરિકાના પ્રમુખની માતુશ્રીના ચંપલ લાવવા માટે તે માતાના પગ નીચે કાગળ મૂકીને ચંપલનું માપ લીધું હતું. આ દૃશ્ય અમેરિકાનાં અખબારોમાં ત્યારે છપાયું હતું અને રાજધાની દિલ્હીમાં હો-હા મચી ગઈ હતી !



'પીંછી' અક્ષરાંકનમાં 'પીંછી'
(મહેબૂબ એ. સૈયદ)

ભારતની સૌપ્રથમ ક્રિકેટ ટીમ ઈ. સ. ૧૮૯૬માં ઈંગ્લંડ રમવા ગઈ હતી.



કલાકણિકાઃ ૧૪૫૪માં હાથ રંગ્યા આદ્યાક્ષરથી ગુટેનબર્ગે છાપેલું બાઈબલ